# સંશોધન સારસંગ્રહ - ૨૦૧૧

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪

૨૦૧૦ - ૨૦૧૧

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | શહેરી વિસ્તારમાં સ્થળાંતરિત આદિવાસી બાંધકામ મજૂરો : સમસ્યાલક્ષી અભ્યાસ (અમદાવાદ-વડોદરા-સુરત) | ૧ |
| ૨ | સંદેશ ઈમ્પેકટ (પ્રેસકટીંગ) લગ્ન માટે કન્યા વેચવાનો કારોબાર કરતા દલાલો ભૂગર્ભમાં... | ૫ |
| ૩ | ચૌધરા-ચૌધરી (એક પૃથ્થકરણ નોંધ) | ૧૩ |
| ૪ | જાતિ પ્રમાણપત્ર તપાસ | ૨૫ |
| ૫ | સિનિયર વકીલના હાથ નીચે પ્રેકટીસ કરતા અનુસૂચિત જનજાતિના લાભાર્થીને સહાય : મૂલ્યાંકન અભ્યાસ | ૨૮ |
| ૬ | વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અંતરગત કેન્દ્ર દ્વારા થયેલ કામગીરી અહેવાલ (તા.૨૦-૨-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૯) | ૩૯ |
| ૭ | સનસાઈન-૧ યોજના મૂલ્યાંકન | ૪૭ |
| ૮ | ખાસ વંચિત આદિવાસી જૂથોના આયોજિત વિકાસના પ્રયત્નો એક મૂલ્યાંકન (ખાસ કેન્દ્રિય કાર્યક્રમ સંરક્ષણ અને વિકાસના સંદર્ભમાં) | ૫૧ |
| ૯ | 'રાઠોડિયા' જ્ઞાતિને અનુસૂચિત જનજાતિમાં સમાવવા બાબત | ૫૩ |
| ૧૦ | આદર્શ નિવાસી શાળા મૂલ્યાંકન અભ્યાસ | ૫૯ |
| ૧૧ | અમદાવાદમાં વસતા બરોડીયા જનજાતિ : પાયાનું સર્વેક્ષણ | ૬૬ |
| ૧૨ | કચ્છના સીદીઓ | ૭૧ |
| ૧૩ | કચ્છના કોળી, વાઘરી અને પારાધી જાતિ તપાસ અહેવાલ | ૭૪ |
| ૧૪ | એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ : એક અભ્યાસ | ૯૪ |
| ૧૫ | સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત વસુધારા ડેરી(વલસાડ)ના લાભાર્થી મૂલ્યાંકન અભ્યાસ | ૧૦૧ |

# શહેરી વિસ્તારમાં સ્થળાંતરિત આદિવાસી બાંધકામ મજૂરો : સમસ્યાલક્ષી અભ્યાસ (અમદાવાદ-વડોદરા-સુરત)

શ્રી કાન્તિલાલ ડા. મકવાણા

## સ્થળાંતરની પશ્ચાદ્ભૂમિકા :

વિશ્વના સમાજ પરિવર્તનના ઈતિહાસમાં ઈંગ્લેન્ડમાં થયેલ ઔદ્યોગિક ક્રાન્તિની ઘટનાને એક સીમા ચિહ્નરૂપ માનવામાં આવે છે. આ ઘટનાની ફળશ્રુતિ રૂપે ગામડાંઓ ભાંગવાની અને શહેરી કે ઔદ્યોગિક વિસ્તારો ઊભા થવાની, ગામડાંની સંયુક્ત કુટુંબ વ્યવસ્થા શહેરી વિસ્તારોમાં કેન્દ્રિય કુટુંબ વ્યવસ્થામાં બદલવા જેવી અનેક ઘટનાઓનો જુવાળ શરૂ થયો જે દ્વારા સમાજ પરિવર્તનની પ્રક્રિયા ઘણી જ ઝડપી બની હતી. જે જે દેશોમાં ઔદ્યોગિક ક્રાન્તિના મંડાણ થયા ત્યાં તેનું પુનરાવર્તન થવા લાગ્યું જેમાં ભારત પણ પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

આદિવાસી વિસ્તારોમાં પણ ગાઢ જંગલો ધીમે ધીમે નાશ પામતાં વરસાદની અનિયમિતતા વધવા લાગી જેની સીધી અસર ખેતીને થતાં ખેતી આધારિત અર્થવ્યવસ્થાના પાયા હચમચી ઊઠ્યા. ખેતી કામમાં ખેડૂતો સાથે સાથે ખેતમજૂરી કરતા જમીન વિહોણા ખેતમજૂરોને પણ આની માઠી અસર થઈ. મજૂરી મેળવવાની તકો દિનપ્રતિદિન ઘટતી રહી છે. જંગલના કાયદાઓમાં ફેરફાર થતાં જંગલમાં વસતા આદિવાસીઓની જંગલ આધારિત આવકને ગંભીર અસર પહોંચી અને તેમની અર્થવ્યવસ્થાને માઠી અસર થઈ. ‘જમીન વારસામાં આપવાની પ્રથાને કારણે જમીનનું વિભાજન થવા લાગ્યું અને જમીનના નાના ટુકડામાં ખેતી કરવાનું આર્થિક રીતે બીન ઉપયોગી બનવા લાગ્યું, સમયના વહેણ સાથે આદિવાસીઓના હાટોમાં પણ રોકડ નાણાંકીય વ્યવહાર વધવા લાગ્યો. રોકડ નાણાંની જરૂરિયાત જણાવા લાગી. વાહન-વ્યવહારની સગવડો વધતા બીનઆદિવાસીઓનો સંપર્ક ગાઢ થયો. આવા અનેક પરિબળો વચ્ચે શહેરોમાં બાંધકામ ઉદ્યોગો સાથે સંકળાયેલા બિલ્ડરો અને કોન્ટ્રાકટરોને ઓછી મજૂરીએ ભારે અને વધારે કલાક કામ કરી શકે એવા મજૂરો તરીકે આદિવાસીઓ જ વધુ ઉપયોગી જણાયા. આવી દ્વિમાર્ગી પ્રક્રિયાને કારણે આદિવાસીઓની શહેરોમાં સ્થળાંતર કરી જવાની પ્રક્રિયાનો માર્ગ માત્ર મોકળો જ નહિં પણ વધતો જ રહ્યો.

## સંશોધન અભ્યાસ પ્રવિધિ :

શહેરોમાં સ્થળાંતરિત આદિવાસીઓની સમસ્યાઓ માટેના સંક્ષિપ્ત રિપોર્ટ માટે રાજયની મહાનગરપાલિકાના ત્રણ શહેરો જેવાં કે અમદાવાદ, વડોદરા અને સુરતમાં કામ કરતાં સ્થળાંતરિત આદિવાસી મજૂરોમાં આવરી લીધા હતા.

ક્ષેત્રકાર્ય દરમ્યાન મુલાકાત દરમ્યાન મુખ્ય મુખ્ય હેતુઓ ધ્યાનમાં રાખી વિગતો મેળવવામા આવી હતી.

(૧) સ્થળાંતર કરીને તેઓ શહેરના કયા વિસ્તારમાં રહે છે.

(૨) સ્થળાંતર શા માટે કરવું પડે છે ?

(૩) સ્થળાંતરિત જગ્યાએ શું કામ કરે છે ?

(૪) રહેઠાણની સુવિધા અને પડતી મુશ્કેલીઓ

(૫) બાળકોના શિક્ષણની સ્થિતિ કેવી છે ?

(૬) બહેનોને પડતી ખાસ મુશ્કેલીઓ

(૭) ક્ષેત્રકાર્ય દરમ્યાન તેમની સમસ્યાઓ જાણી સૂચનો મેળવવા

**ક્ષેત્રકાર્ય વિસ્તાર :**

અમદાવાદ શહેરના ચાંદલોડિયા, શાસ્ત્રીનગર, ઘાટલોડિયા રીલાયન્સ મૉલ સામે ફુટપાથ પર, અર્જુન એપાર્ટમેન્ટ મેદાન, નવાવાડજ વગેરે વિસ્તારો ક્ષેત્રકાર્યમાં આવરી લીધા હતા.

વડોદરાના અમીતનગર, મનીષા ચોકડી મેદાન, કિશનવાડી, ઓમ તળાવ ગધાડા માર્કેટ વગેરે આવરી લીધા હતા.

સુરતના ભટાર સર્કલ, શ્રીરામ ટાલબ્સની ફુટપાથ, નારાયણનગર, લલિતા ચોકડી, ઈચ્છાનાથ, અમરાતલાવડી, મજુરાગેટ ફુટપાથ વગેરે આવરી લીધા હતા.

**અભ્યાસ આધારિત મુખ્ય મુખ્ય નિષ્કર્ષ :**

(૧) અમદાવાદ, વડોદરા અને સુરત ત્રણે શહેરોમાં આવીને વસતા આદિવાસીઓમાં મોટાભાગના દાહોદ જિલ્લાના જોવા મળ્યા હતા.

(૨) તેઓનું સ્થળાંતર મોટા શહેરોમાં રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર, વડોદરા, ભરુચ, અમદાવાદ, સુરત, અંકલેશ્વર અને મહેસાણામાં છે.

(૩) પહેલા કોઈ સગા સાથે આવે છે પછી કુટુંબ સાથે આવીને રહે છે.

(૪) તેઓ પડતર જમીન, મેદાન, કચરા નાખવામના ખાડા પાસે, નહેર, નદી કે વહેળાની આસપાસ કે ફૂટપાથ પર અથવા જયાં કામ ચાલતુ હોય ત્યાં પ્લાસ્ટીક ઢાંકેલા તદૃન કાચા બાંધીને રહે છે.

(૫) સ્થળાંતરિત આદિવાસીઓનાં મોટાભાગના ૧૬ થી ૩૦ વર્ષના નવ યુવાનો જોવા મળ્યા જેઓ પત્ની અને બાળકો સાથે રહે છે.

(૬) જમીનના ભાગ પડી જવાથી જમીનનું કદ ઘટી જતાં ચોમાસુ ખેતી આખા વરસની આવક માટે પૂરતી ન હોવાથી સ્થળાંતર કરવું પડે છે.

(૭) શહેરમાં મજૂરી કરવા આવે છે. તેઓમાં મોટાભાગના બાંધકામ મજૂરી સાથે સંકળાયેલા હોય છે. જેમકે કડિયા તરીકે ચણતર પ્લાસ્ટીકના કામમાં, કડિયામજૂર તરીકે સ્ત્રી-પુરુષ, ધાબા મજૂરીમાં, રેતી-સીમેન્ટ ભરવા-ઠાલવવામાં ને ખોદાણમાં તથા રોડ બાંધવામાં સ્ત્રી-પુરુષો સાથે કામ કરે છે. કેટલાક યુવાનો પ્લમ્બર તરીકે પણ કામ કરે છે.

(૮) મહિનામાં માંડ ૧૫ થી ૨૦ કામ મળે છે. પતિ-પત્ની-બાળકો સાથે કામ પર જાય છે. નાના છોકરાવાળી સ્ત્રીને મજૂરીએ લઈ જનાર પસંદ કરતા નથી.

(૯) નાકા પર સવારે ૭ થી ૧૧ પતિ-પત્ની બાળકો મજૂરીની શોધમાં ઊભા રહે છે. જયાં પીવાના પાણીની કે સંડાસ-બાથરૂમની સગવડ હોતી નથી. કામ ન મળતાં તેઓ હતાશ અને નિરાશ થઈ પાછા પોતાની પ્લાસ્ટીક આચ્છાદિત કાચી ઝૂંપડીમાં આવી જાય છે.

(૧૦) બાળકોને કામ પર લઈ જતા હોવાથી માતા-પિતા સાથે નાના-મોટા કામે લાગી જાય છે અને તેના જીવનની શરૂઆત બાળમજૂર તરીકે જ થાય છે.

(૧૧) સ્થળાંતરની અને વિસ્તારની નિશ્ચિત જગ્યા ન હોવાથી તેઓ બાળકોને ભણાવી નથી શકતા. આ સ્થિતિ અમદાવાદ, વડોદરા અને સુરતના ક્ષેત્રકાર્ય પરથી જાણવા મળી હતી.

(૧૨) અમદાવાદ-વડોદરા અને સુરતના ક્ષેત્રકાર્ય દરમ્યાન આદિવાસી મજૂરોએ જણાવ્યું હતું કે કેન્ટ્રાકટરો પૈસા ચડાવીને પછી આપીશું કહીને કામ કઢાવી લે છે અને તેઓ મૂળ માલિક પાસેથી પૈસા લઈ ચૂક્યા હોય છે, પરંતુ મજૂરોને ચૂકવતા નથી, ધક્કા ખવડાવે છે. કામ છોડીને પૈસા લેવા જવાનું પોસાતુ નથી તેથી તે જે આપે તે લઈ લેવું પડે છે.

(૧૩) અમદાવાદ-વડોદરા અને સુરતના ક્ષેત્રકાર્ય દરમ્યાન મહિલાઓની સ્થિતિ વધુ કફોડી જોવા મળી હતી. સૌથી પહેલા ૪ વાગે ઊઠીને અંધકારમાં સંડાસ-બાથરૂમની ક્રિયા પૂર્ણ રસોઈ બનાવી ટીફીન તૈયાર કરી કુટુંબ સાથે ૭ થી ૭.૩૦ દરમ્યાન નાકા પર પહોંચી જવાનું હોય છે.

(૧૪) સિમેન્ટ અને ચૂનો ઊડીને શ્વાસમાં જતો હોવાથી ગળાનો દુઃખાવો અથવા ટી.બી. જેવી ગંભીર બિમારી થાય છે.

(૧૫) પાણીની તંગીને કારણે નિયમિત ન્હાઈ-ધોઈ શકતા નથી અને સિમેન્ટ-રેતી-ચૂનામાં કામ કરવાનું હોવાથી ચામડીને વધુ નુકશાન પહોંચે છે અને તેઓ ચામડીના રોગોના ભોગ બને છે.

(૧૬) કામ દરમ્યાન અકસ્માત થાય ત્યારે પોતાના ખર્ચે સારવાર લેવી પડે છે. તેનું કોઈ વળતર મળતું નથી. બિમાર થાય તો પણ પોતાના ખર્ચે પ્રાઈવેટમાં દવા કરાવવી પડે છે.

**સ્થળાંતરિત આદિવાસીઓની સમસ્યાઓ :**

અમદાવાદ-વડોદરા અને સુરતમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળ્યું હતું કે સ્થળાંતરિત આદિવાસીઓ, શહેરમાં આવે છે ત્યારે તેને અનેક સમસ્યાઓની વણઝારમાંથી પસાર થવું પડે છે, જેમકે ગામ છોડે ત્યારે વૃધ્ધ માતા-પિતાની દેખભાળ, ઘર સાચવવાની તથા પશુઓની દેખભાળની સમસ્યાઓ તો ચિંતાજનક હોય જ છે, પરંતુ શહેરમાં આવીને રહેઠાણની સમસ્યા તેમાં પણ પાયાની જરૂરિયાતોની સમસ્યા, રસ્તાના ફૂટપાથ, દુકાનોના ઓટલા, બાંધકામ ચાલુ હોય ત્યાંની ખુલ્લી જગ્યા, રેલના પાટાનો ખાડો અથવા જયાં મોટું પડતર મેદાન જુએ ત્યાં પોટલા મૂકીને તે વસવાટ નક્કી કરે છે, રોજગારી નિયમિત મળતી નથી. મજૂરીકામમાં પણ શોષણ થાય છે, જયારે કોન્ટ્રાકટર કામમાં ખોટ કરે ત્યારે મજૂરોને તેમની લેણી રકમ આપતા નથી કે ઓછી આપે છે અથવા તેઓ મજૂરોને વેતન આપ્યા વિના જ કામ છોડીને જતાં રહે છે. તેઓના કામ પરથી છૂટવાનો સમય નક્કી હોતો નથી તેથી મોડે સુધી કામ કરે છતાં વેતન મળતું નથી. સ્થળાંતરિત આદિવાસીઓ કેટલીકવાર ગંભીર પ્રકારના અકસ્માતથી ઘવાય છે. કેટલાક કિસ્સામાં અપંગ બને છે અથવા મૃત્યુ પામે છે. તેઓના અકસ્માતમાં સુરક્ષાનો અભાવ જોવા મળે છે. શહેરમાં બાળકો સહિત સ્થળાંતર કરવું પડતું હોવાથી બાળકોના ભણતરની ગંભીર સમસ્યા જોવા મળે છે.

**સૂચનો :**

(૧) સ્થળાંતર અટકાવવા ઘર આંગણે ગ્રામ્યકક્ષાએ વૈકલ્પિક રોજગારી પૂરી પાડવી જોઈએ. જમીન હોય તો સિંચાઈની સગવડ તથા પરંપરાગત કુશળતાને લક્ષમાં લઈ ગૃહઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ.

(૨) તેઓને શહેરમાં કાયમી વ્યવસ્થા ઊભી ન થાય ત્યાં સુધી તેઓ જયાં રહે છે ત્યાં પાયાની સગવડો પૂરી પાડવી જોઈએ.

(૩) સ્થળાંતરિત મજૂરો જયાં રહે છે ત્યાં મેડીકલવાન દ્વારા આરોગ્ય સુવિધા પૂરી પાડવી જોઈએ.

(૪) શહેરમાં નિયમિત રોજગાર મળે તે માટેના મજૂર વિભાગે પ્રયત્નો કરવા જોઈએ.

(૫) ગુજરાત સરકારના અંદાજપત્રમાં આંતર જિલ્લા સ્થળાંતરિત બાંધકામ મજૂરો માટે અલગ નાણાંની જોગવાઈ કરવી જોઈએ તે અન્વયે બાંધકામ મજૂરો માટે અલગ વેલ્ફેર ફંડ ઊભુ કરીને કલ્યાણની પ્રવૃત્તિ આદરવી જોઈએ.

# સંદેશ ઈમ્પેકટ (પ્રેસકટીંગ) લગ્ન માટે કન્યા વેચવાનો કારોબાર કરતા દલાલો ભૂગર્ભમાં.....

– શ્રી બચુભાઈ બરંડા

**પ્રસ્તાવના :**

વસાવા સમાજની વસ્તી ગુજરાતનો મધ્યપૂર્વ આદિવાસી પટ્ટો અને મહારાષ્ટ્રનો ઉત્તર-પશ્ચિમ પટ્ટો તથા મધ્યપ્રદેશનો પશ્ચિમ પટ્ટો આદિવાસી વસાવા ભીલોનો મૂળ નિવાસી વિસ્તાર છે. વસાવાઓમાં પરંપરાગત રીતે સમાજના નિયમ મુજબ વસાવા જાતિની વસ્તી ભરૂચ, નર્મદા જિલ્લામાં વિશેષ પ્રમાણમાં વસે છે. વસાવા સમાજમાં રિવાજ મુજબ પરંપરાગત રીતે લગ્નો થાય છે. તેમાં અંદરો અંદર તથા અપહરણથી લગ્નો કરે છે, પ્રેમ સંબંધોથી જોડાઈને લગ્નો કર છે તો કેટલાક સામાજિક વ્યવહારથી લગ્ન કરતા હોય છે. પ્રવર્તમાન સમયમાં વસાવા સમાજના લોકો અન્ય સમાજના સંપર્કમાં આવ્યા છે, મજૂરીએ જાય છે ત્યાં સંપર્કમાં આવે છે અને સંબંધો વધવાથી ગરીબ ઘરની દીકરીઓના અન્ય સમાજ સાથે લગ્ન કરે છે. આ ઉપરાંત કેટલાક સાળીવટુ, બીજી કે ત્રીજી કન્યા સાથે લગ્ન કરવાવાળા કુટુંબો છે. આ સમાજમાં બહુ પત્નીત્વ રાખવાનો પણ રિવાજ છે. આવી સ્થિતિ હોય તેવા કુટુંબોમાં અતિ ગરીબાઈ, ભૂખમરો, શિક્ષણ, બેરોજગારી વગેરે સમસ્યા ઉભી થયેલી હોય છે.

સંશોધન અધિકારીએ તપાસ અહેવાલ તૈયાર કરવા માટે નર્મદા અને ભરૂચ જિલ્લાના ગામો અને લગ્ન માટે કન્યા વેચવાનો કારોબાર કરતા દલાલો ભૂગર્ભમાં જે સંદેશ પેપરમાં નામો દર્શાવ્યા છે તેની વિગતો મેળવવામાં આવી છે. સરકારશ્રીએ અભ્યાસ કરીને વિવિધ વિસ્તારો અને ગામોની મુલાકાત લેવા જણાવેલ. સંશોધનકર્તાએ નેત્રંગમાં રાત્રિરોકાણ કરીને વસાવા સમાજના આગેવાનો સાથે સંબંધ સ્થાપન કર્યો અને સંબંધિત વિષય અંગે માહિતી પ્રાપ્ત કરવા માટે કોશીશ કરી. પહેલાં તો તેઓએ જણાવેલ કે વસાવા સમાજ માટે 'દલાલ' શબ્દ વાપર્યો છે તે આક્રોશ વ્યક્ત કરી આ ઘણી દુ:ખદ બાબત છે તેમ કહ્યું હતું. મુલાકાત સમયે આગેવાનોએ નામ ન લખવાની શરતે બીજા સમાજમાં જે વચોટીયા હોય છે તેમ આ સમાજમાં વચોટિયા હોય જ છે. વસાવા સમાજની દીકરીઓના પટેલ તથા ઠાકોરમાં લગ્ન થાય છે. આવા લગ્નો ખાસ કરીને વસાવા તથા લગ્ન કરવા આવનાર પક્ષના વચોટિયા આ વિસ્તારમાં આવતા હોય છે. અંકલેશ્વર, સુરત, વાપી બાજુ મજૂરી કરવા જાય ત્યાં એકબીજાના સંપર્કમાં આવે છે. આ છૂપા લગ્નોમાં કન્યાપક્ષ ગરીબ, આર્થિક સ્થિતિ સાવ ખરાબ હોય તેવા ઘરની મુલાકાત ગોઠવીને મોટી રકમની લેવડદેવડ થતીજ હોય છે. આગેવાનોએ નામ ન આપવાની સદંતર ના પાડી હતી. મારી અને જિલ્લા તકેદારી અધિકારીશ્રીની હાજરીમાં નામ ન આપવાની શરતે નેત્રંગના શ્રી મગનભાઈ છોટુભાઈ વસાવા પાસે નામ માંગતા હસીને આખી વાત ઠુકરાવી દીધી હતી. તેઓની સાથે પૂછપરછ કરેલ, નેત્રંગ કે તેની આજુબાજુ ગરીબ કનયાઓ વેચાય છે ? અહિના વચોટિયાઓ એકથી બીજી જગ્યાએ લગ્ન કરાવી આપે છે ? સંદેશ પેપરમાં આવી છે તે વિગતો કેટલા અંશે સાચી છે ? બંને અધિકારીની

હાજરીમાં નામો હું આપી શકુ નહી, આ નામો આપવાનું કામ પોલીસનું છે. દુઃખ સાથે કહું છું કે થોડી પણ શંકા જાય તો વસાવા સમાજમાં ખૂન થઈજ જાય, સહેજે વાર લાગતી નથી. આ અંગે પોલીસ તથા સરકારનું ગૃહખાતું કડક પગલાં ભરે તોજ ગરીબ વસાવા કન્યાના બીજા સમાજમાં લગ્ન કરે છે તે બચી શકે અને છેતરપીંડી અટકી શકે. વસાવા સમાજના આગેવાનો તથા પંચોને જણાવેલ કે વસાવા સમાજની દીકરીઓ બે-ત્રણ જગ્યાએ વચોટીયા દ્વારા લગ્નનો વ્યવહાર કરે છે ? દીકરીને આપવા મૂકવા માટે કેટલી રકમ આપે છે ? વચોટિયા તેવી કનયાઓને દાગીના સાથે કેવી રીતે ભગાડી મૂકે છે ? કન્યાનાં અને તેના મા-બાપનાં નામ ભૂતિયાં આપે છે ? મુલાકાતમાં કહ્યુ કે આવા કિસ્સા બને જ છે. જયાં અતિશય ગરીબાઈ અને શિક્ષણનું પ્રમાણ સાવ ઓછુ હોય, રોજગારીના વિકટ પ્રશ્નો હોય ત્યાં આવુજ બને છે. તમને તેવાં નામ આપી ન શકાય. આ આખો મુદ્દો અતિ સંવેદનશીલ છે. તમે ઓળખાણવાળા જવાબદાર વ્યક્તિને સાથે લાવ્યા છો એટલે થોડી વિગત આપીએ છીએ બાંકી તમને આ સમાજમાં પગ ન મૂકવા દઈએ. સાથે સાથે તેઓએ જણાવેલ કે બહુપત્ની પ્રથા હોય, દિકરીઓનું પ્રમાણ વધુ હોય ત્યારે બહારના સમાજ સાથેનાં લગ્નો વચોટિયા મારફત થતાં હોવાનું બધાજ આગેવાનો કહેતા હતા. આવાં લગ્નો મોટાભાગે સિત્તેરના દાયકા પછી વધવા લાગ્યાં છે તેમ જણાવેલ. ઘરમાં ઊંમરલાયક વધુ દીકરીઓ હોય, સમાજમાં કોઈ લઈ ન જાય, માતા-પિતા પરણાવી ન શકવાના કારણે જે સમાજમાં દીકરીઓ મળતી નથી ત્યાં આગળ લગ્નો થતા હોય છે.

સમાજના કેટલાક આગેવાનો એવા છે કે છુટ્ટા મને ચર્ચા કરવા માટે શ્રી મહેશભાઈ વસાવા, શ્રી ભગત, શ્રી છોટુભાઈ વસાવા અને જુદા જુદા ગામોના આગેવાનો સાથે વિગતો મેળવવામાં આવી. ખાસ કરીને જણાવેલ કે વસાવા સમાજમાં બે રીતે આજે લગ્નો થાય છે. (૧) કન્યા વિક્રયથી થતા લગ્નો (૨) સમજણથી થતાં લગ્નો. આ બંને પ્રકારનાં લગ્નો સમાજથી બહારના લોકો કરે છે. કન્યા વિક્રયથી લગ્નો જે વચોટિયા મારફત થાય છે ત્યાં જાણે અજાણે વચોટિયા મોટી રકમની લેવડ-દેવડ કરે છે. તેમાં સમાજના આગેવાનો, પંચો અસંગઠિત હોવાથી કંઈ ખબર પડતી નથી, પરંતુ સંવેદનશીલ મુદ્દો છે. આ અંગે ગૃહખાતાએ તપાસ કરીને ન્યાય અપાવવો જોઈએ તેમ કહ્યું હતું. વસાવા સમાજ સંગઠિત ન હોય તો સમસ્યાઓ સ્વભાવિક રહેવાની તેમ તેઓ સ્વીકારતા હતા. આ આગેવાનોની સાથે ભરૂચ જિલ્લાના અન્ય ગામોના સભ્યો તથા નર્મદા જિલ્લાના સભ્યોએ કહ્યું હતું કે આ અંગે પોલીસ પાસે કાયદો હોવા છતાં તેના અધિકારીઓ કેમ બોલતા નથી ? બંધારણ અને કાયદો હોવા છતાં કેમ ચૂપ બેઠા છે ? સંદેશ પેપરમાં જે નામ આવ્યા તે સાચાં હોય તો સરકારને તેની ધરપકડ કરતાં કોણ રોકે છે ? વગેરે પ્રશ્નોની ઝંડી વરસાવી હતી. હરિપુરા, માલજીપુરા, વાસણા, ડેડીયાપાડા જેવા ગામોમાં મુલાકાત લીધેલ તો તેઓએ જણાવેલ કે આજે પણ જે ઘરમાં બે-ચારથી વધુ દીકરીઓ હોય તો કન્યા વિક્રયનાં લગ્નો, વચોટિયા મારફત છૂપી રીતે થાય છે. જેમાં લગ્ન કયાં કયાં તે બાબત સાચા ગામનાં નામ કે કુટુંબના નામ વચોટિયા

મોટાભાગે નથી આપતા. આવુ કેમ કરતા હશે ? આ બાબતે તો વચોટિયા સાચુ બોલે તોજ ખ્યાલ પડી શકે. કન્યાવિક્રયથી લગ્ન થાય ત્યારે શું લેવડ દેવડ કરે છે ? છૂપી રીતે જ સામાન્ય રીતે પાંચથી વધુ જોડ કપડાં, ૨ તોલા સોનાની ચેઈન, ચાંદીના સાંકળા, સોનાની ચૂની, કાનમાં સોનાનાં બુટિયાં, ચાંદીની હાંસડી તથા વચોટિયા દ્વારા નક્કી કરેલ દહેજ, મોટી રકમનું લેવડદેવડ કરે છે. અગાઉ ઉપર જણાવ્યું છે તેમ અહિ નામો ન આપનારા આગેવાનો મળ્યા અને તેમણે કહ્યું કે આ છાની છૂપી પ્રથા ચાલુ જ છે. આવાં લગ્નો કન્યાપક્ષવાળા અને લગ્ન કરવા આવનારા સાથે મળીને જ કરે છે. તે અંગેની વિગત આપતાં કન્યાનું નામ આપતા હતા પરંતુ કયા કયા ગામે પરણાવેલ છે તો તેઓ કહેતા કે જૂનાગઢબાજુ, મહેસાણાબાજુ, સૌરાષ્ટ્રબાજુ, બનાસકાંઠા, રાજસ્થાન, માઉન્ટ આબુ કન્યાઓ આપેલ છે. કન્યાઓને કેવી રીતે સમજાવે છે ? તેવા સવાલનો જવાબ આપતાં આગેવાનો કહેતા હતા કે જયાં કન્યાઓ લઈ જાય છે ત્યાં મોટી જમીન, બંગલો, ટ્રેકટર, ગાડી, સારો ધંધો વેપાર કે નોકરી વગેરેની લાલચ વચોટિયા આપતા હોય છે જેના લીધે ગરીબ વસાવાઓની દીકરીઓ લલચાઈ હોવાનું પણ આગેવાનોએ કહ્યું હતું. આ આખી વ્યવસ્થા છૂપી રીતે ચાલે છે તેમ કહ્યું હતું.

સંશોધન અધિકારીએ કન્યાવિક્રયનાં આવાં લગ્નો બીજા કયા વિસ્તારમાં થાય છે ? તે અંગે વડીલ આગેવાનો તરીકે તમારે શું કહેવું છે ? અમારી જાણ મુજબ વત્તા ઓછા અંશે દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, તાપી, નર્મદા વગેરે જિલ્લાઓમાં નાની ઉંમરે આવાં લગ્નો થાય જ છે પરંતુ બધી સાબિતી આપી ન શકાય. નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ગામોના વસાવા આગેવાનો સાથે રૂબરૂ મુલાકાત કરી તે અંગે શ્રી ગોવિંદભાઈ અંબાલાલ પટેલ, ગોપાળભાઈ વસાવા, નરેન્દ્રભાઈ વસાવાએ કહ્યું હતું કે બંને પક્ષની સંમતિથી પુરતી ઉંમરે થાય તો બરાબર છે પણ નિયમ મુજબને બદલે વચોટિયા મારફત કન્યા વિક્રય થાય જ છે પણ તેની માહિતી આપી શકાય નહી. મોટી રકમની પણ લેવડ-દેવડ થાય છે પણ માહિતી આપી શકાય નહીં કેમકે તેની કોઈ સાબિતી નથી. કન્યા વિક્રયથી થતાં લગ્નોના સરનામા વિશે પૂછતાં ગામનું સરનામું આપવાની સદંતર ના પાડેલ. તે અંગેનાં કારણો સમજાવતાં જણાવેલ કે અમારી દીકરીની વિગત લઈ જાઓ અને કાલે ઉઠીને પોલીસ કંઈપણ રીતે કાર્યવાહી કરે એટલે અમે નામ ઠેકાણું આપી શકીએ તેમ નથી. તેઓ કહેતા હતા કે સરકારશ્રીએ પોતે, જાણે વચોટિયા છે તેમની ધરપકડ કરે અને તેને યોગ્ય સજા મળે તેવું થવું જોઈએ તેમ તેઓનું કહેવું હતું. અધિકારીએ મહત્વનો સવાલ કર્યો હતો કે વસાવા સમાજમાં જો લગ્ન કરવા માટે દીકરીઓ રહેશે નહીં તો તમે શું કરશો ? આ સવાલનો જવાબ આપતાં આગેવાનો- પંચો - મુલાકાતી મા-બાપો હસતા હતા અને કહેતા હતા કે આજે આ પરિસ્થિતિ છે અને આવતી કાલે જે થવાનું હશે તે થશે, એમાં અમારે કયાં જોવા રહેવાનું છે. જયાં આગળ આજે ગરીબાઈ અને શિક્ષણનું સ્તર સાવ ઓછું, બેરોજગારી વગેરે સમસ્યા પાયાની હોવાથી તેમાં સરકારશ્રીએ ખાસ ધ્યાન આપવું જોઈએ. કન્યા વિક્રય અંગે બીજી સ્થિતિ પ્રગટ કરતાં કહ્યું હતું કે ભૂતકાળમાં વસાવા

સમાજ ઉપર સરકારશ્રીએ કંઈપણ રીતે આવા પ્રશ્નોમાં મદદ કરી નથી. આગેવાનોએ જણાવેલ કે અમારો વિકાસ ન થાય તો આ વિસ્તારમાં મોટાં આંદોલનો કે ક્રાંતિ થશે અને એ વખતે સરકાર ઘણી મોડી પડી હશે તેવો સુર હતો. હાલમાં પણ જો છેલ્લો વરસાદ ન આવ્યો હોત તો શું થઈ શકત તે કહેવું મુશ્કેલ છે તેમ જણાવ્યું હતું. આગળના ભાગમાં ''સંમતિથી લગ્ન નથી થતા ત્યાં છોકરીની સ્થિતિ શું છે'' તેની વિગત મૂકવામાં આવી છે. ત્યારબાદ ''સંમતિથી થતા લગ્નો વિશે વિગતો મૂકવામાં આવી છે'' એના પછી તેમાં શું થઈ શકે તેના સૂચનો મૂકવામાં આવ્યાં છે.

**મૂળ પ્રશ્ન શું હતો :**

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ તરફથી પત્ર ક્રમાંક : ટી.એ.પી.૧૨૨૦૯/૧૫૨૫/ય. આદિજાતિ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તા.૨૬-૮-૦૯નો પત્ર તા.૨૮-૮-૦૯ના રોજ મળ્યો. આ પત્રમાં ''સંદેશ ઈમ્પેકટ (પ્રેસ કટીંગ) લગ્ન માટે કનયા વેચવાનો કારોબાર કરતા દલાલો ભૂગર્ભમાં'' આ શિર્ષક હેઠળ પરિસ્થિતિની જાત તપાસ કરી અહેવાલ મોકલવા માટે જણાવેલ. પેપરમાં વિગતે જોઈએ તો તા.૨૦-૮-૦૯ રાજયમાં કુંવારી કન્યાઓ છડેચોક વેચાય, તા.૨૧-૮-૦૯ કન્યા વિક્રય દલાલો ભૂગર્ભમાં ઉતરી ગયા, તા.૨૮-૮-૦૯ પિયર જવાનું કહીને ગયેલી પરિણીતા પરતજ ન આવી, તા.૨૯-૮-૦૯ કન્યા વિક્રય મહિલા ટીમ ગુજરાતમાં અને તા.૨-૯-૦૯ યુવતી કન્યા વિક્રય ટોળકીના સકંજામાંથી ભાગી છૂટી. આમ સંદેશ દૈનિક પેપરમાં વસાવા સમાજની કન્યાઓના સંદર્ભે વિગતો બહાર આવી.

સરકારશ્રીએ આ અંગે હકીકત શું છે તે એકત્રીત કરવા અને હકીકતલક્ષી અહેવાલ તૈયાર કરવા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સૂચવ્યું. કેન્દ્રના નિયામકશ્રીએ કેન્દ્રના સંશોધન અધિકારી શ્રી બચુભાઈ બરંડાને આ કામગીરી સોંપી જરૂરી તપાસ કરી અહેવાલ તૈયાર કરવા જણાવેલ.

**ઉદેશ્યો / હેતુઓ :**

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે છે.

(૧) સંદેશ ઈમ્પેકટ (પ્રેસ કટીંગ) લગ્ન માટે કન્યા વેચવાનો કારોબાર કરતા દલાલો ભૂગર્ભમાં તે શિર્ષક હેઠળ તપાસ કરવી.

(૨) અપહરણ તથા કન્યાવિક્રયથી જે લગ્નો થાય છે તે કયા કયા વિસ્તારથી અને કયાં આગળ કરવામાં આવે છે તેની તપાસ કરવી.

(૩) સંમતિથી લગ્ન નથી થતાં ત્યાં છોકરીની સ્થિતિ શું તે જાણવું.

(૪) સંમતિથી લગ્ન થાય છે ત્યાં છોકરીની સ્થિતિ શું છે તે જાણવું.

(૫) વસાવા સમાજમાં લગ્નપ્રથા તથા બહુપત્નીત્વ વિશે જાણવું.

**સંશોધન અભ્યાસનો વિસ્તાર :**

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના સંશોધન અધિકારી શ્રી બચુભાઈ બરંડાએ આ બાબતે તા.૩-૯-૦૯ થી તા.૬-૯-૦૯ સુધી સંદેશ પેપરમાં જે જાહેર કરેલ વિસ્તાર જેવા કે ભરૂચ જિલ્લાના નેત્રંગ, લાલમોટાડી, મુલાડ, કોળીયાડ, રાજપારડી, અંકલેશ્વર, મકતમપુર, હાંસોટ, ધોળાકૂવા તથા નર્મદા જિલ્લાના ડેડીયાપાડા, સાગબારા, રાજપીપળા વગેરે વિસ્તારમાં કન્યા વિક્રય થાય છે તેવા ગામોની મુલાકાત લીધી હતી.

**સંશોધન પદ્ધતિ / પ્રવિધિઓ :**

કોઈપણ વિષયનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા સંશોધનની વિવિધ પ્રવિધિઓનો ઉપયોગ કરવો જોઈએ અને એ રીતે આ સંવેદનશીલ અભ્યાસમાં વિવિધ પ્રવિધિઓનો ઉપિયોગ કરવાનું આયોજન કરેલ છે.

**ગ્રંથાલય કાર્ય :**

આદિવાસી વસ્તી ધરાવતા નર્મદા અને ભરૂચ જિલ્લાના વિસ્તારના ગામોમાં તપાસ/ક્ષેત્રકાર્ય કરવા જતાં પહેલાં વિષય અનુસંધાને વસાવા સમાજને લગતા અંકો, પુસ્તકો, અખબારો, રિપોર્ટ તથા જિલ્લાની જરૂરી વિગતો માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ ઉપરાંત આદિવાસીઓમાં કન્યાવિક્રય, લગ્નપ્રથા, ભાગેડુ લગ્ન વગેરે વિશે ગ્રંથાલયમાંથી વિગતો મેળવી હતી. કેન્દ્રના નિયામકશ્રી સાથે જયાં જરૂર જણાયુ ત્યાં માર્ગદર્શન મેળવ્યું હતું.

**નિરીક્ષણ :**

નિરીક્ષણ કરવાની ક્રિયા આપણા સૌ જાગૃત જીવનની અનિવાર્ય પ્રક્રિયા છે. સામાન્ય રીતે આપણી આસપાસની સ્થિતિ/જીવનનું નિરીક્ષણ કરતા હોઈએ છીએ. આ રીતે ''સંદેશ ઈમ્પેકટ (પ્રેસ કટીંગ) લગ્ન માટે કન્યા વેચવાનો કારોબાર કરતા દલાલો ભૂગર્ભમાં'' આ વિષય અતિસંવેદનશીલ હોવાથી પ્રસ્તૂત અભ્યાસમાં નિરીક્ષણ તથા સહભાગી નિરીક્ષણ પ્રક્રિયા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ અભ્યાસમાં કેટલીક વિગતો જાહેરમાં નોંધ ન કરતાં નિરીક્ષણનો ઉપિયોગ કરીને નોંધ તૈયાર કરવામાં આવી છે.

**મુલાકાત :**

મુલાકાત એ અગત્યની પ્રવિધિ છે. ''સંદેશ ઈમ્પેકટ (પ્રેસ કટીંગ) લગ્ન માટે કન્યા વેચવાનો કારોબાર કરતા દલાલો ભૂગર્ભમાં'' તપાસ વિષયના સંદર્ભમાં માહિતી એકત્ર કરવા માટે રૂબરૂ મુલાકાતના માધ્યમથી જુદા જુદા મુલાકાતીઓ સાથે પ્રત્યક્ષ રીતે તેઓની કચેરીએ, રૂબરૂ ઘર મુલાકાત, કરીને માહિતી મેળવવામાં આવી છે. આ ઉપરાંત વિષયના સંદર્ભમાં ગામના શિક્ષકો, જિલ્લા તકેદારી અધિકારી, પોલીસ અધિકારી, તાલુકાના અધિકારીઓ, ગ્રામ આગેવાનો, સમાજના પંચો, સરપંચ, તાલુકા તથા

જિલ્લાના ચૂંટાયેલા સભ્યો વગેરે સાથે બેઠક કરીને ત્યાંના આ ગંભીર સમસ્યા અંગે સંબંધ કેળવીને માહિતી મેળવવામાં આવી છે.

**વ્યક્તિગત અભ્યાસ :**

સમાજના આગેવાનો તથા પંચોએ જણાવ્યું હતું કે વસાવા સમાજમાં કન્યા વિક્રય થાય છે તે સાચુ છે તો તે બાબત અતિસંવેદનશીલ છે તેના વિશે કશુજ કહી શકાય નહી. આ વાત વસાવા સમાજના આગેવાનો - પંચોએ અને પટેલ કે જે લગ્ન કરેલ છે તેમણે કહ્યું હતું. વસાવા સમાજમાં હકારાત્મક અભિગમ ધરાવતા કુટુંબો અને જેઓની સંમત્તિથી લગ્ન થાય છે તેવા કેટલાક કુટુંબોની મુલાકાત્ત લેવામાં આવેલ અને જે વિગતો આપી હતી તેના આધારે કન્યા વિક્રયથી અને સફળ લગ્નો વિશે વ્યક્તિગત અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ કરવા પાછળ અનેક પ્રયાસો કર્યા છતાં પૂરતી વિગતો ન આપી જેથી જેટલી વિગત મળી છે તેના આધારે વ્યક્તિગત અભ્યાસ કર્યો છે.

આ ઉપરાંત ''સંદેશ ઈમ્પેકટ'' હેઠળ ભરૂચ જિલ્લાનાં જે ગામો દર્શાવેલ છે તેમાં લગ્ન માટે કન્યા વેચવાનો કારોબાર કરતા દલાલોના નામ સંદેશ સમાચારમાં આવેલ છે તેનો વ્યક્તિગત અભ્યાસ કરવામાં આવ્યો હતો.

(૧) શ્રી રમેશ વસાવા - ધોળાકૂવા - ઝગડીયા

(૨) શ્રીમતી ગૌરીબેન, તેમનો પુત્ર - અંકલેશ્વર

(૩) શ્રી સરપંચશ્રી - અંબેડા પારડી - હાંસોટ

(૪) શ્રી સુરેશ રસોયા - સાળો - અંકલેશ્વર

(૫) શ્રી ભાઈલાલભાઈ - મક્તમપુર - ભરૂચ

(૬) શ્રી હરીશ - અંકલેશ્વર

(૭) શ્રીમતી કેશરીબેન - નેત્રંગ

(૮) શ્રી કનુ વસાવા - પત્ની - રાજપારડી

(૯) શ્રી કાદરભાઈ વસાવા - નેત્રંગ

(૧૦) શ્રી સિકંદર - નેત્રંગ

(૧૧) શ્રીમતી સરોજબેન - તુલસી ફળિયુ નેત્રંગ

(૧૨) શ્રીમતી સુકીબેન - નેત્રંગ

(૧૩) શ્રીમતી ઉર્મિલા વસાવા - લાલમોટાડી.

(૧૪) શ્રીમતી આનંદી વસાવા - મુલાડ- ઝગડીયા

(૧૫) શ્રી અરવિંદ વસાવા - કોળીયાડ

ઉપરોક્ત દલાલમાંથી જે રૂબરૂ મળ્યા તેઓનો વ્યક્તિગત અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**સૂચનો :**

સંદેશ ઈમ્પેકટ (પ્રેસ કટીંગ) લગ્ન માટે કન્યા વેચવાનો કારોબાર કરતા દલાલો ભૂગર્ભમાં શિર્ષક હેઠળ સરકારશ્રી વચોટીઓને શોધીને કડક કાર્યવાહી કરે તથા દર્શાવેલ સૂચનોનો જો અમલ કરે તો કન્યા વિક્રય જેવા સંવેદનશીલ બનાવો બનતા અટકી શકે તેમ છે. જે અંગેના સૂચનો આ પ્રમાણે છે.

(૧) જ્ઞાતિમાં તેમજ આંતરજ્ઞાતિય જે લગ્ન થાય છે તે લગ્નરજીસ્ટારની કચેરીમાં લગ્ન રજીસ્ટર અવશ્ય કરાવવું જોઈએ. સ્પેશીયલ મેરેજ એકટ પ્રમાણે પૂરી ઉંમર હોવી જોઈએ.

(૨) બહેન દીકરીઓને જ્યાં દલાલો મારફત આપ લે થાય છે તેવા વિસ્તારના પોલીસવડાની સીધી દેખરેખ હેઠળ ઘરપકડ કરી કડક કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ.

(૩) લગ્નમાં છૂપી રીતે દહેજ લેવાય છે તે ન થવું જોઈએ અને સમાજના રિવાજ મુજબ નક્કી કર્યું હોય તેજ દહેજ લેવું જોઈએ.

(૪) આવા વિસ્તારમાં શિક્ષણ સૌને મળે તે માટે આયોજનબધ્ધ માળખું ગોઠવીને ખર્ચ વગરનું ફરજીયાત શિક્ષણ મળે તેવી ખાસ વ્યવસ્થા કરવી.

(૫) જિલ્લા તકેદારી અધિકારીએ અધિકારીની કચેરીમાં પ્રથમ આવાં લગ્ન કરવા આવનારે મળીને પછી તકેદારી અધિકારી તપાસ કરશે અને મેરેજ એકટ પ્રમાણે બધીજ વિધિ પૂર્ણકરશે તેની એક કેસ ફાઈલ તૈયાર કરશે અને જો હકારાત્મક રિપોર્ટ હશે તો જ લગ્નની મંજૂરી આપે તેવું કરવું જોઈશે. દા.ત. સમાજસુરક્ષા અધિકારીની કચેરીમાં કામ થાય છે તેમ કેસ ફાઈલ રાખી સુપરવાઈઝન પ્રગતિ કરવી વગેરે.

(૬) આદિવાસીઓમાં આવા લગ્ન થાય છે તેની પૂરતી વિગત અને તેની કેસ ફાઈલ જિલ્લા તકેદારી અધિકારીએ રાખવી જોઈએ. તકેદારી અધિકારીની કચેરીમાં પણ આવા લગ્નોની નોંધ અને રજીસ્ટર રાખવા જરૂરી છે.

(૭) ~~જિલ્લા કલેકટર કચેરીમાં માસિક કે ત્રિમાસિક સમીક્ષા રાખી આવા બનાવો ક્યાં, કેવી રીતે બને છે~~ તેની વિગતો સમિતિમાં મૂકવી અને તેની શી સ્થિતિ છે તેની નોંધ તૈયાર કરવી.

(૮) આવા પછાત-ગરીબ દીકરીઓના જ્યાં લગ્નના બનાવો બને છે ત્યાં પંચો - સમાજના આગેવાનો પદાધિકારીઓની હાજરીમાં જ લગ્ન થવાં જોઈએ.

(૯) જે સમાજના જોડે લગ્ન થાય છે તેના પિતાનો વારસો તેના બાળકોને વારસા હક્ક પ્રમાણે મળે તેમ ગોઠવવું.

(૧૦) રાજય સ્તરે ઉચ્ચ કક્ષાની બેઠક કરી આવા વચોટીયા (દલાલો) ને વેચાણ (કન્યા વિક્રય) બંધ કરાવી દેવું જોઈએ.

(૧૧) વસાવા સમાજના આગેવાનોને દરેક સમાજમાં લગ્ન કરાવવા વચોટિયા હોય જ છે, જયારે આદિવાસી વસાવાઓ માટે ''દલાલ'' શબ્દ અપમાનજનક લાગે છે હવે પછી આ શબ્દનો ઉપયોગ ન થાય તેમ કરવું.

(૧૨) વસાવા સમાજમાં સિકલસેલ એનીમીયા તથા એઈડ્ઝ અને સિલાકિસીસ જેવા રોગો છે તે માટે તેવા કેસોનું સર્વે કરી તાત્કાલીક આદિવાસીઓને સારવાર મળે તેના માટે અલાયદુ તંત્ર ઉભુ કરી સેવા પૂરી પાડવી.

(૧૩) વસાવા સમાજમાં ગરીબાઈની તથા નીમ્ન સાક્ષરતા આ બે સમસ્યા છે તે ઓછી થાય તેમ ત્વરિત પગલાં ભરવાં જોઈએ.

# ચૌધરા-ચૌધરી
# (એક પૃથ્થકરણ નોંધ)

- શ્રી ચંદ્રકાન્ત પટેલ

સારદોહન : શ્રી દિલીપભાઈ પરમાર

ગુજરાતની આદિવાસી જાતિઓમાં દક્ષિણ ગુજરાતમાં વસતી ચૌધરી જાતિ સામાજિક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક દ્રષ્ટ્રિએ મહત્વનું આગવું સ્થાન ધરાવે છે. ૨૦૦૧ વસતિ અનુસૂચિત જનજાતિની ગણતરી રીતે ગુજરાતમાં તેમનું સ્થાન સાતમું છે. શિક્ષણ અને વિકાસની દ્રષ્ટ્રિએ ગુજરાતની આગળ પડતી ધોડિયા, ગામીત જેવી વિકસિત જાતિઓમાં ચૌધરી જાતિનો સમાવેશ થાય છે. ચૌધરી જાતિની ઉત્પત્તિ અને સ્થળાંતર કે ચૌધરી શબ્દના નામાભિધાન વિશેના કોઈ ચોક્કસ દસ્તાવેજી પુરાવાઓ મળતા નથી. છતાં કેટલાક છૂટાછવાયા સરકારી અહેવાલો કેટલાક અભ્યાસો અને કેટલીક કિવદંતીઓ જે જાણવા મળી છે અને આ મુજબ ઉપલબ્ધ છે.

ગુજરાતના આદિવાસી પ્રજાતિય જૂથોની ઉત્પત્તિ અંગે સમાજશાસ્ત્રીઓ, વિદ્વાનોના વિવિધ મતો પ્રવર્તે છે. કેટલીક લોકમાન્યતાઓ અને ઐતિહાસિક માહિતીના આધારો પણ છે. પરંતુ તે પુરાવા માત્ર માન્યતા આધારિત હોય તેવું જોવા મળે છે. તેમાં આગળ કે પાછળ કોઈ સંદર્ભ મળતા નથી. આથી લોકમાન્યતાઓ અને ઐતિહાસિક માહિતી મોટાભાગની આદિવાસી જાતિઓ માટે પ્રચલિત છે. તે રીતે ચૌધરી જાતિ અંગે પણ જાણવા મળે છે.

**વિસ્તાર, વસતિ અને તેના પેટાજૂથો-ગોત્રો અને અન્ય જાતિઓ સાથેના સંબંધો :**

ભારતની છસોતેર (૬૧૩) જેટલી આદિવાસી જાતિઓમાં ચૌધરી જાતિની વસતિ મુખ્યત્વે ગુજરાતમાં અને મહારાષ્ટ્રમાં અલ્પ સંખ્યામાં વસેલી જોવા મળે છે. ભારતની ૧૯૬૧ની કુલ આદિવાસી વસતિની સરખામણીએ આ જાતીની વસતી ૧,૪૫,૧૫૦ એટલે કે ૦.૪૮ ટકા માત્ર થાય છે. ભારતમાં ચૌધરી જાતિની રાજયવાર વસતિમાં ૧૯૬૧ની વસતિ-ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૧,૪૩,૫૭૬ એટલે કે ૯૮.૯૨ ટકા હતી. મહારાષ્ટ્રમાં ૧,૫૭૧ એટલે કે ૧.૦૮ ટકા અને મહેસુરમાં નામ માત્રની ૩ ટકાની વસ્તી સંખ્યા નોંધાઈ હતી. આમ ચૌધરી જાતિનો વસવાટી વિસ્તાર ગુજરાત રાજય છે. ગુજરાતમાં ચૌધરી જાતિની વસતિ સંખ્યાનો ઉલ્લેખ મુંબઈ રાજયના વખતથી થતો જોવા મળે છે. મુંબઈ પ્રેસીડેન્સી સેન્સસ ૧૮૭૧ ભાગ-૩- પાન-૨૫૧ ઉપર આ જાતિની વસતી ૧૯.૧૬ ટકા જેટલી દર્શાવી છે.

ચૌધરી જાતિની વસતિ ૧૮.૮૧ થી ૧૯૪૧ સુધીની મુંબઈ રાજયની અને મુંબઈ રાજયમાંથી ૧૯૬૧થી અલગ ગુજરાત રાજયની ૨૦૦૧ સુધીની વસતીના આંકડા :

| ક્રમ | વર્ષ | વસતી |
|---|---|---|
| ૧ | ૧૮૮૧ | ૩૯,૯૯૨ |
| ૨. | ૧૮૯૧ | ૬૯,૬૨૮ |
| ૩. | ૧૯૦૧ | ૫૩,૫૫૩ |
| ૪. | ૧૯૧૦ | ૬૯,૫૦૪ |
| ૫. | ૧૯૨૧ | ૭૬,૧૧૮ |
| ૬. | ૧૯૩૧ | ૮૪,૦૬૮ |
| ૭. | ૧૯૪૧ | ૯૬,૪૮૫ |
| ૮. | ૧૯૬૧ | ૧,૪૩,૫૭૬ |
| ૯. | ૧૯૭૧ | ૧,૮૮,૨૭૩ |
| ૧૦. | ૧૯૮૧ | ૨,૨૫,૩૬૧ |
| ૧૧. | ૧૯૯૧ | ૨,૬૫,૦૫૭ |
| ૧૨. | ૨૦૦૧ | ૨,૮૨,૩૯૨ |

મુંબઈ રાજ્ય અને પાછળથી અલગ થયેલા ગુજરાત રાજ્યમાં આ જાતિના આંકડા જોઈએ તો ૧૯૮૧ના વર્ષને બાદ કરતાં તેમની વસતિમાં સતત વધારો નોંધાયેલો જોવા મળે છે.

ગુજરાત રાજ્યની કુલ આદિવાસી વસતિની ટકાવારી ચૌધરી જાતિની વસતિની ટકાવારીમાં સતત ઘટાડો નોંધાયેલો જોવા મળે છે. જે આંકડાની રીતે જોઈએ તો ૧૯૬૧ની વસતિ ગણતરીએ ૫.૨૧ ટકા, ૧૯૭૧ની વસતિ ગણતરીએ ૫.૦૪ ટકા, ૧૯૮૧ની વસતિ ગણતરીએ ૪.૬૫ ટકા, ૧૯૯૧ અને ૨૦૦૧ની વસતિ ગણતરી જે ઘટાડો નોંધાયેલો હતો તેમાં તો ચૌધરી જાતિમાંથી ચૌધરી અને ચૌધરાની વસતિ અલગ દર્શાવવાથી થયેલો જોવા મળે છે.

ગુજરાતની આદિવાસી જાતિઓની સરખામણીએ વિચારીએ તો આ જાતિ ૧૯૬૧માં વસતી સંખ્યાએ પાંચમા ક્રમે હતી જે ૧૯૭૧માં છઠ્ઠા ક્રમે હતી પણ ૧૯૮૧, ૧૯૯૧ અને ૨૦૦૧ની વસતિ ગણતરીએ તે સાતમા ક્રમે જોવા મળે છે. વસતિ વધારાની દ્રષ્ટિએ છેલ્લા બે, ત્રણ દાયકોમાં તેમની વસતિ વધેલી દેખાય છે પણ પ્રમાણની રીતે જોઈએ તો વસતિ વધારાના પ્રમાણમાં **તમનો વૃધ્ધિ દર ઘટેલો છે.**

ભારત સરકારના નોકરી કે રાજયમાં રાજયની આદિવાસી જાતિઓની સૂચિ- યાદી આપવામાં આવી છે તેમાં ચૌધરી અને ચૌધરાએ રીતે અલગ દર્શાવી છે. પ્રશ્ન એ છે કે શું ખરેખર આ બંને જાતિ અલગ અલગ છે કે પછી એક જાતિને અલગ રીતે દર્શાવી છે ? આ પ્રશ્ન ઘણા વખતથી મનમાં ઉઠતો હતો તેથી આથી પ્રાથમિક તપાસ કરીને એક નોંધ તૈયાર કરવાનું વિચાર્યુ. ક્ષેત્રકાર્યથી એ જોવાયુ કે આ ચૌધરા

શબ્દ અને સ્થાનિક રીતે કોઈએ ચૌધરીને તૃચ્છકારથી ચૌધરો કહ્યો અને ત્યાંથી શરૂઆત થઈ. કારણ કે આંકડાકીય રીતે ચૌધરાનો ઈતિહાસ જોવા મળતો નથી. દા.ત. વસતિ ગણતરીના વર્ષ ૧૯૮૧ અને ૨૦૦૧માં જે જાતિવાર અને જિલ્લાવાર વસતિમાં ચૌધરી-ચૌધરા અલગ બતાવ્યા છે.

## ચોધરી-ચોધરા ૧૯૬૧ થી ૨૦૦૧ સુધી

| ક્રમ | જિલ્લો | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | | ૧૯૯૧ | ૨૦૦૧ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ચોધરી | ચોધરા | ચોધરી | ચોધરી | ચોધરા |
| ૧. | સુરત | ૧૪૧૫૦૭ | ૧૮૦૬૧૫ | ૨૧૬૭૨૦ | ૧૩૯ | ૨૪૯૨૯૪ | ૨૭૭૩૮૦ | ૪૨૫૯ |
| ૨. | ડાંગ | ૧૪૫ | ૧૦૧ | - | ૩૪ | ૬૧૫ | - | ૮૬ |
| ૩. | વલસાડ | - | ૨૧૭૮ | ૩૧૭૭ | ૮૨ | ૫૨૪૭ | ૧૩૪૪ | ૨૯ |
| ૪. | ભરૂચ | ૧૮૬૫ | ૫૦૨૨ | - | ૫૦૫૭ | ૮૩૯૫ | - | ૧૮૮૮ |
| ૫. | વડોદરા | ૩૧ | ૨૮૪ | - | ૩૪ | ૧૧૫૧ | - | ૪૬ |
| ૬. | પંચમહાલ | ૫ | ૮ | - | ૫૦ | ૬૭ | - | ૧ |
| ૭. | ખેડા | - | ૯ | - | - | ૫૪ | - | ૨૨ |
| ૮. | અમદાવાદ | ૨૩ | ૪૮ | - | ૫૪ | ૫૩ | - | ૧૧૪ |
| ૯. | મહેસાણા | - | ૫ | - | - | ૧૭ | - | - |
| ૧૦. | સાબરકાંઠા | - | ૩ | - | ૨ | ૨૪ | - | ૬ |
| ૧૧. | કચ્છ | - | - | - | ૭ | ૪૭ | - | ૩૫ |
| ૧૨. | જામનગર | - | - | - | ૬ | ૮ | - | ૬ |
| ૧૩. | બનાસકાંઠા | - | - | - | - | ૧૨ | - | ૭ |
| ૧૪. | ગાંધીનગર | - | - | - | - | ૪૪ | - | ૩૮ |
| ૧૫. | અમરેલી | - | - | - | - | ૬ | - | ૧૪ |
| ૧૬. | સુરેન્દ્રનગર | - | - | - | - | ૯ | - | - |
| ૧૭. | ભાવનગર | - | - | - | - | ૪ | - | ૨ |
| ૧૮. | રાજકોટ | - | - | - | - | ૧૦ | - | ૨૮ |
| ૧૯. | જૂનાગઢ | - | - | - | - | - | - | ૨ |
| ૨૦. | પાટણ | - | - | - | - | - | - | ૧ |
| ૨૧. | નવસારી | - | - | - | - | - | ૩૬૬૮ | - |
| ૨૨. | નર્મદા | - | - | - | - | - | - | ૧૮૫ |
| ૨૩. | આણંદ | - | - | - | - | - | - | ૭ |
| ૨૪. | દાહોદ | - | - | - | - | - | - | ૧૦ |
| | કુલ | ૧૪૩૫૭૬ | ૧૮૮૨૭૩ | ૨૧૯૮૯૭ | ૫૪૬૪ | ૨૬૫૦૫૭ | ૨૮૨૩૯૨ | ૬૭૮૬ |

ભારતમાં અને ગુજરાતમાં ચૌધરીઓની વસતિનો મોટો સમુદાય મહત્વે સુરત જિલ્લામાં સવિશેષ વસવાટી છે. છએ સિવાય રાજયમાં ચોધરી ચૌધરી જાતિની વસતિ વલસાડ, ભરૂચ જિલ્લાઓમાં પથરાયેલી છે. બાકીના જિલ્લાઓમાં અલ્પ સંખ્યા વસવાટી જોવા મળે છે. ૧૯૬૧ અને ૧૯૭૧ની વસતિ ગણતરીમાં ચૌધરી જાતિની ૧૯૬૧માં છ જિલ્લાઓમાં અને ૧૯૭૧માં દસ જિલ્લાઓમાં છે. ૧૯૮૧ની વસતિ ગણતરીમાં ચૌધરીની વસતિ માત્ર સુરત અને વલસાડ જિલ્લાઓમાં દર્શાવાય છે. એજ રીતે ૧૯૯૧માં ચૌધરી જાતિની વસતી (૧૮) અઢાર જિલ્લાઓમાં દર્શાવાય છે. તેમાં ચૌધરા વસતિનો ઉલ્લેખ નથી. એજ રીતે ૨૦૦૧ની વસતિ ગણતરીએ ચૌધરી જાતિની વસતિ સુરત, વલસાડ અને નવસારી જિલ્લાઓ પુરતી દર્શાવી છે. જેમાં ચૌધરા વસતિ (૨૧) એકવીસ જેટલા જિલ્લાઓમાં દર્શાવાય છે. આમ ૧૯૮૧ અને ૨૦૦૧ની વસતિ ગણતરીમાં ચૌધરી-ચૌધરાની વસતી સંસ્થા જુદી દર્શાવી છે. આમ ૧૯૮૧ અને ૨૦૦૧ની વસતિ ગણતરીમાં ચૌધરી-ચૌધરાની વસતિ સંખ્યા જુદી દર્શાવી છે. એ તદ્દન વાહિયાત લાગે છે. જે વસતિ ગણતરીકારોની ભૂલ હોઈ કદાચ વિષય અંગે જાતિ અંગે ખ્યાલ ન હોય તેથી આવું બન્યું હશે જે સાચુ નથી તેવું - ચૌધરી-ચૌધરાએ એકજ જાતિ છે. માત્ર વસતિ સંખ્યા જુદી દર્શાવવાથી જુદી જાતિ બની જતી નથી. ચૌધરી-ચૌધરાની વસતી સંખ્યા ૧૯૮૧ અને ૨૦૦૧માં આડેધડ દર્શાવાય છે. જે આપણા વસતિ ગણતરી અહેવાલ જોવાથી ખ્યાલ આવશે. એટલે ચૌધરી-ચૌધરા જાતિ અંગે જો જુદો હોવાનો ખ્યાલ હોય તો તે ખોટો છે. કારણ કે તેમના અભ્યાસ પરથી લાગે છે કે તેમના અંગેની દંતકથાઓ, માન્યતાઓ તેમનો ઈતિહાસ ઉત્પત્તિ વિશે જે વિગતો મળી છે તે સામ્ય છે. ઉપરાંત તેમનો પહેરવેશ, ઘરેણાં, તેમના પેટાજૂથો, ગોત્રો, કૂળો, દેવદેવીઓ, પૂજાવિધિઓ ઉપરાંત સામાજિક રીતરિવાજો તે સર્વે વિગતો જોતા કોઈ ભેદભાવો કે તફાવત માલુમં પડતો નથી.

ચૌધરી-ચૌધરા જાતિ એકજ જાતિ સમુદાય છે. માત્ર વસતિ ગણતરીએ હવાલોમાં તેમની વસતિ સંખ્યા છૂટી પાડીને જાતિ જુદી દર્શાવાય છે. તે બરાબર નથી, કારણકે આખાય ચૌધરી જાતિ સમુદાયમાં કોઈ એ અંગેનો જુદો હોવાનો ખ્યાલ પ્રવર્તતો નથી. માત્ર આ જાતિમાં ઘણીવાર આર્થિક સ્થિતિ સારી ન હોય અથવા કોઈ એવો ગુના ખોટીનો કે ખરાબ પ્રસંગ બન્યો હોય તેવા સમયે, તેમની પોતાની ચૌધરી જાતિના લોકો દ્વારા જ કહેવાય છે કે એ અમારો ચૌધરો છે. એટલે તુચ્છકારક કે ધૃણાપ્રદ શબ્દ પ્રયોગ જે થાય છે તેમાંથી ચૌધરા શબ્દ પ્રયોજાયેલો જોવા સાભળવા મળે છે.

એટલે વસતિ ગણતરીના અહેવાલોમાં વસતિ સંખ્યા જુદી ગણી લેવી સરાહણીય કે યથા યોગ્ય બાબત નથી તેનાથી ભવિષ્યમાં કદાચ ચૌધરી-ચૌધરા જાતિમાં અંતર પાડી ઉંચનીચના ભેદ થવાની ભીતિ રહેલી છે. એટલે જે નથી તે કદાચ ઉભુ થાય તો નવાઈ નહિ. માટે ત્વરિત વહીવટી પગલાં લઈ ઘટતું કરવું જોઈએ.

ચૌધરી-ચૌધરા જાતિના વસવાટી તેમજ વસતીના આંકડાકીય જે વિસ્તારો દર્શાવાય છે તેમાં ચોક્કસ પણે ભૂલ હોય તો યોગ્ય કરવું રહ્યું. વસતિ બંનેની અલગ બતાવવાનો કોઈ જ અર્થ સરખો નથી. આગળ ઉપર ચૌધરી જાતિના વિસ્તારો જાતિઓ સાથેના સંબંધો પેટા જૂથો, ગોત્રો, કૂળો આપ્યા છે. તેમાંય ચૌધરી શબ્દનો ઉલ્લેખ પહેલેથી જ જોવા મળે છે. એટલે માત્ર વસતિ ગણતરી અહેવાલમાં જ ચૌધરી-ચૌધરા જુદા બતાવવાનો પ્રયાસ છે. સુરત જિલ્લાનું ગેઝેટિયર (૧૯૬૨ : ૨૦૪) માં માત્ર ચૌધરી શબ્દ પ્રયોગ છે. ચૌધરાનો કયાંય ઉલ્લેખ કરાયો જોવા મળતો નથી. ચોધરી-ચૌધરા સંદર્ભે લેખિત કે મૌખિક જે સમગ્ર વિગતો જાણવા મળી હતી તે અહિયા મૂકી છે. તેમાં વસતિની આંકડાકીય માહિતી માત્ર જુદી દર્શાવવામાં આવી છે. આ બંનેમાં આ બંનેમાં ચૌધરી-ચૌધરીમાં એકરૂપતા જોવા મળી છે. જેમકે ચૌધરીના પેટા જૂથો કે ગોત્રો જેવાં કે ચોખાપુરી, વલવડા અને આંતરજૂથો ભારુટિયા, ચોટલા, ચોખાપુરી, શકરીયા, છાંટલા, નાના અને બોડા વગેરે તેમાં આગળ ઉપર દર્શાવ્યા પ્રમાણે પેટા અટકો બતાવેલી છે. જેમકે વાલવી, ભારોટીયા, વશી, રાવત, રાજપુતીયા, હાજરાણીથી, દેસાઈ વગેરે.

આમ ચૌધરી અને ચૌધરાની જે લેખિત માહિતી મળી હતી, જેમાં દર્શાવાયુ છે. તેમાં મુખ્ય પેટાજૂથો અને ગોત્રોમાં બંન્નેમાં ઘણી બધી સામ્યતા જોવા મળે છે. દા.ત. બન્નેમાં પાવાગઢીયા ચૌધરીઓને ઉંચા દર્શાવાયા છે અને તેના પેટા જૂથો સરખા છે.

''ગામીત જાતિ'' ના સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયનમાં ડૉ. દક્ષા વ્યાસ, નવીન મોદી - ૧૯૯૩ આદિજાતિ તથા ગ્રામીણ વિકાસ અને સંશોધન ભવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વ્યારા દ્વારા થયેલા તેમના અભ્યાસમાં ચૌધરીઓની પેટા જાતિઓ પાવાગઢિયા, ટાકરિયા અને વલવાઈ દર્શાવી અને બોન્ડા ચૌધરા એવી પણ પેટા જાતિઓ દર્શાવી છે. જેમાં પણ ચૌધરી જાતિની પેટા જાતિઓમાં ચૌધરા શબ્દ પ્રયોજાયેલો જોવા મળે છે. આમ ચૌધરી-ચૌધરા માત્ર પર્યાય હોય તેમ જોવા મળે છે.

આદિવાસી એકેડમી ભાષા કેન્દ્ર તેજગઢ, જિ. વડોદરાના નિયામકશ્રી, અશોકભાઈ ચૌધરી, જેઓ ઉચ્ચ શિક્ષણ પામેલા, આદિવાસી સમુદાયોના અનુભવી, તેઓ પોતે ચૌધરી છે. તેઓ ચૌધરી-ચૌધરા સમુદાયના સારા એવા જાણકાર પણ છે. તેઓ આદિવાસી સમાજના ઉત્થાનના જાગ્રત લડવૈયા અને વિકાસના પ્રશ્નોના પ્રહરી છે. તેમના મંતવ્ય મુજબ ચૌધરી-ચૌધરા જાતિ સમુદાયોમાં કોઈ ભેદભાવ કે જુદાપણું નથી. તેમના સામાજિક રીતરિવાજો, વ્યવહારો, ધાર્મિક તહેવાર, ઉત્સવો-વિધિઓ સરખી છે. માત્ર આંકડાકીય સંખ્યા વસતિ જુદી બતાવવાથી તેઓ જુદી જાતિ હોય તેવું કોઈ કહી શકે નહીં. તે યોગ્ય પણ નથી. તેમની પેટા જાતિઓ, અટકો ગોત્રો પણ એકજ છે. ચોધરીઓમાં પાવાગઢી ચૌધરીઓ પોતાને ઉચા માને છે. પણ તેઓના પેટા સમુહો જે દર્શાવ્યાં છે તે ચૌધરી-ચૌધરા બંનેમાં સામ્ય છે. એટલે તેમને જુદા માનવાનુ કોઈ કારણ નથી. સુરત જિલ્લામાં ૧૯૬૧ની વસતિ પ્રમાણે ચૌધરી જાતિની વસતિ ૨૧

તાલુકાઓમાં અને ૧૯૭૧ની વસતિ પ્રમાણે તેર તાલુકાઓમાં છે. એ સિવાય ભરૂચ જિલ્લામાં તેમની થોડી વસતિ વસેલી છે. ગુજરાતના વડોદરા, પંચમહાલ, અમદાવાદ, ખેડા, ડાંગ, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાઓમાં અલ્પ સંખ્યા વસતિ જોવા મળે છે.

ચોધરીઓની વસતીના આંકડા જોઈએ તો વસતીની દૃષ્ટિએ માંડવી, વ્યારા, વાલોડ, બારડોલી અને માંગરોલ એમ પાંચ તાલુકાઓમાં તેમની મોટાભાગની વસતી છે. ૩૫ ટકાથી વધુ વસતી ધરાવતા માંડવી, વાલોડ અને વ્યારા તાલુકાઓ છે. માંગરોળમાં પણ ચોધરીઓની ૧૮.૭૦ ટકા જેટલી વસતી છે.

જિલ્લામાં ચોધરીઓની સાથે વસતીની તુલનામાં બીજી મુખ્ય ગણાવી શકાય તેવી ગામીત, હળપતિ, ભીલ, ધોડિયા વગેરે જાતિઓનો વસવાટ કરે છે. જેમની સાથે ચોધરી જાતિને સાથે રહેવાના કારણે નજીકના સંપર્કો અને સંબંધો પણ જોવા મળે છે. હળપતિ મહદ્અંશે મેદાની વિસ્તારોમાં સવર્ણો સાથેના વિસ્તારનો સંબંધોથ કયાંક કયાંક ચોધરી જાતિ સાથે વસે છે. ધોડિયાઓ મહુવા, ચોર્યાસી અનેવ્યારા તાલુકાના ઉત્તર પૂર્વ તેમની સાથે વસે છે. વસાવા ભીલોની વસતી માંગરોળ ઉચ્છલ, નિઝર, સોનગઢ, માંડવી તાલુકામાં તેઓનીસાથે વસેલી છે. તેમની સાથે વસેલી ચોધરી જાતિ સુરત જિલ્લાના મધ્ય ભાગમાં તાપી નદીની બન્નેં બાજુએ સળંગ ઉભા પટ્ટાની જેમ પથરાયેલી છે. આ સમગ્ર વિસ્તારમાં વસતા બિનઆદિવાસીઓ સાથે તેમના સંબંધો મહદ્અંશે આર્થિક જોવા-જાણવા મળે છે. પાટીદાર, વાણિયા, પારસી, મુસલમાનો સાથે તેમને ખેતમજૂરીના અને તેમના પાકતા પાકોના ખરીદ વેચાણના હોઈ તેઓ આર્થિક ઓછા વિકસીત અને અમુક અંશે શોષિત તરીકે રહ્યા હોઈ ગરીબાઈ તેઓમાં જોવા મળે છે.

હિંદુ સમાંજની સ્તર રચનામાં સવર્ણ જ્ઞાતિ કરતાં ચોધરીઓ નીચલા સ્તરે અને અસ્પૃશ્ય જ્ઞાતિઓ કરતાં ઉપલા સ્થાને સ્વીકાર્ય દેખાય છે. આજે તેઓમાં જેમણે આર્થિક, શૈક્ષણિક તેમજ રાજકીય સ્તરે સારો વિકાસ સાધ્યો છે તેઓ 'ભદ્ર ચોધરીઓ' પરંપરાગત ચોધરી સમાજ કરતાં જુદા પડી જાય છે.

**ચોધરીઓ અને અન્ય આદિવાસી જાતિઓ :**

અભ્યાસ હેઠળના વિસ્તારમાં ચોધરીઓ સાથે અન્ય આદિવાસી જાતિઓ વસેલી છે જેમાં હળપતિ-તલાવિયા, ગામીત, વસાવાભીલ, ધોડિયા અને કોટવાડિયા છે. હળપતિ-તલાવિયા ચોધરી વિસ્તારથી મુખ્યત્વે જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં અને તે પણ ખાસ કરીને ઉજળિયાતો સાથે વસેલી છે. ગામીત અને વસાવા ભીલો ઉત્તર પૂર્વમાં અને ધોડિયાઓ દક્ષિણ ભાગમાં વસેલા છે. કોટવાળિયાઓ સમગ્ર ચોધરી વિસ્તારમાં છૂટાછવાયા વસેલા જોવા મળે છે. ધોડિયાઓ સારી ખેતીવાળા, ખાનપાન અને સામાજિક રિવાજોની રીતે વધુ સુધરેલા ચોધરીઓ તેમની સાથે સમાજ દરજ્જો ધરાવે છે. ચોધરીઓ બીજી જાતિઓથી પોતાને ઉંચા માનેછે. સામાજિક રીતે જોઈએ તો ગામીત, વસાવાભીલ, હળપતિ-તલાવિયા અને સૌથી

છેલ્લે કોટવાડિયા જાતિ છે. કોટવાળિયાઓ પડીમાટી ખાતા હોઈ અને અત્યંત ગરીબ હોઈ પછાત અને અસ્પૃશ્ય તરીકેનું સ્થાન ધરાવે છે.

સામાજિક રીતે ચોધરીઓ અંતર્વિવાહી હોઈ અન્ય આદિવાસી જાતિઓ સાથે બેટી વ્યવહાર કરતા નથી. ધોડિયા સિવાય તેઓ અન્ય સાથે ખાનપાનમાં નિષેધો ધરાવે છે. શિક્ષણ, વિવિધ સંપ્રદાયોની અસરો, સુધારાવાદી વલણો અને બાહ્ય સંપર્કને કારણે ધોડિયા અને ગામીત જાતિઓમાં સુધરેલા, શિક્ષિત અને એક સંપ્રદાયવાળા હોય ત્યાં ખાનપાન બાબતમાં છોજ રખાતો નથી. કયાંક પસ્પર બેટી વ્યવહાર પણ કરે છે. જયારે કોટવાડિયા જાતિ પરત્વે ખાનપાન અને બેટીવ્યવહાર નિષેધો જેમના તેમ છે.

**ચોધરી પેટા જૂથો :**

ગુજરાતી આદિવાસી જાતિઓના નામોમાં કયારેક કયાંય જુદા જુદા નામોનો ઉલ્લેખ થયેલાં જોવા મળે છે. ''ચોધરી'' જાતિના નામમાં પણ બે સ્પષ્ટ ભેદ દેખાય છે. રેવરન્ડ જહોન વિલ્સન (૧૮૬૬) ચોધરી શબ્દ પ્રયોગ કરે છે. જયારે બોમ્બે પ્રેસિડેન્સી (૧૮૭૨ :૨૫૧) જી.એ.દેસાઈ (૧૯૧૨:૩) એન્યથિન ૧૯૨૦:૨૮૯) ડો.બી.એચ. મહેતા (૧૯૩૪) સેન્સસ રિપોર્ટો (૧૯૩૧, ૧૯૮૪) સુરત જિલ્લાનું ગેઝેટિયર (૧૯૬૨ : ૨૦૪) આ બધા જ ''ચોધરા'' બન્ને શબ્દ પ્રયોગ કરે છે. જયારે ભાષાના ઉચ્ચારણની દષ્ટિએ ચોધરી બોલીના અભ્યાસમાં ડૉ. આચાર્ય (૧૯૬૯) ''ચોધરી'' શબ્દ પ્રયોગ ઈષ્ટ માને છે.

ચોધરી જાતિ અનેક વિધ પેટા જાતિ જૂથોમાં વહેંચાયેલી છે. અનેક મંતવ્યો જણાય છે. મુંબઈ ગેઝેટિયર (૧૯૦૧ : ૩૧૨) તેનાં પાંચ પેટા જાતિ જૂથો દર્શાવે છે. જેમાં ''ભારુટિયા'', ''ચાઉટાલા'', ''ચોકાપુરી'', ''શકરિયા'', અને ''વલવી'' આ બધામાં ચોકાપુરી સૌથી ઉંચુ જૂથ છે. આ જૂથ પોતાને ''પાવાગઢી'' તરીકે ઓળખાવે છે.

વસતી ગણતરી અહેવાલ ૧૯૧૧ (Vol. XVI :૨૮૮) માં દર્શાવ્યા મુજબ ચોધરીના ઘણા પેટા જૂથો છે. જેમાં ''ચોખાપુરી'' અને ''વલવડા'' બે મહત્વનાં છે. આ અહેવાલ આગળ ચોધરીઓના નવ આંતરજૂથથો દર્શાવે છે. જેમાં ભારુટિયા, ચાંટાલા, ચોખાપુરી, શકરીયા, છાંટલા, નાના, મોટા અને બોંડા ચોધરીનો સમાવેશ થાય છે.

બી.એચ. મહેતા (૧૯૩૩) ''મોટા'' અને ''છાંટલા'' ''નાના'' અથવા ચોકાપુરી'' બન્ને એકજ છે એમ દર્શાવે છે.

ગુજરાત ગેઝેટિયર (૧૯૬૨:૨૭૮ સુરત જિલ્લો) ત્રણ પેટાજૂથો દર્શાવે છે. જેમાં''પાવાગઢીયા'' ''વલધરા'' અને ''વલવડા'' નો સમાવેશ થાય છે. ગુજરાતના આદિવાસીમાં વિમલ શાહ (૧૯૬૬:૨૯)માં

ચોધરીઓના ત્રણ પેટાજૂથોનો ઉલ્લેખ કરે છે. ''પાવાગઢીયા'' ''ટાકરીયા'' અને ''લળવાઈ''.

ઓગસ્ટા ગ્લેટર (૧૯૬૯:૫૬) ચોધરીઓના પાછલા સંદર્ભો બતાવી ચાર પેટાજૂથો દર્શાવે છે. (૧) પાવાગઢીયા - જેમાં નાના કે ચોખાપુરી, મોટા કે છાંટલા (૨) વલવી અને વલાવડા (૩) ટાકરીયા અને (૪) બોંડા (૧૯૬૧ના અહેવાલ પ્રમાણે)

ચોધરી જાતિના પેટા જૂથોના વિવિધ ઉલ્લેખોના આધારે જૂથો નીચે મુજબ છે.

(૧) નાના ચોધરી
(૨) ભારુટિયા ચોધરી
(૩) ચોખાપુરા ચોધરી
(૪) નલદરી-નલધરી ચોધરી
(૫) પાવાગઢી ચોધરી
(૬) ચાઉટાલા ચોધરી
(૭) સાંટાલા છાંટાલા ચોધરી
(૮) મોટા ચોધરી
(૯) ટાકરીયા ચોધરી
(૧૦) વલવઈ ચોધરી
(૧૧) વલવડા ચોધરી
(૧૨) બોંડા ચોધરી

ચોધરી વિસ્તારોના આ વિવિધ પેટાજૂથો અને તેનો નામો લેખ.

ચોધરી જાતિની ઉત્પત્તિની દંતકથા અનુસાર ''કુટુંબના બે ભાઈઓ મરેલા ઢોરના નિકાલ માટે ગયા. નિકાલ કાર્યો પછી મોટાભાઈએ પોતાની ઉપર પાણીના છાંટા નાખી ચલાવી લીધું, જયારે નાના ભાઈ સ્નાન કર્યું. આમ જેને છાંટા નાખી ચલાવી લીધુ તેને ચોધરી ઉચ્ચાર પ્રમાણે ''સાંટાલો'' તરીકે ઓળખવામાં આવ્યો. જેને સ્નાન કર્યું, ચોખ્ખોથયો તે ''ચોખ્ખો'' કે ''સાંટાલો'' તરીકે ઓળખાયો. આમ મોટાભાઈના વંશજો ''મોટા ચોધરી'' કે સાંયલા ચાોધરી'' અને નાના ભાઈના વંશજો ''નાની ચોધરી કે ચોખ્ખા કે ચોખાપુરી'' ચોધરી તરીકે ઓળખ્યા. આમ સામાજિક રીતે ઉંચાનીચા ચોધરી સંબધ જોવા મળે છે.

ચોધરીઓમાં ''ભારુટિયા'' નામનું કોઈ આગવું પેટાજૂથ નથી. તે દૂબડે ગોત્રના નામથી મળે છે. તેઓ વ્યવહારમાં નાના ચોધરીઓ તરીકે ઓળખાય છે.

''ચાઉટાલા'' શબ્દ મૂળ ''સાંટાલા'' નો ઉચ્ચાર ભેદ હોવાથી સંભાવના છે. ''નલધરીચોધરી'' નામ મહુવા તાલુકાના નળધરા વિસ્તારમાં રહેતા હોવાથી પ્રયોજાયું છે. તેઓ નાના ચોધરી જૂથમાં જ સમાય છે.''પાવાગઢી ચોધરી'' નામ પ્રગણિત દંતકથા અનુસાર પાવાગઢનું પતન અને રજપૂત જૂથ સ્થળાંતર કરી સુરત જિલ્લાના મહુવા વિસ્તારના નલધરા વિસ્તારમાં સ્થાઈ થયું અને પાછળથી ચોધરી સ્ત્રી સાથે સંબંધ થતાં ચોધરી થયા. ચોધરીઓ પાવાગઢી ચોધરી દર્શાવી ગૌરવ અનુભવવાનો પ્રયત્ન કરે છે તેમ દેખાયા વિના રહેતું નથી. તેઓ ચોધરીને બદલે પાવાગઢી લખાવે છે. એ બધા ''નાની ચોધરી'' જૂથમાં સમાય છે.

''ટાકરીયા ચોધરી'' નામ વિશે ઑગસ્ય ગ્લેટર (૧૯૭૯ : ૫૬) માં નોંધે છે તેમ મઢી ગામના બેડી ફળિયામાં આવુ જૂથ છે. પરંતુ ડૉ. અરવિંદ ભટ્ટ પોતાના ચોધરી અભ્યાસમાં જાત તપાસથી બતાવે છે કે ત્યાં કોઈ આવું જાતિજૂથ અસ્તિત્વ ધરાવતું નથી.

''બોંડા ચોધરી'' જૂથ મહદ્અંશે સુરત જિલ્લામાં તાપીની ઉત્તરે માંડવી તાલુકાના મોરીઠા ગામમાં જોવા મળે છે. આ જૂથ ઉત્તર માંડવીમાં અત્યંત અલ્પ જૂથ તરીકે જોવા મળે છે. ઑગસ્ય ગ્લેટર ચોધરી જાતિમાં આ જ/થને સૌથી નીચલા સ્તરનું દર્શાવે છે. ''વલવાઈ'' કે વલવઈ'' શબ્દો એકબીજાના પર્યાય દેખાય છે. ચોધરી જાતિનું ત્રીજુ જૂથ છે. આ જૂથ ઓછાવત્તા પ્રમાણમાં સમગ્ર ચોધરી વિસ્તારમાં જોવા મળે છે.

આમ ઉપર દર્શાવેલા ચોધરી જાતિના પેટાજૂથો અને પેટાજાતિ જૂથોના નામોસાંભળવા મળ્યા છે જેમાં ''પેલડિયા ચોધરી બંદૂકધન ચોધરી'' ''વાડકોચા ચોધરી'', ''ખાટખાય ચોધરી'', ''વદાવ ચોધરી'', ''છાકટા ચોધરી'', ''કુહબિડિયા ચોધરી'' વગેરે. આ નામભેદ પ્રાદેશિક વિસ્તાર, સામાજિક ધૃણા કે પૂર્વગ્રહ સાથે જોડીને રચાયેલા લાગેછે. એકંદરે ચોધરી જાતિમાં સાર્વત્રિક રીતે પ્રચલિત સમાજ માન્ય એવા ખરેખર ત્રણ સામાજિક પેટાજૂથોને ગણાવી શકાય.

(૧) નાની ચોધરી કે ચોખ્ખી ચોધરી કે ઉંચી કે નલધરી ચોધરી

(૨) મોટી ચોધરી કે સાંસલા ચોધરી કે નાના ચોધરી

(૩) વલવાઈ કે વલવડા ચોધરી

સુરત જિલ્લામાં વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો ચોધરી પેટાજૂથોની વસતી અનાયાસે પ્રાદેશિક સંદર્ભમાં વહેંચાયેલી જોવા મળે છે. સામાન્ય રીતે તાપીની દક્ષિણના ચોધરી વિસ્તારમાં વ્યારા, બારડોલી,વાલોડ અને મહુવા તાલુકાઓમાં મુખ્યત્વે નાની ચોધરીજૂથ વસેલું જોવા મળે છે. જયારે તાપીની ઉત્તરે માંડવી અને માંગરોળ તાલુકાઓમાં મહદ્અંશે મોટી ચોધરી જૂથ વસેલુ જોવા મળે છે અને વલવડા ચોધરી જૂથ તાપીના બન્ને બાજુના ચોધરી વિસ્તારોમાં વત્તાઓછા પ્રમાણમાં જોવા મળે છે.

ચોધરી જાંતિના સામાજિક માળખામાં તેમનામાં જોવા મળતા ત્રણેય (૧) નાના ચોધરી (૨) મોટી ચોધરી અને (૩) વલવડા ચોધરી જૂથો વચ્ચે સ્પષ્ટ સામાજિક ભેદ દેખાય છે. જેમાં નાની ચોધરી સૌથી ઉંચા દરજ્જાવાળું તે પછી મોટી ચોધરી અને છેલ્લે ત્રીજા ક્રમે વલવડા ચોધરી જૂથ આવે છે. ચોધરી ઉત્પત્તિની દંતકથા મુજબ નાના ચોધરી પોતાને પશુ નિકાલમાં તેમનો પૂર્વજ સ્નાન કર્યું હોવાથી ચોખ્ખો થયેલો. જયારે મોટી ચોધરીના વંશજે છાંટાથી ચલાવેલુ તેથી તેઓને નીચા ગણેલા. આમાં એકબીજા જૂથોથી અલગ પડી ઉંચા નીચા ખ્યાલ આવ્યા હશે અને તેમાંથી ખાન પાન બેટી વ્યવહારના નિષેધો બન્યા હશે. પ્રાદેશિક ભિન્નતાને કારણે પણ આ ભેદો વધવા પામ્યા હશે. આ ભેદોને કારણે નાની ચોધરી પોતાને સૌથી ઉંચા માની બાકીના બન્ને જૂથોને પોતાના રસોઈના સાધનો અડકવા દેતી નથી. એટલે ખોરાક, પાણી પણ તેમને અડકેલા સાધનોથી લેતી નથી. પણ આ બન્ને નીચેના જૂથો નાની ચોધરી ઘરનું ખોરાક કે પાણી લઈ શકે છે. ચોધરીઓ અન્ય આદિ જાતિ સાથે લગ્ન કરતા નથી. તેવી રીતે જાતિ પેટાજૂથો વચ્ચે પણ જૂથ આંતર લગ્નોનો નિષેધ જોવા મળે છે.

**ગોત્ર વ્યવસ્થા :**

ગુજરાતની ઘણી બધી આદિવાસી જાતિઓમાં ગોત્ર વ્યવસ્થા જોવા મળે છે. તેમ ચોધરી જાતિમાં પણ થોડાઘણા ગોત્રો જોવા મળે છે. ગુજરાત ગેઝેટિયર (૧૯૬૨:૨૭૮ જિલ્લો સુરતા ચોધરી જાતિના નવ કુળ ગોત્રો નોંધે છે. જેમાં (૧) બામણિયા (૨) ઘરાત (૩) કણબી (૪) રજપૂત (૫) વલવી (૬) રાવળિયા (૭) વાશી (૮) હજરાણિયા (૯) દેસાઈ વગેરે છે. આમાંના દરેક કુળ ગોત્રની ઉત્પત્તિની વિગતો બતાવી નથી. ઑગસ્ટા ગ્લેટર (૧૯૬૯:૫૭,૫૮) ઉપરના કૂળમાંથી રાવળિયા કૂળ-ગોત્રની વિગત આપી છે. પતાઈ રાવળના વંશજોની ટૂકડી રજપૂતોની નળધરામાં આવી ચોધરી થઈ ગઈ તે રાવળ ઉપરથી ''રાવળિયા'' કહેવાયા હશે તેમ દર્શાવે છે. એ સિવાય ''ભારતિયા'' કે ''ભારુટિયા'' નો ઉલ્લેખ છે. આગળ ''વાડકોમાં'' કુળ વિશે નોંધ છે. ઑગસ્ટા ગ્લેટરે દર્શાવેલા ઉપરના સાત જેટલા કૂળોની માહિતી અલ્પ પ્રમાણમાં મળે છે. એ રીતે વિસ્તારના ગામોમાં પણ લોકો આ કુળો વિશે વધારેજાણકારી ધરાવતા નથી. ચોધરીઓમાં જોવા મળતા આ કુળ ગોત્રોની સામાજિક ઉપયોગીતા જોવા મળતીનથી. તેથી આ કુળ ગોત્ર વિશેની સભાનતા કે જાણકારી તેઓમાં નથી. ચોધરીઓમાં લગ્નમાં આજે ''કાપડી અને પાઘડીના'' સંબંધો વચ્ચેનો નિષેધ દર્શાવવામાં આવે છે. વ્યક્તિ કુળ કે ગોત્રને તેમાં જોવામાં આવતુ નથી. કુળ ગોત્રને મરણનારની ખતરું બેસાડ્યાની વિધિમાં યાદ કરાય છે. ભગત પિતૃઓને યાદ કરી તેમના થોડા કુળોનો ઉલ્લેખ કરે છે. એ રીતે ચોધરી સમાજમાં કુળગોત્રથી સામાજીક કે ધાર્મિક મહત્તા નથી.

ગુજરાતના ૨૫ જેટલા આદિવાસી સમૂદાયોમાં (૨૦૦૩) મહદ્અંશે મોટાભાગની જાતિઓમાં, પોતાનાજ જાતિ સમૂદાયમાં એક કરતાંવધુ જાતિનું નામાભિકરણ જોવા મળે છે. દા.ત. ભીલ જાતિમાં

વસાવા ભીલ, ડાંગી ભીલ, ડુંગરા ભીલ, ભીલ ગરાસિયા, રાઠવાભીલ, રાવલ ભીલ, તેવી જ રીતે બીજા જૂથોમાં તડવી, ધાનકા, તેતરીયા, હળપતિ, તલાવિયા, નાયક,નાયકડા, કાપડિયા, ગામીત, માવચી, પડવી, કોંકણા, કુનબી, કૂકણા, કોટવાલડિયા, વિટોડીયા, બરોડીયા, કોલઘા, કોલચા, ઢોરકોળી, ગોંડ,રાજગોડ વગેરે આટલા વર્ષોમાં બે દાયકા સમયે એટલે કે ૧૯૮૧થી ૨૦૦૧ના સમયગાળામાં દક્ષિણ ગુજરાતમાં વસવાટી ચોધરી આદિવાસી જાતિમાં પણચોધરી-ચોધરા એવા બે સમૂદાયો અસ્તિતવ ધરાવી પ્રકાશમાં આવ્યા હોય તેમ તેની વસ્તી સંખ્યા જૂદી બતાવીને પ્રયત્ન થયો હોય તેવું જોવા મળે છે, પણ ખરેખર ચોધરી જાતિના અભ્યાસ દરમ્યાન જાણવા મળ્યા મુજબ એ સાચુ હોય તેવું લાગતું નથી. ચોધરી સમૂદાયમાંથી જાણવા મળ્યા મુજબ ચોધરી-ચોધરા એક જ જાતિ સમૂદાય છે. એ તો ક્યારેક આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ત્યારે તેમના ચોધરી સમાજમાંથી જ આવો ચોધરા શબ્દ માત્ર તૂછકાર વાચક દર્શાવતો બોલાતો જોવા મળે છે. ક્યારેક કોઈ ખરાબ પ્રસંગ કે ગૂનાહિત પ્રવૃત્તિમાં પણ ચોધરી સમૂદાયો જો બનાવ બન્યો હોય તો પણ એ અમારો ચોધરો છે તેવું સ્વભાવિકપણે બોલાય છે ચોધરી જાતિના ખૂબ જ ઉંડાણના અભ્યાસી એવા, એ જ જાતિ ઉપર ડૉક્ટરની પદવી મેળવેલો શ્રી ડૉ. અરવિંદભાઈ ભટ્ટ નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ ની મુલાકાતમાં પણ જાણવા મળ્યુ હતું કે વસતિ ગણતરી વખતે ચોધરી-ચોધરાની વસ્તી સંખ્યા માત્ર જુદી પડાઈ છે. બાકી જાતિ તો એક જ છે એ જ રીતે ચોધરી જાતિના મંડળો અને આગેવાનો પાસેથી પણ પ્રસ્તુત ચોધરા-ચોધરી અંગે માહિતી મેળવવા મુલાકાત લીધી હતી. જેમાં પણ જાણવા મળ્યું હતું કે બંને એક જ જાતિના સમૂહો છે.

ચોધરી-ચોધરા જાતિ અંગેના પૃથ્થકરણમાં ચોધરી જાતિની સમગ્ર વિગતો ઉત્પત્તિ, ઈતિહાસ, વસ્તી વિસ્તારો તેના પેટાજૂથો અને પેટા મુખ્ય ત્રણ જૂથોને આધારે પણ, કેટલાક જૂથો વિસ્તાર સંદર્ભે, તેમના નામો ઉલ્લેખ મુજબ જોયા, સાથેસાથે કૂળગોત્રની વિગતો પણ જોઈ. એ સમગ્રતયામાં વિગતોમાં વિવિધ પેટાજૂથોના નામો પાછળ ચોધરી શબ્દ જ વપરાયેલો માલૂમ પડે છે. દા.ત. નાની ચોધરી, મોટા ચોધરી, વલવઈ ચોધરી, બોંડા ચોધરી, પાવાગઢીયા ચોધરી વગેરે. એ ઉપરાંત કેટલાક અભ્યાસીઓએ 'ચોધરી' શબ્દ પ્રયોજયો માલૂમ પડે છે. જેમકે ચોધરી બોલીના અભ્યાસમાં ડૉ. શાંતીભાઈ આચાર્યએ ચોધરી શબ્દને જ ઈષ્ટ માન્યો છે ? ૧૯૬૨ના સુરત ગેઝેટિયરમાં પણ ચોધરી શબ્દ પ્રયોજાએલો છે. માત્ર વસ્તી ગણતરીના અહેવાલ ૧૯૮૧ અને ૨૦૦૧માં ''ચોધરી'' અને ''ચોધરા' બન્ને શબ્દ પ્રયોગ કરાયેલ છે. એટલે ચોધરા શબ્દનો કયા સંદર્ભે એ બન્ને વર્ષોના અહેવાલમાં પ્રયોગ કરાયો એનો કોઈ ઉલ્લેખ કરાયેલો જોવા મળતો નથી.

ચોધરી-ચોધરા શબ્દના કરાયેલા પ્રયોગ અંગે એટલુ કહેવાનું કે ભવિષ્યમાં કદાચ એ બન્ને શબ્દોને લઈને ઉંચાનીચા ભેદભાવો આવે અને એ જાતિને વેઠવાનો વારો આવે. જેમ કે ગુજરાતની એક આદિ.

જાતિ કોટવાડિયા જેની સાથેવાંસફોડિયા, વીંટોડીયા અને બરોડીયા શબ્દ એ જાતિ સંદર્ભે પ્રયોજાયેલા જેને લઈને બરોડીયા શબ્દને કારણે કોટવાડિયા જાતિને મળતા લાભો સંદર્ભે એ બરોડીયાઓને ભારે સંઘર્ષ કરીને સાબિત કરવું પડ્યું હતું, એટલે ચોધરી, ચોધરા શબ્દને લઈને પણ લાંબે ગાળે આવુ ન બને તે માટે વહીવટી પગલાં લઈને યોગ્ય નિર્ણય કરીને ઘટતુ કરવું જોઈએ.

## સંદર્ભ ગ્રંથો


- ગુજરાતની એક અનુસૂચિત જનજાતિ : ચોધરી-૨૦૦, ચંદ્રકાન્ત એસ. પટેલ, આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
- ગુજરાતના ચોધરીઓ - ૧૯૮૫, ડૉ. અરવિંદભાઈ ભટ્ટ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
- ચોધરીઓ અને ચોધરી શબ્દાવલિ - ૧૯૬૯, ડૉ. અનિલભાઈ આચાર્ય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
- મુંબઈ પ્રેસીડેન્સી સેન્સસ - ૧૯૭૧, ભાગ-૩
- 'ગામિત જાતિ' સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયનઃ ૧૯૯૩, ડૉ. દક્ષા વ્યાસ, ડૉ. નવીન મોદી, આદિજાતિ તથા ગ્રામીણ વિકાસ અને સંશોધન ભવન, આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, વ્યારા.
- The Tribes and Cast as of Bombay - 1990, R.E. Enthoven in Three Volumed-volume-1, Asian Educational Services, New Delhi-Madras.

# જાતિ પ્રમાણપત્ર તપાસ

- શ્રી દેવચંદ વહોનીયા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, વિવિધ પ્રકારના આદિજાતિ સંબંધના સંશોધનોની સાથે સાથે વિવિધ આદિજાતિઓ વિશે સામાજીક, સાંસ્કૃતિક પાસાંઓને ખ્યાલમાં રાખીને રાજયમાં વસવાટ કરતા આદિજાતિના સમૂહોને આદિજાતિમાં સમાવેશ થાય છે કે કેમ ? તેવા સામૂહિક આદિજાતિ વિશેના સંશોધનો અને જાતિ તપાસ અંગેના અહેવાલો સરકારશ્રીને સુપરત કરે છે પરંતુ વર્ષ ૧૯૯૫-૯૬માં નામદાર સુપ્રિમ કોર્ટમાં માધુરી પાટીલ વિરુધ્ધ સમાજકલ્યાણ વિભાગ (રાજય સરકાર) ના કેસ પછી નામદાર સુપ્રિમ કોર્ટને લાગ્યુ કે માધુરી પાટીલ જેવા ઘણા કેસો કે જે વ્યક્તિગત રીતે આદિજાતિના ખોટા લાભો લઈને આદિજાતિના હિતોને નુકશાન પહોંચાડે છે એટલે કે વ્યક્તિગત રીતે આદિજાતિ હોવાના પુરાવાઓ ઉભા કરીને અનુ.જનજાતિના જાતિ પ્રમાણપત્રો મેળવી તેના આધારે આદિવાસીઓના ખોટા લાભો મેળવતા હોવાનું માલુમ પડતાં નામદાર સુપ્રિમ કોર્ટે આદિજાતિ વસતિ ધરાવતા રાજયોમાં આદિજાતિ વિકાસ વિભાગને આપેલ સૂચના મુજબ એક વિશ્લેષણ સમિતિની રચના કરવાનું જણાવેલ છે. આ વિશ્લેષણ સમિતિ આદિજાતિના શંકાસ્પદ અનુ.જનજાતિના જાતિ પ્રમાણપત્રોની તપાસ કરે અને તેવા શંકાસ્પદ અનુ.જનજાતિના જાતિ પ્રમાણપત્રો વિશે યોગ્ય નિર્ણય લઈ અનુ.જનજાતિના દરજ્જા વિશે સ્પષ્ટતા કરે તે અનુસંધાને ગુજરાત રાજયના આદિજાતિ વિકાસ વિભાગમાં પણ વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવી છે અને તે વર્ષ ૧૯૯૮-૯૯ થી કાર્યરત છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રી વિશ્લેષણ સમિતિના એક સભ્ય છે.

વિશ્લેષણ સમિતિ (આ.વિ.) પાસે રાજયના વિવિધ જિલ્લાઓ / વિસ્તારો અનુ.જન.જાતિના શંકાસ્પદ કેસો નિર્ણય માટે આવે છે. સામાન્ય રીતે વિશ્લેષણ સમિતિ પાસે નિર્ણય અર્થે આવતા પહેલાં જિલ્લા સ્તરના વિવિધ સક્ષમ અધિકારીઓએ તેવા શંકાસ્પદ પ્રમાણપત્રોની તપાસ કરી અહેવાલ વિશ્લેષણ સમિતિમાં રજૂ કરેલ હોય પરંતુ કેટલાક એવા કેસો હોય કે જેમાં વિશેષ / ઊંડાણપૂર્વકની તપાસ કરવાની આવશ્યકતા ઉભી થાય, તદ્ઉપરાંત સ્થાનિક કક્ષાના અધિકારીઓ દ્વારા રજૂ કરેલ અહેવાલોમાં તપાસની ગુણવત્તાની કચાસ માલુમ પડે, અથવા વિશ્લેષણ સમિતિ ઈચ્છે તેવા કેસોની તપાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવે છે.

આવા પ્રકારની તપાસમાં જેની તપાસ કરવાની હોય તેવા ઈસમે પોતે આદિવાસી હોવા અંગેના પુરાવાઓ રજૂ કરેલ હોય છે. તેમાં આદિજાતિના પ્રમાણપત્રો, સ્કૂલ લિવિંગ શર્ટિ, જમીન અંગેના રેકર્ડ, સ્થળાંતર થયેલ હોય તો તેના દસ્તાવેજો, સરકારી પરિપત્રો જો તેને સંબંધકર્તા હોય તો તે રેશનકાર્ડ, (રહેઠાણના પુરવાઓ) તેમજ તેના સામાજીક સંબંધો અંગેની વિગતો દર્શાવતા પુરાવાઓ તેવા ઈસમે રજૂ

કરેલા હોય છે. આવા તમામ પુરાવાઓ સહિતની મૂળ ફાઈલ તપાસ માટે આપવામાં આવે છે ત્યારે તેના અનુ.જનજાતિના દરજ્જા અંગે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર નીચેની કેટલીક બાબતો વિશે ઊંડાણથી તપાસ કરે છે.

(૧) વસવાટનો મૂળ વિસ્તાર જે આદિજાતિ વિસ્તારો / અનુસૂચિત વિસ્તારોમાં આવે છે કે કેમ ?

(૨) આદિજાતિ વિસ્તારોમાં વસવાટ હોય તો તેવા ઈસમોની જમીનમાં વર્ષ ૧૯૬૧ કે ૧૯૮૧માં તેમની માલિકીવાળી જમીનમાં ૭૩એ, કે ૭૩એએની નોંધ પડેલ છે કે કેમ ?

(૩) પોતે શિક્ષિત હોય તો પ્રાથમિક શાળામાં દાખલ થતી વખતે પોતાના વયપત્રક (જનરલ રજી.)માં જાતિ- પેટાજાતિ શું લખાવેલ છે. ઈસમના પિતા, દાદા જો ભણેલા હોય તો તેમના શાળામાં દાખલ થતી વખતે (શાળાનું રેકર્ડ ઉપલબ્ધ હોય તો) તે શાળામાં જાતિ / પેટા જાતિ શું લખાવેલ છે.

(૪) જનરલ રજીસ્ટરની ઊંડાણથી ચકાસણી કરવી જરૂર પડે તો તેની ફોટોકોપી લેવી, રજીસ્ટરમાં જાતિ સંબંધી ફેરફારો જણાતા હોય તો તેના કારણો જાણવા વગેરે.

(૫) વસવાટની મુલાકાત કરવી એક ગામમાં આદિવાસી બિન-આદિવાસી બન્નેનો વસવાટ હોય તો રહેણી કરણી, ઘરબાંધણી વગેરે અંગે નિરીક્ષણ અને જાત માહિતી મેળવવી.

(૬) સામાજીક સંબંધો, લગ્ન સંબંધો વગેરે કયા સમાજ સાથે કરેલ છે તેવા લોહીના સીધી લીટીના વારસદારોના સામાજીક સંબંધોવાળા કુટુંબોની મુલાકાત કરી જાત માહિતી મેળવવી.

(૭) લગ્ન સંબંધોમાં આદિજાતિ રીત-રિવાજો, ઘરેણા તેમજ લગ્ન અંગેની પરંપરાગત બાબતોની ચકાસણી કરવી દસ્તાવેજી રેકર્ડ મળે તેમ હોય તો તે મેળવવા અને તેનું ક્રોસ ચેકીંગ કરવું.

(૮) જે ઈસમની તપાસ કરવાની હોય તેવા ઈસમોના વર્ષ ૧૯૬૧ પહેલાંના જમીન રેકર્ડ, મતદાર યાદી, ઘર, જમીન વગેરે અસ્કયામતો અંગેના ગ્રામરેકર્ડની ચકાસણી કરવી તેમાં તે ઈસમની જાતિ પેટાજાતિ લખાયેલ હોય તો તે વિશે માહિતી મેળવવી.

(૯) અન્ય પુરાવાઓમાં રજૂ થયેલ તેના સંબંધીઓના પુરાવાઓ જેવા કે લિવિંગ શર્ટિ, જાતિ પ્રમાણપત્રો, પ્રા.શાળાના જનરલ રજીસ્ટરની નકલ વગેરેની ચકાસણી કરવામાં આવે છે.

ઉપરોક્ત તમામ પુરાવાઓની તપાસ કરવા માટે સ્થળ તપાસ એટલે કે ઈસમના ઘરની મુલાકાત તે જે પ્રાથમિક, માધ્યમિક અથવા જરૂર પડે તો ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તથા નોકરી કરતા હોય તો નોકરીના સ્થળ (કચેરી) ની મુલાકાત કરવામાં આવે છે. તદ્‌ઉપરાંત તેના તમામ પુરાવાઓ જિલ્લા સ્તરની વિવિધ કચેરીઓમાં ક્રોસ ચેકીંગ કરવામાં આવે છે. જેથી તેને રજૂ કરેલ પુરાવાઓ જે તે સરકારી

કચેરીના રેકર્ડ આધારિત છે કે કેમ ? તદ્ઉપરાંત તેઓ અનુ.જનજાતિનું જાતિ પ્રમાણપત્ર સક્ષમ અધિકારી એટલે કે સમાજકલ્યાણ / તકેદારી / મામલતદાર વગેરે અધિકારીઓ પાસેથી યોગ્ય પ્રક્રિયા દ્વારા મેળવેલ છે કે કેમ ? તેની ખાતરી કરવા આ તમામ કચેરીના રેકર્ડ સાથે ક્રોસ ચકાસણી કરવામાં આવે છે. તદ્ઉપરાંત તેણે રજૂ કરેલ તેવા તમામ પુરાવાઓ પોતે રજૂ કરેલ છે તે બરાબર છે અથવા તેણે તે પુરાવાઓ સંદર્ભે કંઈ ટિપ્પણી કરવાની છે કે કેમ ? ત અંગેનું તેનું લેખિત નિવેદન મેળવવામાં આવે છે. આ તમામ પુરાવાઓની ચકાસણી પુનઃ ચકાસણી કરી અહેવાલ તૈયાર કરવામાં આવે છે તે વિશ્લેષણ સમિતિમાં રજૂ કરવામાં આવે છે. વિશ્લેષણ સમિતિ દર વર્ષે ઓછામાં ઓછા દશ થી ૧૨ કેસોની તપાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા કરાવે છે. તદ્ઉપરાંત જરૂર જણાય તેવા કેસોની તપાસ માટે સંયુક્ત તપાસ સમિતિ બનાવી તપાસ હાથ ધરવામાં આવે છે તેવી સંયુક્ત તપાસ સમિતિના એક સભ્ય આદિવાસી સંશોધન કેન્દ્રના અચૂક રાખવામાં આવે છે.

# સિનિયર વકીલના હાથ નીચે પ્રેકટીસ કરતા અનુસૂચિત જનજાતિના લાભાર્થીને સહાય : મૂલ્યાંકન અભ્યાસ

- શ્રી જસવંતસિંહ રાઠોડ

**પ્રાસ્તાવિક :**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન બિરસામુંડા ભવનના પત્ર ક્રમાંક જીટીડીસી/દહદ/ધિઆ/તબદ/૩૪/૦૮/૧૦૮૮ તા.૨૯-૧૨-૨૦૦૮ દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને સિનિયર વકીલના હાથ નીચે પ્રેકટીસ કરતા અનુસૂચિત જનજાતિના લાભાર્થીને સહાય બાબતે સર્વે (સંશોધન) કરી તથા આ યોજના થકી આદિજાતિ સમાજને શું ફાયદો થાય છે ? સર્વે કર્યા બાદ આ યોજના મૂળ સ્વરૂપે ચાલુ રાખવા પાત્ર છે કે કેમ ? અથવા યોજનામાં ફેરફાર અંગેના સૂચનો હોય તો તે અંગે પણ યોગ્ય અભિપ્રાયો માગવામાં આવ્યા હતા.

યાદીમાં દર્શાવ્યા પ્રમાણે ૩૪ આદિવાસી જુનીયર વકીલ સામે ૩૩ સિનિયર વકીલોની યાદી આપવામાં આવી હતી. તેમાંથી ૩ સિનિયર વકીલો પાસે બે બે જુનીયર વકીલોએ પ્રેકટીસ કરેલી હતી. આમ યાદી પ્રમાણે ૩૦ સિનિયર વકીલોના અભિપ્રાયો મેળવવાના થાય તેની સામે ૨૧ સિનિયર વકીલોના સંપર્ક દ્વારા માહિતી મેળવવામાં આવી હતી, જ્યારે ૩૪માંથી ૨૩ જુનીયર વકીલોની માહિતી મેળવવામાં સફળતા મળી હતી. જેના આધારે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા જે સરનામા સાથેની યાદી આપવામાં આવી હતી તેમાં ગાંધીનગરમાં પ્રેકટીસ કરતા હોય તેવા ૧૪ વકીલો હતા, જયારે અમદાવાદના ૫ વકીલ હતા. આમ ૧૯ વકીલો તો પોતે શહેરમાં પોતાની કેરિયર બનાવવા ઈચ્છતા હોય તેમ જોઈ શકાય છે જે કુલ યાદીના ૫૫.૮૯ ટકા જેટલા વકીલોની યાદી મોટા શહેરની કહી શકાય. આ ઉપરાંત સાબરકાંઠાના ૬, દાહોદના ૩, પંચમહાલ ૨, નર્મદાના -૨, નવસારી-૧ અને વડોદરાના ૧ વકીલનો સમાવેશ થયેલો હતો. જો કે સ્વાભાવિક છે કે વકીલાતનો અભ્યાસ કરી પોતાની કારકિર્દી ઘડાય તે માટે તેઓનો ક્રેજ મોટા શહેરો તરફનો હોય, વળી જેઓએ વકીલાતની ડિગ્રી લીધી હોય તે વિસ્તાર અથવા પોતાના સગા કે પરિચિત વ્યક્તિઓ રહેતા હોવાના નાતે જે તે વિસ્તારની પસંદગી ઉતારી હોય તેમ સ્પષ્ટ થાય છે. જો કે મળેલ યાદીના આધારે પસંદગી નક્કી કરી શકાય નહીં પણ જેને પણ આ સરકારી સહાય યોજનાનો લાભ લીધો છે તેવાના કોઈ જે વકીલો સહાય અંગેની જાણકારી ધરાવે છે, લાભ લેવા ઈચ્છ ધરાવે છે તેવા જાગૃત વકીલ કહી શકાય. વળી ડિસ્ટ્રીક લેવલના વકીલોમાં સંખ્યાની રીતે પણ અમદાવાદ, ગાંધીનગરના વકીલોની સંખ્યા વધારે જોઈ શકાય છે. કોઈ પણ તાલીમનો અર્થ પૂર્ણતા પ્રાપ્ત કરવી તે થાય છે પણ આજના આધુનિક યુગમાં દિન પ્રતિદિન બદલાતી ટેકનોલોજીના

વ્યવહાર સાથે કોઈપણ વ્યવસાયમાં સતત જાગૃતિ અને જાણકારી અનિવાર્ય જેવી બાબત બની રહી છે તેવા સમયે આ વકીલાતના વ્યવસાયમાં આવનાર વકીલે પોતાના મર્યાદિત જ્ઞાન કે જાણકારી સાથે કામગીરી કરવી તે વ્યવસાયમાંથી બહાર ફેંકાઈ જવા બરાબર છે. આ એક એવો વ્યવસાય છે જયાં કોઈ ફીક્સ પગાર કે મહેનતાણાની જોગવાઈ નક્કી કરેલ નથી. હા, ન્યાય પ્રણાલીમાં કામ કરતા જજ અને સરકારી વકીલ સાથે કામ કરતા વહીવટી સ્ટાફ સાથે માળખાગત સુવિધા સાથે ન્યાયાલયની સુવિધા સાથે, અન્ય સરકારી ધારાધોરણ પ્રમાણેની સુવિધા ઉપલબ્ધ જોવા મળે છે. જયારે તેની સામે એક એવી શિસ્તબધ્ધ ગોઠવાયેલ પ્રણાલી છે જેને આપણે વકીલ કહીએ છીએ. આ વકીલ એ આમ સમાજ માટે અનિવાર્ય અને આવશ્યક બનતા જતા પરિબળ સાથે જોડી શકાય પણ આ વકીલો જે કામગીરી કરી રહ્યા હોય છે તેમનામાં જે આવડત અને હોંશિયારી હોય છે તેના આધારે પોતાની નામના અને નાણાં બન્ને કમાતા હોય છે. આ એક એવા પ્રકારનો વ્યવસાય છે જે વકીલાતનો અભ્યાસ કરી સનદ મેળવ્યા પછી તે કોર્ટની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે અને પોતે પોતાના કેસ પણ લઈ શકે અને તેના બચાવમાં પોતાના વ્યવસાયિક જ્ઞાન આધારે પ્રયત્ન કરતા હોય છે.

આ વકીલાતના વ્યવસાયમાં ન્યાય પ્રણાલિકાની પદ્ધતિ પ્રમાણેની જે પ્રોસેસ છે તે કરવાની થાય છે અને આના માટે દરેક નવા વકીલે કોર્ટની જે પ્રણાલી છે. જે પદ્ધતિ છે તે પ્રમાણેની જાણકારી મેળવવી ઘણી આવશ્યક હોવાના નાતે દરેક રીતે તેની તાલીમ અને જાણકારી મેળવવાની થાય છે. આ વ્યવસાય એ સંપૂર્ણ સત્ય અને ન્યાયીક પ્રણાલી પ્રમાણે ચાલે તે માટેના પ્રયત્નો જોવા મળે છે પણ સંપૂર્ણ સત્ય આધારિત ન્યાય મળતો હોય તેમ જોવા મળતું નથી. તેના કારણોમાં કાયદાકીય આંટીઘૂંટી, છટકબારી, દાર્શનિક પુરાવા, અગાઉના ચૂકાદા, પુરાવા સાથે છેડછાટ, અર્થો-અનર્થો, પુરાવા એકત્ર કરવાની પદ્ધતિ વગેરે બાબતો સભ્ય દર્શનથી દૂર લઈ જનાર પરિબળો કહી શકાય. આવા પ્રથમદર્શી કારણો આમ સમાજની ન્યાય પ્રણાલિકાના ચુકાદામાં ન્યાય કે અન્યાયના મુદ્દામાં ચર્ચાનો વિષય બનતા જોઈ શકાય છે.

આમાં વકીલની જે ભૂમિકા છે તે આમ સમાજ માટે ખૂબ મહત્વની અને ઉપયોગી ભૂમિકા એટલા માટે છે કે ન્યાય માગનાર એટલે કે જેને અન્યાય થયો છે તે અને જેણે અન્યાય કર્યો છે તે અથવા જેના ઉપર અન્યાય થયાનો આક્ષેપ છે તે બન્ને પક્ષો પોતાની સંપૂર્ણ દલીલ વકીલ દ્વારા ન્યાયાલય સુધી પહોંચાડવાનું કામ કરે છે. આ વકીલ માટે ખુબ મોટી અને જવાબદારી પૂર્વકની ભૂમિકા છે. આ માટે કાયદાકીય બાબતો ભણાવાથી કે ડિગ્રી મેળવવાથી તુરત જ વકીલમાં આપો આપ આવી જાય તેમ બનતું નથી. આના માટે તેને કોર્ટની કાર્યવાહીમાં તાલીમ કે જાણકારીની ખૂબ આવશ્યકતા રહેલી છે. જેમાં તેને કોઈ મદદ કરે કે ન કરે પણ તેના માટે સિનિયર વકીલ સાથે તાલીમ મેળવી હશે તો તેની આવડતમાં ચોક્કસ વધારો થશે અને પોતાની કામગીરી સારી રીતે આગળ વધારી શકશે. આ માટે તેનામાં એક આત્મ વિશ્વાસ સાથે કામ કરવાની ક્ષમતામાં પણ વધારો થશે સાથે સાથે અન્યાય અને ન્યાય જેવા મુદ્દાઓ ઉપર એ ગંભીરતાથી વિચારતો થશે. અધિકારો પ્રત્યે

તેની જાગૃતિમાં વધારો થશે તો જ બીજાના અધિકારો અપાવવા માટે પ્રયત્ન કરી શકે. આમ જે વ્યક્તિ જાણકાર હોય તે જ બીજાને જાણકારી આપી શકે. સાથે સાથે જે કેસો પોતે હાથ ઉપર લીધા હોય અને તેમાં સફળતા મળી હોય તેવા કેસ માટે તે દ્રષ્ટાંતરૂપ દાખલા પણ આપી શકે. આમ અનેક રીતે તાલીમ આવશ્યક અને જરૂરી હોય તેમ લાગે છે.

બીજી મહત્વની બાબત આદિવાસી સમાજને લગતી છે. આદિવાસી સમાજ વર્ષોથી અલિપ્ત અને અન્ય સમાજની સરખામણીએ પાછળ કહી શકાય તેવી સમાજ વ્યવસ્થામાં આવતો હોઈ તે સમાજના વિકાસ માટેની જવાબદારી બંધારણીય જોગવાઈ પ્રમાણે સરકાર ઉપર નાખવામાં આવી છે. આમ છતાં આજે પણ આ સમાજ અન્ય સમાજની સરખામણીએ પાછળ રહી જવા પામ્યો છે. તેના કારણોમાં આપણે પડવા માગતા નથી પણ શિક્ષણને વિકાસના પાયામાં ગણવામાં આવતું પરિબળ હોવા છતાં આદિવાસી સમાજમાં ઉચ્ચ શિક્ષણની ટકાવારીની દ્રષ્ટિએ માંડ એક ટકા જેટલી પણ નથી, જયારે સાયન્સ અને ગણિત, અંગ્રેજી સાથેના વિષયમાં આ પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. આમ પ્રથમ શિક્ષણમાં જ આગળ ન હોવાના નાતે ટેકનિકલ ક્ષેત્રે કે વ્યવસાયિક ક્ષેત્રે આગળ ન આવે તે સ્વભાવિક બાબત છે. આજે શિક્ષણ માટે યોગ્ય સુવિધા, સ્કોલરશીપ વગેરેને કારણે શિક્ષણમાં વ્યાપ વધેલો જોઈ શકાય છે. તેમાં પણ જેના વાલીઓ શિક્ષણ મેળવી આગળ વધેલા છે તેના જ સંતાનો યોગ્ય પસંદગીની લાઈનો પકડતા થયા છે. આમાં એલ.એલ.બી. થઈ વકીલાતના વ્યવસાયમાં કામગીરી કરવા ઈચ્છતા જુનીયર વકીલોને ત્રણ વર્ષ માટે સ્ટાઈપેન્ડ તેમજ સિનિયર વકીલને માનદ્વેતન પેટે આર્થિક સહાય ચૂકવવા માટેની સરકારશ્રી મારફતે યોજના અમલમાં છે. આ યોજનાનું અમલીકરણ કરી રહેલ સરકારશ્રી દ્વારા સંચાલિત ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન મારફતે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને કામગીરી સોંપવામાં આવી જેના ભાગરૂપે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

**સંશોધન આયોજન :**

આ એક મૂલ્યાંકન અભ્યાસ હોવાથી લાભાર્થી સિનિયર વકીલ અને અનુ. જનજાતિના જુનીયર વકીલોની કે જેમણે આ યોજનાનો લાભ મેળવ્યો હતો તેવા વકીલોની યાદી ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા કેન્દ્રને આપવામાં આવી હતી. આ યાદીમાં જુદા જુદા આઠ જિલ્લામાંથી વત્તાઓછા પ્રમાણમાં લાભાર્થીઓના નામોનો સમાવેશ થતો હતો જેના કારણે આઠ જિલ્લામાં ક્ષેત્રકાર્ય કરવું પડે તેમ હતું, કેન્દ્ર પાસે અન્ય પ્રોજેકટની કામગીરી ચાલુ હતી. તેવા સમયે જે જિલ્લામાં અમારા ફિલ્ડ વર્કર જવાના હોય તેમને આ એક વધારાની જવાબદારી સોંપી કામગીરી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, જયારે જે જિલ્લામાં વધુ નામોની યાદી હતી ત્યાં ફિલ્ડવર્કર મોકલી આ કામગીરી કરવામાં આવી. આમ છતાં સરનામામાં ફેરફાર, કાર્યક્ષેત્ર બદલી બીજી જગાએ કામગીરી ચાલુ કરી હોય, સમય કે સંપર્કના અભાવને કારણે સંપર્ક ન થઈ શક્યો હોય

તેવા સિનિયર તેમજ જુનીયર વકીલો કે જેનો સમાવેશ કરી શકાયો નથી તે આ અહેવાલની મર્યાદા છે. આમ છતાં જુનીયર વકીલના ૩૪માંથી ૨૩ અને સિનિયર વકીલોમાં ૩૦માંથી ૨૧ વકીલોની રૂબરૂ મુલાકાત કરી માહિતી મેળવી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

સિનિયર અને જુનીયર વકીલો પાસેથી માહિતી મેળવવા માટે આ સ્કીમને અનુરૂપ પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી હતી. જેથી કોઈ પ્રશ્ન - કોઈ વિગતો રહી ન જાય, જે જાણવું હોય તે જાણવા મળે. સિનિયર વકીલ માટે બે પેજની અગિયાર પ્રશ્નોવાળી પ્રશ્નાવલિ તૈયાર કરી હતી. જયારે અનુ.જનજાતિના જુનીયર વકીલ માટે ચાર પેજની પ્રશ્નાવલિ બનાવવામાં આવી હતી. જેમાં સ્કીમ, અભ્યાસ તાલીમ, યોજનાકીય લાભા-લાભ વગેરે બાબતો સાથે આદિવાસી સમાજને થતા લાભાલાભ જેવા પ્રશ્નો દ્વારા તેમના મનોભાવો સાથે ઉપયોગીતા અંગેના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ ખૂબ ટૂંકાગાળામાં પ્રશ્નાવલિ દ્વારા વકીલના વ્યવસાયને ધ્યાને રાખી સમયની અનુકૂળતા કરી શકાય તે રીતે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**સિનિયર વકીલોના અભિપ્રાયો :**

સિનિયર વકીલો દ્વારા જે અનુ.જનજાતિના જુનીયર વકીલોએ ત્રણ વર્ષ સુધી તાલીમ મેળવી છે તે વકીલોએ વકીલાત ક્ષેત્રે ૧૦ થી ૧૫ વર્ષના અનુભવવાળા ૭, ૧૫ થી ૨૫ વર્ષના અનુભવવાળા ૧૧ અને ૨૫ થી ૪૦ વર્ષના અનુભવ ધરાવતા હોય તેવા ૩ સિનિયર વકીલોનો સમાવેશ થયેલો જોઈ શકાય છે. આમ પોતાની કારકિર્દીમાં સારા એવા અનુભવી વકીલોનો લાભ આ અનુ.જનજાતિના જુનીયર વકીલોને મળેલો જોઈ શકાયો હતો.

આપ એમ માનો છો કે આદિવાસી જુનીયર વકીલોને તાલીમની જરૂર હોય ત્યારે સંપર્ક થયેલ દરેકે દરેક સિનિયર તરીકે 'હા' માં જવાબ આપ્યા હતા. આ 'હા' માં જવાબ આપવાની સાથે સાથે કેમ તાલીમની જરૂર છે તે પણ તેમના દ્વારા જણાવવામાં આવ્યું હતું. જેમાં આદિવાસી વિસ્તારમાંથી આવતા યુવાન વકીલોને કાયદાકીય પ્રેકટીકલ અનુભવ ઓછો હોય, ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા હોવાથી સામાજિક રીતે કાયદાકીય રીતભાત, વર્તણૂક વગેરે બાબતો જાણવી જરૂરી છે. સારી વકીલાત માટે યોગ્ય તાલીમની જરૂરિયાત રહે જ છે નહિ તો તે વકીલાતના વ્યવસાયમાં નિષ્ફળ નીવડે અને અન્ય વ્યવસાયમાં જોડાવું પડે.

## તારણો અને સૂઝાવો

**તારણો :**

(૧) અનુ.જનજાતિના જુનીયર વકીલની ૩૪ની યાદી સામે ૨૩ અને સિનિયર વકીલોની ૩૦ની યાદીમાંથી ૨૧ વકીલોની રૂબરૂ મુલાકાત કરી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

(૨) ૧૫ થી ૪૦ વર્ષના અનુભવી સિનિયર વકીલો પાસેથી તાલીમ મેળવી હતી.

(૩) આદિવાસી જુનીયર વકીલોને તાલીમની જરૂર છે તેમાં દરેકે દરેક સિનિયર વકીલે 'હા' માં જવાબ આપ્યો હતો.

(૪) આદિવાસી સમાજના જુનીયર વકીલ તરીકે કારકિર્દીના અવરોધક પરિબળો માટે સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક કારણો દર્શાવ્યા હતા.

(૫) અનુ.જનજાતિના વકીલો દ્વારા સમાજમાં ચાલતી કાનૂની કાર્યવાહીમાં સારું એવું યોગદાન આપી શકે તેમ તેમનું માનવું છે.

(૬) પ્રેકટીકલ અનુભવ માટે આવી તાલીમ અતિ આવશ્યક ગણાવી હતી.

(૭) કોર્ટ કાર્યવાહીમાં દરેકે દરેક પ્રકારની તાલીમ અનુ.જનજાતિના જુનીયર વકીલોને આપતા હતા.

(૮) સ્ટાઈપેન્ડ સિવાય અન્ય મહેનતાણા આપવા બાબતે એક મત ન હતા. કેટલાક આપે છે કેટલાક નથી પણ આપતા.

(૯) કામની તક આપવા બાબતે મોટાભાગના વકીલોએ 'હા'માં જવાબ તથા ફક્ત ત્રણ વકીલોએ 'ના'માં જવાબ આપ્યા હતા.

(૧૦) આ સ્ટાઈપેન્ડ ન આપવામાં આવે તો અનુ.જનજાતિના જુનીયર વકીલને આ વ્યવસાયમાં ટકી શકાય નહીં તેમ ઘણા વકીલોનું માનવું હતું.

(૧૧) આ યોજનાના માર્ગદર્શક સૂચનોમાં ૧૯ જેટલા સૂચનો સિનિયર વકીલો દ્વારા જાણવા મળ્યા હતા જે ઘણા જ ઉપયોગી કહી શકાય.

(૧૨) આ યોજનાના ફેરફાર કરવા જેવા સૂચનોમાં સ્ટાઈપેન્ડની રકમમાં વધારો અને સમય વધારાના સૂચનમાં ઓછામાં ઓછા પાંચ વર્ષનું સૂચન અને નિયમિત ચેક મળે તેવા સૂચનો મોખરે હતા.

(૧૩) વર્ષ ૨૦૦૧માં સનદ મેળવનાર જુનીયર વકીલોની સંખ્યા આઠની હતી જે સૌથી વધુ હતી.

(૧૪) વકીલતાનું ભણવામાં કુટુંબ ઉપરાંત સગાંવ્હાલા અને મિત્રો, શિક્ષકો તેમજ જાતે પણ રસ ધરાવતા હતા.

(૧૫) જુનીયર ૨૩ વકીલોમાંથી ૧૮ વકીલોએ અમને સહાય ન મળી હોત તો અમે અભ્યાસ અને વકીલાત બન્ને ન કરી શક્યા હોત તેવું જણાવ્યું.

(૧૬) સનદ મેળવ્યા પછી નાણાકીય ભીડ, રોજિંદા ખર્ચ, પુસ્તકો, સ્ટેશનરી, સિકકા, અપડાઉનના ખર્ચા કરી શકે તેમ હોતા નથી.

(૧૭) ઓળખાણ ન હોય તો સિનિયર વકીલો તાલીમ માટે રાખવા તૈયાર હોતા નથી.

(૧૮) વકીલાતનું ભણ્યા પછી પણ સરકારી મદદની આવશ્યકતા છે તેવું ત્રેવીસમાંથી અઢાર વકીલોએ જણાવ્યું હતું.

(૧૯) વકીલાતની શરૂઆતના સમયમાં મુશ્કેલ લાગે તેવી ૧૩ બાબતો જણાવી હતી.

(૨૦) જુનીયર વકીલને સ્ટાઈપેન્ડ અને સિનિયર વકીલને માનદ્‌વેતન ચૂકવવામાં આવે છે તે અંગેના ૧૩ અભિપ્રાયો જાણવા મળ્યા હતા.

(૨૧) આ સ્ટાઈપેન્ડ ન આપવામાં આવે તો જુનીયર વકીલોને ખૂબજ આર્થિક બોજો વેઠવો પડે અને સારા વકીલ ન બની શકાય જેવા અગિયાર કારણો હતા.

(૨૨) આદિવાસી સમાજને શું લાભ તેવા પ્રશ્નના જવાબમાં ૧૪ જેટલા જુદા જુદા કારણો દર્શાવ્યા હતા.જેમાં આ યોજનાથી ગરીબ વકીલ કોર્ટ સુધી આવી શકે અને પોતે કોર્ટમાં બેસી કાયદાકીય નોલેજ મેળવી શકે છે અને અન્યને મદદ કરી શકે છે.

(૨૩) અનુભવી, મહેનતુ, પ્રમાણિક તથા તમામ પ્રકારના કેસો જેમને ટ્રાયલકોર્ટ, એપેલેટ કોર્ટ, ફોજદારી,દિવાની, મહેસુલી, લેબરકોર્ટ, ગ્રાહક તકરાર નિવારણ તથા ટ્રીબ્યુનલોમાં કામગીરી કરી હોય અથવા કરી રહ્યા હોય તેવા વકીલો પાસે તાલીમ લેવાનું પસંદ કરે છે. આવા ૧૭ પ્રકારના મુદ્દા જણાવેલ છે.

(૨૪) મોટાભાગે જુનીયર વકીલો સિનિયર પાસે જાતે જ જતા હોય છે.

(૨૫) સિનિયર વકીલો તમને મહેનતાણા પેટે કંઈ આપે છે ત્યારે ૧૮ જવાબો 'ના' માં હતા, જ્યારે પાંચ જવાબો કેસ બહારગામનો હોય ત્યારે ખર્ચને અનુરૂપ આપે છે તેમ જણાવેલ હતું.

(૨૬) સિનિયર વકીલના હાથ નીચે કામ કરવા માટે ખાસ શરતો હોતી નથી પણ પોતાની પ્રમાણિકતા, કાર્યદક્ષતા દર્શાવવાની હોય છે.

(૨૭) આદિવાસી સમાજે તેમની પાસે કાનૂની સલાહ સાથે ૧૫ જેટલી અપેક્ષાઓ દર્શાવી હતી.

(૨૮) આ યોજનામાં ફેરફાર માટેના જુદા જુદા નવ જેટલા સૂચનો મળ્યા હતા. જેમાં સ્ટાઈપેન્ડ વધારો, સમય વધારો અને નિયમિતતા ઉપર વધારે ભાર મૂકવામાં આવેલો જોઈ શકાયો હતો.

સૂઝાવો :

અગાઉ જોયું તેમ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા સિનિયર વકીલના હાથ નીચે પ્રેકટીસ કરતા અનુસૂચિત જનજાતિના જુનીયર વકીલોને પ્રથમ વર્ષ પેટે માસિક રૂા.૧,૦૦૦/- લેખે, બીજા વર્ષ પેટે માસિક રૂા.૮૦૦/-, ત્રીજા વર્ષ પેટે માસિક રૂા.૬૦૦/- લેખે આમ કુલ રૂા.૨૮,૮૦૦/-નું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે અને સિનિયર વકીલને માસિક રૂા.૫૦૦/- લેખે ૩ વર્ષના રૂા.૧૮,૦૦૦/- માનદ્‌વેતન મહેનતાણા પેટે ચૂકવવામાં આવતા સ્ટાઈપેન્ડ બાબતે વકીલોને તાલીમ આપે તો ખરેખર સદરહું લાભાર્થીને સ્ટાઈપેન્ડ આપવાથી ફાયદો થાય છે કે કેમ ? તે અંગેનું સર્ચ (સંશોધન) કરી તથા આ યોજના થકી આદિજાતિ સમાજને શું ફાયદો થાય છે ? સર્વે કર્યા બાદ આ યોજના મૂળ સ્વરૂપે ચાલુ રાખવા પાત્ર છે કે કેમ ? અથવા યોજનામાં ફેરફાર અંગેના સૂચનો હોય તો તે અંગે રિપોર્ટ મોકલી આપવા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને કામગીરી સોંપવામાં આવી હતી. આ અભ્યાસને અંતે સંશોધનના આધારે નીચે પ્રમાણેના સૂઝાવો આપી શકાય.

આ સંશોધન અહેવાલમાં લાભાર્થી તરીકે અનુ.જનજાતિના જુનીયર વકીલો, આદિવાસી સમાજ અને સિનિયર વકીલોનો સમાવેશ થયેલો હોઈ ત્રણે પાસાંઓને ધ્યાનમાં રાખી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. અહેવાલમાં અનુ.જનજાતિના જુનીયર વકીલોને આદિવાસી સમાજના એક ભાગ તરીકે ગણી લેવામાં આવ્યા છે. સાથે સાથે તેમના દ્વારા થતા સમાજ ઉપયોગી કામો તેમજ તેમના દ્વારા સમાજને થતા લાભો જાણવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા.

(૧) કેટલીક વ્યવસાયલક્ષી ડિગ્રીઓમાં અભ્યાસ ઉપરાંત પ્રેકટીકલ નોલેજ મળે તે માટેની વ્યવસ્થા અને જોગવાઈ ગોઠવાયેલી હોય છે, જે ફરજિયાતપણે અભ્યાસના ભાગરૂપે હોય છે. આ ઉપરાંત અભ્યાસના અંત ભાગમાં એક પ્રોજેકટ તૈયાર કરવાનો હોય છે. તેમાં વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાન ઉપરાંત પોતાની આવડત અને હોંશિયારીના ભાગરૂપે કરવાનો હોય છે. સાથે સાથે કેટલાક વ્યવસાયલક્ષી અભ્યાસ ક્રમમાં ઈન્ટરનશીપ ફરજિયાત હોય છે. આ ઈન્ટરનશીપ એ પ્રેકટિકલ જ્ઞાન માટે ફરજિયાત હોય છે. આ સમયે તેમને સ્ટાઈપેન્ડ પણ આપવાની જોગવાઈ હોય છે. આમ આવી ડિગ્રી મેળવનાર વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂર્ણ કરે ત્યારે પોતાનો સ્વતંત્ર કે પ્રાઈવેટ કંપનીમાં પોતાનો વ્યવસાય કરી શકવા માટે સક્ષમ હોય છે. જયારે વકીલાતની ડિગ્રીમાં આ લાભ મળતો હોતો નથી.

વકીલાતની ડિગ્રી અને સનદ મેળવ્યા પછી વકીલોએ સમાજ અને ન્યાય પ્રણાલીકા સાથે કામગીરી કરવાની થાય છે. આ અભ્યાસમાં ડિગ્રીઓ કામ આપે છે પણ સાથે સાથે અનુભવી જ્ઞાનનો મોટો આધાર રહે છે. એક સિનિયર વકીલે એમ જણાવ્યું છે કે તરવાની ચોપડી વાંચીને પાણીમાં કૂદી પડવાથી તરી શકાતું નથી. તે માટે તેને કેટલીક પૂર્વ પ્રેકટીકલ તૈયારી કરવાની થાય છે. આમ વકીલાતની

ડિગ્રી મેળવવાથી વકીલાતમાં સફળ થવાતું નથી તે માટે તેને સારા એવા સમય સુધી કાનૂની કાર્યવાહીનો અનુભવ અને અભ્યાસ જરૂરી છે. માટે કોઈપણ વ્યક્તિએ પ્રેકટીકલ જ્ઞાન તો મેળવવું જ પડે છે. જયારે આ તો આદિવાસી સમાજમાંથી આવતા હોવાથી તેમની કેટલીક પરંપરાગત મર્યાદાઓ અને મુશ્કેલીઓ પણ નડતી હોય છે. જેમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક બાબતોનો સમાવેશ આ અહેવાલમાં આગળ બતાવવામાં આવ્યો છે. ત્રણ સિનિયર વકીલો અને જુનીયર વકીલોએ પોતાના અભિપ્રાયોમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આ તાલીમ ત્રણ વર્ષની નહીં પરંતુ પાંચ વર્ષની હોવી જોઈએ. સાથે સાથે તેવા કારણો પણ દર્શાવ્યા છે. આ વકીલાતનો વ્યવસાય ભલે પ્રતિષ્ઠા અને મોભો વધારનાર હોય પણ તેમના સામે જે છુપા જોઈ શકાય નહીં તેવા પરિબળોનો સામનો આદિવાસી વકીલ કરી શકે તેમ નથી એટલે જ કેટલાક વકીલોએ એમ પણ જણાવ્યું છે કે આ મદદ ન મળી હોત તો અમે વકીલાત કરી શક્યા ન હોત. આજ વસ્તુ બતાવે છે કે વકીલાતંના વ્યવસાયમાં ટકવા માટે તાલીમ અને સ્ટાઈપેન્ડ બન્ને જરૂરી છે. 'હા' થોડાક વકીલોએ પોતાના માનસ પરિવર્તન અને સારી વકીલાતના કારણે જવાબો આપવામાં વિચારીશું. હવે અમને શું ફાયદો તેવા જવાબો આપ્યા છે પણ તેમના કારણે સમગ્ર વકીલાતના વ્યવસાયમાં આવવા માગતા અને આવી રહેલ યુવાન આદિવાસી વકીલોને અન્યાય થાય તેમ ઈચ્છવું યોગ્ય લાગતું નથી. વળી આમે આ વ્યવસાયમાં આવનારની સંખ્યા પણ પ્રમાણમાં ઘણી ઓછી જોવા મળે છે.

આમ શરૂઆતના દિવસોમાં વકીલ તરીકેના વ્યવસાયમાં અપડાઉનથી માંડી સ્ટેશનરી, પુસ્તકો, ઓફિસ, ડ્રેસ તેમજ અન્ય જરૂરી ખર્ચા અનુ.જનજાતિનો વકીલ કરવા માટે સક્ષમ હોતો નથી. સાથે સાથે વકીલાત કરવાની માનસિક તૈયારી જોઈએ તે અને નૈતિક હિંમતના અભાવને કારણે તેને કોઈ સહારા સાથે આર્થિક મદદ બન્નેની આવશ્યકતા જોઈ શકાય છે. માટે આ અભ્યાસના આધારે અમે એમ કહી શકીએ એમ છીએ કે શરૂઆતના વર્ષોમાં સિનિયર વકીલને માનદ્વેતન અને જુનીયર વકીલને સ્ટાઈપેન્ડ આપવામાં આવે તો તે આદિવાસી વિકાસના એક ભાગરૂપે ગણી આપવું જોઈએ.

(૨) સિનિયર વકીલને માનદ્વેતન એટલા માટે આપવું આવશ્યક છે કે આજના સમયમાં આર્થિક બોજો કોઈપણ ઉપાડવા માટે તૈયાર હોતા નથી. વળી સિનિયર વકીલ પાસે એક માળખાગત સુવિધા ઉભી કરેલી હોય છે. જેમાં ઓફિસ, બેસવાની જગ્યા, લાયબ્રેરી, વકીલાત માટેની જરૂરી સ્ટેશનરી આ બધાનો લાભ તેને ત્યાં મળી રહે છે. સાથે સાથે બહુ ઉપયોગી એવું માર્ગદર્શન આ સિનિયર વકીલો મારફતે મળતું હોવાથી તેમને પણ માનદ્વેતન આપવામાં આવે તો અનુ.જનજાતિના જુનીયર વકીલો બોજરૂપ લાગતા નથી.

આમાં અનેક દલીલ એવી થઈ શકે કે વકીલાતનો વ્યવસાય એક વકીલથી થઈ શકે તેમ હોતો

નથી, કારણ કે જુદા જુદા કેસ, જુદા જુદા રેફરન્સ, જુદી જુદી કોર્ટ વગેરે માટે જુનીયર વકીલોની મદદ લેવી આવશ્યક થઈ પડે છે ત્યારે તેવા વકીલોને તેમને ત્યાં કામ માટે રાખે તો તેઓએ પણ તેમને કંઈક મહેનતાણું આપવું પડે. આ માટે અમારું સ્પષ્ટ માનવું છે કે આ દલીલ બીલકુલ વ્યાજબી અને યોગ્ય છે પણ તે આદિવાસી જુનીયર વકીલને જ મદદમાં રાખશે તે માની લેવું યોગ્ય લાગતું નથી. વળી તાલીમ સમય પછી અનુ.જનજાતિનો વકીલ પોતે સ્વતંત્ર રીતે પોતાનો વ્યવસાય કરવા માટે છૂટો રહે છે તે પણ તેના માટે એક યોગ્ય તક રહેલી જોઈ શકાતી હોય આજે ચાલુ વ્યવસાય છે તે ચાલુ રાખવો જોઈએ તેમ લાગે છે.

(૩) આ અભ્યાસનો ત્રીજો મુદ્દો આદિવાસી સમાજને શું ફાયદો થાય તે માટે વ્યક્તિગત લાભ કરતાં નીતિવિષય ઘડતરમાં અને સમગ્ર સમાજ માટેના લાભો જણાવી શકાય. આપણે જાણીએ છીએ તેમ આપણી સમાજ વ્યવસ્થા બરાબર ચાલે તે માટે દરેક દરેક વ્યવસ્થાનાં માર્ગદર્શક નીતિ નિયમો ઘડાયેલા હોય છે જ અથવા પરંપરાઓ પણ હોય છે જ. આજે મોટાભાગના રાષ્ટ્રોમાં સુશાસન અને સામાજિક ઉત્કર્ષ માટે બંધારણીય વ્યવસ્થા જોવામાં આવે છે. આ બંધારણના ઘડવૈયાઓએ જે રાષ્ટ્રમાં જે રીતની પરિસ્થિતિ હોય તેનો અભ્યાસ કરી સુયોગ્ય વિકાસ અને વ્યવસ્થા માટે કેટલાક નીતિ વિષયક કાયદા કાનૂનો બનાવ્યા હોય છે અને તેને બંધારણમાં સ્થાન આપેલું હોય છે. આ કાનૂનનો ભંગ થાય તે રીતે સ્થાનિક લોકો અને સંપત્તિનું શોષણ થાય તેવી પ્રવૃત્તિ ન બને તે માટે સ્પષ્ટ જોગવાઈઓ પોતાના બંધારણમાં જ કરવામાં આવી હોય છે. આ એક માર્ગદર્શક વ્યવસ્થા અને અમલમાં મુકવા માટેના માર્ગદર્શક કાનૂનની પણ જોગવાઈ કરવામાં આવી હોય છે. આપણે જાણીએ છીએ તેમ દરેકે દરેક સમાજમાં જો જાગૃત વર્ગ હોય તે જ આ બધી વસ્તુઓ જાણતો હોય છે અને તેના માટે અથવા જે હક્કો નક્કી કરાયેલા હોય છે તે માટે લડતો પણ હોય છે. આ હક્કો માટે લડનાર વર્ગ તેજ કાનૂનના જાણકાર વર્ગ તરીકે ઓળખાતો હોય છે. તેની દોરવણી નીચે સમગ્ર સમાજને લાભ થવાનો હોય છે. આવા સંજોગોમાં જાણકાર વર્ગની જવાબદારી અને નિષ્ઠા સમગ્ર સમાજ માટે આપોઆપ આવી જતી હોય છે. આમ પણ એકંદરે સમાજને તો લાભ થતો જ હોય છે.

(૧) આપણે જાણીએ છીએ કે નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરનાર કોઈપણ કર્મનિષ્ઠ વ્યક્તિ પોતાના સમાજના ઉત્કર્ષ માટે હંમેશ આતુર અને આગળ આવતો જ હોય છે. આ રીતે પણ વકીલાતના વ્યવસાયમાં પડેલ વ્યક્તિઓએ કોઈપણ સમાજના હોય પણ તે એક પ્રકારના વોચ ડૉગ જેવી ભૂમિકા અદા કરતા હોય છે. તે પણ એક રીતે સામાજિક સેવા જ છે.

(૨) આપણો આદિવાસી હજુ સુધી સમાજની મુખ્ય ધારામાં બધા અને બધીજ જાતિઓ આવી ગઈ છે તેમ કહી શકીએ તેમ નથી એટલે તેને હજુપણ સામાજિક પરિવર્તન અને કાનૂની જાણકારીની

જરૂરિયાત રહે છે જ ત્યારે આવો આગળ આવેલો વર્ગ સમાજમાં એક દ્રષ્ટાંતરૂપ બની પરિવર્તનનો પવન વહેવડાવવામાં મદદરૂપ બને છે. સાથે સાથે કાનૂની જાણકારી ધરાવતો હોવાથી તે કાનૂની સલાહ અને મદદ બન્ને કરી શકે તેમ છે. માટે સમાજને પણ તે ઉપયોગી છે.

(૩) ક્યાંક શોષણ કે ગેરલાભ લેવાય તેવા દાખલા બને પણ આમ છતાં માણસનું કેરેકટર એ કોઈ બાંધી શકાય કે છૂપાવી શકાય તેવી બાબત નથી. જે નથી જાણતા તે કયારેક તો જાણે છે જ અને પોતાની રીતે મૂલ્યાંકન કારશે બાકી આદિવાસી સમાજનો વ્યક્તિ જયાં સુધી તેના સમાજની કોઈ વ્યક્તિ કાનૂની જાણકાર હશે તો તેની સલાહ અને માર્ગદર્શન જરૂરથી લેશે. વળી પોતાની જ મુશ્કેલી કે અન્યાય થયો છે તેની રજૂઆત પણ કરી શકશે. આ પણ એક સામાજિક લાભ જ ગણાવી શકાય. આમ અમને લાગે છે કે આદિવાસી સમાજના જુનીયર વકીલો પોતે કાનૂની રીતે આગળ વધે તો તેમાં ઓવરઓલ સમાજના હીતમાં તો છે જ.

(૪) અનુ.જનજાતિના જુનીયર વકીલોને ત્રણ વર્ષના રૂા.૨૮,૮૦૦/- સ્ટાઈપેન્ડ અને સિનિયર વકીલને માસિક રૂા.૫૦૦/- પ્રમાણે ત્રણ વર્ષના રૂા.૧૮,૦૦૦/- એલાઉન્સ મહેનતાણા પેટે ચૂકવવાની જોગવાઈ દર્શાવી છે. તેની શરતો અંગે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા જાણકારી આપવામાં આવી ન હતી અને અમે પણ વકીલોને તે અંગે કોઈ પ્રશ્ન પૂછ્યા ન હોવાને કારણે ખાસ જાણકારી અમારી પાસે પણ ન હતી. આ અનુસંધાને એક સિનિયર વકીલ દ્વારા માર્ગદર્શક સૂચનોમાં જણાવવામાં આવ્યું હતું કે જુનીયર વકીલો પાસે ફરજીયાત કેસ ડાયરી એટેન્ડ કરાવવી અને જરૂર પડે રેન્ડમલી કેસ ડાયરીનું ક્રોસ ચેકીંગ કરાવવું જોઈએ. આ સૂઝાવના અમલથી આદિવાસી સમાજના વકીલો પાસે આવતા કેસ તે કેસોમાં તેમનો સહયોગ અને યોગદાન વગેરેની માહિતી ઉપલબ્ધ થઈ શકે તેમ હોઈ તે કરાવવું યોગ્ય લાગે છે.

આ ઉપરાંત તેમના દ્વારા થયેલ સેવાકાર્યોની વિગતો પણ મેળવવી જોઈએ. જેથી સમાજ માટે તેમના યોગદાનની જાણકારી મેળવી શકાય.

(૫) આર્થિક સધ્ધર કુટુંબના વકીલો એમ ઈચ્છે કે અમારે આ યોજનાનો લાભ નથી લેવો પણ જે જુનીયર વકીલોને આ યોજનાની ખાસ જરૂર છે તેવા વકીલોને આ યોજનાનો લાભ મળે તે માટે સ્વેચ્છાએ આ યોજનામાંથી બાકાત રહી શકે. સાથે સાથે યોજનાનો લાભ મેળવતા હોય પણ તેમની પ્રેકટીસ સારી ચાલતી હોય, આવકની દ્રષ્ટિએ પગભર થયા હોય તો તેવા વકીલો આ યોજનાનો લાભ વચ્ચેથી છોડી દેવા માગતા હોય તેવા વકીલોને આમ કરવાની છૂટ મળવી જોઈએ. જેથી બીજા જરૂરિયાતમંદ વકીલોને તેનો લાભ આપી શકાય.

(૬) નિયમિતતા બાબતે અમારી ખાસ ભલામણ છે કે જે પણ યોજના અમલમાં હોય તે યોજનાના લાભાર્થીઓને નિયમિત લાભ મળતો રહે તે માટે ખાસ કાળજી દાખવવામાં આવે. અમારા ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણા સિનિયર વકીલોને તેમના માનદ્‌વેતનની રકમ ચૂકવવામાં આવી ન હતી. તેવી રજૂઆત કરવામાં આવી હતી.

(૭) આપણે વકીલો વિષે વિચારતા હોય ત્યારે કેટલીક પાયાની બાબતો પણ વિચારવી જોઈએ. આપણે જાણીએ છીએ તેમ આદિવાસીઓનો મુખ્ય વસવાટ ઉત્તર અને દક્ષિણના ડુંગરાળ પ્રદેશમાં વધારે છે. તેઓ ઘણા તાકાતવર છે અને પોતાંની રીતે એક જીવનશૈલી પણ વિકસાવી છે પણ આ સમાજ અન્ય સમાજથી અલિપ્ત જેવો રહ્યો છે. તેમને રાષ્ટ્રવાદની ભાવના તરફ વાળી રાષ્ટ્રીય કાર્યક્રમોમાં ભાગીદાર બનાવવા જોઈએ.

(૮) કોઈ એક કોમ જ્યારે સરકાર પાસેથી પોતાને માટે અલગ હક્કો માગવા નીકળે છે ત્યારે તેનું એ પગલું જીવનનું લક્ષણ નથી રહેતું. એ રીતે તો પછી એ સમાજે સરકારના ઉપર જ કાયમનો આધાર રાખવાનો રહે છે અને એમાં તો એ કોમ પરાવલંબી બનતી જાય છે. આમાંથી આપણે મુક્ત થવું છે અને આગવું જીવન જીવવું છે અને તે આ સમાજ કરી શકે તેમ છે. આ માટે જાગૃતિની ખાસ જરૂરી છે અને તે જાગૃતિ માટે સમાજનાં જ શિક્ષિત વકીલબંધુઓ સહાયરૂપ થઈ શકે તેમ છે.

(૯) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વર્ષમાં એકવાર બે દિવસીય સેમીનારનું આયોજન કરવું જોઈએ. જેમાં આ મદદ મેળવતાં દરેક વકીલોને આમંત્રણ આપી તેમની સાથે બેઠક યોજી આદિવાસી વિસ્તારમાં કાનૂની કાયાવાહી અંગેની સમીક્ષા કરવી જોઈએ. સાથે સાથે તેના નિરાકરણ માટે યોગ્ય ચર્ચા વિચારણા બાદ જે કંઈ તારણો, સૂચનો મળે તે રાજયના કાનૂન વિભાગને સોંપી તેમાં જે ફેરફારો કરવા જેવા લાગે તો તે માટે પ્રયત્નો કરવા જોઈએ. આ કામગીરી કોઈ સંસ્થા દ્વારા પણ કરાવી શકાય.

# વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત કેન્દ્ર દ્વારા થયેલ કામગીરી અહેવાલ

## (તા. ૨૦-૨-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૯)

-જસવંતસિંહ રાઠોડ

### પ્રાસ્તાવિક

''અનુસૂચિત આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસી (વન અધિકારો માન્ય કરવા) બાબત અધિનિયમ-૨૦૦૬નો અધિનિયમ-ક્રમાંક-૨''

આ કાયદો ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ લોકસભામાં અને ૧૮મી ડિસેમ્બરે રાજયસભામાં પસાર થયો, ૨૯મી ડિસેમ્બરના રોજ રાષ્ટ્રપતિએ મંજૂરી આપી. ૨જી જાન્યુઆરી ૨૦૦૭ના રોજ સરકારના રાજપત્રમાં (ગેઝેટમાં) તે કાયદો પ્રસિધ્ધ થયો. ૨૦૦૮ જાન્યુઆરીની ૧લી તારીખે તે અંગેના નીતિનિયમો સરકાર દ્વારા જાહેર થતા આ કાયદો તે દિવસથી અમલમાં આવ્યો છે. કાયદાની પ્રસ્તાવનામાં એવું લખ્યું છે કે, પેઢીઓથી વનોમાં રહેતા હોય પણ જેમના અધીકારોની નોંધ થઈ શકી ન હોય તેવા વનવાસી અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓના વન અધિકારો અને વન્ય જમીનમાંના વ્યવસાયને માન્ય કરવા અને તેમનામાં નિહિત કરવા; વન્ય જમીનના સંબંધમાં એવી રીતે નિહિત થયેલા વન અધિકારોની નોંધ કરવા અને એવીરીતે માન્ય કરવા અને નિહિત કરવા માટે જરૂરી પુરાવાના પ્રકાર માટેના એક માળખાની જોગવાઈ કરવા બાબત અધિનિયમ અને રાજય વિકાસથી થતા અંતરાયોને લીધે નવું રહેઠાણ શોધવાની જેમને ફરજ પડી હતી તે સહિતના વનવાસી અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓની જમીન માલિકીના અધિકારો અને પ્રવેશ અધિકારોની દીર્ઘકાલીન અનુરક્ષિતતાનો ઉકેલ લાવવો જરૂરી છે.

વનવાસી અનુસૂચિત આદિજાતિએ અને અન્ય પરંપરાગત વનવાસીઓના માન્ય કરેલા અધિકારોના જૈવવિવિધતાના સ્થાયી ઉપયોગ, સંરક્ષણ અને પરિસ્થિતિ વિજ્ઞાનની સમતુલા જાળવવા માટેની જવાબદારીઓ અને અધિકારનો અને તેનાથી વનવાસી અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓના જીવનનિર્વાહ અને ખોરાક અંગેની સલામતી સુનિશ્ચિત કરતી વખતે, વનોનું સંચાલન તંત્ર સુદઢ કરવાનો સમાવેશ થાય છે; અને સંસ્થાનિક શાસન દરમ્યાન તેમજ સ્વતંત્ર ભારતમાં પૂર્વજોની જમીનો અને તેમના વસવાટ અંગેના વન અધિકારો વન્ય પરિસ્થિતિ વિજ્ઞાન તંત્રના અસ્તિત્વ અને સ્થાયીત્વનું અભિન્ન અંગ બનતી વનવાસી અનુસૂચિત આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને રાજય વનોના એકત્રિકરણ દરમિયાન અભૂતપૂર્વ અન્યાયમાં પરિણમીને પર્યાપ્ત રીતે માન્ય થયેલ ન હતા.

રાજય લેવલે ૨૦-૨-૨૦૦૮થી અધિનિયમના અમલીકરણ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

આ અધિનિયમના અમલીકરણ માટેની નોડલ એજન્સી તરીકે આદિવાસી વિકાસ વિભાગની મુખ્ય જવાબદારી હોઈ અધિનિયમમાં દર્શાવેલ માર્ગદર્શિકા પ્રમાણેની કામગીરીની જવાબદારી સંભાળી વિવિધ વિભાગો કે જે આ આદિવાસી વિસ્તારને સાથે પણ સંકળાયેલા છે તે તમામ વિભાગોના સંકલન માટેની બેઠકો ઉચ્ચ કચ્છાએ કરી કામગીરીની જવાબદારી સોંપવામાં આવી એના ભાગરૂપે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને પણ વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ના અમલીકરણમાં જે જે જવાબદારી સોંપવામાં આવી તે તમામ જવાબદારી સંભાળી અને સંભાળી રહેલા છે. આમ ૨૦૦૮ અને ૨૦૦૯ દરમ્યાન આ અધિનિયમ બાબતે કેન્દ્ર દ્વારા જે કામગીરી કરવામાં આવી છે તેનો આ એક સંકલન અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

.....

**તાલીમ :**

અધિનિયમની માર્ગદર્શિકા પ્રમાણે ગ્રામસભા અને ગ્રામસભામાંથી ચૂટાયેલા અથવા પસંદગી પામેલ અગિયાર અથવા પંદર સભ્યોની સમિતિ કે જે તે ગ્રામ લેવલે મુખ્ય ભૂમિકા અદા કરવાની છે તેવી વન અધિકાર સમિતિ (F.R.C.) રચવાની થાય છે. આ એફ.આર.સી. અને ગ્રામસભાની ભૂમિકા આ કાયદાની જોગવાઈ પ્રમાણે અગત્યની હોય તે દરેક સમિતિઓને કાયદા અંગે સંપૂર્ણ સમજ આપવાની થાય, સાથે સાથે તેમની જવાબદારીઓ પણ સુનિશ્ચિત કરવામાં આવી છે તે અદા કરવાની થાય તે માટે તાલીમનું ખાસ આયોજન કરવામાં આવ્યું. આ માટે રાજયમાં આદિવાસી વિકાસ વિભાગ દ્વારા આદિવાસી વિસ્તારોમાં સંકલિત આદિજાતિ વિકાસ કચેરીઓ કામગીરી સંભાળી રહેલ છે, તેમના દ્વારા ટી.ઓ.ટી. તાલીમ આપનારની તાલીમનું આયોજન કરવામાં આવ્યું. આમ આ તાલીમ જિલ્લા મથકે કે પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીએ ગોઠવવામાં આવી. આ તાલીમની શુભ શરૂઆત તા.૫-૩-૨૦૦૮થી કરવામાં આવી. આવી જે ૩૧-૩-૨૦૦૮ સુધી ચાલી જેમાં દસ પ્રાયોજના કચેરીઓ દ્વારા ૧૭૩ કર્મચારીઓને ટી.ઓ.ટી. તાલીમ કેન્દ્ર દ્વારા આપવામાં આવી.

ત્યાર બાદ બીજા તબક્કાની તાલીમનો દોર તા.૮-૪-૨૦૦૮ થી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ખાતે તા.૮-૪-૨૦૦૮થી રાખવામાં આવ્યો, જેમાં જરૂરી સાહિત્ય અને દ્રશ્યશ્રાવ્ય માધ્યમથી તાલીમ આપવામાં આવી. આ તાલીમ ત્રણ તબક્કામાં વહેંચાયેલી જોઈ શકાય છે. તેના કારણમાં ટી.ઓ.ટી. તાલીમની સંખ્યામાં વધારો તારીખોના સેન્ટીંગના કારણે જેમ જેમ તાલીમાર્થીઓ આવતા ગયા તેમ તેમ તાલીમ આપવાની કામગીરી ચાલુ રહી. આમ ત્રીજો તાલીમનો તબક્કો તા. ૨૬-૫-૨૦૦૮ના રોજ પુર્ણ કરવામાં આવ્યો. આમ તાલીમ આપનારની તાલીમ એ ખૂબ અગત્યની તાલીમ હતી. કારણ કે તેમને ગામડાઓમાં બનેલી વન અધિકાર સમિતિને તેમજ જે કોઈ આ અધિનિયમ અંગે માહિતી કે માર્ગદર્શન માગે તેને આપવાની હતી. આમ બીજા તબક્કાની અને કેન્દ્ર ખાતેની તાલીમમાં કુલ ૨૪૩ કર્મચારીઓએ

તાલીમ મેળવી આમ કેન્દ્ર દ્વારા ૪૧૬ ટી.ઓ.ટી. તૈયાર કરવામાં આવ્યા.

આ ઉપરાંત અધિનિયમ અંગે કોઈને પણ તાલીમની આવશ્યકતા જણાઈ તેને સાહિત્ય, માર્ગદર્શિકા સાથે કેન્દ્રની બહાર પણ તાલીમ આપવાની વ્યવસ્થા રાખવામાં આવી. આ ઉપરાંત આદિવાસી વિકાસ કમિશ્નર અને એફ.આર.એ. સેલ દ્વારા તા.૧૭-૭-૨૦૦૮ના રોજ રાખવામાં આવેલ સેટકોમ તાલીમમાં પણ હાજર રહી ૧૦.૦૦ કલાકથી સાંજે ૧૭.૦૦ કલાક સુધી તાલીમ આપી.

તા.૧૮-૬-૦૮ થી તા.૨૧-૬-૦૯ સુધી વ્યા રા મુકામે પંચાયત તેમજ એફ.આર.એ. સંબંધી તાલીમ ૪૫ થી ૫૦ પદાધિકારીઓને તાલીમ આપી.

આમ વનઅધિકાર અધિનિયમની કામગીરીમાં તાલીમની જવાબદારી કેન્દ્ર દ્વારા સંભાળવામાં આવી, તેની સવિસ્તર માહિતી ટી.ઓ.ટી. માહિતી દ્વારા જોઈ શકાય છે.

**ક્ષેત્રકાર્ય અહેવાલો :**

વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ના અમલીકરણ માટેની તાલીમથી શરૂ કરી કામગીરી અંગે ક્ષેત્રીય કામગીરીની જવાબદારી પણ સોંપવામાં આવી હતી. આ જવાબદારીના ભાગરૂપે જિલ્લા, તાલુકા અને ગ્રામ લેવલે જે અમલીકરણ થઈ રહ્યું છે તે કામગીરી કયા તબક્કામાં છે. કામગીરીમાં આવતા પ્રશ્નો તેમજ લોક જાગૃતિ અને કાર્યપદ્ધતિ અંગેની જે સ્થાનિક લેવલે સમસ્યાઓ જાણવી અને ઉચ્ચ લેવલેથી તેના સમાધાન માટેની કે વહીવટી ખુલાસાઓ માટેની રજુઆત કરવાની જવાબદારી પણ કેન્દ્રને સોંપવામાં આવી. તે વિસ્તાર અને ગામોની મુલાકાત લઈ તે જવાબદારીના ભાગરૂપે એફ.આર.સેલના નાયબ નિયામકશ્રી ટી.એલ. પટેલ ને રજુ કરવામાં આવ્યા. આ તમામ જે વિસ્તારની કામગીરી સોંપાઈ તે વિસ્તારની મર્યાદામાં રહી કામગીરી કરી તેના અહેવાલો સરકારશ્રીને સોંપવામાં આવ્યા. તે અહેવાલ જે તે વિસ્તાર પુરતા મર્યાદિત રહ્યા પણ તેમની જે સમસ્યાઓ હતી તે લગભગ દરેકની સમસ્યાઓ થઈ પડે તેવી જ હતી. આમ કેન્દ્ર દ્વારા છોટાઉદેપુર, ખેડબ્રહ્મા, સુરત, માંડવી અને વ્યારા, ડાંગ, પંચમહાલ, લુણાવાડાના ક્ષેત્રીય અહેવાલ તૈયાર કર્યા તેની નોંધ અહીં મૂકવામાં આવી છે. છોટાઉદેપુર અને સાબરકાંઠા સંદર્ભે બે-બે અહેવાલો તૈયાર થયેલા છે.

(૧) તા.૧૬-૬-૦૮ થી તા.૨૧-૬-૦૮ સુધી વ્યારા તાલુકામાં પંચાયત તેમજ એફ.આર.એ. સંબંધી ચાલેલ તાલીમ શિબિર દરમ્યાન એફ.આર.સી. તાલીમ તેમજ કાર્ય સંબંધી જાણકારી માટે સમય મર્યાદામાં કેટલાક ગામોની મુલાકાત લઈ માહિતી મેળવવામાં આવી હતી. જેમાં દોણ, જામખડી, ભેંસકાતરી, વીસડાલીયા ગામનો સમાવેશ થાય છે.

(૨) વન અધિકાર અધીનિયમ-૨૦૦૬ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના દાવા અરજી સંદર્ભે ક્ષેત્રકાર્ય આધારિત અહેવાલ.

(૩) તા.૧૫-૧૦-૦૮ થી તા.૧૮-૧૦-૨૦૦૮ દરયાન વડોદરા, દાહોદ અને પંચમહાલ જિલ્લાઓના છોટાઉદેપુર, કવાંટ, ધાનપુર, દેવગઢબારીયા અને ઘોઘંબા તાલુકામાં આવેલ જંગલ વિસ્તારના ગામોની મુલાકાત કરી વન અધિકાર અધિનિયમ પ્રકરણ ત્રણમાં કલમ-૫ અન્વયે ગ્રામ સ્તરે જે કંઈ કાર્યવાહી કરવામાં આવી હોય તેની વિગતો મેળવવામાં આવી.

(૪) ભરૂચ ખાતે તા.૧૯-૧૧-૦૮ના રોજ પદાધિકારીઓ અને તા.૨૧-૧૧-૦૮ના રોજ કલેકટરશ્રી સાથે અમલીકરણ અધિકારીઓ સાથે રિવ્યુ બેઠકનો અહેવાલ.

(૫) તા.૩-૨-૦૯ થી તા.૫-૨-૦૯ સુધી વડોદરા જિલ્લાના છોટાઉદેપુર અને કવાંટ તાલુકાના અમલીકરણમાં મળેલ હક્કદાવાઓ પૈકી સ્થળ ચકાસણી પુરાવા અને દાવાઓના નિકાલ અન્વયે માન્ય રાખેલ દાવા અને રદ કરેલ કે પૂર્તતા બાકી દાવાઓ અને તેના કારણો સાથે યોગ્યતા તપાસણી કરવામાં આવી.

(૬) વન અધિકાર માન્યતાધારો ૨૦૦૬ અમલીકરણના ક્ષેત્રિય સર્વે અંતરગત પંચમહાલ જિલ્લાના લુણાવાડા પેટા વિભાગીય સમિતિના કાર્યક્ષેત્રના તાલુકાઓનો અહેવાલ. તા.૧૭,૧૮ જૂન, ૨૦૦૯.

(૭) તા.૩-૬-૦૯ થી તા.૭-૬-૦૯ દરમયાન વન અધિકાર માન્યતા ધારો ૨૦૦૬ અમલીકરણના ક્ષેત્રિય સર્વે અંતરગત સુરત તથા ડાંગ જિલ્લાનો અહેવાલ.

(૮) તા.૧૭-૦૯-૦૯ અન તા.૧૮-૦૯-૦૯ ના રોજ વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અન્વયે જિલ્લા અને પેટા વિભાગીય સમિતિમાં મહેકમ વિભાગમાં કાર્ય કરતા કર્મચારીઓ અને નિવૃત નાયબ મામલતદારશ્રીઓને તેમના સ્તરે કરવામાં આવતી કામગીરી અને સમસ્યાનો ઉકેલ આવે તે હેતુથી ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું.

(૯) વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ના સંદર્ભમાં આદિવાસી લોકોમાં જાગૃતિ તેમજ આ અધિનિયમના અમલીકરણને વધુ સરળ બનાવવા બાબતે કેન્દ્ર ખાતે તા.૨૬-૪-૨૦૦૮ના રોજ એન.જી.ઓ. સાથે ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું.

(૧૦) તા.૪-૧૨-૨૦૦૯ના રોજ ફોરેસ્ટ રાઈટ એકટ-૨૦૦૬ અંગે સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે કાર્યસભાનું આયોજન કરવામાં આવ્યું.

(૧૧) તા.૨૯-૦૫-૨૦૦૮ થી તા.૩૦-૪-૨૦૦૮ સુધી કુલ ૫૪૬ પ્રશ્નો હેલ્પલાઈન ઉપર પૂછવામાં આવ્યા હતા.

**સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારી :**

વન અધિકાર અધીનિયમ ૨૦૦૬માં ગુજરાત સ્તરે એન.જી.ઓ.ની ભૂમિકા પણ મહત્વની રહેલી છે તે ધ્યાનમાં રાખી આદિવાસી વિસ્તારમાં જે એન.જી.ઓ. કામગીરી કરે છે તે તથા જેઓ આ અધિનિયમની કામગીરીમાં આદિવાસીમાં જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે તેઓ સાથે કેન્દ્ર દ્વારા તા.૨૬-૪-૨૦૦૮ના રોજ અને તા.૪-૧૨-૨૦૦૯ના રોજ ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતમાંથી સ્વૈચ્છિક સંગઠનના કાર્યકરો દ્વારા ખૂબ સારી રજૂઆત કરવામાં આવી હતી જે અહેવાલનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વૈચ્છિક સંગઠનો દ્વારા જે કામગીરી થઈ રહી છે તે અને તેમની સામે વહીવટી કે અન્ય સ્થાનિક જે સમસ્યાઓ છે. તેની રજૂઆત કરવામાં આવી હતી. જેના જવાબરૂપે એફ.આર.એ.ના સંયુકત નિયામકશ્રી ટી.એલ. પટેલ પણ હાજર રહી સમાધાન શોધવામાં અને સારી રીતે કામગીરી પાર પડે તે માટે ખૂબ સારી કામગીરી અદા કરવામાં આવી હતી.

આ ઉપરાંત તા.૧૭-૯-૦૯ અને તા.૧૮-૯-૦૯ના રોજ વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અન્વયે જિલ્લા અને પેટા વિભાગીય સમિતિમાં મહેકમ વિભાગમાં કાર્ય કરતા કર્મચારીઓ અને નિવૃત્ત નાયબ મામલતદારશ્રીઓને તેમના સ્તરે કરવામાં આવતી કામગીરી અને સમસ્યાનો ઉકેલ આવે તે હેતુથી ચર્ચાસભાનું આયોજન કરવામાં આવેલ. આ ચર્ચા સભામાં ભાગ લેવા સમિતિઓમાં કામ કરતા રાજયના અને કેન્દ્ર તેમજ ગાંધીનગરના મળી કુલ ૯૭ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

તા.૨૯-૫-૨૦૦૮થી આદિવાસી કેન્દ્ર ખાતે વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ના સંદર્ભે કોઈ પણ પ્રકારની માહિતી તે મુજબના પ્રશ્ને કે જાણકારી માટે નિઃશૂલ્ક ટેલીફોન સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં ૨૯-૦૫-૦૮ થી ૩-૧૨-૨૦૦૯ સુધી વિવિધ વિસ્તારોમાંથી તેમને મુખ્યત્વ ૬૭૪ પ્રશ્નો પૂછવામાં આવેલ જોઈ શકાય છે. આ પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવે તો પણ અમલીકરણ બાબતે ગ્રામજનોને કેવા કેવા પ્રશ્નો સતાવી રહેલાને જાણી શકાય છે.

હેલ્પ લાઈન નંબર છે - ૧૮૦૦૨૩૩૭૯૨૮

**અમલીકરણને ઝડપી બનાવવા માટેના સૂચનો :**

(૧) સ્થળ ચકાસણી અને ગ્રામસભામાં ઠરાવ કરી પેટા પ્રભાગીય સમિતિને દાવા અરજી સુપરત કરવા માટે સમયમર્યાદા બાંધી આપવી.

(૨) જંગલ ગામોને રેવન્યુ ગામ માટે જ અરજી પેન્ડીંગ પડેલી છે તેના નિકાલની તાકીદ કરવી. આ ગામોમાં જે વ્યક્તિગત દાવા અરજી છે તેની માપણી જંગલ ખાતાના સહકારથી પૂર્ણ કરાવવાની કામગીરી ઝડપી બનાવવી. મોટાભાગના દાવા અરજીમાં જંગલખાતાનું પોઝીટીવ વલણ જોવા મળે છે.

(૩) પ્રાયોજના કક્ષાએ સક્ષમ અધિકારીની નિમણૂંક કરી ઉપલી સમિતિઓ સાથે સંકલન અને નીચેની એટલે કે એફ.આર.સી. અને ગ્રામસભા સાથે સંકલન કરી સ્થળ તપાસ અને માપણીની કાર્યવાહી ઝડપી બને તે માટે કાર્યક્રમ બનાવી તપાસની કામગીરી ઝડપી બનાવી શકાય.

(૪) દાવા અરજીમાં જે આધારભૂત પુરાવા કે જે અધિનિયમમાં દર્શાવવામાં આવ્યા છે તે એટલે કે જે દાવેદાર પાસે ઉપલબ્ધ છે તેની ખરાઈ માટે સરકારશ્રી પાસે જે સેટેલાઈટ ઈમેજરી સાથે ખરાઈ કરી ઝડપી નિકાલની કાર્યવાહી કરી શકાય.

(૫) રાજકીય ઈચ્છા શક્તિ ઉપર ભાર મૂકી ચૂંટાયેલા પ્રતિનિધિઓ દરેકે દરેક બેઠકમાં હાજર રહે તથા લોકજાગૃતિમાં મદદ થાય તેવા કાર્યક્રમમાં હાજર રહે તે માટે પ્રયત્નો વધારવા જોઈએ.

(૬) હજુ પણ ગામ લેવલની કામગીરી જે રીતે થવી જોઈએ તે રીતે વહીવટી બાબતે જોવા મળતી નથી તો તે પૂર્ણ કરવા પ્રાયોજના કક્ષાએથી સ્થાનિક લેવલે દરેક ગામનું મોનેટરિંગ અને વહીવટી કામગીરી પૂર્ણ કરી જે દાવા અરજી એફ.આર.સી.ને મળી છે તે અરજી આગળની કાર્યવાહી માટે તાલુકા મથકે અથવા પેટા પ્રભાગીય સમિતિને પહોંચાડવાની કામગીરી ઝડપી બનાવી શકાય. આમ કરવા પાછળનો ઉદ્દેશ દાવા અરજી ઝડપી મળી રહે તથા સ્થાનિક લેવલની જે કામગીરી થવી જોઈએ તે ઝડપી પૂર્ણ થાય.

(૭) ખાતાકીય સંકલન મજબૂત બનાવવું જોઈએ, કારણ કે આદિજાતિ વિભાગના કર્મચારીઓ સિવાયના કર્મચારીઓ આ કામગીરીને ગૌણ અથવા વધારાની જવાબદારી સમજી ખાસ રસ દાખવતા નથી. જેથી તેમના અભિપ્રાયો અને ખાતાકીય કામગીરી ઝડપથી થઈ શકતી નથી તે માટે ખાસ તાકીદ દાખવવા પ્રયત્ન થવા જોઈએ.

(૮) વિકાસના કામોની દરખાસ્તો જે તે ખાતા મારફતે ઝડપી મંગાવી તે કામગીરીની મંજૂરી માટે આગળની કામગીરીમાં ઝડપ લાવી શકાય.

(૯) પૂર્તતાવાળી અરજી અને નામંજૂર અરજીનો ઝડપી નિકાલ આવે તે માટે દાવેદારને વાંધા અરજી માટેના સમય સાથે સમયમર્યાદા બાંધી દેવામાં આવે. આ કામગીરી માટે સમગ્ર રાજયમાં એક જ સમય બાંધવામાં ન આવતાં વિસ્તાર અને કામગીરી તે ધ્યાને રાખી સમયમર્યાદા બાંધી શકાય.

(૧૦) ગેરશિસ્ત કે અસંતોષ પેદા થાય તેવા વાતાવરણથી બચવા માટે સહકાર અને સુમેળભર્યા વાતાવરણમાં કામગીરી થાય તે માટે ગામવાર બેઠક યોજી પૂરતી સમજણ આપી માપણી કે સનદ આપવાની કામગીરી કરી શકાય.

(૧૧) પેટા પ્રભાગીય સમિતિ અને પ્રાયોજના કચેરીને મદદ મળી રહે તે માટે નિવૃત્ત સ્ટાફ તેમજ અનય સુવિધાઓ આપવામાં આવી છે. તેમાં રેગ્યુલર કર્મચારીઓને જે સુવિધા મળે છે તેનો ઉમેરો કરવો જોઈએ. દા.ત. એક કચેરીથી બીજી કચેરીએ જવા આવવાનું ટી.એ. તાલુકા સ્થળે કે ગામ પર જાય તો ટી.એ.ડી.એ. જેવી સુવિધા આપવામાં આવે તો કર્મચારી ઉત્સાહથી કામગીરી કરશે.

**જંગલ ખાતાના કર્મચારીઓની ભૂમિકા :**

(૧) જંગલ સાચવણી, નિભામણી અને વિસ્તરણની જવાબદારી એકલા જંગલ ખાતાને જ હોય તે માસનિકતામાંથી બહાર આવવું.

(૨) કાયદાની રુએ જંગલ વિસ્તાર નક્કી કર્યો એટલે જંગલ ખાતાનો જ અધિકાર પ્રસ્થાપિત થઈ જતો નથી. જંગલ એ પણ એક જૈવ વિવિધતાથી ભરેલા છે. તેમાં જંગલમાં વસવાટ કરતી આદિજાતિઓ અને પરંપરાગત વનવાસીઓનો સમાવેશ પણ થતો હોઈ તેમને સાથે રાખી જંગલોનો વિકાસ અને વિસ્તારવાની જવાબદારીમાં સહભાગીદારી લાવવાની વાત.

(૩) વિનાશ નહીં પણ વિકાસના પાયાના સિધ્ધાંતોની વાત.

(૪) જરૂરિયાતોના અભ્યાસ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની વાત ચર્ચાવી જોઈએ.

(૫) રોજગારીની તકો વધારવાના ઉપાયોની ચર્ચા, રોજગારી વધશે તો જંગલ બચવાની શક્યતા વધી જશે.

(૬) જંગલને સમૃધ્ધ બનાવી સમૃધ્ધ બનવાની યોજના વિચારી શકાય. સુવિધા અને વ્યવસ્થા ગોઠવી દા.ત. પાણીની સગવડ, તલાવડી, વરસાદના પાણીના સંગ્રહના ઉપાયો.

(૭) જંગલ, વૈકલ્પીક રોજગારીનું સાધન બનવું જોઈએ.

(૮) લોકજાગૃતિને અને જંગલ સાથેનો અહોભાવ - પ્રેમ વધે તે માટેના સતત પ્રયત્નો થવા જોઈએ.

(૯) સંઘર્ષ જેવી બાબતો સ્થાનિક લેવલે જ ટળે તે માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૧૦) જંગલ જમીન ખેડી ગેરકાયદેસર દબાણ કરી આવક કે રોજગારી વધારવાની માનસીકતામાંથી બહાર લાવવા માટેની જાગૃતિ વધારવી.

(૧૧) જંગલમાંથી મળતી ઉપજ ઉછેરનારને જ મળે તેવી યોજના વિચારી શકાય. દા.ત. ફળાઉ ઝાડ, વન ઔષધ ઝાડ, છોડ, મહુડા, આંબલી, હરડે, બેહડા, બોર, ટીમરૂ, ખાખરા વગેરે.

આમ ઉપરોક્ત બાબતોની જાણકારી ક્ષેત્રિય સ્તરના કર્મચારીઓ, ગ્રામ સંસ્થાઓ અને લાભાર્થી ખેડૂતોને આપી જાગૃતી લાવી શકાય.

(૧૨) વન અધિકાર માન્યતા ધારો ૨૦૦૬ના અમલીકરણમાં સેટેલાઈટ ઈમેજરીઝનો પુરાવા તરીકે ઉપયોગ કરવા અંગેનો ઠરાવ ૨૦ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ કરવામાં આવ્યો.

ત્યારબાદ બાયસેગ ગાંધીનગર પાસેથી વન જમીન કબજા અંગેની સેટેલાઈટ ઈમેજરીઝ મેળવી કાર્યવાહી કરવા બાબતે તાકીદ કરવામાં આવી. હાલમાં સેટેલાઈટ ઈમેજરીઝનો પુરાવા તરીકે ઉપયોગ કરી જો તે ખેડતો હોય, આદિવાસી હોય, દાવા અરજી કરેલી હોય તેને તે જમીન માપી આપવા માટેની કાર્યવાહી ચાલી રહી છે.

**વધ અધિનિયમ - ૨૦૦૬ :**

આ કાયદાથી આદિવાસીઓનો ઉધ્ધાર થઈ જશે તેમ માનવાનું કોઈ કારણ નથી. હું એમ માનતો નથી મને લાગે છે કે આ કાયદાથી અસંતોષ અને ગુનાહીત પ્રવૃત્તિને વેગ મળશે. આજના ભૌતિકવાદી વિચાર ધરાવતા વિકાસ કાર્યક્રમો આદિવાસીનું સહજ જીવન ઝુટવવાનું કામ કરશે. તેને સક્ષમ બનાવવાના પ્રયત્નો થવા જોઈએ. તેની શક્તિ ક્ષીણ થાય કે તેની શક્તિ આડા રસ્તે ફંટાઈ આર્થિક સત્તાના ગુલામ બનાવનારી ન બનવી જોઈએ. અત્યાર સુધી તે પ્રાણમય શક્તિ સાથે તો જીવતો આવ્યો છે. તેમાં વધારો થાય તેવા પ્રયાસો બંધ કરવા જોઈએ. તેના સ્થાને વધારે ઉદ્ધાત, ઉદાર, માયાળુ અને એકતાની ભાવના કેળવાય તેવા પ્રયત્નોની વધુ આવશ્યકતા છે. તે સંઘર્ષમય જીવન જીવે છે તે તેના કર્મનું ફળ નથી પણ આપણી વહેંચણીની અસમાનતાનું ફળ છે. તેને દુઃખ ભોગવવું પડે છે તેમાં સરકાર અને સમાજની શુદ્ર ભાવનાજ જવાબદાર છે. માટે તેમને સાચો વિકાસ ઈચ્છતા હોઈએ તો સાચે સાચું કહેવું પડશે પણ સાચે સાચું કોણ કહી શકે તેમ છે ? સંસ્થાઓ તેમનું ભલું ઈચ્છે છે, સરકાર તેમનું ભલું ઈચ્છે છે. સમાજ તેનું ભલું ઈચ્છે છે તો પછી ભલુ થતું કેમ નથી ? આ સવાલનો જવાબ મળે તો જ સાચા વિકાસ તરફ ડગ માંડી શકાય તેમ છે. આપણા વિકાસ કાર્યક્રમો બાહ્ય પરિસ્થિતિ અને બાહ્ય સાધનો ઉપર આધારીત છે. જયાં સુધી આંતરિક સાધનો શોધવામાં નહી આવે અને બાહ્ય સાધનો ઉપર આધાર રાખી પ્રયત્નો કરવામાં આવશે ત્યાં સુધી સમસ્યાનો ઉકેલ મળવાનો નથી.

# સનસાઈન-૧ યોજના મૂલ્યાંકન

- શ્રી અરૂણભાઈ પટેલ

## પ્રાસ્તાવિક

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત, સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રોજેક્ટ સનસાઈન-૧ વિષયક અભ્યાસ હાથ ધરવાનું સૂચન થયેલ. જે અંતર્ગત નબળા વિસ્તાર તરીકે ૮ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ધાનપુર, દેવગઢબારિયા, ફતેપુરા, ઘોઘંબા, નસવાડી, ભિલોડા, ખેડબ્રહ્મા, દાંતા વગેરે તાલુકાઓને આવરી લેવાયા. સનસાઈન પ્રોજેક્ટ-૧ યોજના અંતર્ગત જે તે લાભાર્થીને ચાલુ વર્ષે રૂા.૧૧૦૦/- પ્રમાણે લાભાર્થી દીઠ સ્વફાળો ભરવો પડે છે. જેમાં ગત વર્ષમાં ભાગ લીધેલ લાભાર્થીને મળવાપાત્ર પાક વિમા યોજનાની કવચની રકમ બાદ કરતા જે તે વિસ્તાર પ્રમાણે નક્કી થયેલી રકમ ભરવાપાત્ર થાય છે. આ નક્કી થયેલ રકમ ગયા વર્ષના જે તે તાલુકાઓના વરસાદના પ્રમાણે વિમા યોજના પાકવાના કારણે ગણતરી કરાઈ હતી. આ રીતે લાભાર્થી પાસેથી ખાત્રી લઈ મળેલ બિયારણનો ઉપયોગ તેના ખેતરમાં જ કરશે. તે રીતે સરકારે મકાઈના બીજ, ખાતરનો જથ્થો વગેરે આપી એક કૃષિ વિકાસ તથા જે તે ગરીબ આદિવાસીના ઉત્કર્ષ માટે ભગીરથ કામ ઉપાડ્યું છે.

**પ્રોજેક્ટ સનસાઈન અંતર્ગત લાભાર્થીને મળવાપાત્ર લાભ :**

(૧) હાઈબ્રિડ મકાઈનું બિયારણ પ્રતિ એકર ૮ કિલોગ્રામ

(૨) રાસાયણિક ખાતર યુરિયા : ૫૦ કિ.ગ્રા., ડી.એ.પી. : ૫૦ કિ.ગ્રા., એમ.ઓ.પી., ૫૦ કિલો ગ્રા. પ્રતિ એકર / પ્રતિ ખેડૂતદીઠ

(૩) પાક વિમા કવચ

(૪) લાભાર્થીઓને તાલીમ અને માર્ગદર્શન

(૫) સાબરકાંઠાના બે તાલુકામાં ૪૦૦ મેટ્રિકટન વર્મીકંપોસ્ટ (પ્રતિ એકર અડધો ટન)નો લાભ આપવામાં આવે છે.

**સનસાઈન પ્રોજેક્ટ-૧ પાછળના હેતુ :**

સનસાઈન પ્રોજેક્ટ-૧ યોજના અંતર્ગત ૮ તાલુકાઓનો સમાવેશ નબળા વિસ્તાર તરીકે કરવામાં આવ્યો. જેમાં ધાનપુર, દેવગઢબારિયા, ફતેપુરા, ઘોઘંબા, નસવાડી, ભિલોડા, ખેડબ્રહ્મા, દાંતા તાલુકાઓને આવરી લીધા છે. આ યોજનામાં ગત વર્ષે જે લાભાર્થીઓ જોડાયા હતા પણ ચાલુ વર્ષે ઓછા લાભાર્થીઓ

જોડાયા. તેમજ અમુક તાલુકામાં ચાલુ વર્ષે યોજના દાખલ કરવામાં આવી. જેમાં લાભાર્થીઓના ના જોડવા પાછળનું કારણ જાણવાનો મુખ્ય હેતુ હતો.

**વિસ્તાર પસંદગી :**

**કાર્યપદ્ધતિ :**

સનસાઈન પ્રોજેક્ટ : ૧ અંતર્ગત નબળા વિસ્તાર તરીકે પસંદ કરેલ તમામ તાલુકાઓના દરેકના પાંચ પાંચ ગામો પસંદ કરી તે ગામના પાંચ પાંચ ખેડૂતોને મળીને અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આમ કુલ ૪૦ ગામો ક્ષેત્રકાર્ય માટે પસંદ કર્યા. જેમાં ગત વર્ષમાં જે લાભાર્થીઓ જોડાયા હતા પરંતુ ચાલુ વર્ષ પ્રમાણે ઘટવા જોવા મળતાં તેમજ અમુક તાલુકામાં ચાલુ વર્ષે લાભાર્થીઓ જોડાય તેવી યોજના હતી. ટૂંકમાં, દરેક તાલુકાના ૨૫ લાભાર્થીઓને મળી કુલ ૪૦ ગામોની મુલાકાત દરમ્યાન કુલ ૨૦૦ લાભાર્થીઓના અભિપ્રાય લેતાં લાભ ન લેવા અને લાભ લેવા પાછળના કારણો જાણ્યા હતા.

**યોજનાનો લાભ લેવા પાછળનાં કારણો :**

- પહેલા સફેદ મકાઈનું ઉત્પાદન કરતા હતા. તેમાં ઉત્પાદન ઓછું થતું હતું. આ યોજનાનો લાભ લીધા પછી સફેદ મકાઈ કરતા લાલ મકાઈમાં ઉત્પાદન ત્રણ ઘણું થયું છે.
- બિયારણનો જે બજાર ભાવ છે તેના કરતા આ યોજનામાં ઓછા ખર્ચે બિયારણ મળે છે.
- આ યોજનાને કારણે પાક ઉત્પાદનમાં વધારો થયો છે.
- સંસ્થા, બિયારણ કંપનીના કાર્યકર્તાઓ, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ફિલ્ડ કામગીરી દ્વારા લાભાર્થીઓને માર્ગદર્શન અને તાલીમ દ્વારા સમજાવવામાં આવે છે.
- ગામના ખેડૂતો યોજનાઓનો વધુ પ્રમાણમાં લાભ લે તે માટે સંસ્થા દ્વારા ગામડામાં પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે.
- સ્થાનિક કાર્યકરો, ફિલ્ડવર્કરોને સંસ્થામાં રાખે છે.
- પહેલા જે ઉત્પાદન થતું તેનું વેચાણ બજારમાં નહોતું કરી શકતાં, ફક્ત ખાવામાં ઉપયોગ કરતા. ~~આ યોજના દ્વારા વધારાના પાકથી તેમની આવકમાં વધારો થયો છે.~~
- પહેલાં જે સફેદ મકાઈ કરવામાં આવતી હતી તે ફક્ત સમતળ જમીનમાં થતી હતી. આ યોજના હેઠળ હાઈબ્રિડ મકાઈ કાળી જમીનમાં સરળતાથી ઉગી શકે છે.

**યોજનાનો લાભ ન લેવાનાં કારણો :**

(૧) બે મહિના પહેલા રૂા.૧૧૦૦ ભરનારને કીટ્સ મળે છે અને અત્યારે પણ રૂા.૧૧૦૦ ભરનારને કિટ્સ મળે છે. તો લાંબા સમયનું વધારાના નાણા રોકાણ કેમ કરવું ?

(૨) લગ્ન સિઝનમાં પૈસાની જરૂર હોવાથી સ્પેર મની નથી.

(૩) જેઓની જમીન ઓછી છે તેઓને ખાતર બિયારણ વધી પડે માટે લાભ લઈ શકતા નથી.

(૪) સાબરકાંઠા જિલ્લામાં રૂા.૬૫૦ માં કિટ્સ આપે છે.

(૫) ગયા વર્ષે પાણી ના હોવાથી મગનું વાવેતર કરવામાં આવેલ નહીં તેથી વેપારી પૈસા આપતા નથી.

(૬) ગત વર્ષે કપાસના બિયારણનું વાવેતરનાં પૈસા આવેલ નથી તે આવે તો લઈ શકાય.

(૭) પહેલો વરસાદ પડે ત્યારબાદ વાવણી થાય.

(૮) ગયા વર્ષે ૫૦૦ રૂપિયા ભર્યા હતા. આ વર્ષે ૬૫૦ રૂપિયા ભરવાના હોવાથી

(૯) ગયા વર્ષે વરસાદ ઓછો હોવાથી આર્થિક સ્થિતિ ખરાબ છે.

(૧૦) ગત વર્ષે જેમણે લાભ લીધો નથી તેમણે ૧૧૦૦ રૂપિયા ભરવાના હોવાથી

(૧૧) માહિતી જાણકારીનો અભાવ

(૧૨) બી.પી.એલ. હોવા છતાં લાભ મળેલ નથી

(૧૩) ગોડાઉનમાં સ્ટોક ના હોવાથી વારંવાર ધક્કા પડે છે.

(૧૪) પૈસાના અભાવે

(૧૫) પિયતનાં સાધનોનો અભાવ

(૧૬) બિયારણ / ખાતર સારું નથી તેવો અભિપ્રાય

(૧૭) લાલ મકાઈને બદલે સફેદ મકાઈનો આગ્રહ

(૧૮) પથરાળ જમીન હોવાથી

(૧૯) યોજના પર વિશ્વાસ નથી

(૨૦) પોલીટીકલ ઈસ્યુ (રાજકીય વાતાવરણ)

(૨૧) સરદાર આવાસમાં ઘર મળવાથી બિયારણ કરતાં રૂપિયા ઘરમાં વાપરવા સારા.

(૨૨) ગામના સરપંચ, ધારાસભ્યો પહેલ ના કરે ત્યાં સુધી ન અપનાવવું

(૨૩) હાઈબ્રિડ બિયારણ કરતાં દેશી બિયારણથી સારી ઉપજ થવાને કારણે

(૨૪) ખેડૂતો ઘરે મળતા ન હોવાથી

**યોજનાને સફળ બનાવવા માટેનાં સૂચનો :**

(૧) ઓછી જમીનવાળા લાભાર્થીઓને નાની બિયારણ કીટ્સ બનાવી આપી શકાય.

(૨) હપ્તા સિસ્ટમ રાખવી

(૩) યોજનાકીય જાણકારીનો અભાવ તેમજ આજુબાજુના તાલુકાની રકમ અંગેની સમજણ આપવી. (તુલના ના થાય તે જોવું)

(૪) યોગ્ય સમયે કિટ્સ વિતરણ થાય તે જોવું.

(૫) સહાયની રકમ ૯૦ ટકા કરવી જોઈએ.

(૬) વિમાનો લાભ દરેક તાલુકામાં સરખો હોવો જોઈએ.

(૭) વિમાની રકમ રોકડમાં ત્રણ માસમાં ચૂકવવી જોઈએ જેથી તે રકમને નવી યોજનામાં ગણતરીમાં મુક્ત બની જાય એટલે કે દરેકને મૂળ યોજના પ્રમાણે રૂા.૧૧૦૦ ભરવાના થાય. આમ વિસંગતતા - ગેરસમજ વગેરેનું સમાધાન થઈ શકે.

(૮) દરેક બી.પી.એલ. લાભાર્થીઓનો સમાવેશ કરવો એટલે કે ૧૭ થી ૨૦ પોઈન્ટવાળા લાભાર્થીઓને સમાવવા.

(૯) મકાઈ સાથે કઠોળ પણ આપવું.

(૧૦) કિટ્સ દરેક ગામમાં પહોંચે તેવી વિતરણ વ્યવસ્થા કરવી.

(૧૧) યોજનાનો પ્રચાર-પ્રસાર વધારવો.

(૧૨) બિયારણ કિટ્સ સાથે ત્રણેય પ્રકારનાં ખાતરનો જથ્થો એકજ સમયે આપી દેવો જોઈએ. એક પ્રકારનું ખાતર બાકી રહે તે વહીવટી ખામી ગણી સુધારવી જોઈએ.

# ખાસ વંચિત આદિવાસી જૂથોના આયોજિત વિકાસના પ્રયત્નો એક મૂલ્યાંકન (ખાસ કેન્દ્રિય કાર્યક્રમ સંરક્ષણ અને વિકાસના સંદર્ભમાં)

- ડૉ. રવીન્દ્ર પંચોળી

ભારત દેશમાં આઝાદી પછી પરિવર્તનની પ્રક્રિયાને વધુ વેગવાન બનાવવાના હેતુથી પંચવર્ષીય યોજનાઓ દ્વારા આયોજિત રીતે પરિવર્તનના પ્રયાસો થયા. આયોજનની પ્રક્રિયા મહદ્‌અંશે આર્થિક વિકાસના સંદર્ભમાં થાય છે. તે ભવિષ્ય ઘડવાનો એક સુવ્યવસ્થિત પ્રયાસ હોવાથી તેને નીતિ-નિર્ધારણ સાથે સંબંધ છે. નીતિ એ સૈદ્ધાંતિક ભૂમિકા છે, જે ક્રિયાને માર્ગદર્શન આપે છે. આ દ્વારા ચોક્કસ લક્ષ્યની પ્રાપ્તિ માટે વ્યવસ્થિત પ્રયાસો હાથ ધરવામાં આવે છે. જેનાં મુખ્ય ચાર સોપાનો છે.

(૧) લક્ષ્યોની સ્પષ્ટતા

(૨) લક્ષ્યોનું મૂલ્યાંકન

(૩) ઉપલબ્ધ વિકલ્પોની ચકાસણી કર્યા બાદ યોગ્યત્તમ વિકલ્પની પસંદગી

(૪) પસંદ કરેલા વિકલ્પ માટે આવશ્યક સાધનોની પ્રાપ્તિ.

વર્ષોની ગુલામી પછી દેશને કંગાળ અને ગરીબ સ્થિતિમાંથી મુક્ત કરવા તથા શૈક્ષણિક રીતે પછાતપણાને દૂર કરવાનું પ્રાથમિક લક્ષ્ય હતું.

જંગલો અને દુર્ગમ વિસ્તારોમાં વસતાં તથા સાંસ્કૃતિક ભિન્નતા ધરાવતા આદિવાસી સમુદાયો જેને અંગ્રેજ અમલ દરમ્યાન પણ વિકાસની પ્રક્રિયાથી બાકાત રાખવામાં આવેલા હતા. પરિણામે આપણે ત્યાં પણ આવા આયોજિત પરિવર્તનના વિચારનું અમલીકરણ કરવાનું વિચાર્યુ. આવા માનવસર્જિત સભાન આયોજનની પ્રક્રિયા શું પરિવર્તનની પ્રક્રિયાને ઝડપી બનાવી શકે ? સરકારના આ પ્રયત્નને તપાસ તે અંતર્ગત થયેલ કામોએ પરિવર્તનના વાહક રૂપે કાર્ય કર્યું છે કે નહીં તે તપાસવાનો આ પ્રયાસ છે.

ઉક્ત અભ્યાસમાં ૧૦ સઘન આદિમજૂથની વસતિ ધરાવતા જિલ્લાના ૧૧ તાલુકામાંથી ૨૪ ગામનાં ૨૦૦ વિદ્યાર્થીઓને મળેલ સહાયની વિવિધતા અને આદિમજૂથ જાતિ મુજબ યદ્દચ્છ નિદર્શનથી પસંદ કરવામાં આવ્યા હતા. માહિતી એકત્રિકરણ માટે અનુસૂચિ અને એફ.જી.ડી. નો ઉપયોગ કરાયો હતો. લાભાર્થી યાદી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

---

સમગ્ર અભ્યાસના મુખ્ય તારણોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું નીચું જોવા મળ્યું હતું. સ્ત્રી શિક્ષણ નહીંવત હતું. ઉત્પાદનના સાધનોની માલિકીની રીતે જોતાં ટૂકી જમીન અને સિંચાઈની અસુવિધાના કારણે આર્થિક સ્થિતિ ઘણી નબળી જોવા મળી હતી. વિકાસના સરકારી પ્રયત્નોની અસર દેખાવાની શરૂઆત થઈ ચુકી છે, લાભ મેળવવાના જાગૃત પ્રયત્નને જોવા મળેલ છે. પોતાના હકો પ્રત્યેની જાગૃતતા નીચી છે પરંતુ ઉભી

થઈ રહી છે. યોજનાઓની જાણકારીનો અભાવ હજુ મોટી આડખીલીરૂપ દેખાય છે. આયોજન હજુ ઉપરથી જ થાય છે. ખરી જરૂરિયાતો જે વિસ્તાર મુજબની અલગ અલગ છે તેને નજર અંદાજ કરાયાનું સ્પષ્ટ દેખાય છે.

ઉ.દા. જોઈએ તો હજુ આજે પણ ડાંગના ડુંગરાળ વિસ્તારમાં મહેસાણા જિલ્લાની ગાયો પસંદ કરીને અપાય છે. વિસ્તારગત ભૌગોલિક વૈવિધ્યને ધ્યાનમાં લીધા સિવાય ખરા ખર્થમાં વિકાસને મૂર્તિમંત કરવો અઘરો છે. તે આપણે આટલા અનુભવો પછી પણ નથી શીખ્યા તેવું જણાય છે. સ્વૈચ્છિક સંસ્થાના પ્રયત્નો પ્રસંશનીય દેખાયા છે. પરંતુ સાર્વત્રિક નથી બન્યાં, છતાં વિકાસના પ્રયત્નોની દિશા અને પ્રાપ્ત ફળો જોતાં ગતવ્યવસ્થાન હજુ દૂર દેખાય છે.

# 'રાઠોડિયા' જ્ઞાતિને અનુસૂચિત જનજાતિમાં સમાવવા બાબત

- ભીખાભાઈ સો. પટેલ

**પ્રસ્તાવના :**

ગુજરાત રાજયના વડોદરા, ખેડા, પંચમહાલ (મધ્યગુજરાત) જિલ્લામાં વસતા 'રાઠોડિયા' જ્ઞાતિના લોકોને અનુસૂચિત જનજાતિમાં સમાવવા બાબતના સમસ્ત રાઠોડ સમાજ પ્રગતિ મંડળ, મધ્ય ગુજરાત વડોદરાના તા.૨૪-૦૪-૦૯ના પત્ર ક્રમાંક ૧ થી, સંકલન અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજયના રાજયપાલશ્રીના સેક્રેટરીને ઉલ્લેખીને લખેલ પત્રના અનુસંધાનમાં વડોદરા, પંચમહાલ અને ખેડા જિલ્લાના જુદા જુદા તાલુકાઓ અને ગામોમાં વસતા રાઠોડિયાજ્ઞાતિની તપાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને સોંપવામાં આવી હતી. ''રાઠોડિયા'' જ્ઞાતિના લોકોએ અનુસૂચિત જનજાતિ તરીકે ગણાવવાની માગણી કરી પોતાના સમાજના લોકોને આદિવાસી તરીકેના લાભો આપવાની માગણી કરી છે તે બાબતમાં કેટલું તથ્ય છે તેની તપાસ કરી હકીકતલક્ષી અહેવાલ આપવાનું કામ કેન્દ્રને સોંપવામાં આવેલ. આ અંગે વડોદરા જિલ્લાના રાઠોડિયા જ્ઞાતિની વસતિ ધરાવતા વસવાટવાળાં ગામોમાં જઈને આજ જાતિનાં કુટુંબોનો સંપર્ક કરી વ્યક્તિગત મુલાકાત લઈ, આધારભૂત માહિતી એકત્ર કરી હતી. સાથે સાથે બીજી વ્યક્તિઓનો પણ સંપર્ક કર્યો હતો. સરકારી કચેરીઓનો પણ સંપર્ક કરવામાં આવેલ. આ બધાંને આધારે અહેવાલ રજૂ કરીએ છીએ.

કેટલાક અનુસૂચિત જનજાતિની યાદીમાં ન આવતા હોય તેવા જૂથો પણ ધીરે ધીરે પોતે અનુસૂચિત જનજાતિના છે તેવી માંગણીઓ મુકતા હોય છે. તેને મુખ્યત્વે બે રીતે જોઈ શકીએ. એક તો જે જૂથ ખરેખર અનુસૂચિત જનજાતિ હોવા છતાં જાણે અજાણે પોતાની જાતિને ઓળખાવવામાં ચૂક્યો હોય, અથવા તો ફેરફારો કરવાની જરૂરિયાત ઊભી થઈ હોય જેને કારણે મૂળ અનુસૂચિત જનજાતિ કરતાં જુદા જ નામે જે અનુસૂચિમાં ન હોય તે પ્રચલિત બન્યા હોય અને અન્ય નામને કારણે અનુસૂચિત જન જાતિના લાભોથી આજસુધી વંચિત રહ્યા હોય. બીજા જૂથો એવા છે કે ખરેખર અનુસૂચિત જનજાતિ ન હોવા છતાં અનુસૂચિત જનજાતિને મળતા લાભોથી આકર્ષાયને અનુસૂચિત જનજાતિમાં આવવાની માંગણી કરતા હોય. એવુ પણ બને છે કે કેટલાક જૂથો-વ્યક્તિ આપમેળે જ પોતાની જાતિમાં ફેરફાર કરી અનુસૂચિત જનજાતિના લાભો મેળવવા પ્રયત્નો કરતા હોય. જેથી અનેક પ્રશ્નો ઊભા થતા હોય છે. જેથી આ પ્રશ્ન સંદર્ભે ગંભીરતા પૂર્વક ક્ષેત્રકાર્ય આધારિત તપાસ દ્વારા વાસ્તવિકતા તપાસવી આવશ્યક બને છે. એ રીતે પ્રસ્તુત પ્રશ્નને ધ્યાનમાં લઈ તપાસ હાથ ધરી હતી.

**પ્રસ્તુત પ્રશ્ન :**

વડોદરા જિલ્લાના દરેક તાલુકાઓમાં તેમજ ખેડા અને પંચમહાલ જિલ્લાના કેટલાક ગામોમાં વસતા ''રાઠોડિયા'' તલાવિયા કે જેઓ સ્થાનિક પ્રભુત્વ ધરાવતી જાતિઓના સંપર્કમાં રહેતી હોવાથી મૂળ અટક રાઠોડ હોવા છતાં ત્યાંના કેટલાક હિતોએ તેમને રાઠોડ, રાઠોડિયા, હિન્દુ તલાવિયા તરીકે સમગ્ર રીતે પ્રચલિત થયા. રેવન્યુ રેકર્ડ, શાળાઓ અને જયાં તેઓએ પોતાનું નામ લખાવ્યું ત્યાં રાઠોડ-હિન્દુ તલાવિયાનો જ ઉલ્લેખ જોવા મળ્યો છે. જે બક્ષીપંચ સૂચિત જાતિની યાદીમાં ૫૯ નંબર ૫૨ છે, જયારે અનુસૂચિત જનજાતિની યાદીમાં નં.૧૦૫૨ માત્ર હળપતિ અને તલાવિયા છે.

મધ્ય ગુજરાતમાં વસતા રાઠોડ, રાઠોડિયા જ્ઞાતિ કે જેનો કોઈ ચોક્કસ જગ્યાએ ઉલ્લેખ નથી. તે તેનું ગોત્ર / અટક જ છે. જેઓ મધ્ય ગુજરાતના ગામોમાં જ વસવાટ કરે છે. ભાગ્યે જ કોઈ સુરત, વલસાડ કે તાપી જિલ્લાના હળપતિઓ સાથે સીધો સંપર્ક ધરાવે છે. તેમના ઈતિહાસ પરથી આ જાતિ સાથે ભૂતકાળમાં સંબંધો હશે તેવું કેટલીક સામ્યતા તેમજ આર્થિક, શૈક્ષણિક પરિસ્થિતિ પરથી કહી શકાય. પરંતુ આ જાતિને બક્ષીમાં જ અતિ પછાત તરીકે મૂકી શકાય તેવા ઠોસ પુરાવા છે, પરંતુ આદિવાસી તરીકે ગણાવા માટેના કોઈ સબળ પુરાવા નથી.

**રાઠોડ સમાજની ઉત્પત્તિ :**

ગુજરાતમાં રાઠોડ સમાજની વસતિ વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને વાપી સુધી છે. રાઠોડ સમાજની ઉત્પત્તિનો ઉલ્લેખ રાઠોડ સમાજના વહીવંચા બારોટના મુખેથી સાંભળ્યો તે આ મુજબ છે.

જોધપુર કનોજ મૂળ કનોજ - અલ્લાઉદ્દીનના વખતમાં યુધ્ધ થતાં ત્યાંના વણવીરજી મરાયા. તે વખતના રાજા લખધીરજીએ વિચાર્યુ કે આ પાપમાંથી ઉગરવા માટે મારે યાત્રા સંઘ કાઢવો જોઈએ અને આ યાત્રામાં ગુજરાતમાંથી રાઠોડો જોડાયા. લખધીરજી સાથે રાઠોડ સમાજે ફરતાં ફરતાં ચાણોદ અને નર્મદા કિનારે તંબુતાણી વિસામો કર્યો. લખધીરજીએ કર્મ પ્રમાણે ગૌ-બ્રાહ્મણ સેવાનું વ્રત લેતાં બ્રાહ્મણ તરીકે કન્યાદાન દેવું તેવો વિચાર કર્યો. આ વિસ્તારમાં તે વખતે ચાંપાનેર રાજયમાં ચાંપા ભીલનું રાજય હતું. ચાંપો ભીલ તે વખતે એક બ્રાહ્મણ કન્યાને મોહી ગયો. ચાંપા ભીલે બ્રાહ્મણને બોલાવી કહ્યું કે મારે તમારી દીકરી સાથે લગ્ન કરવા છે. બ્રાહ્મણે ચાંપા ભીલ સાથે કાલાવાલા કરી પોતાની દીકરી ભીલ રાજાને ન પરણાવવાની નેમ લીધી. બ્રાહ્મણે ચાંપા ભીલ પાસે મુદત માગી. ત્યાં બ્રાહ્મણને ખબર પડી જોધપુર કનોજના રાઠોડ લખધીરજીનું લશ્કર આવેલ છે. અહીં ભીલનું રાજ, ભીલની સત્તા એટલે બ્રાહ્મણનું

કોણ ? બ્રાહ્મણે ચાંણોદમાં આવી લખધીરજીને વાત કરી કે મહારાજ મારી દીકરીને ચાંપો ભીલ પરણવા માગે છે, તો મારી વાર કરો. લખધીરજીએ વિચાર્યુ કે હું પાપોનું નિવારણ કરવા નીકળ્યો છું ત્યાં મારે આ બળતું ઘર કયાં ભાડે રાખવું ? એટલે લખધીરજીએ બ્રાહ્મણને કહ્યું કે તું ૧,૦૦૦ સોના મહોર ભીલને આપજે એટલે તારી દીકરી સાથે ચાંપો ભીલ લગ્ન નહિ કરે. બ્રાહ્મણ મહોરો લઈ ચાંપાનેર આવી ચાંપા ભીલને કહ્યું કે મહારાજ આ મારી દીકરીને સાટે આ મહોરો આપું છું. તો મારી દીકરી સાથે લગ્ન કરશો નહિ. તે મહોરો ચાંપા ભીલે લીધી અને કહ્યું કે હું આ મહોરો પણ રાખીશ અને તારી દીકરી સાથે લગ્ન પણ કરીશ. વળી ફરીથી બ્રાહ્મણે મુદત માગી, પરત ચાંણોદ આવ્યો અને લખધીરજી મહારાજને કહ્યું કે મહારાજ મારી મહોરો પણ લઈ લીધી અને મારી દીકરી સાથે લગ્ન કરવાની જીદ પકડી છે. ત્યારે લખધીરજીએ કહ્યું કે ભીલ આટલો બધો કલાકાર છે. ક્ષત્રિય કૂળનો ધર્મ કે ગૌ બ્રાહ્મણને રક્ષણ કરવાનો છે તે પતીયાલાના રાજા છે. લખધીરજીએ લશ્કર પરત જોધપુર કનોજ લઈ જવાને બદલે બ્રાહ્મણની વાર કરવા ચાંપાનેર તરફ વાળ્યું. લખધીરજીએ ચાંપા ભીલ સાથે યુધ્ધ કર્યુ. ત્યાં ચાંપા સાથે ત્રણ દિવસના યુધ્ધના અંતે ચાંપો ભીલ મરાયો.

''સવાલાખ સૈન્ય સજી કન્યા બ્રાહ્મણ કાજ
આઈ દરપાવે અદિયા કરિયા ગઢ ભીલરાજ,
મચીયા ત્રણ દિન મામલા મરયા ભીલ લખ સાત,
મદ ભર ચાંપા મરયો કમ ધજ ખર પ્રખ્યાત.

ચાંપો ભીલ મરાયો એટલે તેની સ્ત્રી પ્રેમાવતીને શત ચઢયું ત્યારે રાઠોડોએ હાથ જોડી કહ્યું કે ''માતાજી તમારો ધણી અન્યાય કરતો હતો માટે માર્યો'' અમે તમારૂં રાજપાટ લેવા માટે આવ્યા નથી તો કહે ''મારા ધણીનું ધડ અને મસ્તક લાવો'' અનેક લાશો પડી હતી. તેમાંથી માથું જડ્યું પણ ધડ ન જડ્યું. ક્ષત્રિય / રાઠોડોએ કહ્યું કે માતાજી માથું જડતું નથી. તો મારા ધણીનું ધડ માટીમાં મળી ગયું ત્યારે સતીએ કહ્યું કે તમે આજથી ભૂમિદાર કરજો. એમ કહી અગન જાળ નાખી એ જાળના ભયથી લશ્કરમાં ભળેલા રાઠોડો બચવા માટે દક્ષિણમાં તુળજામાતાને શરણે ગયા. સ્તુતિ કરી ત્યાં માતાજીએ પ્રશ્ન કર્યો કે શું બીક છે, રાઠોડોએ કહ્યું કે અમને સતીની જાળ બાળે છે. ત્યારે માતાજીએ કહ્યું કે તમે મારા માનસરોવરમાં સંતાઈ જાવ. ત્યાં તેડમાં ભરાયા (પાળમાં સંતાયા) તે તલાવિયા કહેવાયા. જે આજે હળપતિ-તલાવિયા તરીકે ઓળખાયા. સતીની અગન જાળ ફરી વળતાં તડમાં સંતાયા તેને કોઈ અસર ન થતાં બચી ગયા. બચ્યા નહિ પણ શરીરે શ્યામ થયા ત્યારે કાંઠામાં દબાઈને રહ્યા તે તળાવિયા તરીકે ઓળખાયા, માનસરોવરના

પાણીમાં ડૂબીને રહ્યા તે દુબળા કહેવાયા. કેટલાક રાઠોડથી રાઠોડિયા થયા. આ રાઠોડોની વસતી સુરત, ભરૂચ અને વડોદરામાં સિમિત છે જેનો ૪૫૦ વર્ષ જૂનો ઈતિહાસ છે. આ સમાજ હાથે પગે આવેલ છે અને અહીંના વિસ્તારના જુદા જુદા ગામોમાં વસવાટ કરેલ છે. આજે તેઓની આર્થિક પરિસ્થિતિ ખૂબજ વિકટ જોવા મળે છે.

(૧) રાઠોડ :

ભારતીય સંસ્કૃતિમાં દરેક જાતિઓનો અનેરો ઈતિહાસ હોય છે. તેવો જ ઈતિહાસ આ રાઠોડ જ્ઞાતિનો છે. પ્રાચીન 'મરુભૂમિ' રાજસ્થાનના પ્રાચીન રાષ્ટ્ર કૂટો સાથે નાતો ધરાવતી આ રાઠોડ જ્ઞાતિએ અનેક ચડતી-પડતી જોઈ છે. મૂળ ક્ષત્રિય જાતિના આ રાઠોડો વિશે ગુજરાતના લોકોને કે ગુજરાત સરકારને કોઈ જાણકારી નથી. મૂળ ભારતનાં જ નાગરિક અને આદિ-અનાદિ કાળથી વસતા રાઠોડો સમયરૂપી કાળના પંજામાં એવા તો ફસાઈ ગયા હતાં કે એના ભૂતકાળ તરફ દ્રષ્ટિ કરીએ તો સાંભળીને જ આપણા ગાત્રો ઢીલા પડી જાય. વિસ્તૃત વર્ણન અહિયા યોગ્ય નથી, માત્ર ટૂંકમાં જ માહિતી મૂકી છે.

ગુજરાતમાં રાઠોડોની વસતિ આશરે દશ લાખ કરતાં વધુ છે, પરંતુ સરકારી દફતરે કોઈ ચોક્કસ આંકડો મળતો નથી. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અલગ - અલગ બતાવવામાં આવેલ છે, જે સાચુ નથી. વાસ્તવમાં તેઓનો રહેઠાણનો પ્રદેશ અલગ છે. પરંતુ જાતિ અલગ નથી. જાતિ તો એક જ છે. 'રાઠોડ' અટક લખાવનારા રાઠોડોની કુલ વસતિના ૯૭ ટકા લોકો છે. માત્ર ૧ ટકા કરતાં ઓછા લોકો હળપતિ, ૧ ટકા તલાવિયા અને ૧ ટકા અન્ય અટક લખાવે છે. પરંતુ તેઓ હળપતિ નથી. ગુજરાતના સમગ્ર જિલ્લાઓના અમારા વાસ્તવિક અભ્યાસ દ્વારા આ જણાયું છે. દરેક જિલ્લાની મતદાર યાદી તેનો બોલતો પુરાવો છે. હા, 'રાઠોડ' અટકધારી વ્યક્તિને તેની પેટાજ્ઞાતિ પૂછવી પડશે. કે તે કયા રાઠોડ છે અને કેવા છે ? રાઠોડીયા છે, તલાવીયા છે કે હળપતિ છે. સરકારી દફતરે પણ 'રાઠોડ' શબ્દનો જ જાતિ તરીકે ઉલ્લેખ હોવો જોઈતો હતો પરંતુ તેમ થયું નથી. ભૂતકાળમાં સંબંધિત કર્મચારીઓએ જે તે ગ્રામપંચાયતમાં જઈ ઉપરછલ્લી લોકવાણીને ધ્યાનમાં લઈ રાઠોડ જ્ઞાતિના પ્રચલિત ગામઠી શબ્દો 'જાતિ' તરીકે નોંધી લીધા છે. ખરેખર તો તે ઉપજાતિ શબ્દો નોંધાયા છે. મૂળ જાતિ તો બાજુમાં જ રહી ગઈ છે. આઝાદીના પ્રણેતા મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, ઠક્કરબાપા, નરહરિ પરીખ અને જુગતરામ દવેએ તેઓના ઉધ્ધારના ઉપાયો સૂચવ્યાં હતાં પરંતુ આઝાદ ભારતમાં તે પ્રત્યે દુર્લક્ષ સેવાયું છે.

(૨) રાઠોડીયા :

ગુજરાતમાં ખાસ કરીને મધ્યગુજરાતના ભરૂચ, વડોદરા, ખેડા, આણંદ, અમદાવાદ, પંચમહાલ વિગેરે જિલ્લાઓમાં 'રાઠોડ' જાતિના લોકોને પ્રાદેશિક હુલામણા નામે 'રાઠોડિયા' તરીકે ઓળખવામાં આવે છે. સરકારી દફતરની બક્ષીપંચ (ઓ.બી.સી.) હેઠળની જ્ઞાતિઓમાં ક્રમાંક : ૫૯ હેઠળ આ જ્ઞાતિને દર્શાવેલ છે. લોકોને 'રાઠોડ' બોલવામાં નાનમ લાગી એટલે ગામઠી ભાષામાં 'રાઠોડિયા' તરીકે જ બોલાવ્યા. બોલચાલની ભાષામાં અને લખાણની ભાષામાં ફરક હોય છે. પરંતુ સર્વે કરનાર સરકારી કર્મચારીઓએ પણ 'રાઠોડીયા' જ લખ્યું. આમ, રાઠોડ જાતિનો અપભ્રંશિત શબ્દ તે જ 'રાઠોડીયા'. ઉપરોક્ત બધા જ જિલ્લાઓમાં અટક તરીકે 'રાઠોડ' શબ્દ જ લખવામાં આવે છે. અન્ય શબ્દો પ્રયોજાતા નથી. મધ્ય ગુજરાતમાં રાઠોડની વસતિ આશરે પાંચ લાખ કરતાં વધુ છે. રાઠોડીયા મોટે ભાગે ભુમિહીન દશામાં જીવે છે. મજૂરી કે અન્ય વ્યવસાય કરીને જીવન ચલાવે છે. નોકર-ચાકરની પ્રથા યથાવત છે. શિક્ષણ ઓછું છે.

કોઈમાં હિન્દુ હળપતિ તરીકે ઉલ્લેખ છે એટલે કે આ જાતિ પોતે અજ્ઞાનતાને કારણે કોઈ ચોક્કસ નિર્ણય ન કરી શકવાને કારણે તેમને બક્ષીમાં મૂકેલ છે. પરંતુ આ જાતિને તો બક્ષીમાં અતિ પછાત તરીકે મૂકીએ તો પણ ખોટું નથી.

મધ્ય ગુજરાતમાં વસતા 'રાઠોડિયા' કે જેઓ રાઠોડ તરીકે પણ ઓળખાય છે. કાળક્રમે અનેક ભેદભાવોને કારણે સ્તરીકરણ થતું રહ્યું છે. જેથી 'રાઠોડ' માંથી રાઠોડિયા, તલાવિયા જેવા વિભાગો થતા રહ્યા અને અલગ ગોળ કે જૂથો રહ્યાં ત્યાં તેમના વિશેનો કોઈ ચોક્કસ આધારભૂત ઈતિહાસ મળવો મુશ્કેલ છે. પરંતુ કેટલાક બારોટોના ઉલ્લેખ અગાઉ દર્શાવ્યા તેમ રાઠોડ, રાઠોડિયા, તલાવિયાની મળેલ દંતકથાઓ પ્રમાણે તેઓ ત્રણસો ચારસો વર્ષ પહેલાં ગુજરાતના દક્ષિણ ભાગમાંથી આવીને મજૂરી અર્થે અથવા તો અર્થોપાર્જનની રીતે મધ્ય ગુજરાતમાં આવીને વસ્યા હોય તેમની અસલિયત ગુમાવી હોય તેવુ લાગે છે.

કોઈ સમાજ અનુ.જનજાતિમાં આવી શકે છે કે કેમ ? તે સંદર્ભે જ્યારે જોઈએ છીએ અને તેમાં સમાજના સામાજિક સંબંધો અને રીતરિવાજોને જોઈએ છીએ ત્યારે એવું ધ્યાને આવે છે કે એવા ઘણા સમુદાયો જ્યા આદિવાસી અને બિનઆદિવાસીઓ સાથે રહેતા હોય ત્યારે બોલી, ખાલીપીણી, પોષાક, મકાન બાંધણી અને રીત-રિવાજોમાં ઘણુ સરખાપણુ જોવા મળે કેમકે એકમેકની સંસ્કૃતીની અસર થાય છે. ત્યારે બાહ્ય રીતે એવું લાગે કે બધા આદિવાસી જ છે. પરંતુ કોઈપણ સમાજના જીવનના દરેક પાસામાં ઊંડાણપૂર્વક ઉતરીયે ત્યારે જ ખ્યાલ આવે કે જે તે સમુદાય ખરેખર આદિવાસી છે કે નહિ ? રહી વાત

આર્થિક સ્થિતિની તો આર્થિક રીતે પછાત હોય તે આદિવાસી લક્ષણ કે ઓળખ નથી. આવી જયારે દ્વિધાભરી પરિસ્થિતિ હોય ત્યારે આપણે અગાઉ વિદ્યવાનોએ આપેલ આદિવાસીની ઓળખ માટે જે કેટલીક બાબત બતાવી છે તેને જોવી જોઈએ, અને તેમાં ૧૯૬૫માં લોકુર સમિતિએ જે આદિવાસીના લક્ષણો બતાવ્યા તેને જોઈને જે તે સમાજની આદિવાસી તરીકેની માંગણીને મૂલવવી જોઈએ. લોકુર સમિતિએ બતાવ્યું છે કે,

(૧) આદિમ લક્ષણો

(૨) અલગ પ્રકારની સભ્યતા

(૩) ભૌગોલિક અલગતા

(૪) અન્ય સમૂહ સાથે સંપર્ક સાધવામાં સંકોચ

(૫) આર્થિક-શૈક્ષણિક પછાતપણું

આ બાબતોને કેન્દ્રમાં રાખી રાઠોડીયા જ્ઞાતિ વિષે વાત કરીએ તો તેમાં માત્ર આર્થિક-શૈક્ષણિક પછાતપણા સિવાય અન્ય કોઈ બાબત જોવા મળતી નથી.

મધ્ય ગુજરાતમાં વસતા રાઠોડિયાઓમાં સામાજિક, ધાર્મિક રીતે થોડી અલગતતા તો છે જ પરંતુ આદિવાસી હોવાના કોઈ ચોક્કસ પુરાવા આધારો પ્રાપ્ય થયા નથી. તેઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે ખૂબજ પછાત છે. તેથી તેઓને બક્ષીપંચમાં મુકેલ છે. અમારો અભિપ્રાય છે કે તેઓને બક્ષીપંચ સૂચિત જાતિઓમાં પણ અતિપછાત તરીકે ગણાવી શકાય અને બક્ષીમાં અતિ પછાત તરીકે મૂકીને જો લાભો અપાય તો ગરીબ અવસ્થામાં જીવન જીવતા આ જૂથનો વિકાસ થઈ શકે. પરંતુ એટલુ ચોક્કસ છે કે રાઠોડીયા જ્ઞાતિમાં આદિવાસી તરીકેના લક્ષણો કે અન્ય બાબતો જણાતી નથી. તેથી આદિવાસીમાં મુકવા માટેની તેઓની માગણી સ્વીકારી શકાય તેમ નથી.

# આદર્શ નિવાસી શાળા મૂલ્યાંકન અભ્યાસ

- ભીખાભાઈ સો. પટેલ

**પ્રસ્તાવના :**

કોઈપણ સ્વસ્થ સમાજને ઘડવાનું, જીવનમૂલ્યોને રક્ષવાનું કામ હંમેશા શિક્ષણ જ કરી શકે. સારૂં અને સાચું શિક્ષણ. શિક્ષણ વ્યક્તિત્વ ઘડતરનું કામ કરે છે. પોતાનો વિદ્યાર્થી ટોળાનો એક ભાગ ન બની જાય એ પોતાની રીતે વિચારતો થાય, નિર્ણય લેતો થાય, કોઈની પણ વાતમાં આવી જઈ માનવતાનો સૌથી મોટો ધર્મ એ ચૂકી ન જાય તે જોવાની નૈતિક ફરજ શિક્ષકની છે. શિક્ષણ એટલે માત્ર ડિગ્રીધારીઓ પેદા કરવાની ફેકટરી નથી. શિક્ષણ એટલે એક સંપૂર્ણ મનુષ્ય બનાવનારી કેળવણી.

એક સમયગાળો હતો જયારે આપણા ત્યાં જનસમાજથી દૂર આશ્રમમાં, ઋષિમુનિઓ દ્વારા શિક્ષણ અપાતું. અહીં ગરીબ વિદ્યાર્થીની સાથે જ રાજકુળના સંતાનો પણ શિક્ષણ લેતાં. શસ્ત્ર, શાસ્ત્રની સાથે શ્રમનું શિક્ષણ એક સમાનગણીને અપાતું એટલે આ વિદ્યાર્થી સમાનતાના સર્વોદયના પાઠ ભણતો, ગાંધીજીની બુનિયાદી તાલીમે સ્વાલંબન, બિનસાંપ્રદાયિકતા, સર્વોદય જેવી પાયાની વાતોને કેન્દ્રમાં રાખેલી. માતૃભાષા દ્વારા અપાતા શિક્ષણ પર ભાર મૂકયો. 'માનવધર્મ' અને 'વિશ્વમાનવ'ની સંકલ્પના દ્વારા ગાંધીજીએ સ્વસ્થ સમાજરચનાની વાત કરી. સર્વોદયની વાત કરી, ગાંધીજી અંગ્રેજી વિષયના શિક્ષણના બિલકુલ વિરોધી ન હતા. પણ શિક્ષણનું અંગ્રેજીકરણ એમને બિલકુલ મંજૂર ન હતું. રાષ્ટ્રની આવશ્યકતાઓની પૂર્તિ માટે વિદ્યાર્થીને જે સક્ષમ બનાવે તેજ ગાંધીજીની દ્રષ્ટિએ સાચું રાષ્ટ્રીય શિક્ષણ હતું. આજે દેશને પૈસે ભણીગણી પરદેશ જતું પ્રથમ વિમાન પકડનાર વિદ્યાર્થી 'સ્વ' સિવાય કશાનો વિચાર કરે છે ખરો ? સર્વોદય કે દેશની ચિંતા કરવાને બદલે માત્ર પોતાની ચિંતા કરતો આ વિદ્યાર્થી નરી ભૌતિકતા તરફ દોટ મૂકી રહ્યો છે. સ્વકેન્દ્રિતા અને ઉપભોક્તાવાદી માહોલે એને 'મને શો ફાયદો?' એટલું જ વિચારતાં શીખવ્યું છે.માતૃભાષા સાથે કપાઈ ગયેલા નાતાના કારણે જીવનમૂલ્યો, સંસ્કૃતિની સમજથી એ આપોઆપજ કપાઈ ગયો છે. આવો વિદ્યાર્થી સ્વસ્થ નાગરિક સમાજના ઘડતરમાં કઈ રીતે ફાળો આપવાનો ?

મૂલ્યનિષ્ઠ શિક્ષણ, મનુષ્યને સંપૂર્ણ મનુષ્ય બનાવનારૂં, વ્યક્તિત્વ ઘડનારા શિક્ષણની વાત કરતા પહેલાં આજના શિક્ષણ તરફ નજર નાખીએ તો આજે ભણતરના ભારણ તળે દબાઈ કચડાઈ જતો આજનો વિદ્યાર્થી વર્ગમાં ભલે નંબર લાવે પણ એનું વિસ્મયનું જગત ખોવાઈ ગયું છે. આજે ભણતરના ભારણે વાચનરસ કે વાર્તારસનો તો છેદ જ ઉડાદી દીધો છે. આજના અભણ ૮૫/૯૦ ટકા લાવનાર વિદ્યાર્થીની હાલત જોઈએ તો અતિશય મર્યાદિત શબ્દભંડોળ, મૌલિકતાનો સદંતર અભાવ, ભાષા પર બિલકુલ પ્રભુત્વ જ નહિ, આજના શિક્ષકોએ એને એટલી હદે સપાટી પર છબછબિયાં કરતો કરી દીધો છે કે, ન તો એને ભૂગોળ ખબર છે ન ઈતિહાસ, સંસ્કૃતિની જેટલી સમજ છે એ એટલી તો સાંકડી છે કે ''વસુધૈવ કુટુંબકમ્' કે વિશ્વમાનવની વાત એની સમજના દાયરામાં આવતી જ નથી. સાવ છીછરૂં, સપાટી પરનું શિક્ષણ ન તો જીવનમૂલ્યોનું સિંચન કરે છે કે ન તો જીવન ઘડતરનું. વ્યક્તિત્વ ઘડતરનું કામ

કરે છે. વળી જાણ્યે અજાણ્યે આ છીછરા સપાટી પરના શિક્ષણે વિદ્યાર્થીને 'હું કંઈક છું' ના ઈગોમાં રાચતો કરી દીધો છે. એ પોતાને મહાજ્ઞાની સમજતો થઈ ગયો છે. ન વધારાનું વાંચન રહ્યું, ન કલ્પનાલોકને સાથે રહ્યો. ન કુદરતની સાથેનો નાતો રહ્યો. પરિણામે વનસ્પતિશાસ્ત્ર જેવા વિષયમાં ૭૫/૮૦ ટકા લાવનાર વિદ્યાર્થી બગીચાના એકપણ છોડને નામથી ઓળખી શકતો નથી. આપણે એને પુસ્તિકયા જ્ઞાન સુધી મર્યાદિત કરી દીધો છે. મર્યાદિત અભ્યાસક્રમ સુધી સિમિત કરી દીધો છે. આ ભોગળો ખૂલે સાચા અને સારા શિક્ષણથી.

આદિવાસી સમાજના ઉત્કર્ષનો મોટો આધાર કેળવણી છે. શિક્ષણના અભાવે આદિવાસી પ્રજા આઝાદીના ૬૨ વર્ષ પૂરાં થયા છતાં અત્યાર સુધી અંધકારમાં જ અટવાતી રહી છે. આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને ભૌતિક રીતે બીજા સમાજ કરતા પાછળ રહી છે. આઝાદી પૂર્વે અને પછી પણ શોષણ અટક્યું નથી. ત્યારે વિવિધ રીતે પાંગળી બની ગયેલી આ પ્રજાના વિકાસ માટે તેમનામાં નવા પ્રાણનું સિંચન કરવા માટે શિક્ષણ એજ ઉત્તમ સાધન પુરવાર થાય તેમ છે. આદિવાસી પ્રજાના સામાજીક, સાંસ્કૃતિક અને આર્થિક ઉત્થાન માટે શિક્ષણ એજ ઉત્તમ ઈલાજ છે. આજે રાજયની આદિવાસી વસતિ ધરાવતા પૂર્વ પટ્ટીના ૧૨ જિલ્લાના ૪૩ તાલુકાઓમાં સ્થપાયેલ ૪૩ આદર્શ નિવાસી શાળા આદિવાસી પ્રજાના બાળકો માટે શિક્ષણનો પ્રાણ પૂરવામાં સહાયભૂત થઈ રહી છે. શિક્ષણની શક્તિને આપણે ઉતરતી ન આંકવી જોઈએ. શિક્ષણ દ્વારા આમુલ પરિવર્તન લાવી શકાય. તેમાંય ટેક્નોલોજીનું શિક્ષણ, ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષય સિવાય શક્ય નથી. ત્યારે આદિવાસી બાળકો આ બધા વિષયોને સાથે રાખી ટેક્નોલોજી તરફ વળે, ગરીબ વિદ્યાર્થીઓને સીધો ફાયદો થાય તે હેતુથી આદિવાસી વિદ્યાર્થીઓ ખાસ કરીને ઉચ્ચતર અભ્યાસમાં વિજ્ઞાનક્ષેત્રે આગળ વધે, અને મેડીકલ, ટેકનીકલ કોલેજોનાં પ્રવેશ મેળવી તેમની ક્ષમતા પુરવાર કરી વિજ્ઞાન ક્ષેત્રે જે શક્તિ પડેલી છે તેને બહાર લાવવા ગંભીર વિચારણાને અંતે રાજય સરકારે શિક્ષણ ક્ષેત્રે પાછળ રહી ન જાય તે હેતુથી ૧૯૮૬થી આદર્શ નીવાસી શાળાઓ શરૂ કરી છે. આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી પ્રજાના બાળકો એક જ જગ્યાએ રહી રહેવા-જમવાની સુવિધા મળે તેમજ ધોરણ ૮ થી ૧૦ અને ઉચ્ચતર ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ, વિનયન- વાણિજયની સાથે સાથે વિજ્ઞાનપ્રવાહમાં વધુ બાળકો આવે તે છે. તેમજ તેમને વિજ્ઞાનક્ષેત્રે તક આપી મેડીકલ, એન્જિનિયરીંગ અને ટેકનિકલ ક્ષેત્રોમાં સહેલાઈથી પ્રવેશ મેળવી શકે તે હતો. સાથે સાથે આદિવાસી બાળકોની ઉજ્જવળ કારકિર્દી માટે આદર્શ નિવાસી શાળાઓ કેટલે અંશે ઉપયોગી થઈ છે તે જોવું જરૂરી બને છે. આદર્શ નિવાસી શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓ, તેમને પ્રાપ્ત થતી તકોમાં કેવા પ્રકારની સગવડ, વ્યવસ્થા મળે છે અને કેટલા અંશે તેમની ઉજ્જવળ કારકિર્દી માટે સફળ થઈ તે જોવું આવશ્યક બને છે. સાથે સાથે તેમાં દ્રષ્ટિપાત થતી ક્ષતિઓને પણ દૂર કરવાના પ્રયત્નોમાં શું કરવું ઘટે તે ધ્યાનમાં લઈ અભ્યાસ કરેલ છે. તેના માટે કેટલાક હેતુઓ નક્કી કરી સંશોધન પદ્ધતિના ઉપયોગથી આ અભ્યાસ હાથ ધરેલ હતો.

**અભ્યાસના હેતુઓ :**

★ જેમ એક નાનકડા વડલાના બીજમાં એક મહાવડની શક્તિ પડેલી છે તેમ રાજયના પૂર્વ પટ્ટીમાં વસતા આદિવાસી બાળકોમાં આજે પણ એક અનંત મહાશક્તિ એક બીજરૂપે પડેલી છે. જરૂર છે માત્ર તેના ફલીનીકરણની. એ કાર્ય કેળવણી દ્વારા, શિક્ષણ દ્વારા જ ફલિભૂત થઈ શકે તેમ છે. શિક્ષણ એટલે કે મનુષ્યની અંદર પડેલી અનંત શક્તિઓને, તેના હિર ને બહાર લાવવાનું એક અતિ મહત્વનું અંગ છે. કેળવણીનો હેતુ બાળકને તેમજ આખા સમાજને ભાવિ જીવન માટે તૈયાર કરવાનો એક સરળ માર્ગ છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં ઉન્નતિ લાવવા આ સમાજના બાળકોનો સર્વાંગી વિકાસ સાધવા તેના ચારિત્ર્ય ઘડતરની સાથે તન, મનનો વિકાસ થાય, તેની ભાવનાઓ ઉન્નત અને ઉર્ધ્વગામી બને અને તે સમાજને રાષ્ટ્રને ઉપયોગી થાય તે પ્રકારનું શિક્ષણ આપવાનો મુખ્ય હેતુ છે.

★ પાયાની કેળવણીની શોધને ગાંધીજીએ પોતાની અણમોલ અને ઉત્તમ ભેટ કહી છે. હિંદમાં નવસંસ્કૃતિના નિર્માણ માટેનો તે નક્કર કાર્યક્રમ છે. તેની અંદર સાચેજ નવનિર્માણની ક્રાંતિશક્તિ રહેલી છે, જરૂર છે તેને બહાર લાવવાની, આ માટે બાળકને ઉપયોગી એવા ઉદ્યોગની આજુબાજુ શિક્ષણને સાંકળવાથી તે ઉદ્યોગ બાળકને અને સમાજને ઉપયોગી બને છે. તેમાં નવી તાલીમ મહત્વનો ભાગ ભજવી શકે તેમ છે. તેના ભાગરૂપે રાજયના આદિવાસી વસતિ ધરાવતા દરેક જિલ્લાઓમાં ચાલતી આદર્શનિવાસી શાળાઓ આદિવાસી પ્રજાના બાળકો માટે તેમના જીવનમાં પરિવર્તન માટે ઉપયોગી અને અનુરૂપ થઈ રહી છે ત્યારે તેમાં એ પણ ચકાસવું છે કે બાળકોને નક્કી કરેલા ધોરણે પ્રવેશ મળે છે?

(૧) આદર્શ નિવાસી શાળાની પ્રાપ્ય સુવિધાઓ આ બાળકોને સફળતાની સીડી પાર કરવામાં કેટલે અંશે ઉપયોગી થઈ શકશે ?

(૨) નિવાસી શાળાઓનાં શિક્ષકોની ક્ષમતા તેમજ વહીવટીય કાર્યદક્ષતાને ચકાસવી.

(૩) આદિવાસી બાળકોની પ્રવેશની સાથે તેમના પરિણામો તે પણ ચકાસવા.

(૪) આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ પછીની વિદ્યાર્થીની ક્ષમતા, શિક્ષકોની નિમણુંક બાબતે અને ઊઠી જનાર વિદ્યાર્થીઓ અંગે માહિતી મેળવવી.

(૫) આદિવાસી વિસ્તારમાં ચાલતી આદર્શ નિવાસી શાળાઓની સાથે તેમના જ વિસ્તારમાં ચાલતી ખાનગી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્તર ચકાસવું.

(૬) ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજીના વિષયોમાં વધુ જાણકારી મળે તે હેતુથી વધારાના શિક્ષકોને બોલાવવા અંગે અને તેના મહેનતાણા અંગે શું ફેરફાર કરી શકાય તે ચકાસવુ.

(૭) નિવાસી શાળાઓમાં શૈક્ષણિક તેમજ ભૌતિક સુવિધાઓ અંગેની સમીક્ષા કરવી.

પ્રસ્તુત તપાસમાં ઉક્ત કેટલાક હેતુઓને ધ્યાનમાં લઈ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જેના થકી બાળક આદર્શ નિવાસી શાળામાં ધો.૮માં પ્રવેશ મેળવી ધો.૧૦ અથવા ધોરણ-૧૨ સુધીના શિક્ષણ

પછી તે તેના અપેક્ષિત ધ્યેય સુધી પહોંચે છે કે કેમ ? તેમજ આદર્શ નિવાસી શાળાઓ આજે ફેરફાર ઊભો કરવામાં આવે છે. સાથે સાથે બીજી કેટલીક વધારે શાળાઓની શરૂઆત થઈ રહી છે ત્યારે તેનો હેતુ કેટલા અંશે બર આવ્યો તેની વિગતો ચકાસવા રાજયની આદિવાસી વિસ્તારની ૪૩ આદર્શ નિવાસી શાળાઓને સાથે રાખી માર્ચ-૨૦૦૮માં આ અભ્યાસની જરૂરી આંકડાકીય વિગતો મેળવવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસની વિગતો એકત્રિત કરવા માટે રાજયની ૪૩ આદર્શ નિવાસી શાળાઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ જુદી જુદી પ્રવિધિઓના ઉપયોગથી આદર્શનિવાસી શાળાઓના વહીવટ શાળાઓની ઉપલબ્ધ સુવિધાઓ, શાળા પ્રત્યેના વિદ્યાર્થીઓના વાલીઓના મંતવ્યો, શાળાના શિક્ષકોના વિદ્યાર્થીઓ માટેના મંતવ્યો, શૈક્ષણિક બાબતો તેમજ કેટલીક સૈધ્ધાંતિક બાબતોને આવરી લઈ વાસ્તવિક પરિસ્થિતિને યથાસ્થિતિ ચકાસીને રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે.

**સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ :**

આદર્શ નિવાસી શાળા મૂલ્યાંકન અભ્યાસ માટે મુખ્યત્વે પ્રત્યક્ષ મુલાકાત દ્વારા, અનુસૂચિના ઉપયોગથી નિરીક્ષણ દ્વારા આદર્શ નિવાસી શાળાઓની વિગતો મેળવી. જેમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેની પરિસ્થિતિની જાણકારી મેળવીને શાળામાં પ્રવેશના ધોરણો, વિદ્યાર્થીઓની હાજરી, વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની રૂચિ, વિદ્યાર્થીઓને મળતી ભૌતિક સગવડો, રહેઠાણ, ખોરાક અને શૈક્ષણિક સવલતોની વિગતો માટે ત્રણ અલગ અલગ પત્રકો થકી માહિતી મેળવી હતી. આ પત્રકો દ્વારા રૂબરૂ મુલાકાતથી મેળવેલ માહિતીને જુદા જુદા પ્રકરણોમાં તેના વિશ્લેષણ કરી દર્શાવવામાં આવેલ છે.

**પ્રકરણકરણ :**

આદિવાસી વિસ્તારની ૪૩ આદર્શ નિવાસી શાળાઓની સમગ્ર માહિતીને નીચે મુજબ નિરૂપણ કરી અહેવાલને સંપૂર્ણ ન્યાય આપવાનો પ્રયત્ન કરેલ છે.

પ્રકરણ : ૧ : પ્રસ્તાવના અને સંશોધન પદ્ધતિઓ તેમજ પ્રકરણીકરણની વિગતો

પ્રકરણ : ૨ : આદર્શનિવાસી શાળાઓનો પરિચય અને શાળાનો માહિતીનું વિશ્લેષણ

પ્રકરણ : ૩ : આદર્શ નિવાસી શાળાના શૈક્ષણીક કર્મચારીઓની વિગત

પ્રકરણ : ૪ : આદર્શ નિવાસી શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓના વાલીઓનો યથાસ્થિતિ અહેવાલ અને અભિપ્રાય

પ્રકરણ : ૫ : નિષ્કર્ષ

ઉપરોક્ત દર્શાવેલ જુદા જુદા પ્રકરણોમાં એકત્રિત માહિતીનું વિશ્લેષણ કરી અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી દરેક પ્રકરણમાં માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. જેમાં દરેક હેતુઓની સિધ્ધિ થાય છે કે કેમ ? તેની વિગતો જોઈ શકાય છે.

આગળના અલગ અલગ કોઠાઓ પરથી આદર્શનિવાસી શાળાઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીઓની હોદ્દાવાર, જાતિવાર વિગતો, કર્મચારીઓ કેટલા સમયથી આદર્શનિવાસી શાળાઓનાં કામ કરે છે તેના અનુભવની વિગતો તેમજ તેમને મળતા પગાર ભથ્થાંની વિગત થકી શિક્ષકોની કામગીરીની સમીક્ષા થાય છે.

**આદર્શ નિવાસી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ :**

**આદર્શનિવાસી શાળાઓમાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૮ દરમ્યાન અભ્યાસ કરતા અને અભ્યાસ પૂર્ણ કરી ગયેલ વિદ્યાર્થીઓ :**

પ્રસ્તુત તપાસમાં આદર્શનિવાસી શાળામાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન અભ્યાસ કરી ગયેલ બાળકોની કુલ સંખ્યા, કેટલા વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવ્યું તે અંગેની જાતિવાર, ધોરણવાર સંખ્યા જોઈએ તો વર્ષ ૨૦૦૬માં ૪૩ આદર્શનિવાસી શાળાઓમાં ૫,૨૯૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. જે સંખ્યા વધીને ૨૦૦૭માં ૫,૭૬૫ થઈ જ્યારે ૨૦૦૮માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૬,૨૩૫ની થઈ હતી જેની વિગત કોઠા નં.૧૬માં દર્શાવેલ ગ્રાફ પરથી જોઈ શકાય છે. આદર્શનિવાસી શાળાઓમાં દિનપ્રતિદિન વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. જે છેલ્લા ત્રણ વર્ષની આંકડાકીય માહિતી ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે. આદિવાસી વિસ્તારમાં શિક્ષણની દિશામાં આવેલ પરિવર્તન ને લીધે, અને મળતી સુવિધાઓને કારણે આદિવાસી બાળકો વધુને વધુ આદર્શનિવાસી શાળા તરફ વળ્યા છે.

આદર્શનિવાસી શાળાઓમાં જાતિવાર વિદ્યાર્થીઓની સંખ્યામાં દરેક આદર્શ નિવાસી શાળામાં ૨૦૦૬ના વર્ષ કરતાં ૨૦૦૮ના વર્ષમાં ધોરણવાર બાળકોની સંખ્યા વધી છે. જેની વિગત કોઠા નં.૧૭માં ૪૩ આદર્શનિવાસી શાળાઓની વિગતો દર્શાવી છે તે કોઠાના અભ્યાસ પરથી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં દાંતા થી અંબાજીના વિસ્તારમાં વધુને વધુ બાળકો શાળાએ જતાં થયાં છે, તે સ્પષ્ટ થાય છે. તેની પાછળનું મુખ્યકારણ વાલીઓમાં આવેલી જાગૃતિ, તેમજ શિક્ષણના લાભોથી પરિચય કેળવી આજે વાલીઓ તેમના બાળકોને અભણ રાખવા માગતા નથી. તે કોઠા નં.૧૭માં દર્શાવેલ આંકડાકીય વિશ્લેષણ પરથી જોઈ શકાય છે.

કોઠા નં.૧૭માં આદર્શ નિવાસી શાળા મુજબ કુલ એસ.સી., એસ.ટી અને ઓ.બી.સી. વિદ્યાર્થીઓ ~~હતા તેની વિગતો પણ જોઈ શકાય છે. આદિવાસીઓ માટેની આદર્શનિવાસી શાળાઓમાં એસ.સી. અને અન્ય વિદ્યાર્થીઓની સંખ્યા નહિવત હતી.~~

કોઠા નં.૧૮માં દર્શાવ્યા મુજબ કુલ વિદ્યાર્થીઓની માહિતી જોઈએ તો વર્ષ ૨૦૦૬માં ધોરણ-૮માં કુલ ૨,૨૧૧, ધોરણ-૯માં ૧,૬૭૩ અને ધોરણ-૧૦માં ૧,૪૬૦ની સંખ્યા હતી. વર્ષ ૨૦૦૭માં ધોરણ-૮માં ૨,૨૬૦, ધોરણ-૯માં ૧,૭૧૫ અને ધોરણ-૧૦માં ૧,૫૨૯ની સંખ્યા હતી, જ્યારે વર્ષ ૨૦૦૮માં

ધોરણ-૮માં ૨,૨૬૩, ધોરણ-૯માં ૧,૮૭૫ અને ધોરણ-૧૦માં ૧,૪૮૨ની કુલ સંખ્યા હતી. જેની કુમાર-કન્યાની ૪૩ની આદર્શનિવાસી શાળાની શાળાવાર માહિતી કોઠા નં.૧૮માં દર્શાવેલ કુલ સંખ્યાની વિગતો પરથી ખ્યાલ આવશે.

કોઠા નં.૧૮/૧માં કુલ વિદ્યાર્થીઓ પૈકી આદિવાસી બાળકોની શાળાવાર માહિતી દર્શાવી છે. જેમાં વર્ષ ૨૦૦૬માં ધોરણ-૮માં કુલ ૧,૯૫૮ વિદ્યાર્થીઓ એટલે કે ૮૯ ટકા બાળકો આદિવાસી (કુમાર-કન્યા) હતા. ધોરણ-૯માં ૧,૪૯૭ એટલે કે ૮૯ ટકા બાળકો આદિવાસી હતા. ધોરણ-૧૦માં ૧,૩૨૪ એટલે ૯૧ ટકા બાળકો આદિવાસી હતા. અહીં ધોરણ-૮ અને ૯માં એકસરખી સંખ્યા જોવા મળી હતી, જયારે ધોરણ-૧૦માં કુલ બાળકોની સરખામણીએ આદિવાસી બાળકોની સંખ્યા વધી હતી. તે સ્પષ્ટ જોઈ શકાય છે.

એજ રીતે વર્ષ ૨૦૦૭માં ધોરણ-૮ના કુલ બાળકોની સંખ્યામાંથી ૨,૦૮૯ કુમાર-કન્યા એટલે કે ૯૨ ટકા, ધોરણ-૯માં ૧,૬૧૯ એટલે કે ૯૪ ટકા અને ધોરણ-૧૦માં ૯૩.૮૫ ટકા એટલે કે ૯૪ ટકા કુમાર-કન્યા હતા. અહીં વર્ષ ૨૦૦૬ની સરખામણીએ ૨૦૦૭માં આદિવાસી બાળકોની સંખ્યા ધોરણવાર વધેલી જોઈ શકાય છે.

વર્ષ ૨૦૦૮માં કુલ કુમાર-કન્યાની સરખામણીએ આદિવાસી બાળકો ધોરણ-૮માં ૯૩.૪૦ ટકા હતા, ધોરણ-૯માં ૯૪.૭૭ ટકા બાળકો આદિવાસી સમાજના હતા, જયારે ધોરણ-૧૦માં ૯૪.૧૨ એટલે કે મોટાભાગના બાળકો આદિવાસી સમાજમાંથી આવેલા હતા.

અહીં કોઠા નં.૧૮ અને ૧૮/૧માં રાજયની ૪૩ આદર્શ નિવાસી શાળાઓમાં કુલ કુમાર અને કન્યાની વિગતો શાળાવાર દર્શાવી છે. બંને કોઠાના અભ્યાસથી આદર્શનિવાસી શાળામાં વિસ્તાર પ્રમાણે દાંતાથી ડાંગ સુધીની અને અમદાવાદ તેમજ ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની સંખ્યામાં પણ ઘણો મોટો તફાવત જોવા મળેલ છે. જેમાં કોઠા જોવાથી વિશેષ ખ્યાલ આવશે.

**આદર્શ નિવાસી શાળામાં ભણતાં બાળકોની સિધ્ધી :**

આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતાં આદિવાસી કુમાર-કન્યાઓના પરિણામની વિગતો જોતાં વર્ષ ૨૦૦૦-૨૦૦૧ કરતાં વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૮ દરમ્યાન જુદી જ પરિસ્થિતિ જોવા મળી છે. છેલ્લા દાયકામાં આદર્શ નિવાસી શાળાઓનું શિક્ષણનું સ્તર સતત ઊંચું આવ્યું છે તેમ કહીએ તો ખોટું નથી કારણ કે વર્ષ ૨૦૦૬ થી વર્ષ ૨૦૦૮ના મેળવેલ ધોરણવાર પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે વિદ્યાર્થીઓની રૂચિ પણ શિક્ષણમાં જળવાઈ રહી છે. તેમની ગૃહણશક્તિ પણ વધી છે.

વર્ષ ૨૦૦૬ના પરિણામની વિગત જોઈએ તો ધોરણ-૮માં ૮૭.૪૩ ટકા, ધોરણ-૯માં ૯૧.૨૨ ટકા અને ધોરણ-૧૦માં ૬૪.૧૭ ટકા વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયા હતા. જયારે વર્ષ ૨૦૦૭ના ધોરણ-૮થી ૧૦ અને ધોરણ-૧૨-૧૨ના પરિણામોમાં પણ ખુબ મોટો ફેરફાર જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૦૭ના પરિણામોની વિગત જોઈએ તો ધોરણ-૮માં ૮૫ ટકા, ધોરણ-૯માં ૯૫.૨૯ ટકા અને ધોરણ-૧૦માં ૭૮.૭૫ ટકા

પરિણામ જોવા મળ્યું હતું એટલે કે વર્ષ ૨૦૦૬ની સરખામણીએ ધોરણ-૯-૧૦માં ૪ થી ૧૪ ટકાનો તફાવત જોવા મળ્યો હતો. એજ રીતે વર્ષ ૨૦૦૮ના પરિણામ પર દ્રષ્ટિ કરીએ તો વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭ કરતાં પરિણામમાં ઘણો સુધારો જોવા મળ્યો હતો. જેની વિગત કોઠા નં.૧૯, ૧૯/૧ અને ૧૯/૨ પરથી જોઈ શકાય છે.

કોઠા નં.૧૯/૩માં આદર્શ નિવાસી શાળાના મુખ્ય ઉદ્દેશને ધ્યાનમાં રાખી જોઈએ તો ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયમાં કેવું અને કેટલું પરિણામ આવ્યું તેની વિગત જોતાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયમાં પાસ થવાની સાથે પ્રથમવર્ગ અને ડીસ્ટીંકસનના ગુણ મેળવી પાસ થયેલ જોવા મળેલ છે.

આદર્શનિવાસી શાળાના પરિણામની વિગતો પરથી એ પણ જોઈ શકાય છે કે છેલ્લા દાયકામાં અપવ્યયનું પ્રમાણ સવિશેષ ઘટયું છે. હવે તેના સારા પરિણામો મળે છે. જો તેના પરિણામ ઉપરથી જોઈ શકાય છે.

કોઠા નં.૧૯/૪ અને ૧૯/૫માં દર્શાવ્યા મુજબ જોઈએ તો વર્ષ ૨૦૦૬માં ગણિતના વિષયની કુલ ૧,૩૩૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧,૦૭૬ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. એટલે કે ૮૦.૫૪ ટકા ગણિતનું પરિણામ આવ્યું હતું. ૨૦૦૭માં કુલ ૧,૪૫૮માંથી ૧,૨૦૭ વિદ્યાર્થીઓ એટલે કે ૮૨.૭૮ ટકા પાસ થયા હતા. જયારે ૨૦૦૮માં ગણિતના વિષયમાં કુલ ૧,૫૩૫ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાં ૧,૩૭૪ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ટૂંકમાં દિનપ્રતિદિન આદર્શ નિવાસી શાળાઓના પરિણામમાં ઘણો સુધારો જોવા મળેલ છે. જે કોઠા નં.૧૯/૪ પરથી જોઈ શકાય છે.

એજ રીતે કોઠા નં.૧૯/૫માં દર્શાવ્યા મુજબ વિજ્ઞાન વિષયમાં ૨૦૦૬ દરમ્યાન ૧,૩૩૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧,૧૨૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા, એટલે કે ૮૪.૫૭ ટકા પરિણામ હતું. ૨૦૦૭માં ૧,૪૫૮ વિદ્યાર્થીઓમાંથી ૧,૨૮૨ વિદ્યાર્થીઓ એટલે કે ૮૭.૯૩ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જયારે ૨૦૦૮માં ૧,૫૩૫ વિદ્યાર્થીઓમાંથી ૧,૩૯૩ વિદ્યાર્થીઓ એટલે કે ૯૦.૭૫ ટકા વિદ્યાર્થીઓ સફળ થયા હતા. અહીં એ સ્પષ્ટ જોઈ શકાય છે કે આદર્શ નિવાસી શાળાનો જે મૂળ આશય હતો કે ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજીના વિષયમાં બાળકો સારૂં શિક્ષણ મેળવી સારા ટકા લાવી આગળ અભ્યાસ કરી ટેકનીકલ વિષયો તરફ વળે અને સારી રોજગારી પ્રાપ્ત કરે તે આશય સિધ્ધ થતો જોઈ શકાય છે. કેમકે ગણિતની સાથે સાથે વિજ્ઞાન વિષયમાં પણ વધુ ને વધુ વિદ્યાર્થીઓ સારા માર્કસ સાથે ઉત્તિર્ણ થતા જોવા મળે છે.

ગણિત-વિજ્ઞાનની સાથે સાથે અંગ્રેજી વિષયનું પરિણામ જોઈએ તો કોઠા નં.૧૯/૭માં અંગ્રેજી વિષયના પરિણામની ટકાવારી દર્શાવી છે. જેના પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે બાળકોનું ૨૦૦૬માં અંગ્રેજી વિષયનું પરિણામ ૮૪.૨૮ ટકા હતા. જે ૨૦૦૭માં ૯૪.૮૬ ટકા થયું અને ૨૦૦૮માં ૯૭.૩૩ ટકા થયું એટલે કે અંગ્રેજીમાં પણ બાળકો સારા માર્કસ મેળવી પાસ થાય છે.

# અમદાવાદમાં વસતી બરોડીયા જનજાતિ : પાયાનું સર્વેક્ષણ

ડૉ. રવીન્દ્ર પંચોળી

**પ્રારંભિક :**

આદિજાતિ વિકાસ વિભાગ અને ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) દ્વારા શહેરી આદિવાસીઓના વિકાસ વિશે વિચારાતા અમદાવાદ શહેરમાં વસતિ બરોડિયા જનજાતિની હાલની પરિસ્થિતિનું આકલન કરતા સર્વે માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને કામ સોંપવામાં આવ્યું.

શહેરી અને ગ્રામીણ આદિવાસી સમાજના પ્રશ્નોમાં ઘણાં તફાવતો છે, જેમકે બંનેના આર્થિક ઉપાર્જનના ક્ષેત્રો બિલકુલ જુદા છે, તેવી જ રીતે શહેરોમાં કામના પ્રકારો (Type of Work) વધુ હોવાથી કામની વહેંચણી પણ ઘણી સંકુલ જોવા મળે છે. આ જ રીતે શહેરી આદિવાસીઓએ ટકી રહેવા માટે ઘણી વધારે ક્ષમતા મેળવવી જરૂરી છે તેવું દેખાઈ રહ્યું છે. પરંતુ આદિજાતિ વિસ્તારમાં જે સાંસ્કૃતિક બાબતોને વિકાસ સાથે સાંકળીને કાર્ય આયોજનો કરવાના બને છે તેવું શહેરી વિસ્તારોમાં જોવા મળતું નથી, અન્ય શહેરી ગરીબોની જેમજ આદિજાતિ પણ વસે છે તેવું સ્પષ્ટપણે દેખાય છે. આથી અન્ય શહેરી ગરીબી નિવારણના કાર્યક્રમો સાથે તેઓને સાંકળમાં આવે તો ઈચ્છિત પરીણામો મળી શકે તેમ લાગે છે.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ અત્રે દર્શાવ્યા છે.

- અમદાવાદ શહેરમાં વસતા બરોડિયા જનજાતિના કુટુંબોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ જાણવી.
- આવકના સ્ત્રોતો જાણવા
- ઘરવપરાશની વસ્તુઓ પરથી આર્થિક પરિસ્થિતિનો તાગ મેળવવો
- તેઓના કૌશલ્યો (Skill) અને તેના ઉપયોગ જાણવા, વિકાસની શક્યતા તપાસવી
- શિક્ષણનું સ્તર અને હાલ બાળકોના શિક્ષણની પરિસ્થિતિ જાણવી
- હાઉસીંગના પ્રશ્નો - હાઉસીંગના ખાસ પ્રયત્નને તપાસવો
- શા માટે સદ્‌ભાવના નગરમાં રહેવાનું નથી પસંદ કરતા ?
- હાઉસીંગ લોનની પરિસ્થિતિ શું છે ?
- હાઉસીંગ બોર્ડ દ્વારા ફાળવણી સમયે કરવામાં આવેલી શરતો તપાસવી
- વિકાસ માટે દરમ્યાનગીરીના ક્ષેત્રો શોધવા

ઉપરોક્ત બાબતોને આવરી લઈને અત્રે જુદીજુદી માહિતી એકત્ર કરીને મૂકી છે, જેનાથી બરોડિયા જનજાતિના જીવનના જુદા જુદા પાસાંઓનો ચોક્કસ ખ્યાલ આવી શકે.

**બરોડિયા - જનજાતિ પરિચય :**

અમદાવાદમાં વસતા 'બરોડિયા' જાતિના લોકોને હિંદુ મરાઠા, વાંસફોડા, હિંદુ વાંસફોડા, દક્ષિણી-વાંસફોડા વગેરે નામથી ઓળખવામાં આવે છે. આ જાતિના ઈતિહાસ અને મૂળ વિષે ચોક્કસ પ્રકારની લેખિત તેમજ મૌખિક દંતકથા છે.

બરોડીયા એ મૂળ દક્ષિણની મહારાષ્ટ્ર અને કર્ણાટકની બરૂડ જાતિનું એમ બન્નેનું પ્રતિનિધિત્વ કરતા હોય તેવું તેઓના રીત-રિવાજ, ધાર્મિક માન્યતા, દેવ-દેવી વગેરે ઉપરથી લાગે છે. દક્ષિણના બરૂડ જ સ્થળાંતર કરીને ગુજરાતમાં આવીને વસ્યા બાદ પરંપરાગત ધંધો વાંસકામ ચાલુ રાખ્યો અને ગુજરાતમાં વાંસફોડાનો સામાજિક દરજ્જો ઊંચો હોવાથી તેમાં ભળવાનો તેમણે પ્રયાસ કર્યો છે. સામાજિક દરજ્જાના મોહથી અને અજ્ઞાનતાને કારણે બરોડીયાઓએ પોતાની જાતને વાંસફોઢા તરીકે ગણવાનું શરૂ કર્યુ હતું.

બરોડીયા જાતિના પંચ દ્વારા તેઓની અટક (કુળ) દ્વારા દશાવવામાં આવ્યા છે. આ અટકો (કુળ) માંથી અમુક અટકો (કુળ) (મોરે, સોનવણે, ખૈરે, ચીંચવલે) The Tribes and Castes of Bombay 91920 P.No. 256) માં બરૂડ જાતીની અટકો (કુળ) રૂપે દર્શાવવામાં આવી છે.

અમદાવાદમાં બરોડીયા જાતિના રહેણાંક વિસ્તારો :

અમદાવાદ શહેરમાં બરોડીયા જાતિની વસતિ મુખ્યત્વે શ્રમજીવી વસાહતો અને ઝૂંપડપટ્ટીમાં જોવા મળે છે. સાબરમતી નદીના પટમાં આવેલ ઝૂંપડપટ્ટીથી લઈને માધુપુરા, લુણસાવાડ, દિલ્હી ચકલા, હાટકેશ્વર, પાલડી, મણિનગરની અલગ અલગ વસાહતોમાં બરોડીયા વસે છે. હાલ છતેઓની મોટી વસાહત સદ્ભાવના નગર, હાથીજણ છે. જ્યાં ૧૬૬ જેટલા મકાનો સરકારશ્રીની મદદથી અમદાવાદના બરોડીયા પરિવારો માટે બાંધવામાં આવેલ છે. તેમાં પરિવારો રહે છે. તદ્ઉપરાંત અમદાવાદ શહેરમાં મુખ્યત્વે હાટકેશ્વર, રાયપુર નદીના પટમાં અને મણિનગરમાં તેઓ રહે છે.

**તારણો :**

- જાતી અથવા લિંગ એ વ્યક્તિની વ્યક્તિગત તથા સામાજિક પાર્શ્વભૂમિકા દર્શાવતું એક અગત્યનું પરિબળ છે. જાતિ દરજ્જો એ વ્યક્તિના સામાજિક વલણો, તેની કાર્યભૂમિકાઓ વગેરે નક્કી કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.
- અમદાવાદ શહેરમાં વસતા બરોડિયા જાતિની કુલ વસતિ ૯૦૩ની જાણવા મળી છે. જેમાં ૪૮૦ પુરુષ અને ૪૨૩ સ્ત્રીઓ જોવા મળેલ છે. આ પરથી કહી શકાય કે આ જાતિઓમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ (Sex Ratio) જોઈએ તો ૮૮૧નો જોવા મળે છે. જે કુલ ગુજરાત અને ગુજરાતનું આદિજાતિ સ્ત્રી-પુરુષ પ્રમાણ (૯૭૪) કરતાં ઘણું ઓછું છે. સ્ત્રી-પુરુષનું આ પ્રમાણ શહેરીકરણનું પરિણામ ગણી શકાય.

- ૧૯૯૯માં મકાનનો કબજો લીધા પછી દરેક બરોડીયા પોતાને ફાળવેલ મકાનમાં રહેવા લાગ્યા હતા. પરંતુ સમય જતાં લોકોને સ્થાનિ કક્ષાએ બેરોજગારીનો પ્રશ્ન ઉભો થયો હતો. દરેક બરોડીયાને રોજગારી માટે શહેર તરફ આવવું પડતું હતું. જેમાં તેને મુસાફરી ખર્ચ પેટે કમાયેલ રકમનાં ૨૫% (પચ્ચીસ ટકા) રકમ ખર્ચ કરવી પડતી હતી. વહેલી સવારથી મોડીરાત સુધી મજુરીકામ કર્યા પછી કમાયેલ નાણાંનો અને સમયના દુર્વ્યયથી થાકેલ અને કંટાળેલ બરોડીયા સમાજમાં જ નદી કિનારે ઝૂંપડું બાંધીને રહેવાનું પસંદ કર્યું હતું અથવા તો ચાલીમાં ઓછા ભાડે મળતાં મકાનમાં રહેવાનું પસંદ કર્યું હતું.
- આંગણવાડી – નાના બાળકોને શિક્ષણ માટે આંગણવાડીની વ્યવસ્થા ન હોવાથી તેઓ અભ્યાસથી વંચિત રહે છે. જેથી અશિક્ષિત બાળકનું ભવિષ્ય કથળતું જાય છે.
- ઉચ્ચ શિક્ષણ માટે શહેરમાં જવું ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓને બસની વ્યવસ્થા ન હોવાથી વધારાનો ખર્ચ કરવો પડે છે. મ્યુ.કોર્પોરેશનની બસની વ્યવસ્થા છેક સદ્‌ભાવના નગર સુધી છે.તે ઘણી અપૂરતી છે.
- અશિક્ષિત અને બેરોજગાર પ્રજાને જાતિનો દાખલો કઢાવવા છેક શહેરમાં જવું પડે છે અને જાતિનાં દાખલાઓ કઢાવવામાં પડતી અડચણોને લીધે ધક્કા ખાવા પડે છે અને અમુક સમયે નાણા અને સમયનો દુર્વ્યય થવાથી જાતિનો દાખલો કઢાવવાનું ટાળે છે.
- અમદાવાદ શહેરમાં વસતિ બરોડિયા જનજાતીની કુલ વસતિ ૯૦૩ની છે જેમાં ૪૨૩ સ્ત્રીઓ અને ૪૮૦ પુરુષોનો સમાવેશ થાય છે.
- સ્ત્રી-પુરુષ પ્રમાણ જોઈએ તો દર ૧૦૦ પુરુષોએ ૮૮૧ સ્ત્રી જોવા મળે છે. (ગુજરાતનું અનુસૂચિત જનજાતિનું સ્ત્રી-પુરુષ પ્રમાણ ૯૭૪ છે.)
- ૦ થી ૬ વર્ષ સુધીના બાળકોમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ જોઈએ તો ૬૯૮નું જોવા મળે છે, જે ઘણું જ નીચું છે.
- નાની વયમાં લગ્ન કરવાનો રિવાજ આ જાતિમાં નથી જોવા મળતો પુખ્તવય બાદ જ લગ્ન થતા જોવા મળે છે.
- કુલ વ્યક્તિઓમાંથી લગભગ ૫૪% જેટલા વ્યક્તિઓ પરિણીત છે.
- સમગ્ર ૯૦૩ની વસતિમાંથી ૮૨.૬૭% અક્ષરજ્ઞાન ધરાવે છે, જયારે ૧૭.૩૩% અક્ષરજ્ઞાન ધરાવતા નથી અને પુરુષોમાં ૯૨.૭૦% અક્ષરજ્ઞાનનું પ્રમાણ છે. આમ, જોઈએ તો સાક્ષરતાનું પ્રમાણ ઘણું ઊંચું જોવા મળે છે.
- શિક્ષણના સંદર્ભમાં જોઈએ તો ૫૦% લોકોએ ફક્ત પ્રાથમિક શિક્ષણ સુધી જ અભયાસ કરેલ છે. જયારે જેમ શિક્ષણ વધતું જાય તેમ વ્યક્તિઓ ઘટતી જાય છે. સ્નાતક કક્ષા કે તેથી ઉપર ભણતા લોકોનું પ્રમાણ ૪% થી પણ ઓછું જોવા મળે છે.

- અત્યારના સમયમાં એકંદરે શિક્ષણને અનુરૂપ વાતાવરણ જોવા મળે છે. બધાજ નાના બાળકોને જે શાળાએ જવા યોગ્ય હોય તેમને શાળામાં દાખલ કરવામાં આવે છે અને તેઓ ભણવા જાય છે. હાલ ૨૧૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે, તેમાં પણ સૌથી મોટું જૂથ ૫૫% પ્રાથમિક શિક્ષણ લેનારનું છે. જેમ જેમ શિક્ષણનું સ્તર વધે છે તેમ તેમ સંખ્યા ઘટતી જાય છે.
- કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૪૩ (૬૮%) પાસે પોતાની માલિકીનું મકાન છે.
- ૨૦૮ કુટુંબમાંથી ૧૦.૫૮% (૨૨) કુટુંબો રેશનીંગ કાર્ડ ધરાવતા નથી.
- રોજગારીનાં મુખ્ય ક્ષેત્રો જોઈએ તો કામ કરતા કુલ ૪૪૭ (૪૯.૫૦%) વ્યક્તિઓમાંથી ૨૫.૦૬% છૂટક મજૂરીમાંથી આર્થિક ઉપાર્જન કરે છે. જયારે બીજું મોટું ક્ષેત્ર વાંસકામ છે જેમાંથી ૧૭.૪૫% વ્યક્તિઓ રોજગારી મેળવે છે. તેમાં મોટાભાગની મહિલાઓ જોડાયેલ છે, ફક્ત ૮ પુરુષો વાંસકામ સાથે જોડાયેલા જોવા મળે છે. ત્રીજું રોજગારી આપતું મોટું ક્ષેત્ર તે પ્રેસકામ છે. જેમાંથી ૬૭ (૧૪.૯૯%) વ્યક્તિઓ રોજગારી મેળવે છે. તેમાં ૬૪ પુરુષો અને ૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જયારે ખાનગી નોકરી કરતી સંખ્યા પણ ૬૬ જેટલી મોટી છે, તેજ રીતે બીજાના ઘરોમાં ૪૧ સ્ત્રીઓ કામ કરવા જાય છે. તે પણ રોજગારી આપતું મોટું ક્ષેત્ર જોવા મળે છે. આ સિવાય ડ્રાયવિંગ, સરકારી નોકરી, ગૃહઉદ્યોગ, દુકાન, સિવણ, ગારમેન્ટ જેવા ક્ષેત્રોમાંથી પણ રોજગારી મેળવે છે.
- કુલ ૨૦૮ કુટુંબોમાંથી ફક્ત ૩૩ કુટુંબો પાસે રૂા. ૨૫૦૦થી વધારેની ઘરવખરી જોવા મળી છે. જયારે સૌથી વધારે કુટુંબ સંખ્યા (૭૨-૩૪.૬૨%) રૂા. ૫૦૦૧ થી ૧૫૦૦૦ના કિંમતની ઘરવખરી ધરાવે છે.
- આવક-ખર્ચના અંદાજોને મેળવતા જણાય છે કે ૫૩.૮૫% કુટુંબો જણાવે છે કે તેમની આવક કરતા તેમનું ખર્ચ વધારે છે.
- કુલ કામ કરી શકે તેવા વ્યક્તિ (નાના અને ભણતા બાળકો બાદ કરતાં) ૬૪૬ છે. તેમાંથી ૨૪૮ પાસે જુદી જુદી આવડતો છે. તેમાં સૌથી મોટા જૂથો પ્રેસકામ અને વાંસકામની આવડતવાળા છે.

**સૂચનો :**

(૧) જાતિનાં દાખલા મેળવવામાં પડતી તકલીફ દૂર કરવા

(૨) મકાનમાં હપ્તા પેટે નાનો હપ્તો કરી આપવાથી નિયમિત હપ્તા ભરાશે તેવી બાંહેધરી બરોડિયા જ્ઞાતિમંડળ આપે છે.

(૩) સદ્‌ભાવના નગરમાં હાઉસીંગ બોર્ડ દ્વારા ફાળવેલ મકાનોની ચઢેલ વ્યાજ અને દંડનીય રકમ ઘણી મોટી છે. જેની વસૂલી લગભગ અશક્ય દેખાય છે. આર્થિક પરિસ્થિતિને અનુલક્ષીને તેઓને મળવાપાત્ર સહાય/સબસીડી વિશે વિચારવું આવશ્યક લાગે છે.

(૪) સ્થાનિક રોજગારી પુરુષો તેમજ સ્ત્રીઓને મળી રહે તે માટે શહેરી ગરીબો માટે અમલમાં મૂકાયેલી વિવિધ યોજનાઓના અમલીકરણ હેઠળ આ કુટુંબોને આવરી લેવા જોઈએ.

(૫) વાંસકામ (સ્ત્રીઓની મુખ્ય રોજગારી) અને પ્રેસ (છાપકામ) (પુરુષોની મુખ્ય રોજગારી) બન્ને ધંધાઓની અંદર હરિફાઈ અને બરોડીયા સમાજની નીચી કુશળતા (Skill) ને કારણે બરોજગારીનું પ્રમાણ ઊંચું છે. તેનાં પર્યાય રૂપે નવા ધંધાની બરોડીયા સમાજને તાલીમ અને શિક્ષણ આપવા અને સ્થાનીય કક્ષાએ રોજગારીની તકો ઉભી કરવી.

(૬) નાના બાળકોનાં શિક્ષણ માટે સદ્ભાવના નગર આંગણવાડી શરૂ કરવી. (આદિજાતિની આંગણવાડી યોજના સંદર્ભમાં વિચારી શકાય)

(૭) ઉચ્ચ શિક્ષણ અને શિષ્યવૃત્તિ માટે જરૂરી જાતિ પ્રમાણપત્રના અભાવને લીધે આ લાભથી વંચિત રહેતી સંખ્યા ઘણી છે. તે વિશે અસરકારક પગલાંઓ અત્યંત જરૂરી છે.

(૮) શહેર તરફ શિક્ષણ લેવા માટે અને રોજગારીની તકો ઉંચી હોવાનથી મ્યુ.બસને સદ્ભાવના નગર સુધી લંબાવવી જોઈએ.

(૯) સ્થાનિક કક્ષાની સસ્તા અનાજની દુકાનમાં જ રેશનકાર્ડ બધાને મળે તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૧૦) વાંસકામના વ્યવસાયમાં અમદાવાદ શહેરમાં વસતા બરોડિયાની સ્થિતિ જોઈએ તો ૬૧ કુટુંબોમાંથી ૫૯ મહિલાઓ અને ૨ પુરુષો વાંસકામનો વ્યવસાય કરતા જોવા મળેલ છે. અહીં વાંસકામના વ્યવસાયમાંથી કુટુંબનું ભરણપોષણ થઈ શકે તેટલી આવક મળતી નથી. પરંતુ આ કુટુંબોમાં આ આવકના પરિણામે આર્થિક સધ્ધરતા વધતી જોવા મળે છે. જેનું કારણ પુરુષ અને સ્ત્રી બંને કામ કરતા હોવાનું છે. તેના કારણે શૈક્ષણિક સ્તર પણ અન્ય કુટુંબો કરતાં ઊંચુ જોવા મળે છે.

(૧૧) સદ્ભાવના નગરમાં સ્ટ્રીટલાઈટ હાલમાં કાર્યરત નથી. આથી તેની જગ્યાએ સોલર સ્ટ્રીટ લાઈટ મૂકી શકાય. જેનું વ્યવસ્થાપન સમુદાયના લોકો કરે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

# કચ્છના સીદીઓ

ડૉ. રવીન્દ્ર પંચોળી

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના પત્રક્રમાંક આવી/તાસ/૩/ર૩૦૯/ ૩૪૦-૩૪૧ તા.૨૨-૨-૨૦૦૮ દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદને કચ્છ સીદી જમાઅતની માંગણીના આધારે કચ્છ જિલ્લામાં વસતા સીદી લોકોને આદિજાતિમાં ગણીને તેમને સૌરાષ્ટ્રના જિલ્લામાં વસતા આદિવાસી સીદી ભાઈ-બહેનોની સમકક્ષ ગણી લાભ આપવા બાબત તપાસ સોંપવામાં આવી હતી.

ગુજરાતમાં જૂનાગઢ, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ અને પોરબંદર જિલ્લાના સિદીઓ અનુજનજાતિમાં સમાવિષ્ટ છે અન્યો નથી. કચ્છ જિલ્લામાં વાસતાં સીદીઓને અનુસૂચિત જનજાતિની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવેલ નથી. એજ રીતે સૌરાષ્ટ્ર સિવાયના જિલ્લામાં વસતા સીદીઓને અનુ.જનજાતિમાં સમાવવામાં આવેલ નથી. હાલમાં તેમને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતમાં ગણવામાં આવે છે.

પ્રસતુત અહેવાલ કચ્છ જિલ્લામાં ખાસ કરીને ભૂજ, અંજાર, મુન્દ્રા તાલુકામાં વસતા સીદી કુટુંબો પાસેથી સઘન ક્ષેત્રકાર્ય દ્વારા જાત માહિતી એકત્ર કરી અહેવાલ તેયાર કરવામાં આવ્યો છે. આ સિવાય તેમની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ તેમના કોમના બુઝર્ગ માણસો તેમજ સંદર્ભ સાહિત્યમાંથી મેળવવામાં આવી છે. પ્રસ્તુત અહેવાલમાં ક્ષેત્ર તપાસને આધારે જે કંઈ વાસ્તવિકતા દેખાઈ તેને સમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**કચ્છમાં સીદીઓની વસતિ આ મુજબ જોવા મળે છે. (અંદાજિત) :**

કચ્છમાં લગભગ ૨૯૮ ઘર સીદીઓના છે. (આ માહિતી સીદી જાતિના આગેવાનો અને મંડળો પાસેથી મેળવેલ છે.) કચ્છમાં વસતા સીદીઓનો અનુસૂચિત જનજાતિમાં સમાવેશ થતો ન હોવાથી તેમની વસતિની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. તેમ છતાં કચ્છમાં વસતાં સીદીઓના પંચ (જમાઅત) ના રેકર્ડ મુજબ તેમના ૨૯૮ ઘરોની અંદાજીત વસતિ લગભગ ૨,૫૦૦ માણસોની છે.

**અનુસૂચિત જનજાતિનાં દરજ્જા માટેનાં લક્ષણો :**

કચ્છ જિલ્લાના સીદી લોકોને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવા માટે તેમનામાં રહેલાં લક્ષણો લોકુર સમિતિ - ૧૯૬૫ એ દર્શાવેલ લક્ષણો મુજબ ચકાસેલ છે.

(૧) આદિમતત્વો ધરાવતા : કચ્છના સીદીઓ સંપૂર્ણ નીગ્રો પ્રજાતીય તત્વો ધરાવતી જાતિ છે. શારીરિક રીતે તેઓ પ્રથમ નજરે જ બીજાથી જુદા તરી આવે છે. પરંતુ હાલમાં મુસ્લીમ સાથે પણ લગ્ન

વ્યવહાર થતાં હોવાથી તેમના પુત્ર-પુત્રી મુસ્લીમ અથવા તેમનામાં નીગ્રો પ્રજાતીય તત્વો જોવા મળતા નથી. આદિમતત્વોની વ્યાખ્યા કરતા નિશ્ચિત બોલી, અર્થવ્યવસ્થાનું અવિકસીત સ્વરૂપ, ગોત્ર ચિન્હ (Totem), નિષેધ (Taboos) અને છુંદણા (Tatoos) નું મહત્વ, ઓછા વસ્ત્રો, ગૂઢ શક્તિઓનું પ્રાધાન્ય, અદ્રશ્ય શક્તિઓમાં શ્રધ્ધા, આદિમજાતિ પંચની સર્વોપરી સત્તા જેવી બાબતોનો આદિમતત્વોમાં સમાવેશ કરી શકાય. (દેસાઈ ઉર્મીબેન, ૧૯૭૫) ગ્રામિણ સુન્ની મુસ્લીમ પરિવાર / જ્ઞાતિમાં જોવા મળતી શ્રદ્ધા, માન્યતા, રીત-રિવાજો સાથે ઓતપ્રોત થયેલ જીવન પદ્ધતિ જોવા મળે છે. પરંતુ ઉપરોક્ત આદિમતત્વોની પ્રભાવિતતા કચ્છના સીદીઓમાં જોવા મળતી નથી.

(૨) વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતા : સામાન્ય તેઓ એબિસિનિયા (ઈથોપિયા) અને પૂર્વ આફ્રિકાના અન્ય દેશોમાંથી વેપારીઓ પશ્ચિમ કિનારે સીદીઓને ગુલામ કે ઘરગથ્થુ નોકર-ચાકર તરીકે લાવ્યા હતાં. તેઓ મુસ્લીમ ધર્મ પાળે છે. જયાં જયાં સીદીઓનો વસવાટ છે ત્યાં બાવાગોરની દરગાહ જોવા મળે છે. બાવાગોરની દરગાહ ભૂજ, માંડવી, શીકારપુર વગેરે સ્થળે પણ જોવા મળે છે. સીદીઓ ધમાલ નૃત્ય કરતા હોય છે. તે ખાસ કરીને દર ગુરુવારે કરવામાં આવે છે. ધમાલ નૃત્યને પવિત્ર માનવામાં આવે છે.

તેઓ સુન્ની મુસ્લીમ સમાજ સાથે એકદમ ભળી ગયા છે. તેમજ સુન્ની મુસ્લીમો પણ સીદી જાતિને મુસ્લીમ સુન્ની તરીકે જ ઓળખાવે છે. તેમજ રોટી-બેટીનો વ્યવહાર કરે છે. કચ્છના સીદીમાં ધમાલ નૃત્ય અને સંગીત સિવાય અન્ય કોઈ વિશિષ્ટ સંસ્કૃતિ જોવા મળતી નથી.

(૩) સામાન્ય જન સાથેના સંપર્કમાં સંકોચ : ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે કે અન્ય સમાજ સાથે તેઓ હળીમળી ગયાં છે. તેમના સાથે સારાં સંબંધો રાખે છે. તેમજ હિન્દુ તેમજ અન્ય મુસ્લીમ કોમોના સામાજિક પ્રસંગોમાં પણ ભાગ લે છે. પોતાના સામાજિક પ્રસંગોમાં પણ અન્ય સમાજના લોકોને નોતરે છે અને તેઓ ખુશીથી આવે છે. તેમનો વસવાટ શહેરી વિસતારમાં હોવાને કારણે અન્ય સમુદાય સાથે સંબંધ રાખવામાં સંકોચ અનુભવતા નથી. તેઓ ભૌગોલિક રીતે પણ અલગ તરી આવતાં નથી. ગ્રામ્ય વિસ્તારોમાં પણ અન્ય મુસ્લીમ પ્રજાની જેમજ તેઓ વસે છે અને અન્ય સમાજો સાથે સંબંધો પણ ધરાવે છે. કચ્છનાં સીદીઓમાં આદિમ અવસ્થાના કોઈપણ લક્ષણો જોવા મળતાં નથી. તેમજ આમ સમાજ સાથે સંપર્કમાં પણ સંકોચ અનુભવતા નથી.

(૪) ભૌગોલિક એકાકીપણું : તેઓ ભૌગોલિક રીતે પણ અલગ તરી આવતાં નથી. કારણ કે તેઓ મોટાભાગે કચ્છમાં અન્ય સમાજ સાથે વસવાટ કરે છે. જે મેદાની પ્રદેશ છે, તેમજ પ્રાદેશિક ભાષા બોલે છે. ઘરમાં તેઓ અંદર અંદર કચ્છી ગુજરાતી બોલે છે. પોતાની માતૃભાષા તરીકે પણ ગુજરાતી લખાવે છે. નાના બાળકોને ઈસ્લામધર્મ પાળતા હોવાથી અરેબિક (કુરઆને પાઠ) પઢવા માટે મદ્રેસામાં મોકલે છે. તેઓ ઉર્દુ ભાષા પણ જાણે છે. એકંદરે જોઈએ તો તેઓ જે તે પ્રદેશની - વિસ્તારની ભાષા બોલતા હોય છે.

તેમની વારસાગત ભાષા (Ancestral language) સ્વાહિલી (Swahili) અથવા આફ્રિકન ભાષા કે સ્થાનિક ભાષા (ડાયલેકટ) હશે પરંતુ તેઓ તેમની મૂળ સંસ્કૃતિ સંપૂર્ણ પણે ગુમાવી દીધી છે અને જે તે વિસ્તારના વસતાં લોકોની સંસ્કૃતિ અપનાવેલ છે. તેઓ મોટેભાગે પોતાની માતૃભાષા જાણતા નથી અને બધો વ્યવહાર સ્થાનિક કચ્છી બોલીમાં કરે છે. કચ્છમાં વસતા મોટાભાગના સીદીઓ સૌરાષ્ટ્રના સીદીઓની જેમ વસ્તી ગણતરી સમયે પોતાની માતૃભાષા ગુજરાતી જણાવેલ છે. કચ્છમાં વસતા સીદીઓ કચ્છી ભાષા પણ બોલે છે. આમ કચ્છના સીદીઓ ભૌગોલિક એકાકીપણું પણ ધરાવતા જોવા મળેલ નથી.

(૫) સામાજિક અને આર્થિક પછાતતા : પછાતપણાની દ્રષ્ટિએ જોઈએ તો કચ્છના સીદીઓ આર્થિક તેમજ શૈક્ષણિક રીતે ઘણાં જ પછાત છે. શહેરમાં વસતા મોટાભાગના લોકો મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. જયારે ગ્રામ્ય વિસ્તારના સીદીઓ થોડીઘણી જમીન ધરાવતાં હોઈ ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમનામાં કોઈ વિશેષ કૌશલ્ય (Skill) જોવા મળતી નથી. કેટલાંક ટ્રક ડ્રાઈવર તરીકે અને કેટલાંક રિક્ષા ડ્રાઈવર તરીકે કામ કરે છે. કચ્છ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વસતાં સીદીઓ પાસે ઘણી ઓછી બિનફળદ્રુપ જમીન છે. જેમાંથી તેઓ સારી આવક મેળવી શકતાં નથી. આમ સમગ્ર રીતે જોઈએ તો કચ્છના સીદીઓ પાસે રોજગારીની તકો ઓછી છે. જેથી તેમને પછાત લઘુમતીમાં ગણી અને તેના લાભ આપી શકાય. જેમ લઘુમતી કોમના ગરીબી લોકોને લાભ આપવામાં આવે છે.

કચ્છ જિલ્લાના સીદી લોકોને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવા સંબંધમાં તેમનામાં રહેલાં લક્ષણો લોકુર સમિતિના અનુસૂચિત જનજાતિના લક્ષણોના આધારે સઘન રીતે તપાસ કરી છે. દર્શાવેલ લક્ષણો પ્રમાણે કચ્છના સીદીઓમાં મોટાભાગના આદિવાસી જાતિના લક્ષણો જોવા મળતા નથી. જેમકે હાલમાં ધમાલ નૃત્ય અને આંશિક નીગ્રોઈડ તત્વને બાદ કરતા તેઓની સંસ્કૃતિ નાશ પામી છે. તેમનામાં આદિમ અવસ્થા કરતાં પછાત મુસ્લીમોના લક્ષણ વધુ જોવા મળે છે. તેઓ આર્થિક શૈક્ષણિક રીતે પછાત છે. તેમનો વસવાટ શહેરી વિસ્તારમાં વધુ હોવાને લીધે આમ સમાજ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. તેઓમાં ભૌગોલિક અલગતા જોવા મળતી નથી. કચ્છમાં અમુક ગામોમાં જ તેમની વસતિ આવેલી છે. તેઓ મુસ્લીમ ધર્મ પાળે છે. તેથી લગ્ન અને મરણની વિધિઓ મુસ્લીમધર્મ પ્રમાણેની જોવા મળે છે. તેમનો ~~પહેરવેશ પણ જુદો છે અને બોલી પણ જુદી બોલે છે. જોકે મોટેભાગે સ્થાનિક બોલી બોલતાં હોય છે.~~

કચ્છના સીદીઓમાં એકાદ બે લક્ષણોને બાદ કરતાં સુન્ની મુસ્લીમ જાતિના લક્ષણો જોવા મળે છે.

ઉપરોક્ત સમગ્ર હકીકતો જોતાં કચ્છમાં વસતાં સીદી ભાઈ-બહેનોની શૈક્ષણિક અને આર્થિક સ્થિતિ સુધરે તે માટે તેમને પછાત લઘુમતીમાં ગણી વિશેષ લાભ આપવા જોઈએ.

# કચ્છના કોળી, વાઘરી અને પારાધી જાતિ તપાસ અહેવાલ

**શ્રી જશવંતસિંહ રાઠોડ**

**પ્રસ્તાવના :**

સ્વરાજ પૂર્વે કચ્છ એક સ્વતંત્ર રજવાડુ હતું. સ્વતંત્રતા બાદ સંઘ પ્રદેશમાં સમાવેશ કરવામાં આવ્યો અને ક (C) પ્રકારના સ્ટેટ તરીકે દરજ્જો પામ્યું તે ૧૯૫૬ સુધી રહ્યું. પછીથી બૃહદ મુંબઈ રાજ્યમાં સમાવેશ કરવામાં આવ્યું, ૧૯૬૦માં બૃહદ મુંબઈમાંથી ગુજરાત રાજ્ય અલગ થયું ત્યારે તે ગુજરાતનો એક ભાગ ગણવામાં આવ્યું. આમ કચ્છમાં રાજકીય રીતે ઘણા ટૂંકાગાળામાં ઘણા ફેરફારો જોવા મળે છે. નવ તાલુકા અને ત્રણ પેટા વિભાગનો કચ્છ જિલ્લો બનેલો છે. ભૂજ, માંડવી, મુન્દ્રા, અંજાર, લખપત, નખત્રાણા, રાપર, ભચાઉ, અબડાસા આ નવ તાલુકા ઉપરાંત ખાવડા, બન્ની અને ખડીર એ ત્રણ મહાલ છે. ૯૦૦ ગામ અને ૧૧ શહેરનો બનેલો આ જિલ્લો ગુજરાતમાં સૌથી વધુ ભૌગોલિક વિસ્તાર ધરાવતો જિલ્લો છે.

ભારતના બંધારણમાં જ નબળા વર્ગોના ઉત્થાન અને ઉત્કર્ષ લાવી સમાન ધોરણોના વિકાસ માટેના પ્રયત્નો જોવા મળે છે. કારણ કે ભારતમાં અનેક વિધ જાતિઓ અને જ્ઞાતિઓના વસવાટને કારણે અસમાનતા અને ભેદભાવોનું પ્રમાણ પણ અસંખ્ય હોવાના નાતે બંધારણ દ્વારા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સમાજના નબળા વર્ગોના વિકાસ માટે કેટલાક વિશેષ અધિકારો દ્વારા તે સમાજના લોકોને સમાન તક મળી રહે તેમજ તેનો સર્વાંગી વિકાસ થઈ શકે તે માટેના પ્રયત્નો આઝાદી પછી હાથ ધરવામાં આવ્યા છે, તે આજ સુધી સતત ચાલુ છે. આપણો દેશ સ્વતંત્ર થયા બાદ આવા વર્ગોના સર્વગ્રાહી કલ્યાણ અર્થે રાજ્ય અને કેન્દ્ર સરકાર પ્રયત્નો કરશે તે સબબની જોગવાઈ રાષ્ટ્રના બંધારણમાં કરવામાં આવી તેમાં (૧) અનુસૂચિત જાતિ (અસ્પૃશ્ય જાતિઓ) (૨) અનુસૂચિત જનજાતિ (આદિવાસીઓ) અને અન્ય પછાત વર્ગોનો સમાવેશ થયો હતો.

ભારત દેશ આઝાદ થતાં તેનું બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી અમલમાં આવ્યું ત્યારથી બંધારણના હેતુઓ માટે શીડ્યુલ ટ્રાઈબનો ઉપયોગ કરવામાં આવ્યો.

**બંધારણ કલમ (૩૪૨) અનુસૂચિત જનજાતિઓ :**

(૧) રાષ્ટ્રપતિ, સંઘ પ્રદેશ અથવા કોઈ પણ રાજ્ય અંગે તે રાજ્યના ગવર્નર સાથે મસલત કર્યા પછી બંધારણના હેતુઓ માટે તે અન્ય સંબંધી ટોળીઓ અથવા ટોળીઓની જાતિઓ કે ટોળાઓ અથવા ટોળીઓના ભાગોને જાહેર નામાથી નિર્દિષ્ટ કરશે. જેમને તે સંઘપ્રદેશ અથવા રાજ્ય સંબંધી અનુસૂચિત જનજાતિઓ તરીકે ગણવામાં આવશે.

(૨) સંસદ પેટા આર્ટિકલ (૧) હેઠળ બહાર પાડેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી અનુસૂચિત જનજાતિઓની યાદીમાં કાયદાથી કોઈ પણ ટોળી અથવા ટોળીની જાતિ કે ટોળી અથવા ટોળીના જાતિના ભાગને ઉમેરી શકશે અથવા યાદીમાંથી કમી કરી શકશે. પરંતુ ઉપર જણાવ્યું છે તે સિવાય કોઈ જાહેરાતથી પેટા આર્ટિકલ (૧) હેઠળ પ્રસિદ્ધ કરેલ જાહેરનામામાં ફેરફાર કરી શકશે નહીં.

**આદિવાસીની ઓળખ :**

અનુસૂચિત જનજાતિમાં સામાન્ય પણે આદિવાસી તરીકે ઓળખાતી બધી જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કઈ જાતિને આદિજાતિ તરીકે ગણવી એની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં આવી નથી, પરંતુ બંધારણમાં આગળ બતાવવામાં આવ્યું છે તે કલમ મુજબ આદિવાસીની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. સામાન્ય પ્રજાજન, આદિવાસી એટલે જંગલમાં કે ડુંગરોમાં રહેતા ભોળા લોકો એવી વ્યાખ્યા કરે છે. ભણેલા ગણેલા લોકો આદિવાસી સૌ ગાવા, નાચવામાં મસ્ત એવી રંગીલી પ્રજા તરીકે ઓળખે છે. જેમની ખાસ સંભાળ લેવી જરૂરી છે તેવા લોકોને વહીવટકર્તાઓ આદિવાસી તરીકે ઓળખે છે. જેણે પોતાની સદીઓ જુની રહેણીકરણી, રિવાજો તથા સામાજિક સંગઠનો જેવાને તેવા સ્વરૂપે જ જાળવી રાખ્યા છે અને સમાજશાસ્ત્રના અભ્યાસ માટે જે ઉપયોગી સામગ્રી પુરી પાડે છે તેવી પ્રજાને માનવવંશશાસ્ત્રી આદિવાસી તરીકે ઓળખે છે.

સમાજ માનવશાસ્ત્રીઓએ આદિવાસી ઓળખ માટેની જે જુદી જુદી વ્યાખ્યાઓ આપેલ છે તે જોઈશું તો ખ્યાલ આવશે કે આદિવાસીઓમાં સમાન તત્વો જેવા કોઈ તત્વો છે કે જે દ્વારા આદિવાસીની ઓળખ પ્રસ્થાપિત થઈ શકે.

**ઓકસફર્ડ ડિકશનેરીમાં :**

વિકાસના આરંભિક સ્તર અથવા અત્યંત નીચા સ્તરે જીવન જીવતો જનસમૂહ, ટોળીના આગેવાનો અધિકારને સ્વીકારે છે અને તેમનો એક પૂર્વ પુરુષ હતો તેમ માને છે.

**લકી મેરકીની વ્યાખ્યા :**

એક સમાન સંસ્કૃતિ ધરાવતો જનસમૂહ અથવા સ્વતંત્ર રાજનીતિક વર્ગ.

**જી.ડબલ્યુ.બી હંટિંગફોર્ડની વ્યાખ્યા :**

આદિવાસી એક એવો જનસમૂહ છે જેના લોકો સમાન નામનો પ્રયોગ કરે છે. એ નામનાથી ઓળખાતા પ્રત્યેક વ્યક્તિ તેના સમાજ પર ગર્વ અનુભવે છે. પુરક સમૂહની ભાષા એક હોય છે. ભૌગોલિક વિસ્તાર એક હોય છે. સમૂહની માન્યતા હોય છે કે બીજો સમૂહ અથવા જાતિઓ પોતાથી ભિન્ન છે અને પોતાના સમૂહ સાથેના સંબંધ ન ધરાવતા સમૂહને પોતાના શત્રુ માને છે.

**ડૉ. ટી.બી. નાયકની વ્યાખ્યા :**

તેમણે આદિવાસીના સાત લક્ષણો બતાવ્યા છે.

(૧) વ્યવહારની દ્રષ્ટિએ અનુસૂચિત જનજાતિઓ બીજા વર્ગ પર નહીંવત નામ માત્ર નિરર્ભરતા રાખે છે.

(૨) આદિવાસીઓ આર્થિક રીતે ઘણા પછાત હોય છે.

(૩) આદિવાસીઓ ભૌગોલિક રીતે સંગઠીત હોતા નથી.

(૪) ક્ષેત્રિય ભિન્નતા અથવા રૂપોની ભિન્નતા હોવા છતાં આદિવાસી એક સમાન ભાષા બોલે છે.

(૫) આદિવાસીઓ સામાન્ય વ્યવસ્થા અંતરગત એક હોય છે.

(૬) આદિવાસીઓ સામાજિક પરિવર્તનના વિરુધ્ધ હોય છે.

(૭) આદિવાસીઓમાં પોતાની પરંપરા અને કાનૂનો હોય છે. પરંપરા અને કાનૂન અન્ય સમાજથી ભિન્ન હોય છે.

આદિવાસીને ઓળખવા માટે આ બધા લક્ષણો ઉપયોગી છે પણ તે બધાંયને આવરી લે એવી કોઈ નિશ્ચિત વ્યાખ્યા હજુ થઈ નથી.

આમ છતાં કોઈપણ એક સમૂહને આદિજાતિ તરીકે ઓળખવા માટે તેમાં આ પ્રમાણેના લક્ષણો હોવા જોઈએ.

(૧) આ સમૂહમાં પરસ્પરાવલંબન ઘણા ઓછા પ્રમાણમાં હોય છે.

(૨) આર્થિક રીતે પછાત છે. નાણાનો ઉપયોગ બહુ ઓછા પ્રમાણમાં થતો હોય છે અને માલના રૂપમાં જ મોટા ભાગનો આર્થિક વ્યવહાર ચાલતો હોય છે. ધંધામાં વપરાતા સાધનો ઘણા પ્રાથમિક કક્ષાના છે.

(૩) બાકીની પ્રજા સાથેનો ભૌગોલિક સંપર્ક પ્રમાણમાં ઘણો ઓછો હોય છે.

(૪) પોતાની સ્વતંત્ર બોલી હોય છે.

(૫) પંચો મારફત જાતિનું મજબૂત સંગઠન થયેલું હોય છે. પંચોનો કાબૂ ઘણો અસરકારક હોય છે.

(૬) જાતિના મોટાભાગના લોકોમાં પોતાની સ્થિતિને બદલવાની ઈચ્છા ઘણી ઓછી હોય છે. જૂની પરંપરાઓને વળગી રહેવાનું વલણ ઘણું પ્રબળ હોય છે.

(૭) મિલકતની વહેંચણી અંગે કે સામાજિક વ્યવહારોના નિયમન માટે પોતાના ધારાધોરણો ઘડેલા હોય છે. જેને સૌએ માન્ય રાખવા પડે છે.

આમ આદિવાસી જગતની વિવિધતા તેની કેટલીક પાયાગત લાક્ષણિકતા અનુસાર જોવા મળે છે. જયાં સુધી ભારતના આદિવાસીઓને લાગુ પડે છે ત્યાં સુધી તેઓ જંગલોમાં, પર્વતોમાં, ઉચ્ચ પ્રદેશમાં, વિકાસથી અલિપ્ત રહેલા વિભાગોમાં રહે છે. તેઓ જુદા જુદા નામો જેવા કે વન્યજાતિ, વનવાસી, પહાડીપ્રજા, આદિમજાતિ, આદિવાસી, જનજાતિ, ભૂમિજન, ગિરજન, રાનીપરજ, વનફૂલ અને અનુ.જનજાતિ જેવા નામો તેઓની આર્થિક, ઐતિહાસિક સાંસ્કૃતિક તેમજ જીવૈજ્ઞાનિક લાક્ષણિકતાઓને પ્રદર્શિત કરે છે. સમગ્ર ભારતમાં ૬૯૭ ઉપરાંત આદિવાસી જાતિઓ છે, જયારે ગુજરાતમાં બિનવર્ગીકૃત સહિત ૨૫ આદિવાસી જાતિઓ છે.

ભારતીય આદિવાસીઓની કેટલીક બાબતો જેવી કે (૧) આર્થિક પદ્ધતિ (૨) પરંપરાગત અર્થતંત્ર (૩) વિશિષ્ટ કુદરતી માન્યતાઓ અને તેનું અનુકૂલન (૪) બહુજન સમાજ અને વિકાસશીલ વાતાવરણની અસરોના ખ્યાલને ધ્યાનમાં રાખી શ્રી એલ.પી. વિદ્યાર્થીએ તેમના ભારતના આદિવાસીઓના વિકાસની વ્યુહરચનામાં ભારતીય આદિવાસી જાતિને છ સાંસ્કૃતિક પ્રકારમાં વર્ગીત કર્યા છે.

(૧) જંગલ શિકારી પ્રકારના આદિવાસી

(૨) આદિમ પર્વતીય ખેતી કરતા આદિવાસી

(૩) સમતળ મેદાનમાં ખેતી કરતા આદિવાસી

(૪) સાદા કારીગર પ્રકારના આદિવાસી

(૫) ઢોરના ગોવાળ પ્રકારના આદિવાસી

(૬) ઔદ્યોગિક શહેરી કામદાર પ્રકારના આદિવાસી

ડૉ. બી.એસ. ગુહાએ ભારતના આદિવાસીઓને ત્રણ વિભાગમાં વહેંચ્યા છે તેમાં (અ) ઈશાન પ્રદેશના આદિવાસીઓ (બ) ભારતના મધ્યભાગના આદિવાસીઓ (ક) દક્ષિણના આદિવાસીઓ. તેમના મત પ્રમાણે ભારતના આદિવાસીઓમાં મુખ્યત્વે (૧) મોંગોલિયન (૨) આદિઓસ્ટ્રોલોઈડ અને (૩) નિગ્રો પ્રકારના જાતિ તત્વો જોવા મળે છે.

ગુજરાતના આદિવાસીઓ મધ્યભાગના આદિવાસીઓના વિભાગમાં આવે છે તથા તેમનામાં મુખ્યત્વે ઓસ્ટ્રોલોઈડ જાતિતત્વ રહેલું છે. જ્યારે સૌરાષ્ટ્રમાં રહેતા સીદીઓમાં નિગ્રો જાતિતત્વ જોવા મળે છે.

ગુજરાતની આદિવાસી જાતિઓને ભૌગોલિક દ્રષ્ટિએ મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

(૧) ઉત્તર ગુજરાતના ભીલો તથા તેમની પેટા જાતિઓ જે રાજસ્થાનના ભીલો સાથે નીકટનો સંપર્ક ધરાવે છે.

(૨) દાહોદ, પંચમહાલ, વડોદરા તથા નર્મદા - ભરૂચ જિલ્લાઓના ભીલ, રાઠવા, ધાનકા, પટેલિયા તથા નાયકા જે મધ્યપ્રદેશની આદિવાસી જાતિઓ સાથે નિકટનો સંપર્ક ધરાવે છે.

(૩) દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ જેમાં મુખ્યત્વે ધોડિયા, ચૌધરી, ગામિત, કોંકણા, હળપતિ, ભીલ, નાયકા, વારલી, કોટવાળિયા, ઢોરકોળી વગેરે આવે છે. તેમનો મહારાષ્ટ્રની આદિવાસી જાતિઓ સાથે વિશેષ સંપર્ક છે.

(૪) ૨૦૦૧ પ્રમાણે સૌરાષ્ટ્ર ભાગના આદિવાસીઓ જેમાં નેશના રબારી, ભરવાડ, ચારણ, સૌરાષ્ટ્રના સીદીઓ, અમદાવાદ-સુરેન્દ્રનગર જિલ્લાના પઢાર અને કચ્છના કોળી, વાઘરી તથા પારાધીનો સમાવેશ થાય છે. (વર્ષ ૨૦૦૩ થી કચ્છ જિલ્લાના કોળી, વાઘરી અને પારાધીને આદિવાસી યાદીમાંથી બાકાત કરવામાં આવ્યા છે.)

ગુજરાતની આદિવાસી જાતિઓમાં કેટલાક તત્વોમાં સમાનતા જોવા મળે છે જેમાં -

(૧) ખેતરમાં અલગ અલગ ઘર બાંધી વસવાટ કરે છે. આદિવાસી ગામ ત્રણ-ચાર માઈલના વિસ્તારમાં પથરાયેલ છે.

(૨) ઘરો પ્રાથમિક પ્રકારના અને પરંપરાગત બનાવે છે. સ્થાનિક સામગ્રીથી બનાવે છે.

(૩) ખોરાકમાં અનાજ ઉપરાંત માંસાહાર પણ કરે છે. વિસ્તારના પાકો પ્રમાણે ખોરાક લેતા હોય છે. ખેતી સાથે જંગલ પર તેમનો આધાર હજુ કાયમ છે.

(૪) વસ્ત્રોનો ઉપયોગ બને તેટલો ઓછો કરતા હોય છે. મર્યાદા ઢાંકવાની દ્રષ્ટિએ આવશ્યક ગણાય તેટલા પરંપરાગત પોશાક પહેરતા હોય છે. વસ્ત્રોમાં વિસ્તારવાર વિવિધતા જોવા મળે છે.

(૫) લગભગ દરેક જાતિ દારૂનું સેવન કરે છે.

(૬) ભગત-ભૂવા ઉપર આજે પણ વિશેષ આધાર રાખે છે.

(૭) સામાજિક વ્યવહારોમાં ઘણી મોકળાશ જોવા મળે છે. છતાં જે કંઈ વ્યવહારો નક્કી થયેલા છે તેનું કડક પાલન થાય છે. તેમના બધા સામાજિક વ્યવહારોનું કડક નિયમન કરે છે.

(૮) બધા સામાજિક પ્રસંગો અત્યંત સાદાઈથી ઉજવાય છે અને ઉજવણીમાં નૃત્યને સૌથી વધુ મહત્વ અપાય છે.

(૯) કોઈપણ રૂઢ ધર્મને ન અનુસરવા પ્રાકૃતિક દેવોને વધુ માને છે. ખાસ કરીને પોતાના પૂર્વજોના આત્માને સંતોષમાં રાખવાની તેઓ સૌથી વિશેષ કાળજી રાખે છે.

(૧૦) વહેમો અને અંધશ્રધ્ધાઓથી તેમનું જીવન ભરપુર હોય છે. ભૂવા-ભગતનું બધી જાતિઓમાં ઘણું માન હોય છે.

(૧૧) માલના ખરીદ વેચાણ માટે હાટપ્રથા પર વિશેષ આધાર રાખે છે.

(૧૨) પોતાની આગવી બોલી છે પણ લીપી નથી.

(૧૩) આજીવિકાનું મુખ્ય સ્ત્રોત ખેતી, પશુપાલન, જંગલ અને મજૂરી છે.

(૧૪) આદિવાસીઓ અસ્પૃશ્ય જ્ઞાતિઓ ગણાતી નથી. કેટલાકમાં અંદરો અંદર ઊંચ નીચના ભેદ છે પણ અસ્પૃશ્ય નથી.

વિવિધ કમિશનો રેણુંકા રે, એલવિન, ઢેબર કમિશન, શ્રીકાંત શેઠ વગેરે કમિશન અને વ્યક્તિઓએ ભારતભરની આદિવાસી જાતિઓના અભ્યાસો દ્વારા આદિવાસીઓના વિકાસ માટે અને સમાજની મુખ્ય ધારામાં લાવવા માટેની ભલામણો કરેલી છે તે ભલામણોને આધારે વિકાસના કામો અને વહીવટી બાબતોમાં

ધ્યાન આપવામાં આવે છે. આદિવાસીની દસ લાખથી વધુ વસતિ ધરાવતા રાજ્યોમાં એક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સ્થાપના કરવાની ભલામણ ઢેબર કમિશન દ્વારા કરવામાં આવી હતી તેના ભાગરૂપે ભારતભરનાં રાજ્યોમાં આદિવાસીઓની ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા દરેક રાજ્યમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર કાર્યરત છે. ૧૯૬૨માં ગુજરાતમાં ભારત સરકાર અને રાજ્ય સરકારની મંજૂરીથી ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આદિવાસી કેન્દ્ર કાર્યરત છે. સંશોધનના ભાગરૂપે સંચાલન સોંપવામાં આવ્યું છે. આ કેન્દ્ર દ્વારા આદિવાસીઓના યથાસ્થિતિ અભ્યાસો કરી સંબંધિત વિભાગોને આપવામાં આવ્યા છે. આ કેન્દ્ર આદિવાસીઓના વિકાસ માટે સતત કાર્યરત અને ચિંતનશીલ રહ્યું છે અને અભ્યાસો દ્વારા સરકાર તેમજ સમાજને માર્ગદર્શન રૂપ કાર્યવાહી કરતું આવ્યું છે.

એના પુરાવા તરીકે ખુદ માનનીય ધારાસભ્યશ્રીએ પોતે તેમના પત્રોમાં બતાવ્યા મુજબ કેન્દ્રના અભિપ્રાયોનો ઉલ્લેખ દર્શાવ્યો છે. કેન્દ્રનો મૂળ હેતુ આદિવાસીઓ અંગે સંશોધન કરી સામાજીક તેમજ સરકારી રાહે તેમના ઉત્થાન માટેની પ્રક્રિયાને વેગ લાવવો. કેન્દ્ર દ્વારા જે કંઈ અભ્યાસો થયા છે અને થાય છે તે સમાજમાનવશાસ્ત્રની રીતે કરવામાં આવે છે. સમાજ માનવશાસ્ત્ર એ આંતરરાષ્ટ્રીય માન્યતા ધરાવતું શાસ્ત્ર હોવાને નાતે તેમજ ઘણા નૃવંશશાસ્ત્રીઓએ પોતાની પુરી જીંદગી આદિવાસી સમાજના અભ્યાસો પાછળ ખર્ચી નાખી. આ માનવશાસ્ત્રની રચના થયેલી હોય સંશોધન આધારિત જે અહેવાલો તૈયાર થાય છે તેમાં સમાજ માનવશાસ્ત્રની વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે અને ત્યાર બાદ કોઈ તારણ ઉપર આવી શકાય છે, નહીં કે કોઈ જાતિ ગરીબ છે માટે તેની તરફેણ નહિ કે કોઈ તાકતવર જાતિ છે માટે તેની તરફેણ કરવી એવું સંશોધન આધારિત અભ્યાસ અહેવાલોમાં જોવા મળતું નથી.

આદિવાસી જાતિઓમાં જે જાતિગત તત્વો છે તેના લક્ષણો તેમની પરંપરાઓ, તેમની માન્યતાઓ, જ્ઞાતિની પક્કડ જેવી બાબતોને ધ્યાનમાં રાખી અભ્યાસો હાથ ધરવામાં આવે છે. અભ્યાસ સમયે તેમની પરિસ્થિતિ કેવા પ્રકારની છે, તેમનામાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક પાસાંને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. આ બધી બાબતોને ધ્યાને રાખતી વખતે કોઈ જાતિગત અભ્યાસોની પક્કડને હાવી થવા દેવામાં આવતી નથી તેમની હાલની પરિસ્થિતિમાં શું કરવા જેવું છે, વિકાસ માટે શું શું કરવું જોઈએ વગેરે બાબતોને ધ્યાનમાં રાખી અભ્યાસના તારણો આપવામાં આવે છે. આ તારણમાં સમગ્ર વિસ્તાર, વસતિ, માળખાગત સગવડો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. પછી તે આદિવાસીની યાદીમાં હોય કે ન હોય તે બાબતોને ગૌણ ગણવામાં આવે છે. કચ્છમાં આદિવાસીની યાદીમાં સમાવિષ્ટ કોળી, પારાધી અને વાઘરી જાતિઓના અભ્યાસો એક કરતાં વધુ વાર કરવામાં આવ્યા છે. તેઓ રાજ્યની આદિવાસી યાદીમાં હોવાથી અને પ્રાદેશિક પછાતતાના ધોરણે તેમના સૂચનોમાં આદિવાસીને બંધારણની રીતે જે હક્કો મળવાપાત્ર છે તેના કરતાં પણ વધુ હક્કો આપવાની ભલામણો પણ કેન્દ્રના સંશોધન અભ્યાસો દ્વારા જોવા મળે છે. તેનો અર્થ એવો નથી કે તે આદિવાસીઓની યાદીમાં હોવા જ જોઈએ. આદિવાસીઓની યાદીમાં હોવાને નાતે આદિવાસી સંશોધન કેન્દ્ર ને તે જાતિઓના અભ્યાસને લાભ મળ્યો છે અને તે અભ્યાસો દ્વારા પુરવાર થયું છે કે તેમની જે

પરિસ્થિતિ છે તેમાં કોઈ ખાસ વિકાસ જોઈ શકાતો નથી માટે જ તેમના તરફ ધ્યાન આપી વિકાસના કાર્યો ઝડપી બનાવવાની ભલામણો કરવામાં આવી છે. તેનાથી તેઓ આદિવાસી જાતિમાં સમાવિષ્ટ થવાના લક્ષણો માની લે તે આપણી સમજણનો જ ભેદ કહી શકાય.

આમ કેન્દ્ર દ્વારા કોઈના બંધારણના હક્કો છીનવાય કે તે પોતાના હક્કોથી વંચિત રહે તે માટેની કાર્યવાહી કરવામાં આવેલી નથી. બાકી કેન્દ્ર દ્વારા આ જાતિઓ માટે વિકલ્પો આપી પણ તેમના વિકલ્પ માટે સઘન પ્રયત્નો કરવા જોઈએ તેવી ભલામણો વારંવાર તેના અભ્યાસોમાં કરવામાં આવી જ છે.

પારાધી જાતિ માટે કેન્દ્ર દ્વારા પુનઃ અનુ.જનજાતિમાં સમાવિષ્ટ કરવાની ભલામણ કરવામાં આવી છે. તેના કારણોમાં સ્પષ્ટ ભીલ જાતિની પેટા જાતિ હોવાથી ભીલ જાતિ સાથેના સંબંધો ધરાવે છે અને તેના આધારભૂત પુરાવાઓ પણ રજૂ કરવામાં આવ્યા છે.

**કચ્છની અનુ.જનજાતિમાં સમાવિષ્ટ જાતિઓ અંગે :**

કચ્છ ગવર્મેન્ટે પ્રાદેશિક પછાતને ધ્યાને લઈ પારાધી, કોળી, વાઘરી જાતિને અનુ.જનજાતિની યાદીમાં સમાવવા માટે ભલામણ કરી અને આ જાતિઓને ૧૯૫૬ની આદિવાસી યાદીમાં સમાવેશ પામી. મુંબઈ રાજયમાં વિલિનીકરણ થયું ત્યારે પણ આ જાતિઓ અનુ.જનજાતિના યાદીમાં ચાલુ રહી. (૧૯૫૬) ૧૯૬૦માં અલગ ગુજરાત રાજયની સ્થાપના સમયે કચ્છનો સમાવેશ ગુજરાતમાં થયો ત્યારે પણ આ જાતિઓને અનુ.જનજાતિની યાદીમાં ચાલુ રાખી.

આ જાતિઓ અન્ય જાતિઓ સાથે જ રહેતી હતી અને તેઓના જીવનધોરણમાં અને અન્ય જાતિઓના ધોરણોમાં કોઈ ફેરફાર જોઈ શકાતો નહતો. તેઓ ફક્ત વિસ્તારમાં માઈનોરેટીના ધોરણે વસવાટ કરતી હતી. તેમનામાં શિક્ષણનું પ્રમાણ રાજયની અન્ય આદિવાસી જાતિઓ કરતાં પણ ઘણું નીચુ હતું. તેમનામાં એથ્નોગ્રાફિ તેમજ એથ્નોલોજીકલ ફેરફારોમાં ખાસ નોંધ પાત્ર બાબતો જોવા મળતી નથી. અન્ય આદિવાસીપણાથી તેઓ ઘણા દૂર જોઈ શકાય છે. પણ જયારથી ટી.એસ.પી.ની રચના થઈ અને ટ્રાયબલ વિસ્તાર તરીકે ગણના થઈ અને ફેમીલી ઓરિયન્ટલ પ્રોગ્રામો અમલમાં આવ્યા ત્યારે ટ્રાયબલ પોકેટસ તરીકે કચ્છ વિસ્તારની જાતિઓનાં પણ અભ્યાસ આ કેન્દ્ર દ્વારા, સમાવિષ્ટ જાતિઓના અભ્યાસ હાથ ધરવામાં આવ્યા.

**કચ્છના કોળી :**

૨૦૦૧ની જાતિવાર વસતિ ગણતરી પ્રમાણે કોળીઓની વસતિ ૯૫,૬૫૫ની દર્શાવવામાં આવી છે જે કુલ આદિવાસી વસતિમાં ૧.૨૮ ટકા જેટલી જોઈ શકાય છે. કોળીઓની સૌથી વધુ વસતિ કચ્છ જિલ્લાના રાપર, ભચાઉ, અંજાર તાલુકાઓમાં છે. કોળીઓના ઈતિહાસ જોતાં વિધ્વાનોના ખૂબ મતો જોવા મળે છે. તેના ઉપરથી કચ્છમાં વસતી કોળીઓના ઈતિહાસ ઉપર ચોક્કસ પ્રકાશ પાડવો મુશ્કેલ છે.

કાઠીયાવાડ સર્વ સંગ્રહમાં ઘેડીયા (ગેડીયા) શબ્દની ઉત્પત્તિ અંગે દર્શાવવામાં આવ્યું છે કે કચ્છની ગેડી શહેર ઉપરથી 'ગેડીયા' નામ પડ્યું જણાય છે. જેઠવા રાજપુતોએ કાઠીયાવાડ ઉપર હુમલો કર્યો ત્યારે ગેડીયા તેમની સાથે હતી. રીતભાત તથા પહેરવેશ બરડાના મેર લોકો જેવા છે. બીજા કોળીઓ કરતાં વધારે આબરૂદાર હોઈ ખેતીથી ગુજરાન કરે છે. લૂંટફાટ કરવી છોડી દીધેલ છે. કોળીઓમાં સૌથી ઊંચી જાતના ગણાય છે. એકંદરે આ ઘેડીયા કોળીઓ પણ મુખ્યત્વે ગામડાઓમાં વસતા આવ્યા છે. ઘણા ખરા ગામોમાં આ કોળીઓની જ વસતિ જોવામાં આવે છે. આ લોકો પાસે પોતાની માલિકીની જમીનો તેમજ કાચા ઘરો છે. ઘેડ મથકમાં પથ્થરના ઘરો પણ જોવામાં આવે છે. રાજાશાહી વખતમાં આ લોકો પાસે વેઠ કરાવવામાં આવે છે. તેમજ કેટલીય બાબતમાં શોષણ કરવામાં આવતું.

**વાગડીયા કોલી :**

કચ્છ જિલ્લાના વાગડ વિભાગમાં વસતા કોળી વાગડીયા કોળી કહેવાય છે. વાગડમાં બે પ્રકારના કોળી વસે છે. (૧) વાગડીયા (૨) પારકરા કોળી. આ બન્ને કોળી કોમમાં વાગડીયા કોળી ઊંચા મનાય છે. પારકરા કોળી સિંધ પ્રદેશની પારકરમાંથી ઉતરી આવેલ હોવાથી તેઓ પારકરા કોળી કહેવાય છે. તેઓની પાસે ખેતીને માટે પુરતી જમીનો ન હોવાથી તેઓ ખેતમજૂરી કરવાનું, મધ ભેગું કરવાનું, લાકડા વીણવાનું તેમજ અન્ય છૂટક મજૂરી કરવાનું કામ કરે છે. તેમના મકાનો ગામ બહાર હોય છે. તેઓ કુબામાં વાસ કરે છે.

કોળીની ચાર શાખ જોવા મળે છે.

(૧) ઝાટ (૨) કાળું (૩) ઝંડારિયા (૪) પાટડીયા

(૧) ઝાટ :

આ લોકો મૂળે સોલંકી વંશના રજપુત છે તે આજુબાજુના પ્રદેશમાં રહેતા હતા. તેઓ બનાસકાંઠાના રાધનપુર તાલુકાની પરચોડ ગામમાં આવીને વસ્યા. આશરે ૪૦૦ વર્ષ પહેલાં તેમણે આબુ છોડ્યુ હોય તેમ લાગે છે.

(૨) કાળું :

કાળુ કોળી પણ અસલ કોળી નથી પણ રજપુતમાંથી વટલાઈને કોળી બનેલ છે. તેઓ મૂળ રહીશ માળિયાથી પશ્ચિમ દિશા તરફ આવેલ જાહર ગામના રહીશ છે. ત્યાંથી તેઓ ભાગીને ગેડીએ જઈ વસ્યા, ગેડીથી તેઓ કિડિયાનગરમાં આવીને વસ્યા. કિડિયાનગરથી તેઓ ઝાટની સાથે વસવાટ કર્યો. તેઓ કાળુ કેમ કહેવાય તેનો ઈતિહાસ મળતો નથી. સામાન્ય પણે કોલીમાં દાદા પરથી યા ગામ પરથી શાખ પડતી હોય છે. એટલે એમ કલ્પના કરી શકાય કે તેમને વડવો કાળુ નામે થઈ ગયેલ હોવો જોઈએ તે પછીની પેઢી કાળુ નામે ઓળખાઈ હોય.

(૩) પાટડીયા :

આ કોળી વીરમગામ તાલુકાના પાટડી ગામના મૂળ રહીશ છે. ધંધાર્થે તેઓ રાપર તાલુકાના નાના રણ બાજુ આવેલ ભીમધોકા પાસે એમના વડીલો ઉતરી આવ્યા, પાછળથી તેમણે ભચાઉ તાલુકાના લાકડીયા ગામે વસવાટ કર્યો.

(૪) ઝંડારિયા :

આ કોળી ચોરાડ બાજુ આવેલા ઝંડાર ગામના મૂળ રહીશ છે. ત્યાંથી તેઓ વાગડ તરફ ઉતરી આવ્યા. ઝંડાર ગામના મૂળ રહીશ હોવાથી તેઓ પોતાની આ ઝંડારિયા લખાવે છે.

રાપર, ભચાઉ અને અંજાર તાલુકાઓમાં વસતા કોળીઓ કચ્છી કોળીઓ સાથે સંબંધ રાખતા નથી. ભૂજથી આગળના વિસ્તારમાં વસતા કોળીઓ એટલે કે ચિરાઈથી તેમને અલગ ગણે છે. કચ્છી કોળીઓ એટલે કે ચિરાઈથી તેમને અલગ ગણે છે. કચ્છી કોળીઓ મુસ્લીમો સાથે ભર્યા તેથી તેઓ કચ્છી કોળીઓ ગણાયા. તેમના સંબંધો વાગડ સાથે નથી. તેઓ સંપૂર્ણ હિન્દુ ધર્મી હોવા છતાં મુસ્લીમો સાથેના કેટલાક સંબંધોને કારણે તેમને અલગ ગણવામાં આવે છે. તેઓ મૂળે હિન્દુ કોળીઓ જ છે. આ વિસ્તારના કોળીઓ પાસે ખેતીની જમીન ન હોવાથી અન્ય મજૂરી, જંગલ ગૌણ પેદાશ એકઠી કરવી વગેરે કામો કરે છે.

અગાઉ જોયું તેમ રાપર, ભચાઉ તાલુકામાં કોળીઓની વસતિ સવિશેષ છે. કેટલાક ગામો તો કોળીઓના જ છે. અન્ય જાતિઓ સાથે વસતા કોળીઓ ગામ બહાર છુટાછવાયા કે હરોળમાં પણ રહે છે. મોટાભાગના કોળીઓ ભૂંગા બનાવી રહે છે. ભૂંગાઓની આજુબાજુ ગાંડા બાવળની વાડ કરી લેવામાં આવે છે.

શહેરમાં વસતા કોળીઓના મકાનો એક ખંડવાળા, કાચા અને કંતાનથી ઢાંકેલ હતા. કેટલાક ઘરો પથ્થરના નાના ટૂકડાઓ એકઠા કરી બે પાંચ ફૂટ ઊંચી દિવાલ કરી ૧૦' x ૧૦' ના ઘર બનાવી રહે છે. મોટાભાગના ઘરો છાપરાજ હોય છે. તેમની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી હોય છે. અંજાર શહેરમાં કોળીઓનો ત્રણ વાસમાં વસવાટ કરે છે. (૧) નગરપાલિકા હાઈસ્કૂલ સામેનો વિસ્તાર વોર્ડ નં.૮ (૨) હેમલાઈ વાસ (૩) વિજયનગર પ્લોટ વોર્ડ નં.૭. આમ તમામ ઘરે કાચા ભૂંગા હતા તેમજ શહેરની બહાર ૨ કિ.મી. દૂર હતા. વાસમાં જાહેર નળ અને લાઈટની સગવડ અપૂર્ણ હતી. તેમના એકપણ ઘરમાં લાઈટ કે પાણીની સગવડ નથી.

તપાસમાં લીધેલ કોળીઓની શાખ નીચે પ્રમાણે જોવા મળી હતી. જોકે કેટલાક કોળીઓ પોતે કોળીના નામથી જ ઓળખે છે. તેઓ શાખ લખાવતા નથી. જો કે અંદરો અંદરના વહેવારોમાં શાખ (ગોત્ર) નો ઉલ્લેખ થતો હોય છે.

| ક્રમ | શાખ |
|---|---|
| ૧. | અખિયાણી |
| ૨. | સુરાલી |
| ૩. | હુરાલી |
| ૪. | મકવાણા |
| ૫. | પગી |
| ૬. | માપાણી |
| ૭. | ભટ્ટી |
| ૮. | હલાણી |
| ૯. | ચવાણ |
| ૧૦. | કાળું |
| ૧૧. | ફકિરાત |
| ૧૨. | સીધાડીયા |
| ૧૩. | ડોડીયા |
| ૧૪. | પરમાર |
| ૧૫. | બારું |
| ૧૬. | બારૈયા |
| ૧૭. | સંગાર |
| ૧૮. | ડાભી |
| ૧૯. | કોળી |

જવાબ નથી મળ્યા તેવા -૮

**જાતિપંચ :**

કોળીઓમાં કોઈ બંધારણીય પંચ નથી પણ કોળી સમાજના વડીલો મળી જે નક્કી કરે તે માન્ય રાખવામાં આવે છે. નાત પટેલ તરીકે ગામના વડીલ વ્યક્તિઓ કામ કરે છે. ઝગડો કે મારામારી થાય તો વડીલો દ્વારા સમાધાન કરવામાં આવે છે.

**સ્પષ્ટ અભિપ્રાય :**

કચ્છના કોળીઓનો સમાજ માનવશાસ્ત્રની રીતે અભ્યાસ થયો છે. તેને આધારે તેમજ અન્ય ઐતિહાસિક પ્રકારના અભ્યાસોને આધારે કહી શકાય તેમ છે કે તેઓ શાસન કરનારી પ્રજાઓમાંથી ઉતરી આવેલી જાતિ હોઈ તેનામાં લડાયક જાતિના લક્ષણો જોઈ શકાય છે. તેમના પૂર્વના ઈતિહાસને આધારે કોઈક સમયે તેઓના

રાજ્યો પણ હતા. કાળક્રમે સ્થાનભ્રષ્ટ કે પદભ્રષ્ટ થઈ જુદી જુદી ટોળીઓમાં વહેંચાઈ જુદા જુદા વિસ્તારોમાં સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે વસવાટ કરતા હોય તેમ માલુમ પડે છે. આમ કચ્છમાં પણ તેઓનો ઈતિહાસ જોતાં સ્થાનિક પ્રજા કરતાં બહારથી આવી વસવાટ કરતા હોય તેમ જોઈ શકાય છે. પણ આ બધો ઈતિહાસ ઘણા સમય પહેલાનો હોવાનું અનુમાન છે.

કચ્છના કોળીઓ જુદી જુદી શાખાઓમાં વહેંચાયેલા જોઈ શકાય છે. તેમની આ શાખાઓ આગળ જતાં રાજપુત શાખાઓ સાથે અન્ય શાખાઓને ગુજરાતના અન્ય વિસ્તારોની જાતિઓમાં જોવા મળે છે. જેમકે બારૈયા, સંગાર, ડાભી, પરમાર, ડોડીયા, ચવાણ, ભટ્ટી, પ્રગી, મકવાણા વગેરે શાખાઓ જે બીજા આદિવાસી જાતિઓમાં પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આમ સ્પષ્ટ જાતિગત આગવી ઓળખ ઊભી થતી હોય તેમ જોઈ શકાતું નથી.

તેમના સામાજિક રીત રિવાજો ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે અન્ય હિન્દુ જાતિઓ જે બીનઆદિવાસીમાં છે તેના જેવા જ રીતરિવાજો પાળવામાં અને માનવામાં આવે છે. તેમનામાં કોઈ અલગ વિશિષ્ટ રીત રિવાજ કે અલગતાના લક્ષણ પણ જોઈ શકાતા નથી.

ધાર્મિક માન્યતામાં પણ હિન્દુ દેવ-દેવીઓની પૂજાવિધિ તેમજ વારતહેવારના ઉત્સવો પણ ઉજવે છે. તેમાં પણ કોઈ અલગ કે જાતિગત લક્ષણવાળી કોઈ એવી વિધિ કે ધાર્મિક માન્યતા નથી કે જેનાથી આદિવાસી તરીકેની ઓળખ ઊભી થાય. પાબુ તેમના પૂર્વ પુરુષને માની તેની પૂજા કે વિધિ કરે છે તે પાબુએ ગૌરક્ષા તરીકે પોતાનો બલી આપી ગાયોની રક્ષા માટે જાન કુરબાન કર્યાની દંતકથા છે. તેવું તો ઘણા વિસ્તારોમાં પોતાના પૂર્વજોની વીરગાથાઓ સાથે પૂજાવિધિ કરવામાં આવે છે. (દા.ત. ભાથીજી મહારાજ) તેથી તે પોતાના પૂર્વ પુરુષમાંની આદિવાસી માની લેવા તે પણ યોગ્ય નથી.

આર્થિક, સામાજિક કે શૈક્ષણિક રીતે પાછળ રહી જાય છે તે એક વિસ્તાર વિકાસના અભાવે બનેલી ઘટના સિવાય કંઈ કહી શકાય તેમ નથી.

સામાજિક પછાતતા પાછળ સમાજમાં પ્રવર્તતી જ્ઞાતિ પ્રથાની અંધશ્રધ્ધા મજબૂત સમાજ વ્યવસ્થા જ જવાબદાર છે તેમ જોઈ શકાય છે. એક બીજી જાતિઓમાં જ ઊંચ નીચના ભેદભાવ છે તેજ જવાબદાર છે. તેનાથી વધારે કંઈ જોઈ શકાતું નથી અને આના કારણે જ એટલે કે ઉચ્ચ જ્ઞાતિનો કોઈ વ્યક્તિ આવી નીચા દરજ્જે ગણાતી જાતિઓમાં કામ કરે તો તેને પણ ઘણી વાર સહન કરવાનું આવ્યું છે. તેના ઉત્તમ દાખલા ગુજરાતના ઘણા વિસ્તારોમાં જોવા મળી શકે તેમ છે જ. કચ્છ માટે લાકડીયાના નરશીભાઈ ગાલા તેમનો ઉત્તમ દાખલો છે જે કોળીઓમાં કામ કરતા તો જ્ઞાતિગત વ્યવસ્થામાં નાત બહાર મુકેલા. આમ આ કોળીઓએ આજ પ્રથાનો ભોગ બનેલી જાતિ હોઈ તેનો વિકાસ થઈ શક્યો નથી.

કચ્છના કોળીઓ માટે અગાઉ પણ સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવ્યા છે તે અભિપ્રાય પ્રમાણે

કચ્છના કોળીઓ આર્થિક, સામાજિક રીતે પછાત જાતિઓમાંની યાદીમાં મૂકવામાં આવી છે. સમાજ માનવશાસ્ત્રની રીતે થયેલા અભ્યાસોમાં આદિવાસી તરીકેના લક્ષણો ધરાવતી નથી. નૃવંશશાસ્ત્રીઓના અભ્યાસ પ્રમાણે આદિવાસીઓ પોતાનો પૂર્વ પુરુષ હતો તેમ માને છે. પોતાની સ્વતંત્ર બોલી હોય છે. બાકીની પ્રજા સાથેનો ભૌગોલિક સંપર્ક પ્રમાણમાં ઘણો ઓછો હોય છે. આદિવાસીઓમાં પોતાની પરંપરા અને કાનૂનો હોય છે. પરંપરા અને કાનૂન અન્ય સમાજથી ભિન્ન હોય છે. આદિવાસીઓ સામાજિક પરિવર્તનના વિરૂધ્ધ હોય છે. પંચો મારફત જાતિનું મજબૂત સંગઠન થયેલું હોય છે. મિલ્કતની વહેંચણી અંગે કે સામાજિક વ્યવહારોના નિયમન માટે પોતાના ધારાધોરણો ઘડેલા હોય છે. જે તે સૌએ માન્ય રાખવા પડે છે. કોઈ પણ રુઢ ધર્મને ન અનુસરતા પ્રાકૃતિક દેવોને વધુ માને છે. ખાસ કરીને પોતાના પૂર્વજોના આત્માને સંતોષમાં રાખવાની તેઓ સૌથી વિશેષ કાળજી રાખે છે. આમ આદિવાસીઓના જીવન ધોરણોના અભ્યાસો ઉપરથી સમાજમાનવશાસ્ત્રીઓએ જે આદિવાસીઓના લક્ષણો દર્શાવવામાં આવ્યા છે તે લક્ષણો કચ્છની કોળી જાતિમાં જોઈ શકાતા ન હોવાથી તેમને આર્થિક અને સામાજિક પછાત જાતિઓની યાદીમાં મૂકયા છે તે યોગ્ય જ ગણાવી શકાય. આમ છતાં સ્થાનિક આગેવાનો કે સમાજના સંગઠનોને જાતિગત સમસ્યાનું સમાપન ન થતું હોય તો સમાજ માનવશાસ્ત્રીય રીતે અલગથી અભ્યાસ કરાવવો જોઈએ.

**વાઘરી :**

વાઘરી ગુજરાતની ઘણી પ્રખ્યાત હિન્દુ જાતિ છે. છતાં ૧૯૫૬માં અનુ.જનજાતિની પુનઃ યાદી થઈ તેમાં કચ્છના વાઘરીનો સમાવેશ થયેલો છે. ૨૦૦૧ના જાતિવાર વસતિ ગણતરીમાં કચ્છના વાઘરીની વસતિ ૧૬,૯૭૪ દર્શાવી છે. જેમાં ૮,૭૬૪ પુરુષો અને ૮,૨૧૦ સ્ત્રીઓ દર્શાવાઈ છે. પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઓછી જોઈ શકાય છે.

**કચ્છ વાઘરી :**

કચ્છમાં ભૂજ તાલુકાના શહેરના શ્રી ખીમજી પ્રેમજી વાઘરીના મત પ્રમાણે વાઘરી ૨૦૦ વર્ષ પહેલાથી ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર - કચ્છ આવ્યા છીએ તેવું વડવાઓનું કહેવું છે. ખીમજી પ્રેમજીના કહેવા પ્રમાણે કચ્છમાં વાઘરીના મુખ્ય ચાર પ્રકારો પાડવામાં આવેલા છે.

**(૧) કાબરિયાં :**

વાઘરી કોમમાં આ જાતિ સૌથી ઊંચી ગણાય છે. કાબરિયા જાતિના વાઘરી અન્ય વાઘરીની જાતો જેવી કે પટણી, દાતણિયા, સુવારિયા અને વઢિયાર જાતિઓ સાથે લગ્ન કરી શકતા નથી. મોટાભાગે દરેક વાઘરીની જાતિ પોતાની જ જાતિમાં લગ્ન વ્યવહાર કરતા હોય છે. કાબરિયા જાતિ વાઘરી કહે છે કે અમે બીજા વાઘરીની જાતિ સાથે રોટી-બેટીનો વ્યવહાર હોતો નથી. લગ્ન વ્યવહારમાં, ધાર્મિક વિધિ, સામાજિક વિધિ વગેરેમાં હિન્દુ રિવાજ પ્રમાણે કાબરિયા વાઘરી બ્રાહ્મણને બોલાવતા હોય છે, જ્યારે અન્ય વાઘરી કોમ બ્રાહ્મણને બોલાવતા નથી એ મુખ્ય ફરક છે.

કાબરિયા વાઘરી ખાસ કરીને મજુરી કરે છે. ખેતી પોતાના પાસે ખૂબજ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. મજુરીમાં ખાસ કરીને રેંકડી ચલાવવી, છૂટક મજૂરી કરવી, દુકાન વગેરેમાં મજુરી કરવી. આમ આ જાતિમાં મજૂરવર્ગ મુખ્ય જોવા મળે છે.

કાબરિયા વાઘરાના વસ્તી ખાસ કરીને કેબા વિસ્તાર, અંજાર, જુસલપરા, ભચાઉ, ગાંધીધામ, રાપર, ગાગોદર, પ્રાંચમા, આજેસર વગેરે વિસ્તારોમાં વધુ જોવા મળે છે.

**(૨) વઢિયાર :**

કાબરિયા વાઘરી પછી વઢિયાર જાતિના વાઘરી આવે છે. વઢિયાર જાતિના વાઘરી શાકભાજી વેચીને ગુજરાન ચલાવતા હોય છે. ગામડાઓમાં તો ખેતમજૂરી જ હોય છે.

**(૩) સુવારિયા :**

સુવારિયા કપડાં વેચવાનો મુખ્ય ધંધો કરતા હોય છે.

**(૪) પટણી અથવા દાતણીયા વાઘરી :**

પટણી વાઘરી ખાસ કરીને દાતણ વેચવાનો ધંધો કરે છે. એટલે દાતણિયા વાઘરી કહેવાય છે અને બીજુ એમનું મૂળ વતન પાટણ કહેવાતું હોવાથી પટણી વાઘરી તરીકે ઓળખાય છે. દાતણ ઉપરાંત બકાલુ કે શાકભાજી વેચવાનો ધંધો પણ આ પટણી વાઘરી કરતા હોય છે.


**ગામીચા-મધીયા-ઘીવાળા :**

''ગામીયા'' વાઘરીને કચ્છમાં ''આલમપરીયા'' તેમજ ''મધીયા'' વાઘરી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમને પોતાના ધંધા વ્યવસાય અંગે ગામેગામ રખડતું ભટકવું પડે છે. જોકે, કેટલાક કુટુંબો કચ્છમાં ગાંધીધામમાં ધંધા વ્યવસાય તથા રહેઠાણમાં સ્થીર થયા છે. કાંઈ એકજ વ્યવસાયમાં પૂરું ન થતું હોવાથી દાતણ ઉપરાંત જયાં મળે ત્યાં શિયાળામાં ચૈત્ર વૈશાખમાં ગુંદર વિણવાનું વિગેરે કામ કરે છે. ઉપરાંત કેટલાક કુટુંબો બનાવટી 'ઘી' પણ વેચે છે. ચોખ્ખુ કહીને, તે સીવાય અખરોટ, ધાણા અને લસણ પણ સીઝન અનુસાર વેચે છે. અલબત્ત કેટલાક કુટુંબો એકજ ધંધા ઉપર છે. જેમકે દાતણ, ઘી વિગેરે તેઓના આવકના મુખ્ય ધંધો છે.

**ઐતિહાસિક ભૂમિકા :**

સન ૧૮૯૬માં કચ્છમાં ગાંધીધામ પાસે આવેલા 'ગળપાધર' ગામના દરબાર ગગુભા હાથેવર માટે (પરણવા) વિરામગામ પાસેના 'આલમપર' ગામે આવ્યા હતા. હવે જાનની સેવા અને દાતણ પહોંચાડવાનુ કામ કરશન નામના આ જાતિના પુરુષને સોંપવામાં આવ્યું. આ કરસનના કર્તવ્યનિષ્ઠા અને સેવાભાવ ઉપરાંત માયાળું સ્વભાવની અસર ગગુભા ઉપર પડી. તેમણે આ કરશનજીને વસવાટ માટેનું ખાસ આમંત્રણ આપ્યું. ગગુભાએ ગામ બહાર થોડા એકર જમીન આપી અને નાનું મકાન (ઝુંપડુ) બનાવા આપ્યું. એના બદલામાં તે

દરબારમાં તેમજ બધાને ઘેર ઘેર દાતણ આપતો અને કોઈ પણ સારા માઠા પ્રસંગે મદદરૂપ થઈ પડતો. સાથે સાથે પોતાને મળેલી જમીનમાં પોતા પૂરતું અનાજ વાવી આરામથી જીવન ગુજારવા લાગ્યો. તેનું આવું સુખી જીવન જોઈને બીજા પણ બે-ત્રણ કુટુંબો આલમપરથી આવીને સ્થાયી થયા. થોડા વર્ષો બાદ આ 'ઠકરાઈ' કોમ વાઘરીઓ પાસેથી જમીન અને ઘરબાર ઝુંટાવી લીધાં. ત્યારથી તેઓની કંગાળ દશાનો આરંભ થયો. જોકે ત્યારે કરશનની હયાતી ન હતી. ત્યારથી તેઓની ઉત્તરોત્તર કંગાળતામાં વધારો થયો. ઘરબાર વગરના તેઓ ભચાઉ, ગાંધીધામ તેમજ ગામે ગામ ભટકવા પણ લાગ્યા. જોકે મોટાભાગના હવે ગાંધીધામમાં સ્થાયી થયા છે અને દાતણ વેચી ખાય છે. કરશનના વંશવેલા નીચે પ્રમાણે છે.




**કચ્છના વઘરી :**

**કુટુંબ વ્યવસ્થા :** કુટુંબ પિતૃસત્તાક છે. કારણકે ઘરની તમામ જવાબદારી પિતાની હોય છે. છોકરાઓની નામની પાછળ પિતાનું નામ લખાય છે. આખા કુટુંબમાં કુટુંબની ભરણ-પોષણ કરવાની જવાબદારી કુટુંબના વડાની હોય છે.એટલે કુટુંબમાં પુરુષનું પ્રભુત્વ હોય છે.

ઘરે મહેમાન તરીકે બધા જ પ્રકારના સગાંઓ આવતા હોય છે. અને રહેતા હોય છે. પરંતુ દીકરીઓ હોય તે વધુ પ્રમાણમાં આવ-જા કરતી હોય છે. આ ઉપરાંત મામા-ફોઈ વગેરે સગાંઓ પણ આવતા જતા હોય છે.

કુટુંબની કમાણી ખાસ કરીને પતિ-પત્ની બંનેના હાથમાં હોય છે. સ્ત્રીઓ અનાજ, પાણી લાવીને ખવડાવે છે. એટલે તેને પણ પૈસા તો આપવા જ પડતા હોય છે અને કમાણીનો અમુક ભાગ સ્ત્રીના ભાગમાં પણ રહેતો હોય છે.

કુટુંબમાં મુખ્ય માણસ ઘરના તમામ આર્થિક, સામાજિક, ધાર્મિક દરેક બાબતોના નિર્ણયો લે છે. પરંતુ ક્યારેક ઘરમાં ખાસ અગત્યનો નિર્ણય લેવાનો હોય તો પોતાની સ્ત્રી અને જો દીકરો મોટો હોય તો તેને પણ પૂછવામાં આવે છે. ક્યારેક પ્રશ્ન ગંભીર હોય, ઝઘડો વગેરે બાબતમાં જાતિ પંચને પૂછવામાં આવે છે અને નિર્ણય લેવામાં આવે છે.

કુટુંબનું કદ વધવાથી ભાઈઓ-ભાઈઓ વચ્ચે ઝઘડા થવાથી પણ કુટુંબનું વિભાજન થાય છે.

**વાઘરીઓનું પરંપરાગત પંચ :**

ગુજરાતની લગભગ બધીજ વાઘરી જ્ઞાતિઓમાં વાઘરીઓનું પરંપરાગત પંચ તેમની મહત્વની સામાજિક નિયંત્રક સંસ્થા છે. વાઘરીઓની જ્ઞાતિઓમાં પંચ પ્રથા છે.

આ લોકોમાં પંચને ખૂબજ મહત્વ આપવામાં આવે છે. પંચના સભ્યોની લાયકાતમાં આર્થિક પાસા કરતાં સામાજિક મોભો વિશેષ જોવામાં આવે છે. પંચનો સભ્ય સમાજમાં માન ધરાવતો હોય છે. ન્યાયી હોય છે. સચ્ચાઈવાળો હોય છે. બધામાં પૂછાતો હોય છે. તેનો ચુકાદો સર્વમાન્ય હોય તેવો જોવા મળે છે.

આ લોકોના પંચની કાર્યવાહી આ લોકોમાં વ્યક્તિગત, સામુહિક તેમજ અન્ય પ્રકારના ઝઘડાઓના ઉકેલ માટે હોય છે. સમાજમાં શિસ્ત માટેના નિયમો જોવા મળે છે. લોકો આડાં અવળાં કામો કરતા અટકે તેને રોકવા તેને સજા કરવા દંડ કરવા અલગ કરાવવાનું કામ કરે છે.

આ લોકોનું પંચ સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય કે અન્ય બાબતોના નિર્ણયો કરે છે. ભૂલ કરે તેને રોકે, દંડ કરે અને રોકે, દંડ કરે અને સજા પણ કરે છે. કેવા ગુનામાં કેવા પ્રકારની સજા થઈ શકે તેના લેખિત તેમજ મૌખિક નિયમો સજા પ્રમાણે નક્કી કરવામાં આવ્યા હોય છે તેનું પાલન ચૂસ્તપણે કરવાનું હોય છે.

**ધાર્મિક જીવન :**

હિન્દુ ધર્મના જેટલા દેવો છે એ બધાજ દેવોને વાઘરી કોમ પણ માને છે. જેમ કે કૃષ્ણ ભગવાન, રામ, હનુમાન, શંકર ભગવાન, સંતોષી માતા અંબા માતા, ભવાની, કાળકા મા વગેરે.

પરંતુ કેટલાક દેવ-દેવીઓને વિશિષ્ટ મતે તેઓ માને છે.

**આશ પ્રા. દેવી (મા ભવાની)**

આ માતાને એવો કૂળદેવી તરીકે ગણે છે. આશા પ્રા. દેવીનું બીજુ નામ મા ભવાની કહેવામાં આવે છે. કૂળદેવીની પૂજા રાત્રિના સમયમાં કરવામાં આવે છે. પૂજનમાં ચંદરવો બાંધવામાં આવે છે. નાળિયેર, ઘઉંના લોટની રોટલી ઘડીને મસળી ઘી-ગોળમાં ચૂરમો બનાવવામાં આવે છે. આ બધી વસ્તુ ચઢાવવાની વિધિ ભૂવો કરતો હોય છે. માતાને ધૂપ-દીપ પણ કરવામાં આવે છે. આ દિવસે ઘઉંની પૂરી તેલમાં તળવામાં આવે છે અને ખાવામાં આવે છે. ખાસ કરીને નવરાત્રિના છેલ્લા દિવસે ૮ અને ૯ના દિવસે કરવામાં આવે છે.

આ ઉપરાંત મેલડી, ખેતરપાળ, કાળીકા દેવી, ભૂત, ડાકણ વગેરેમાં પણ માનવામાં આવે છે.

**મારવાડી વાઘરી : કચ્છ** - દરેક અટક અને નુખ પ્રમાણે દરેક કુટુંબને અલગ અલગ કુળદેવી હોય છે.

(૧) ભટ્ટી - 'કાળ ભૈરવ'

(૨) સોલંકી - 'કાળકા'

(૩) રાઠોડ - 'માલ બાઈ'

(૪) ચવાણ - પાટોડી તેમજ સમાવત : આ શાખના લોકોની કુળદેવી અને રીત-રિવાજો રાઠોડ જેવા એક જ છે.

પરમાર - ''જળદેવી'' તેમની 'નુખ' 'દેવાણદી' છે.

**કોળી મકવાણા : 'સોદરા'**

આમ દરેક અટકવાળાઓ અલગ અલગ દેવીઓને માને છે. છતાં દરેક કુટુંબની કુળદેવીનું સ્થાનક ઘરની બહાર ''બારલી બઈ'' આગળ જોવા મળે છે.

**જંગી વાઘરી - કચ્છ :**

તેમની કુળદેવીઓ જેમકે સગત, વિહોત, ગાણાળ કે અન્ય દેવીઓને માને છે. ઉપરાંત હાજીપીરને પણ માને છે.

**વડુ વાઘરી - કચ્છ :**

તેઓના ધાર્મિક જીવનમાં તો અન્ય વાઘરી જાતના જેવું જ હોય છે.તેઓ લીમડાને પવિત્ર ગણે છે. દરેક શાખને અલગ અલગ કુળદેવી હોય છે.

**વડેચા :** મુંમાઈ માતા : તેમની સ્ત્રીઓ ઊંટની લાજ કાઢે, ઉન ન પહેરે

**કુંવરીયા :** દગાઢ માતા : સોપારી ન ખાય અને ઉન ન પહેરે.

**સમેઆ :** સગત : પાડો ખાય નહી અને પાડાને થાય ન મારે.

**આંગાવાઈખ :** વિહોત : બકરીનું શાક ન ખાય.

**સંસેરીયા : સગત : કંઈ નહીં.**

**વાહવાનયા :** મેલડી : સોપારી ન ખાય, ઉન ન પહેરે.

**કોરી :** સિકોતર : બકરો ઘેટું ન ખાય.

**વારૈયાર :** દગાત્ત : સોપારી ન ખાય.

આમ દરેક શાખવાળા અલગ અલગ કુળદેવીને માને છે અને અલગ અલગ માતાજીની ટેક પરણેલી સ્ત્રીઓ પાળે છે. બાકી તેઓ પટણી અને સથવારાની જેમ નોરતા, હોળી, દિવાળી ચૈત્રી તેરસ જેવા તહેવારો ઉજવે છે.

**સથવારા વાઘરી - કચ્છ :**

તેઓ સૌ ''દેવી'' માં ઘણી શ્રધ્ધા ધરાવે છે. દરેક કુટુંબને પોતાની કુળદેવી હોય છે. તેઓ સાથે બધા અંબાજી ખોડિયાર, આશાપુરી, ભદ્રકાળી, સંતોષી મા વગેરે દેવીઓને માને છે.

દરેક ''નોખ'' વાળા પોતાની કુળ દેવીને આસો માસની આઠમને દિવસે ઘીનો દીવો, અગરબત્તી, ધૂપ તેમજ સુખડી, ચોખા મીઠા વગેરેનો ધુપ દે છે અને પોતાની દેવીને શ્રીફળ વધેરી ફળોનો હાર ચઢાવે છે.

કુટુંબ પાસેથી આઠમ અને નવરાત્રિ માટે ફાળો ઉઘરાવી જે માતાજીને 'બકરાની બલિ' ચઢાવે છે. આ બલિ તેઓના મહોલ્લા બહાર આવેલ 'બારલી બાઈ' દેવીને ચઢાવે છે. જેનું મહોલ્લા બહાર દેરુ હોય છે.

**આર્થિક જીવન - (કચ્છ) :**

કચ્છી વાઘરીઓ ખાસ કરીને નીચેના ધંધા કરે છે.

(૧) **મજૂરી :** શહેરમાં મકાન બાંધકામ, અન્યત્ર છૂટક મજૂરી

(૨) **ખેતમજૂરી :** ખેતીની સીઝનમાં બીજાના ખેતરમાં કામ કરે છે.

(૩) **દુકાનમાં મજૂરી :** કોથળા સીવવા વગેરે.

(૪) **ખેતી :** આ જ્ઞાતિમાં ખેતી ખૂબજ ઓછા કુટુંબો કરે છે અને જેમની પાસે જમીન છે તે પણ ખૂબજ ઓછી છે.

(૫) **બળદ વેચવા :** અહી વાછરડા વેચાતા લે છે અને ત્યાર પછી ઢોરના બજાર ભરાતા હોય ત્યાં વેચે છે.

પટણી દાતણિયા વાઘરી દાતણ વેચીને શાકભાજી વેચીને મજૂરી કરીને આવક મેળવે છે.

આમ જોવા જઈએ તો મુખ્ય વ્યવસાયમાં ખેતમજૂરી, દાતણ, શાકભાજી, ફળો વગેરે વેચવાનો છે. જયારે પૂરક ગૌણ વ્યવસાય તરીકે અન્ય ધંધાઓ કરે છે. ભાગ્યે જ ૫ ટકા કુટુંબો એક વ્યવસાય ઉપર નભતા હશે. લગભગ દરેક કુટુંબ બે થી ત્રણ વ્યવસાય કરે છે. કેમકે એક જ ધંધામાંથી પૂરતી આવક નથી મળી શકતી. ~~વળી તેમાં આવક અનિશ્ચિત હોય છે. તેથી પુરક આવક મેળવવામાં બાળકો, સ્ત્રીઓને કામ કરવું જ પડે છે.~~

કચ્છના જંત્રી વાઘરી ખેતી ઉપરાંત ફોટો ફ્રેમ કે ફોટા બનાવી વેચે છે.

કચ્છના મારવાડી વાઘરી : (૧) 'ચામા' (વાછરડા) વેચવાનો મુખ્ય ધંધો (૨) રસ્સી, મોપડા બનાવી વેચવા (૩) મરઘા - બતકા ઉછેર પણ કરે છે.

**સથવારા વાઘરી - કચ્છ :**

સથવારા લોકોનો મુખ્ય ધંધો જૂના કપડાં લેવા વેચવાનો. હાલ તો કેટલાક સથવારા કુટુંબો ફોટા ફ્રેમીંગની દુકાનો પણ ચલાવે છે અને જૂના કચ્છી ભરત કારીગરીવાળા ચાકળા, ચણીયા વગેરે ગામે ગામ ફરીને વેચાતા લે છે. એ દિલ્હી, જયપુર બાજુના વેપારીઓને વેચે છે. આ માલ ઘેરબેઠા લઈ પણ જાય છે.

**અભિપ્રાય :**

વાઘરી જ્ઞાતિને કચ્છમાંથી અનુ.જનજાતિ યાદીમાંથી બાકાત કર્યા પછી એ ગુજરાત રાજયમાં બક્ષીપંચ હેઠળ આવરી લેવાયેલી જાતિઆમાનું શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત જ્ઞાતિઓનું હિન્દુ જ્ઞાતિ જૂથ છે. ''વાઘરી'' જૂથ શબ્દ હેઠળ જુદાં જુદાં નામે ઓળખાતી લગભગ ત્રીસ જેટલી વિવિધ વાઘરી પેટા જ્ઞાતિઓનો સમાવેશ થાય છે. આ વિવિધ વાઘરી જ્ઞાતિઓ આંતરલગ્ન જૂથો છે અને તેમની વચ્ચે કેટલીક વાર રોટી વ્યવહાર જોવા મળે છે. પણ અપવાદ રૂપેજ કયાંક આંતરલગ્ન વ્યવહાર જોવા મળે છે. આ વિવિધ વાઘરી જ્ઞાતિઓએ જીવનનિર્વાહ માટે અનેક વિધ વ્યવસાયો અપનાવ્યા છે.

આમ વાઘરી જ્ઞાતિએ હિન્દુ જ્ઞાતિ વ્યવસ્થાનો જ ભાગ હોય, તેમનામાં જ્ઞાતિ વ્યવસાયના લક્ષણો જ હોય તેને અન્ય પછાત વર્ગોની યાદીમાં મૂકવામાં આવેલ છે તે યોગ્ય જ છે.

**પારાધી :**

કચ્છની પારાધી જાતિને અનુ.જનજાતિ યાદીમાં મૂકવામાં આવી હતી. કચ્છમાં પારાધીને જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા નામોથી ઓળખવામાં આવે છે. માંડવીમાં તેમને જોગીના નામે ઓળખવામાં આવે છે. ખેડોલી, મુંદ્રા વિસ્તારમાં તેમને પારાધી નામે ઓળખે છે. જયારે રાપર અને ભચાઉમાં તેઓ ભીલ તરીકે ઓળખાય છે. જયારે ગામડાંના લોકો તેમને 'જોગી'ના નામે પણ ઓળખે છે. તેઓ પોતાને વાલ્મિકના વંશવેલા સાથે જોડે છે. સાથે મહા શિવરાત્રીના હરણના શિકાર સાથે પણ પોતાની કથા જોડાયેલી બતાવે છે. કચ્છમાં ભુજ, રાપર, ભચાઉમાં ભીલોની વસતિ છે તેઓ આ પારાધીને ભીલ જાતિના જ માને છે અને તેમની સાથેના સામાજિક સંબંધો ધરાવે છે.

**સ્પષ્ટ અભિપ્રાય :**

ગુજરાતમાં વસતા પારધી અને કચ્છમાં વસવાટ કરતા પારાધીએ ભીલની જ એક પેટા જાતિ છે. તેઓ મૂળે જંગલમાં રહેતા અને શિકાર તથા અન્ય જંગલગૌણ પેદાશો એકત્ર કરી પોતાનું જીવન જીવતા હોવાના ઉલ્લેખો તેમના અગાઉના ઈતિહાસોથી જોઈ શકાય છે. ભીલની આ જાતિ મૂળે ભીલ પણ પોતાના વ્યવસાયના કારણે તેઓ પારાધી નામે ઓળખાતા, પારાધી એ શિકાર કરતા હોવાથી સામાજિક સ્તરે તેમને અપરાધી ગણતા અને અપરાધીમાંથી તેઓ પારાધી તરીકે ઓળખાતા થયા હશે. પુરાણોમાં પણ આવી જાતિનો ઉલ્લેખ

જોવા મળે છે. જેમાં ભરતુહરિના સાત જનમની વાતમાં પોપટના અવતારમાં પારાધીએ ફાંસલો બાંધ્યો તે વાત. વાલીયા લૂંટારાની વાત. આમ પણ એક જમાનામાં શિકાર કરવો અને વેચવો એક વ્યવસાયિક ભાગ હોવો જોઈએ. પારાધી શિકાર કરે અને અન્ય સમાજ તેનો ભોગ કરે એટલે કે શિકાર પારાધી કરે નગર કે શહેરોમાં તે વેચે અને પોતાનું જીવન ચલાવતો હોય તે સમયમાં આવી શિકાર કરી જીવન જીવનાર જાતિ અથવા વર્ગ ઊભો થઈ આજે ભદ્ર સમાજમાં જે કતલખાના ચલાવે છે જે ખાટકીનો વ્યવસાય કરે છે તેમ તે જમાનામાં પણ શિકાર કરી પોતાનું ગુજરાન ચલાવનાર પણ હશે. કાળક્રમે શિકાર તરફ લોકોનો મોહ ઘટ્યો હોય, જીવ હિંસાના ખ્યાલો મનમાં આવ્યા હોય, યજ્ઞ આદિમાં કે મંદિરોમાં પણ બલી પ્રથા હતી જ અને તે કાળક્રમે નાબૂદ બની તેમ આ શિકારમાં પણ બન્યુ અને આમે જંગલ તથા સામાજિક પરિવર્તનના કારણે તે નામશેષ બની ગયો હોવો જોઈએ.

આ પારાધી તરીકે ઓળખાતી જાતિઓ પણ મૂળે જંગલ કે જંગલ નજીક રહેનારી જાતિ હોવી જોઈએ. કાળક્રમે આ વ્યવસાય બંધ થવાથી અન્ય વ્યવસાય તરફ વળ્યા હોવા જોઈએ પણ જંગલ અને શિકારની જ આવડત ધરાવનાર આ જાતિનો અન્ય વ્યવસાયમાં આગળ વધી શકી નહીં હોય વળી જંગલમાંથી સરળતાથી મળતી વસ્તુઓ દ્વારા પોતાનું જીવનધોરણ ચલાવવા માંડ્યું હોય. ધીરે ધીરે તેમાંથી ચીજવસ્તુઓ બનાવવાની આવડત શીખ્યા હોય અને તેમાંથી ચીજવસ્તુઓ બનાવી. અન્ય સમાજના લોકોને વેચતા રહ્યા હોય તેમાંથી જે મળે તેનાથી સંતોષ માની આ જાતિએ કોઈપણ પ્રકારની અન્ય આર્થિક પ્રવૃત્તિમાં પોતાને વાળી નહીં હોય. આના માટે પણ કારણો હોઈ શકે જેમાં અફાટ જંગલ, પાણીની સુલભતા, જંગલમાંથી સરળતાથી દરેક વસ્તુ મળતી હોય ત્યારે અન્ય વ્યવસાય તરફ દ્રષ્ટિ પણ કરવાની જરૂર ન ઊભી થઈ હોય તેમ લાગે છે. કાળક્રમે આ જાતિના વિસ્તારો અને રૈયત વિસ્તારોમાં માલિકી હક્કો દાખલ થયા હોય અને જેના કારણે તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતા થયા હોય, તે જયાં જાય ત્યાં તેના શાસકની પરવાનગી મેળવી ત્યાં ફક્ત રહેવા અને પોતાના વારસાગત ધંધા કરવાની પરવાનગી મેળવી રહેતા હોય ત્યારે કોઈ કનડગત કે જીવન પણ સંઘર્ષમય નહીં હોવાથી ભવિષ્યની ચિંતા કર્યા સિવાય જીવન જીવતા આવ્યા હોવા જોઈએ. આ પ્રકારની બધીજ જાતિઓ કયાં સ્વતંત્ર જીવન જીવતી આવી હોય કાં સમાજ ઉપર આધારિત જીવન જીવતી આવી હોય આવી જાતિઓ હંમેશને માટે આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક બાબતોમાં ભિન્ન પડતી આવી છે.

તેઓના તાજેતરના અભ્યાસ ઉપરથી તેમની આંકડાકીય માહિતી અને વી.સી.ડી. ઉપર ચિત્રો જોતાં તેમનામાં પહેલા કરતાં કોઈપણ જાતનું ખાસ પરિવર્તન જોઈ શકાતું નથી. અજ્ઞાન અવસ્થા, ભૂંગામાં વસવાટ, ઘરની જમીન પણ હજુ પોતાની નથી. તેમજ ખેતીની જમીન પણ ખૂબ ઓછા કુટુંબો પાસે છે. હજુ પણ જંગલ ગૌણ પેદાશ જેમાં મધ, ગુગળ, લાકડા, વિવિધ ગુંદરો તેમજ પરંપરાગત વ્યવસાય ઈંઢોણી બનાવવી, સુપડા બનાવવા, દોરી બનાવવી, સાવરણી બનાવવી વગેરે ઉપર નિર્ભર છે.

પારાધી જાતિ માટે અમોએ તેઓનો જે ક્ષેત્રકાર્ય આધારિત અભ્યાસ કર્યો અને તેઓની સામાજિક, આર્થિક, શૈક્ષણિક સ્થિતિ જોતાં તેઓનો ભૌગોલિક વિસ્તાર અને વસવાટ જોયો. આ સાથે પ્રશાસનમાં કામ

કરતા અધિકારીઓ, પારાધી જાતિના આગેવાનો, તેમજ અન્ય સમાજ-જાતિના સભ્યો સાથે ચર્ચા કરતા એઓનો સ્પષ્ટ અભિપ્રાય છે કે પારાધી જાતિમાં આદિવાસીના લક્ષણો જોવા મળે છે.

**કેન્દ્રનો અભિપ્રાય :**

કચ્છ જિલ્લાની વાઘરી, કોળી અને પારાધી જાતિને અનુ.જનજાતિમાંથી દૂર કરવામાં આવી ત્યાર બાદ જાતિના આગેવાનો તેમજ સ્થાનિક પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા અતિ ઉગ્ર ભાષામાં સરકારના આદિજાતિ વિભાગ અને આદિવાસી કેન્દ્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી અને ભારતીય બંધારણમાં દર્શાવેલા હક્કોના ઉલંઘ્ઘનની વાત પણ મૂકવામાં આવી. આના ભાગરૂપે આદિજાતિ વિભાગ દ્વારા શ્રી બાબુભાઈ શાહ દ્વારા થયેલ રજૂઆત સંબંધમાં અભિપ્રાયો માગવામાં આવ્યા તે અન્વયે આ ટૂંકો અહેવાલ તૈયાર કરવાનો થયો છે. કોને આદિવાસી તરીકે (વ્યક્તિ કે સમુદાય) તે સંદર્ભે જયારે ચર્ચા કે નિર્ણય પર આવવાનું થાય ત્યારે ૧૯૬૫માં લોકુર સમિતિએ જે લક્ષણો બતાવ્યા છે તે જોવા જોઈએ અને પછીથી જ આદિવાસી અંગે નિર્ણય થવો જોઈએ. કચ્છના સંદર્ભમાં જયારે વાત કરીએ છીએ ત્યારે લોકુર સમિતિએ બતાવેલ લક્ષણો જોવા મળતા નથી. આથી ખાસ કરી સમાજમાનવશાસ્ત્રની રીતે તેમની ગણના આદિવાસી તરીકે નહીં પણ અતિ પછાતની યાદીમાં મૂકી લાભો આપવા જોઈએ તેવા મતને આજે પણ આમ વળગી રહ્યા છીએ. તેના કારણોના પણ ખુલાસા કરવાના થાય તો અમે કરીશું, કારણ કે કેન્દ્ર દ્વારા કચ્છની જાતિઓ માટેના જે અભ્યાસો થયા છે તેના દ્વારા કેન્દ્ર કહી શકે તેમ છે કે કચ્છની કોળી અને વાઘરી આ જાતિઓ ગુજરાતના સઘન આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓની ઘણી જાતિઓની સરખામણીએ આ જાતિઓ પછાત અને સંઘર્ષપૂર્વક પોતાનું જીવન જીવી રહ્યા છે. તેમના આર્થિક, સામાજિક, શૈક્ષણિક પાસાંને તપાસીએ તો તેઓ અન્ય આદિવાસી જાતિઓ કરતાં પણ પાછળ જોઈ શકાય તેમ છે. આમ છતાં તેઓ આદિવાસીની જીનેટિકલ પાત્રતામાં સ્થાન પામી શકે તેમ નથી. તેઓ અતિ સંઘર્ષમય ગરીબી રેખા નીચે માળખાગત સુવિધાના અભાવ વચ્ચે જીવન જીવી રહેલા જોઈ શકાય છે, એટલે કે ગરીબી, પછાતતા છે પરંતુ તેથી તેને આદિવાસી તરીકે ગણવા એ બરાબર નથી. આમ કચ્છની વાઘરી અને કોળી જાતિ એ જાતિ કરતા જ્ઞાતિના લક્ષણો ધરાવે છે તેથી તેઓનો રાજયની અન્ય પછાત વર્ગની યાદીમાં સમાવેશ થયો છે તે યોગ્ય છે.

# એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ : એક અભ્યાસ

- ડૉ. નિરંજના પટેલ

ગુજરાતમાં વિવિધ આદિવાસી જાતિઓ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતનાં વિવિધ પ્રદેશોમાં વસવાટ કરે છે. ભારતની વસ્તીનાં કેટલાંક જૂથો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર બીજા જૂથોની સરખામણીમાં ઘણાં પછાત છે. વિભિન્ન આદિવાસી સમૂદાયો અન્ય ઘણા લોકોથી અનેક બાબતોથી અલગ પડે છે. આદિવાસી સમાજ પરંપરાગત જીવન સાથે જીવતો આવ્યો છે. આદિવાસી સમાજને તેમની ભૌગોલિક સ્થિતિ અને રોજગારી અર્થે સ્થળાંતર કરવું પડતું જેને કારણે તેઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત રહી જવા પામ્યા.

આઝાદી પછી આવા કેટલાંક જૂથોની પ્રગતિ અને વિકાસ ઝડપી બને તે માટે ભારતનાં બંધારણમાં તેમને માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સમાજનાં નીચલા સ્તરનાં નાગરિકો સુધી શિક્ષણ પહોંચાડવાનો આદર્શ સ્વીકારવામાં આવ્યો છે.

ભારતનાં બંધારણમાં સામાજિક પરિવર્તન માટે શિક્ષણને મહત્વનું ગણવામાં આવ્યું છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સમાજનાં નબળા વર્ગોમાં આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ સુધારવા રાજ્ય ખાસ ધ્યાન આપશે તેવો ઉલ્લેખ બંધારણની કલમ ૪૬માં કર્યો છે.

રાજયમાં આદિજાતિની શૈક્ષણિક પછાતતાને અનુલક્ષીને ભૂતકાળમાં આદિવાસી શિક્ષણ માટે ઘણાં સંનિષ્ઠ પ્રયત્નો થયા હતાં. પરંતુ સ્વતંત્રતા બાદ એક કલ્યાણ રાજય તરીકે નબળા વર્ગોની ખાસ જવાબદારી ઉપાડી. અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ લઈ જવા હશે તો શિક્ષણ સાથે દરેક પાયાની વ્યવસ્થા પૂરી પાડવી પડશે. તો જ તેઓનું શિક્ષણ સધરશે.

આદિવાસીઓમાં શિક્ષણ ઉત્કર્ષ માટે ભારત સરકાર દ્વારા 'એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ'ની શરૂઆત કરવામાં આવી. જેનાં દ્વારા આદિજાતિનાં પ્રતિભાશાળી બાળકોને ઉચ્ચ શિક્ષણ નિશુલ્ક મળી શકે. આ યોજના ગુજરાતમાં ૧૯૯૯-૨૦૦૦માં દાખલ કરવામાં આવી. હાલમાં આ યોજના હેઠળ ૧૧ સ્કૂલ અને ૧ (એક) સૈનિક સ્કૂલ કાર્યરત છે.

ગુજરાત સરકારનાં આદિજાતિ વિકાસ વિભાગે આ યોજનાનાં અમલીકરણની જવાબદારી કેટલીક શાળાઓ ચલાવતી સ્વાયત્ત સંસ્થાઓને સોંપી છે. સદર શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિક્ષણ, ભોજન, ગણવેશ, બુટ-મોજાં, બ્લેન્કેટ, સ્ટેશનરી, સાબુ, તેલ તેમજ રમત-ગમતનાં સાધનો વગેરે વિના મૂલ્યે આપવાનું આયોજન કરેલ છે.

આ શાળાઓનું નિરીક્ષણ કરી, તેમાં જરૂરી સુધારા લાવી શકાય તે હેતુસર 'એકલવ્ય મોડેલ

રેસીડેન્સીયલ સ્કૂલ'નાં મૂલ્યાંકન અભ્યાસનું કામ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવેલ છે.

**અભ્યાસનાં હેતુ :**

(૧) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલની વર્તમાન પરિસ્થિતિ જાણવી.

(૨) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં નક્કી કરેલ ધોરણ મુજબ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે કે કેમ ? તે જોવું.

(૩) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાનાં મૂળભૂત ઉદ્દેશ મુજબ વિદ્યાર્થીઓને ગુણવત્તા સભર શિક્ષણની અપેક્ષા પૂરી થાય છે કે કેમ ? તે જોવું.

(૪) શાળા સાથે સંકળાયેલ સંસ્થાનું માળખું, વ્યવસ્થાપન તંત્ર, ભૌતિક સુવિધાઓ, શિક્ષકો તેમજ શાળાનાં અન્ય કર્મચારીઓની જરૂરી વિગતો મેળવવી.

(૫) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં રહેઠાણ, ભોજન, શૈક્ષણિક સુવિધાઓ તેમજ આરોગ્ય વિષયક તેમજ અન્ય પાયાની સુવિધાઓ તપાસવી.

(૬) શાળામાંથી અધવચ્ચે છોડી જતાં વિદ્યાર્થીઓની વિગત મેળવવી.

(૭) રાજયમાં કયા આદિવાસી વિસ્તારમાં નવી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળા ખોલવી જરૂરી છે ? તે સૂચવવું.

**અભ્યાસનું કાર્યક્ષેત્ર અને પસંદગી :**

ગુજરાતમાં સઘન આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં ૧૨ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ ચાલે છે. જેમાં ૧ શાળા સરકારી માધ્યમિક સૈનિક શાળા સાબરકાંઠા જિલ્લામાં ચાલે છે.

અભ્યાસ માટે નક્કી કરેલ ઉદ્દેશોને ધ્યાનમાં રાખી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓની વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિને ચકાસવા રાજયમાં સઘન આદિવાસી વસતિ ધરાવતા ડાંગ, વલસાડ, નવસારી, સુરત, તાપી, નર્મદા, પંચમહાલ, દાહોદ, બનાસકાંઠા તેમજ સાબરકાંઠામાં આવેલ ૧૧ શાળાઓનો મૂલ્યાંકન અભ્યાસ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસ માટે દર્શાવેલ હેતુઓને ધ્યાનમાં રાખી ગ્રંથાલય કાર્ય તેમજ વિષયસંબંધી લેખો દ્વારા પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં આવી છે.

**સંશોધન પદ્ધતિ અને પ્રવિધિ :**

અભ્યાસ માટે પસંદ કરેલ ક્ષેત્રકાર્ય વિસ્તારનાં સ્વાયત્ત સંસ્થા સંચાલિત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ

શાળાઓની મુલાકાત દરમ્યાન સ્કૂલોનાં આચાર્યો, શિક્ષકો તેમજ અન્ય કર્મચારીગણ અને શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની મુલાકાત ગોઠવી વિષય સંલગ્નિત માહિતી મેળવી હતી. અભ્યાસ માટે જુદી જુદી વૈજ્ઞાનિક પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં શિક્ષણને સ્પર્શતી તમામ બાબતોને આવરી લેવા પ્રયત્ન કર્યો હતો.

**માહિતી એકત્ર કરવાની પ્રવિધિઓ :**

(૧) **અનુસૂચિ :**

અનુસૂચિ બે પ્રકારની તૈયાર કરી હતી. એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળા વ્યવસ્થા સંદર્ભમાં શાળા અંગેની સામાન્ય માહિતી જેમાં શાળા શરૂ કર્યા વર્ષ, સંચાલક સંસ્થા, તેમજ સંસ્થાની અન્ય કામગીરી વગેરે. શાળામાં આપવામાં આવતી સુવિધા માટે રહેઠાણ વ્યવસ્થા, ભોજનાલય, ગ્રંથાલય, તબીબી સગવડો તેમજ શાળાનાં કર્મચારીઓની માહિતી વગેરે મુદ્દાઓને આવરી અનુસૂચિ તૈયાર કરી હતી. જ્યારે બીજી અનુસૂચિ શાળામાં રહેતા વિદ્યાર્થીઓ માટેની હતી. જેમાં વિદ્યાર્થીઓ પાસેથી શાળામાં અપાતી શિક્ષણ વ્યવસ્થા સંદર્ભમાં અને શાળામાં અભ્યાસ દરમ્યાન ઉદ્‌ભવતા પ્રશ્નો અંગેની માહિતી મેળવી હતી.

(૨) **મુલાકાત :**

શાળાનાં સંચાલકો, શાળાની વ્યવસ્થા સાથે સંકળાયેલા સરકારી અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીગણ અને વિદ્યાર્થીઓની મુલાકાત લઈ શાળામાં અપાતી શૈક્ષણિક તેમજ રહેઠાણ, ભોજન અને જરૂરી પાયાની સુવિધા વિષયક માહિતી મેળવી હતી.

(૩) **નિરીક્ષણ :**

શાળામાં વિદ્યાર્થીઓની રહેઠાણ વ્યવસ્થા, પ્રાથમિક સુવિધાઓ, તબીબી વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સુવિધાઓ, વિવિધ અભ્યાસક્રમોની સગવડો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનાં સંબંધો, શાળામાં સમયપાલન વગેરે વિગતો નિરીક્ષણ દ્વારા જાણવા પ્રયત્ન કર્યો હતો.

આ ઉપરાંત અગાઉ થયેલ અભ્યાસો, લેખો, અંકો વગેરે પણ જોયા હતાં અને તેનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો હતો.

**અભ્યાસ આધારિત તારણો :**

(૧) ધી ગુજરાત રાજ્ય ટ્રાયબલ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ સોસાયટી, ગાંધીનગર દ્વારા કુલ ૧૨ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ કાર્યરત છે જેમાં,

(૧) ૧૦ શાળાઓ (કુમાર + કન્યા, મિશ્ર) ગુજરાતી માધ્યમની છે.

(૨) ૦૧ શાળા માત્ર કુમારોની અંગ્રેજી માધ્યમની છે.

(૩) ૦૧ શાળા માત્ર કુમારોની સૈનિક શાળા (ખેરંચા-સાબરકાંઠા ચાલે છે.

(૨) અભ્યાસમાં આદિવાસી વિસ્તારમાં ચાલતી કુલ ૧૧ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલની રૂબરૂ મુલાકાત લઈ અભ્યાસ વિષયક માહિતી મેળવી હતી અને ૦૧ સૈનિક કુમાર શાળા - ખેરંચાની મુલાકાત લીધી હતી.

(૩) સર્વેક્ષિત શાળાઓમાં વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા ૨૫૭૦ જણાઈ હતી. જયારે હાજર સંખ્યા ૨૦૮૮ જોવા મળી હતી. જેમાં મોટાભાગની સંખ્યા ૨૦૪૫ (૯૭.૯૪ ટકા) અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ હતાં.

(૪) સર્વેક્ષિત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલમાં ૭ સ્કૂલ સરકારી મકાનમાં, ૩ સ્કૂલ આદર્શ નિવાસી શાળાનાં મકાનમાં (સંયુકત રીતે) અને ૦૧ (એક) સ્કૂલ ભાડાનાં મકાનમાં ચાલે છે.

(૫) સર્વેક્ષિત ૧૧ સ્કૂલમાં કુલ મળી ૨૬૮ રૂમો હતી. જે પૈકી ૧૧૦ રૂમો વિદ્યાર્થીઓની રહેઠાણ વ્યવસ્થા, ૬૬ રૂમો વર્ગખંડની સુવિધા માટે હતાં. બાકીની રૂમોનો ઉપયોગ આચાર્યની ઓફિસ, કાર્યાલય, વિજ્ઞાન પ્રયોગશાળા, કમ્પ્યુટર રૂમ, પુસ્તકાલય, ભોજનાલય, કોઠારરૂમ તેમજ મહેમાનગૃહ માટે ફાળવવામાં આવ્યા હતા.

(૬) સર્વેક્ષિત શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે ટુલ્સ મટીરીયલ્સની વ્યવસ્થા હતી. કોમ્પ્યુટર શિક્ષણ તેમજ વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા અઘરા વિષયો માટે કોચીંગ કલાસની વ્યવસ્થા જોવા મળી હતી.

(૭) સર્વેક્ષિત શાળાઓમાં મોટાભાગની શાળાઓમાં ગ્રંથાલય સુવિધા હતી.

(૮) સર્વેક્ષિત શાળાઓમાં કુમાર અને કન્યાઓ માટે અલગ છાત્રાલયની વ્યવસ્થા હતી. જેમાં કેટલાક શાળાનાં છાત્રાલયોનું નામાભિકરણ કર્યુ હતું.

(૯) સર્વેક્ષિત શાળાઓમાં મોટાભાગની શાળાઓનાં મકાન અલાયદા અને આધુનિક સુવિધા સંપન્નવાળા હતાં.

(૧૦) સર્વેક્ષિત શાળાઓમાં વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, રમત-ગમત તેમજ શૈક્ષણિક સ્પર્ધાઓનું આયોજન થતું હતું.

(૧૧) શાળાઓમાં વિદ્યાર્થીઓની પ્રાથમિક સારવાર અર્થે ફર્સ્ટ-એઈડ બોક્ષની સુવિધા તેમજ વધુ બિમારીમાં વિદ્યાર્થીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ ઈમરજન્સીમાં ખાનગી દવાખાનાને લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવતી.

**સુઝાવો :**

એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલના અભ્યાસ દરમ્યાન મેળવેલ માહિતીનાં આધારે વિદ્યાર્થીઓનાં શિક્ષણ વિકાસ માટે શાળાઓને વધુ કાર્યક્ષમ બનાવવા શું થઈ શકે ? તેમજ સાથે સાથે આદિવાસીનાં

વધુમાં વધુ વિદ્યાર્થીઓ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવાં વિષયો સાથે ઉચ્ચ પરિણામ મેળવી તબીબી, ઈજનેરી તથા ટેકનીકલ શાળાઓમાં પ્રવેશ લઈ શકે. તેમજ આદિજાતિનાં પ્રતિભાશાળી બાળકો તેનો વધુમાં વધુ લાભ લઈ શકે તે માટે શાળાની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાનાં હેતુસર કેટલાંક સૂચન કર્યા છે. જેથી ઈ.એમ.આર. સ્કૂલમાં શૈક્ષણિક ઉત્કર્ષ માટેનો ધ્યેય પાર પડશે.

એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલમાં શૈક્ષણિક વિકાસ સંબંધી રજૂ થયેલ સૂઝાવો બે-ત્રણ વિભાગમાં વહેંચ્યા છે.

(અ) સંચાલકો માટેનાં સૂઝાવો

(બ) કાર્યકરો માટેનાં સૂઝાવો

(ક) સરકાર માટેનાં સૂઝાવો

**(અ) સંચાલકો માટેનાં સૂઝાવો :**

(૧) ઈ.એમ.આર. સ્કૂલ શિક્ષણકાર્યમાં વધુ ને વધુ સમૃધ્ધ બને તે માટે સક્રિય કામગીરી થાય તેનું ધ્યાન આપવું જોઈએ.

(૨) ઈ.એમ.આર. સ્કૂલ ચલાવતી સંસ્થાએ અન્ય સંસ્થા સાથે સંકલન રાખવું જોઈએ.

(૩) જે શાળાઓમાં ગંદા પાણીનાં નિકાલની વ્યવસ્થાનો અભાવ હોય ત્યાં પાણીનાં નિકાલની તાત્કાલીક વ્યવસ્થા કરવી જોઈએ.

(૪) વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ સંચાલન કરતી સંસ્થાને પ્રોત્સાહિત કરવી.

(૫) અન્ય શાળાનાં વિદ્યાર્થીઓ સાથે વિવિધ શૈક્ષણિક તેમજ અન્ય પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન માટેનું આયોજન કરવું.

(૬) શાળાનાં સ્ટાફની કામગીરીનું યોગ્ય નિરીક્ષણ કરી કર્મચારીઓને કોઈ મુશ્કેલી ના પડે તેનું ધ્યાન આપવું.

(૭) સર્વેક્ષિત કેટલીક શાળાઓ ભાડા પર ચાલતી હોઈ, તેમાં વર્ગખંડ તેમજ યોગ્ય રહેઠાણ વ્યવસ્થા ઉપલબ્ધ કરવી.

(૮) શાળામાં સત્રની શરૂઆતમાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા પૂરી કરવી.

(૯) ઈ.એમ.આર. સ્કૂલમાં સ્થાનિક વિસ્તારનાં બાળકોને પ્રવેશ આપવાની વ્યવસ્થા કરવી.

(૧૦) વિદ્યાર્થીઓને આપવામાં આવતા ગણવેશ, બુટ-મોજા વગેરેની સ્થાનિક લેવલે વ્યવસ્થા કરવામાં આવે તો વિદ્યાર્થીઓને સાનુકુળતા રહે.

(૧૧) વહીવટી સંદર્ભે થતી તમામ પ્રક્રિયા શાળા શરૂ થતાં અગાઉ પૂર્ણ કરવી જોઈએ.

(૧૨) જે શાળામાં વહીવટી કર્મચારીઓની ઘટ હોય તો તેમાં કર્મચારીઓની ભરતી કરવી.

(૧૩) દરેક શાળાનાં શિક્ષકોનું સમયાંતરે કાર્ય મૂલ્યાંકન થવું જોઈએ.

**કાર્યકરો સંબંધી સૂઝાવો :**

(૧) શાળાનાં કાર્યકરોએ વિદ્યાર્થી સાથે મિત્રતાભર્યો વ્યવહાર રાખી તેમને જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ.

(૨) કાર્યકરોનું સમગ્ર વ્યક્તિગત આદર્શ નમૂનારૂપ હોવું જોઈએ. જેથી વિદ્યાર્થીઓ તેમાંથી સારી શીખ લઈ શકે.

(૩) કાર્યકરોએ રહેઠાણ બાબતે માત્ર જરૂરી જ નહિ પરંતુ અનિવાર્ય ગણી શાળામાં રહેવું જોઈએ.

(૪) વિદ્યાર્થી શાળા-સંસ્થાના કૅમ્પસની બહાર પરવાનગી વગર જાય નહિ તેનું ધ્યાન રાખવું જોઈએ. જો કોઈ વિદ્યાર્થીને અનિવાર્ય કારણોસર જવું પડે તો તેની સાથે અન્ય જવાબદાર વ્યક્તિને મોકલવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૫) શાળામાં વિદ્યાર્થીઓનાં આરોગ્ય બાબતે તેમજ માંદગી સમયે તાત્કાલિક સેવા મળે તે માટે પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ.

(૬) અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન વગેરે અઘરા વિષયોનાં વધારાના તાસ લઈ, નબળા વિદ્યાર્થીઓ પર વધારે ધ્યાન રાખી યોગ્ય સમજણ આપવી.

(૭) વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ ખલવવા રમત-ગમત હરિફાઈ, વકતૃત્વ, આદિવાસી લોકનૃત્ય તેમજ અન્ય સહઅભ્યાસ પ્રવૃત્તિ કરાવી, પ્રોત્સાહક ઈનામો આપવા.

(૮) શાળાનાં પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓ માટે સારાં વિષયાનુસાંગિક પુસ્તકો તેમજ શિક્ષણ વિકાસને લગતા સામાયિકોનું વાંચન થાય તેવું આયોજન કરવું.

(૯) શાળામાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવું.

(૧૦) શાળામાં રોજગારલક્ષી તેમજ અન્ય કળા-કૌશલ્ય પ્રવૃત્તિઓ કરાવવી.

**સરકાર માટેનાં સૂઝાવો :**

(૧) જે શાળામાં સ્ટાફ ખૂટતો હોય તે શાળામાં પૂરતા શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે કાર્યવાહી થાય તે જરૂરી છે.

(૨) રોજમદાર કર્મચારીઓની જગાએ કાયમી નિમણૂંકવાળા કર્મચારી નિમવા જોઈએ.

(૩) શાળાની શૈક્ષણિક વ્યવસ્થા ખોરવાય નહિ તે માટે રોજમદાર / તાસ પદ્ધતિના કર્મચારીઓને વેતન વધારો આવશ્યક છે.

(૪) વિદ્યાર્થીઓની પ્રાવેશિક પરીક્ષાનું સમયસર આયોજન કરવું જોઈએ.

(૫) શિક્ષકોની માંગણીને ધ્યાનમાં રાખી ફીક્સ વેતન પદ્ધતિ દૂર કરી કાયમી સ્ટાફની ભરતી કરવી જોઈએ.

(૬) સરકાર દ્વારા તેમજ સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા ચાલતી શાળાઓનું સમયાંતરે મૂલ્યાંકન અભ્યાસ થવો જરૂરી છે.

(૭) સમયાંતરે શિક્ષકોને વિષય સજ્જતા માટે તાલીમનું આયોજન કરવું જોઈએ.

(૮) સર્વેક્ષિત શાળાઓમાં શૈક્ષણિક તેમજ અન્ય સ્ટાફ માટે સ્ટાફ કવાટર્સની જરૂરિયાત સત્વરે હલ થાય તે આવશ્યક છે.

(૯) શાળામાં નિયમિતપણે શૈક્ષણિક કામગીરીનું મૂલ્યાંકન વિષય તજજ્ઞો દ્વારા કરાવવું જોઈએ.

**સમગ્રતઃ** આદિવાસી સમાજનાં બાળકોનાં શૈક્ષણિક અને સર્વાંગી જીવન વિકાસ માટે શિક્ષણનાં ઉચ્ચ મૂલ્યોને કેન્દ્રમાં રાખતી ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલનો ફાળો અમૂલ્ય છે. જે આદિવાસી સમાજનાં વિકાસ માટે ઘણોજ ઉપયોગી નિવડશે. પ્રર્વતમાન શિક્ષણની માંગને આધારે ગુજરાતમાં (૧૯૯૯-૨૦૦૦માં) દાખલ કરેલ આ યોજના આદિજાતિ સમાજ માટે આવકારદાયક છે.

# સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત વસુધારા ડેરી (વલસાડ)ના લાભાર્થી મૂલ્યાંકન અભ્યાસ

- શ્રી ભીખાભાઈ પટેલ

**પ્રાસ્તાવિક :**

આદિજાતિ વિકાસ વિભાગ અને કમિશનર દ્વારા આદિજાતિ વિકાસ કોર્પોરેશનને સાથે રાખીને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા લોન ધિરાણ સભાસદને પુરૂ પાડીને, દૂધાળાં ઢોર ભૂતકાળમાં આપેલ. તેના કેટલાંક સારાં પરિણામનાં ભાગરૂપે વર્તમાનમાં રાજયની બનાસડેરી, સાબરડેરી, પંચામૃતડેરી, બરોડાડેરી અને વસુધારા ડેરી સાથે સંકળાયેલ આદિજાતિ વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ડેરી દ્વારા અલગ યુનિટ ઉભુ કરીને ગામડામાં ઓછું ભણેલા અને બેકાર યુવક-યુવતીઓને પશુપાલન દ્વારા રોજી પુરી પાડવાનો પ્રયાસ હાલ વનબંધુ કલ્યાણ યોજના દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસ દ્વારા સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમની સાથે વસુધારા ડેરી દ્વારા આવરી લેવાયેલ લાભાર્થીઓને આ યોજના હેઠળ શું લાભ થયો છે? અને તેમના આર્થિક જીવનમાં ફેરફાર થયો છે ? તેમજ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક જેવા ક્ષેત્રોમાં શું પરિવર્તન આવ્યું છે તે જોવુ જરૂરી છે.

છેલ્લા કેટલાંય સમયથી વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમ હેઠળ આવતાં પાંચ વર્ષમાં આદિજાતિ વિસ્તારમાં પાંચ લાખ કુટુંબો માટે રોજગારીની તકો ઉભી કરવા અમલ થનાર છે. આ યોજનાના ભાગરૂપે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ''સંકલિત ડેરી વિકાસ'' કાર્યક્રમ અમલમાં મુકેલ છે. દૂધાળાં ઢોરની યોજના અંતર્ગત આજ સુધીમાં સૌપ્રથમ આદિજાતિ વિકાસ કોર્પોરેશન, સંકલિત ગ્રામ વિકાસ યોજના કચેરી દ્વારા દૂધ મંડળીઓ દ્વારા આદિવાસી વિસ્તારમાં દૂધાળા ઢોર આપવામાં આવેલ તેના કેટલાંક સારાં પરિણામો મળતાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારનાં સર્વાંગી વિકાસ માટે આદિવાસી વિસ્તારના સમુદાયોને વિકાસની મુખ્યધારામાં જોડાવા માટે ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાની બહાર લાવવાના હેતુથી ''સંકલિત ડેરી વિકાસ'' યોજના (IDDP) અમલમાં મુકવામાં આવી છે.

**મૂળ પ્રશ્ન :**

ગુજરાત રાજય એ આજે દરેક ક્ષેત્રમાં વિકાસની હરણફાળભરી છે. ત્યારે આદિજાતિ વિસ્તાર પણ આમાંથી બાકાત ન રહે તે હેતુથી ગુજરાત સરકારે જુદા જુદા વિભાગો સાથે સંકલન કરી આદિવાસી વિસ્તારને સમુદાયના સામાન્ય પ્રવાહમાં જોડવા અને તેના વિકાસને વેગવંતો બનાવવા અને જે તે વિસ્તારની વિકાસની તકે પુરી પાડીને સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમને ખૂબ જ ઝડપથી અમલી બનાવી આજે ડેરી સાથે જોડાયેલ સભાસદોની અર્થ વ્યવસ્થાને સમજી આ યોજનાને લીધે સભાસદોને શું ફાયદો થયો. આ યોજનાને કેવો આવકાર મળ્યો છે. પૂરક આવકના મુખ્ય સ્રોત તરીકે આદિવાસી લાભાર્થીઓને

કેટલેક અંશે મદદરૂપ થયેલ છે. સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમના કેવા પરિણામો પૂર્વપટ્ટીમાં ખાસ કરીને વલસાડ જિલ્લામાં દૂધાળા ઢોર થકી આવકવૃધ્ધિની રીતે ડેરી ટેકનોલોજીના જ્ઞાનમાં કેટલીક વૃધ્ધિ થઈ તેમજ ડેરી પ્રોજેક્ટ હેઠળ દૂધાળા ઢોર મળવાથી ઢોરની સારવારથી માંડીને દૂધ દોહવાની, ઢોરની માવજત, પાડી-પાડા, વાછરડી-વાછરડા અને ગાય હોય તો તેના ઉછેરમાં લાભાર્થી કુટુંબો કેટલા સજાગ છે. તેમને આ યોજના થકી સામાજીક, આર્થિક અને શૈક્ષણિક રીતે શો ફાયદો થયો વગેરે બાબતોને ચકાસવી રહી.

**ઉદ્દેશ/હેતુઓ :**

(૧) લાભાર્થીના આર્થિક જીવનમાં સુધારો થયો છે કે કેમ ?

(૨) લાભાર્થીને દુધાળુ પશુ આપવાથી તેઓ સ્થળાંતર કરવાનું ટાળ્યું છે ?

(૩) લાભાર્થીને આ યોજનાનો લાભ મળ્યા પછી તેના દ્દષ્ટિકોણમાં શું તફાવત આવ્યો છે.

(૪) લાભાર્થી ગામમાં રોજગારી મેળવતાં થયા છે કે કેમ ?

(૫) દુધાળા ઢોર સાથે ડેરી તરફથી સાધન-સામગ્રી આપવામાં આવી છે કે કેમ ?

(૬) કેટલાક કુટુંબો ખેતીની સાથે પશુપાલનને પણ મુખ્ય વ્યવસાય તરીકે અપનાવ્યો છે ત્યારે તેની અર્થવ્યવસ્થા ચકાસવી.

(૭) આદિજાતિ વિકાસ વિભાગના 'ડીસેગ' દ્વારા વલસાડ - વસુધારા ડેરી સાથે સંકળાયેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સભાસદોને આપવામાં આવેલ દૂધાળાં ઢોર પોતાની પસંદગીથી મળ્યા છે કે કેમ ? તે તપાસવું.

(૮) દૂધાળા ઢોરની યોજના થકી મળેલ પશુથી દૂધની ઘરમાં વપરાશ કરે છે ? તેમની આવક વધી કે કેમ ?

(૯) દૂધાળાં ઢોરની યોજના આવવાથી આર્થિક રીતે કયા સ્તરના આદિવાસી કુટુંબોને આ લાભ મળ્યો છે ? તેની તપાસ કરવી.

(૧૦) દૂધાળાં ઢોરની યોજનાનો લાભ નાના, સીમાંત ખેડૂતો અને ખેત વિહોણા સભાસદોને મળ્યો છે કે કેમ ? તે જોવું.

(૧૧) દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના વિકાસમાં દૂધ ઉત્પાદક સંઘ કેટલે અંશે મદદરૂપ થાય છે અને સભાસદોને શું ફાયદો થયો છે તે જોવું.

(૧૨) ઉપરોક્ત હેતુઓ ઉપરાંત સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓને વધુને વધુ લાભ જિલ્લા ડેરી સંઘ દ્વારા મળે અને મંડળીની સાથે સભાસદો પણ વધુ કાર્યક્ષમ બને તે માટે તેમની જરૂરિયાત માટે અન્ય પગલાં સુચવવાનો હેતુ પણ ધ્યાનમાં રાખેલ છે.

**વિસ્તાર પસંદગી :**

આજે ગુજરાતમાં ઠેર ઠેર ડેરી વ્યવસાય પહોંચ્યો છે. તેમાંય ખાસ કરીને આદિજાતિ વિકાસ વિભાગના પ્રયત્નોથી વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમથી આદિવાસી વિસ્તારમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, તેમાંય ખાસ કરીને મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ વિકસી છે. આદિજાતિ વિકાસ વિભાગ અને ડીસેગના સહયોગથી જે તે જિલ્લા ડેરી મારફતે તેના નેજા હેઠળની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના આદિવાસી સભાસદોને ઘણી મોટી સંખ્યામાં પોતાની પસંદગીના દૂધાળાં ઢોર આપવામાં આવ્યા છે. જેથી ડેરી વ્યવસાયને વેગ મળ્યો છે. કેન્દ્ર દ્વારા પ્રસ્તુત અભ્યાસમાં માત્ર દક્ષિણ ગુજરાતની વસુધારા ડેરી હેઠળના નવસારી જિલ્લાના વાંસદા અને ચીખલી તાલુકા, ડાંગ જિલ્લાના આહવા અને વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાને આવરી લઈ અભ્યાસ હાથ ધર્યો છે. જેમાં તપાસમાં કેટલાક ઉદ્દેશોને ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

**તપાસની પદ્ધતિઓ :**

(૧) પ્રસ્તુત અભ્યાસ માટે સૌપ્રથમ જિલ્લાની મુખ્ય વસુધારા ડેરીની મુલાકાત લઈ ડેરીના મેનેજીંગ ડીરેકટરશ્રી તેમજ મદદનીશ મેનેજીંગ ડીરેકટર અને અન્ય અધિકારીઓ સાથે બેઠક યોજી ડેરીની સંરચના અને તેના દ્વારા હાથ ધરાયેલ ડેરી પ્રોજેકટ અંતર્ગત સંકળાયેલ દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓ અને લાભાર્થીઓની યાદી મેળવી. કેટલીક માળખાકીય સુવિધાઓની માહિતી મેળવી. ધરમપુર, કપરાડા, વાંસદા, ચીખલી અને આહવા (ડાંગ) તાલુકાઓના લાભાર્થીઓની યાદી મેળવી અને પ્રત્યક્ષ સ્થળની મુલાકાત ગોઠવવામાં આવી. પ્રત્યક્ષ મુલાકાત દ્વારા દૂધાળાં ઢોરની યોજનાના લાભાર્થીઓ અને મંડળી સાથે સંકળાયેલ વ્યક્તિઓના સંપર્ક થકી ડેરીની પ્રવૃત્તિઓને સમજવા, સભાસદોમાં આવેલ તાંત્રિક જ્ઞાનની જાણકારી માટે દૂધના ધંધામાં મહિલાઓની શું ભૂમિકા છે તેમજ મંડળી થકી સભાસદના આર્થિક સામાજિક અને શૈક્ષણિક રીતે શું પરિવર્તન આવ્યું તે સમજવા પ્રત્યક્ષ મુલાકાત અને નિરીક્ષણ પ્રવિધિના ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૨) આ અભ્યાસને વધુ સમર્થન આપવા મંડળીના સભાસદોની મુલાકાત લઈ અનુસૂચિના ઉપયોગથી સભાસદ કુટુંબોની દૂધની આવક-ખર્ચ, દૂધની આવકના ઉપયોગ અંગે, ઢોર માટે ઘાસચારા-પાણી, સારવાર,આરોગ્ય અને સ્ત્રીનો આ વ્યવસાયમાં શું હિસ્સો છે તેની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

(૩) પ્રસ્તુત અભ્યાસમાં આદિજાતિ વિકાસ વિભાગના 'ડીસેગ' વિભાગ વસુધારા ડેરીના કર્મચારી અધિકારીગણ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી-પ્રમુખો અને ઉત્તરદાતાઓની પ્રત્યક્ષ કાર્ય દ્વારા અને વ્યક્તિગત મુલાકાત દ્વારા અભ્યાસ સંબંધિત તમામ પ્રકારની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

(૪) પ્રસ્તુત તપાસને વધુ સમર્થન આપવા માટે ગ્રંથાલયનો અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ સાહિત્યનો પણ ઉપયોગ કરી અભ્યાસને વધુ માહિતી સભર બનાવવામાં આવેલ.

ઉપરોક્ત હેતુઓને સિધ્ધ કરવા દર્શાવેલ પ્રવિધિઓ દ્વારા એકત્રિત કરેલ માહિતીને કોષ્ટીકરણ અને વિશ્લેષણ અને પૃથ્થકરણ દ્વારા અહીં યથાસ્થિતિને રજૂ કરવામાં આવેલ છે.

**તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાને આવરી લઈ ૦ થી ૧૬ માં આવતાં બી.પી.એલ. લાભાર્થીઓને દૂધાળાં ઢોર આપવામાં આવ્યા છે અને દૂધાળા ઢોરની સાથે કીટ પણ આપવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત આદિવાસી સભાસદ કુટુંબોને શું લાભ-ગેરલાભ થયા ? તેમની કેટલી આવક વધી ? તેમના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક પાસાંઓ પર શું અસર થઈ ? આ યોજના દ્વારા અપાતાં દૂધાળાં ઢોર તેમના સુધી પહોંચ્યા છે ખરા ? હાલ દૂધાળા જાનવરની શું સ્થિતિ છે તે અંગે જાણકારી મેળવીને અહિં કેટલાક નિષ્કર્ષ દર્શાવ્યા છે.

(૧) દૂધાળાં ઢોરની યોજના થકી ગામમાં ખેડૂતો, ખેતમજૂરો અને મંડળી સાથે સંકળાયેલ સભાસદોને ડેરી સાથે જોડાવાથી દૂધનાં પૂરતા ભાવ મળતા થયા છે. લોકો નિયમિત દૂધ ભરતાં થયા છે. પશુપાલનની પ્રવૃત્તિને વેગ મળ્યો છે. કેટલાક કુટુંબો પોતાની પાસેના ગાય-ભેંસને પણ આ યોજના થકી મેળવેલ તાલીમનો ઉપયોગ કરી સારી માવજત કરતા થયા છે. તેનો પણ હિસ્સો દૂધ ઉત્પાદનમાં વધ્યો છે.

(૨) દરેક સભાસદને ડેરી સંકલિત વિકાસ યોજના હેળ દૂધાળાં ઢોરની કાળજી અંગે તાલીમ મળતાં દૂધાળાં ઢોરની બાંધવાની જગ્યાથી લઈ તેને ઘાસચારો અને પાણી સમયાંતરે નીરવા અંગે, પશુને નવડાવવા અંગે વધુ દૂધ આપે તે માટે સારા ખોરાકની સાથે ડૉક્ટરની સારવારની બાબતમાં ખેડૂત સભાસદો ખૂબ જ જાગૃત જોવા મળ્યા છે.

(૩) સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળેલ ગાય અને પોતાના અગાઉના દૂધાળાં ઢોરની માવજત અંગે વસુધારા ડેરી દ્વારા સતત મળતાં માર્ગદર્શનથી દરેક દૂધાળા ઢોરનું આરોગ્ય સારૂ જોવા મળેલ છે. દરેક કુટુંબો દૂધાળાં ઢોરની માવજત ખૂબજ સારી રીતે કરતા થયા છે.

**સૂચનો :**

એક મંતવ્ય પ્રચલિત છે કે દૂધ ભેંસ કે ગાયના આંચળામાં નહિ પણ તેની દાઢમાં હોય છે. પશુ માટે જેટલું અને જેવું ઘાસ તેટલુ વધારે દૂધનું ઉત્પાદન વધશે, એટલે કે ડેરી સંઘ દ્વારા દૂધ મંડળીઓને અપાતા પશુઓની સાથે સાથે ઘાસ ઉછેરની યોજના પણ એટલી જ મહત્વની છે. આ સાથે આદિવાસી વિસ્તાર

માટે પાણી પણ એટલું જ જરૂરી છે. જેના સિવાય આદિવાસી વિસ્તારમાં અપાતા દૂધાળા ઢોર કદાચ સભાસદને વધુ મુશ્કેલીમાં મૂકશે, ગરીબને વધુ ગરીબ બનાવશે માટે આ અંગે પણ વિચારણા જરૂરી છે.

- સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત અપાતી નાણાંકીય સહાય વડે આદિજાતિ લાભાર્થીઓને જે દૂધાળા ઢોર અપાય છે તે ગામડામાં ઓછુ ભણેલ સ્ત્રી-પુરુષો માટે રોજી પૂરી પાડવા માટેનો અસરકારક કાર્યક્રમ પુરવાર થઈ રહ્યો છે. ગામડાઓના લોકો પાસે વૈકલ્પિક રોજગારી તરીકે મજુરી માટે બહારના જિલ્લાઓમાં જવુ પડતુ હોય છે. જેથી તેમને સ્થળાંતર કરવાની ફરજ પડે છે, જ્યારે ડેરી પ્રોજેકટને કારણે લોકોને ઘરે બેઠા ગામમાં રોજગારી મળતી થઈ છે જે ખુબ જ સારી બાબત છે. પશુપાલન એ ખેતી સાથે સંકળાયેલ વ્યવસાય છે જે ગામડાઓના લોકોનો અનુકૂળ વ્યવસાય છે. જેથી ડેરી પ્રોજેકટના લાભાર્થીઓને આર્થિક જીવનમાં પરિવર્તન લાવવામાં અને તેમના વિકાસમાં મદદરૂપ થશે જ તે નક્કી છે.
- દૂધ મંડળી સાથે જોડાયેલ દરેક કુટુંબો પોતે જ કુટુંબના સભ્યો મળીને પશુ ઉછેર, માવજત કરે છે.
- ગાય આપવા પાછળ કેટલાંક ફાયદા એ છે કે ગાયનો બે વિયાણ વચ્ચેનો સમયગાળો ખૂબ જ ઓછો હોય છે.
- સારી ઓલાદની ગાયો દૂધ વધુ આપતી હોય છે. જેથી સભાસદને આર્થિક રીતે ગાયનું નિભાવ ખર્ચ કાઢતા સારી આવક મળી રહે છે. જેથી સભાસદને પણ પશુપાલનમાં રુચિ જળવાઈ રહે છે.